સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 38
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ભાદ્રપદ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪, (૨૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૯ થી ૧૬
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે ત્રીજા તબક્કાનું મતદાન

# ત્રાસવાદીઓ બેફામ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 69,390/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

મોટાભાઈ ! ૩૮ વરસનો અનુભવ છે!
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
Heena Tours & Travels
022-61596900

### કુલગામ અથડામણમાં બે આતંકવાદી ઠાર, પાંચ જવાન ઘાયલ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના આદિગામ દેવસર ગામમાં શનિવારે લશ્કરી દળો અને આતંકવાદી વચ્ચે થયેલી અથડામણમાં બે અજ્ઞાત આતંકવાદી માર્યા ગયા હતા. આ અથડામણમાં લશ્કરના ત્રણ જવાનો અને કાશ્મીર પોલીસના એએસપી રેન્કના અધિકારી સહિત કુલ પાંચ જવાન ઘાયલ થયા હતા. બીજો બનાવ જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આવેલા કોગ-મંડલી ગામમાં નોંધાયો હતો. અહીં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ વિસ્તારમાં ત્રાસવાદી હોવાની જાણ થતાં જ સાંજે ૫-૩૦ વાગ્યે પોલીસ, લશ્કર અને (જુઓ પાનું ૨) ▶▶

દૂધમાં ફોસ્ફરસ હોય છે જે દાંતના ઈનેમલને જાળવી રાખવામાં મદદ કરે છે
Amul Cow Milk
અમૂલ દૂધ
અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

## ઈઝરાયલના હુમલામાં હિઝબુલ્લાહનો વડો હસન નસરલ્લાહ ઠાર

બૈરુતઃ ઈઝરાયલ હિઝબુલ્લાહના આતંકવાદીઓને નિશાન બનાવીને સતત હવાઈહુમલા કરી રહ્યું છે. આ હવાઈહુમલાઓમાં હિઝબુલ્લાહનો વડો હસન નસરલ્લાહ ઠાર મરાયો હોવાનો ઈઝરાયલે દાવો કર્યો છે. લેબેનોનના હિઝબુલ લાહ જૂથે શનિવારે આ દાવાનો સ્વીકાર કર્યો હતો. આ જ હુમલામાં ઈરાનના અર્ધલશ્કરી ક્રાંતિકારી જૂથનો એક અગ્રણી જનરલ અબ્બાસ નિલોપોરુશાન પણ માર્યો ગયો હતો. સોશિયલ મીડિયા પર મૂકેલી પૉસ્ટમાં ઈઝરાયલના સંરક્ષણ ખાતાએ દાવો કર્યો હતો કે હસન નસરલ્લાહ ઠાર મરાયો છે અને હવે એ વિશ્વમાં આતંક નહીં ફેલાવી શકે.

ઈઝરાયલની સેનાના પ્રવક્તા ડેવિડ અબ્રાહમે જણાવ્યું હતું કે શુક્રવારે લૅબૅનૉનની રાજધાની બૈરુત પર કરવામાં આવેલા હવાઈહુમલામાં હિઝબુલ્લાહનો વડો હસન (જુઓ પાનું ૨) ▶▶

## ભારતની ૨૦ વર્ષની શ્રદ્ધા કિકબોક્સિંગમાં વર્લ્ડ ચૅમ્પિયન




નવી દિલ્હીઃ ફરિદાબાદમાં રહેતી ૨૦ વર્ષની શ્રદ્ધા રાંગડેએ કિકબોક્સિંગમાં વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે.

આ સ્પર્ધા ઉઝબેકિસ્તાનમાં યોજાઈ હતી જેમાં શ્રદ્ધાએ દમદાર પ્રદર્શનથી સિનિયર વિમેન મ્યુઝિકલ ફોર્મ હાર્ડ સ્ટાઇલ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક પોતાને નામ કર્યો હતો.

કિકબોક્સિંગની નવી વર્લ્ડ ચૅમ્પિયન શ્રદ્ધા આ રમત પ્રત્યેની સમર્પણ ભાવના અને પ્રતિભા માટે જાણીતી છે. નાનપણમાં તેણે અનેક સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો. પહાડી વિસ્તારોમાં રહેતા પરિવારમાં જન્મેલી અને ઉછરેલી શ્રદ્ધાએ જોશ અને સાહસથી ઘણી ઉપલબ્ધિઓ હાંસલ કરી છે જેમાં જી-૧ તાએકવૉન્ડો મેડલ અને સ્કૂલ ગેમ્સ ફેડરેશનના સુવર્ણ ચંદ્રકનો સમાવેશ છે. ભારત વતી વિશ્વ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતવા બદલ ગૌરવ (જુઓ પાનું ૨) ▶▶

PURI #velvetlife
presents
Ajay Mantri's



RADIANCE DANDIYA
at JIO WORLD CONVENTION CENTRE
from 3rd to 11th OCTOBER
OFFICIAL TICKETING PARTNER
insider.in Paytm
OFFLINE TICKETING PARTNER
LIVE FIESTA
OUTDOOR MEDIA PARTNER
BRIGHT OUTDOOR MEDIA LIMITED
POWERED BY
MANGAL
For passes call on 9819892109/ 9820137095
Veena Developers
Nirmal Bang
Tiny Tigga
Lexus
eze
Sejal Group
khushi
Maharaja Bhog
ClubMahindra
TREAT
SB SEEN
RED FM 93.5
Khanvel Resort
HAIRLOGIC

## ગુજરાતમાં સતત ત્રીજા દિવસે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બે અઠવાડિયાના વિરામ બાદ દક્ષિણ ગુજરાતથી રિ એન્ટ્રી કરનારાં મેઘરાજાએ આજે શનિવારે સતત ત્રીજા દિવસે સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ત્રણથી પાંચ ઇંચ જેટલું પાણી વરસાવ્યું હતું. બીજી બાજુ નવરાત્રિમાં પણ ભારે વરસાદના વર્તારાને પગલે ખેલૈયાઓ અને (જુઓ પાનું ૨) ▶▶

## કોંગ્રેસમાં મુખ્ય પ્રધાનપદ માટે યુદ્ધઃ મોદી

હિસારઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે હિસારમાં જનસભાને સંબોધતાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. વડા પ્રધાન મોદીએ કોંગ્રેસની આંતરિક લડાઈનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસમાં મુખ્ય પ્રધાનપદ મેળવવાની લડાઈ છે. પિતા પણ દાવેદાર છે અને પુત્ર પણ દાવેદાર છે. બંને સાથે મળીને બાકીના લોકોને સંભાળવામાં વ્યસ્ત છે.

વડા પ્રધાને એમ પણ કહ્યું હતું કે, જ્યાં કોંગ્રેસ છે ત્યાં ક્યારેય સ્થિરતા નથી આવી શકતી. જે પક્ષ પોતાના નેતાઓ વચ્ચે એકતા ન લાવી શકે તે રાજ્યમાં સ્થિરતા કેવી રીતે લાવશે? હરિયાણાના લોકો કોંગ્રેસના ખોટા વાયદાઓમાં ફસાવાના નથી. કોંગ્રેસ દેશની સૌથી કપટી અને બેઈમાન પાર્ટી છે. કોંગ્રેસ સમગ્ર દલિત સમુદાયને નફરત કરે છે. કોંગ્રેસમાં દલિતો અને પછાત લોકો માટે દરવાજા સંપૂર્ણપણે બંધ છે. કોંગ્રેસનો રાજવી પરિવાર કહી રહ્યો છે કે તેઓ દલિતો અને પછાત વર્ગ માટેની અનામતને ખતમ કરશે, તેમની વિચારસરણી દલિત અને પછાત વર્ગ (જુઓ પાનું ૨) ▶▶

## દ.આફ્રિકામાં ગોળીબારઃ ૧૭નાં મોત

જોહાનિસબર્ગ : શનિવારે દક્ષિણ આફ્રિકાના ગ્રામીણ નગરમાં એક બીજાની નજીક રહેલાં બે સ્થળોમાં થયેલા વ્યાપક ગોળીબારમાં ૧૭ લોકો મરણ પામ્યાં હતાં, એવી માહિતી પોલીસે શનિવારે આપી હતી. નેશનલ પોલીસનાં પ્રવકતા બ્રિગેડિયર એથલેન્ડા માથેએ એક નિવેદનમાં કહ્યું હતું કે શકમંદોને પકડવા સર્ચ ઓપરેશન ચાલુ છે. મૃતકોમાં ૧૫ મહિલા અને બે પુરુષ છે.

(જુઓ પાનું ૨) ▶▶

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો
Only Effect No Side Effect



તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
પ્રથમ દિવસથી અસર કારક*
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
Available on : Flipkart
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે
તેલ કેપ્સ્યુલ
ફક્ત પુરુષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ
મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો

LOWEST GOLD RATE DOESN'T MEAN LOWEST PRICE
Compare the full cost – Gold Rate + Making charges
27 years of Trust, Transparent Pricing & Extraordinary Designs



15% off* ON DIAMONDS
50% off* ON MAKING CHARGES IN DIAMOND JEWELLERY
Lowest gold rates*
MAKING CHARGES - Starts from 3.5% per gm in 22kt gold jewellery
*Conditions apply. GST Applicable
SHUBHAM MOTIWALA JEWELLERS
Govt Recognised Star Export House
Unity Heights, Shop No. 5, Chincholi Junction, S. V. Road, Malad (W). Tel: 022 49632752/64, 9833089109.
OFFER VALID TILL 31ST OCT
www.shubhammotiwala.com

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૯–૯–૨૦૨૪ થી તા. ૫–૧૦–૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુન રાશિમાં મધ્યમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ કન્યા રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે સિંહ રાશિમાં રહે છે. તા. ૧લી ઑક્ટોબરે કન્યામાં, તા. ૪થીએ તુલા રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજ તેજીના વેપારીઓને લાભદાયી પુરવાર થઈ શકે છે. પરંતુ જન્મકુંડળીના આધારે વેપારના નિર્ણયો લેવા જરૂરી છે. લાંબા સમયના બચતના નિર્ણયનો અમલ થઈ શકે છે. નોકરી માટે તા. ૨, ૩, ૪ શુભ જણાય છે. સપ્તાહના કામકાજથી નાણાં લાભ થશે. મહિલાઓને નોકરીના કામકાજમાં પરિવર્તનો જણાશે. વિદ્યાર્થીઓને પરિવારજનોનો સહયોગ પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧, ૩, ૪ શુભ જણાય છે. ભાગીદારથી નાણાંનો સહયોગ મેળવશો. ધાર્યા મુજબના નાણાંના લેવડદેવડના કામકાજ સંપન્ન થશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારી પૂર્ણ કરવા માટે અનુકૂળતાઓ જણાય. વિદ્યાર્થીઓ અધ્યયન વાંચનમાં નિયમિતતા દાખવી શકશે. મિત્રો સાથેના મતભેદનો ઉકેલ આવશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરીમાં સ્થાન પરિવર્તન થાય. અધિકારીની મદદ મેળવશો. રાજકારણમાં સફળતા મેળવશો. વેપાર વધશે. નાણાં આવક વધશે. કુટુંબીજનોમાં મહિલાઓનો યશ–માન મરતબો વધશે. પ્રસંગો અનુકૂળતાથી સંપન્ન થશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસના જરૂરિયાતના સાધનો પ્રાપ્ત થાય.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તા. ૧, ૩, ૪ નોકરીના કામકાજ માટે શુભ જણાય છે. મિલકતનો નિર્ણય લઈ શકશો. વેપાર વધશે. મહિલાઓ પરિવાર માટે જરૂરી સાધનો મેળવી શકશે. ભાઈ–બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. કુટુંબના સભ્યો વિદ્યાર્થીઓને ઉપયોગી થશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના રોજિંદા કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૩૦, ૨, ૩ અનુકૂળ જણાય છે. કારોબારમાં સંતાન ઉપયોગી થશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નવા કામકાજનો પ્રારંભ થાય. મહિલાઓના પરિવારજનોના મતભેદો ઉકેલાશે. સંતાનની જવાબદારી પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં તા. ૨, ૩, ૪ શુભ જણાય છે. વેપારમાં નવા મિત્રો ઉમેરાશે. નાણાં–લોન મેળવી શકશો. વૈચારિક મતભેદોમાં કાર્યક્ષેત્રે દૂર થશે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ, પ્રસંગોમાં ઉપયોગી થતો જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળ થશે. તથા ઉપયોગી ચીજો મેળવી શકશો.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. તા. ૩૦, ૧, ૪ના નિર્ણયો નોકરી માટે સફળ બની રહેશે. લાંબા અંતરનો પ્રવાસ જણાય છે તથા કોર્ટ–કેસના પ્રશ્નનો ઉકેલ આવશે. મહિલાઓને નવા કામકાજ પ્રારંભવા માટે પરિવારજનો ઉપયોગી થશે. વિદ્યાર્થીઓને શિક્ષકોનો સહયોગ પ્રાપ્ત થશે તથા સહઅધ્યાયીઓમાં મતભેદો દૂર થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું જ્ઞાન, નવી કાર્યપદ્ધતિ અપનાવી શકશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. તા. ૧, ૨, ૩ નોકરી માટે શુભ પુરવાર થશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વિદેશ વેપારના કામકાજમાં સફળતા મેળવશો. ગૃહિણીઓને પરિવારના માંગલિક–ધાર્મિક પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસના પ્રારંભમાં જરૂરી માર્ગદર્શન મેળવી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧, ૨, ૪ શુભ જણાય છે. નોકરીના અધિકારીનું માર્ગદર્શન મેળવશો. વેપારમાં નવા રોકાણ માટે ગોચરફળ શુભ નથી, પરંતુ રચનાત્મક નિર્ણયોનો અમલ લઈ શકશો. નાણાં આવક વધશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારનારી ઘટના સાકાર થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. તા. ૧, ૩, ૪ નોકરી માટે શુભ જણાય છે. પ્રવાસ દ્વારા કારોબારના વિકાસના કામકાજ સફળ બની રહેશે તથા ઉઘરાણીનાં કામકાજ પણ સફળ જણાશે. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને નોકરીમાં યશસ્વી અનુભવ થાય. પ્રગતિ થશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં નિયમિતતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની શક્યતા જણાય છે. તા. ૧, ૨, ૪ના નોકરીના નિર્ણયો લાભદાયી પુરવાર થશે. કુટુંબના સભ્યોની પ્રગતિ અને આવક જળવાશે તથા નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય છે. મહિલાઓ પરિવાર માટે કિંમતી ચીજો મેળવી શકશે. પ્રસંગો અનુકૂળ બની રહેશે. વિદ્યાર્થીઓને સંશોધન, રચનાત્મક પ્રવૃત્તિઓમાં જરૂરી પ્રોત્સાહન અને સફળતા પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સ્વપ્રયત્ને સફળતા મેળવશો. તા. ૨,૩ના નોકરીના નિર્ણયો રચનાત્મક પૂરવાર થશે. લાંબા સમયના કાર્યક્ષેત્રના નિર્ણયો સફળતાથી લઈ શકશો. મહિલાઓના કામકાજ માટે આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં તથા સ્વતંત્ર કારોબારમાં સફળ બનશો. વિદ્યાર્થીઓને શિક્ષકોનો સહયોગ પ્રાપ્ત થશે.

## આજનું પંચાંગ

(ઉત્તરાયણ સૌરશરદઋતુ), રવિવાર, તા. ૨૯–૯–૨૦૨૪, બારસનું શ્રાદ્ધ, સંન્યાસીઓનું શ્રાદ્ધ, મઘા

ભારતીય દિનાંક ૭, માહે આશ્વિન, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ–૧૨

જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ–૧૨

પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬

નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૩૦–૧૮ સુધી (તા. ૩૦), પછી પૂર્વાફાલ્ગુની.

ચંદ્ર સિંહમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :

ભરતી : સવારે ક. ૧૦–૧૮, રાત્રે ક. ૨૨–૩૪

ઓટઃ સાંજે ક. ૧૬–૩૧ મધ્યરાત્રિ પછી ક. ૦૪–૨૧ (તા. ૩૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – દ્વાદશી. બારસનું શ્રાદ્ધ, સંન્યાસીઓનું શ્રાદ્ધ, મઘા શ્રાદ્ધ (રેંટિયા બારસ), પ્રદોષ, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.

મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, વડનું પૂજન, પિતૃપૂજન, કેતુગ્રહ, સૂર્યદેવતાનું પૂજન, ગાયત્રીમાતાનું પૂજન, જાપ, હવન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી ગણેશપૂજા, પ્રદોષ–વ્રત ઉપવાસ, શિવ–પાર્વતી પૂજા, રુદ્રાભિષેક, શિવભક્તિ, ભજન, નામસ્મરણ, કીર્તન, રાત્રિ જાગરણ.

શ્રાદ્ધ પર્વઃ બારસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું જે બુદ્ધિબળમાં વૃદ્ધિ કરી વ્યક્તિને મેધાવી બનાવે છે. સંન્યાસીના શ્રાદ્ધ આજ રોજ કરવા, શ્રાદ્ધપર્વમાં મઘા શ્રાદ્ધનું મહત્ત્વ અધિક છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાપૂર્વક અનુસરવામાં આવતું કર્મકાંડ. જે કર્મ, ધર્મને અનુલક્ષીને છે તેમાં શ્રદ્ધાનો ભાવ દાખવવો આવશ્યક છે. બ્રાહ્મણ શ્રાદ્ધ સમજણપૂર્વક કરાવે છતાંય તર્ક અને બુદ્ધિ વધુ કામ કરે તો પ્રશ્નો ઉપસ્થિત થાય. આ પ્રશ્નોને મહત્ત્વ ન આપતા શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધવિધિમાં મન પરોવવું એ શ્રાદ્ધક્રિયાનો મહિમા છે. આજ રોજ વડનું પણ પૂજન અવશ્ય કરવું.

આચમનઃ સૂર્ય–રાહુ પ્રતિયુતિ વડીલો સાથે મતભેદો થયા કરે, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ વિકૃત મનોદશાવાળા બુધ–રાહુ પ્રતિયુતિ તકરારી સ્વભાવ.

ખગોળ જ્યોતિષઃ સૂર્ય–રાહુ પ્રતિયુતિ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, બુધ–રાહુ પ્રતિયુતિ (તા. ૩૦). ચંદ્ર–મઘા યુતિ થાય છે. મંગળ પુનર્વસુ પ્રવેશ.

ગ્રહગોચરઃ સૂર્ય–કન્યા, મંગળ–મિથુન, માર્ગી બુધ–કન્યા, ગુરુ–વૃષભ, શુક્ર–કન્યા, વક્રી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ– વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૯–૯–૨૦૨૪ થી તા. ૫–૧૦–૨૦૨૪

રવિવાર, ભાદ્રપદ વદ–૧૨, વિ. સં. ૨૦૮૦, તા. ૨૯મી સપ્ટેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૩૦–૧૮ સુધી (તા. ૩૦), પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. બારસનું શ્રાદ્ધ, સંન્યાસીઓનું શ્રાદ્ધ, મઘા શ્રાદ્ધ (રેંટિયા બારસ), પ્રદોષ.

સોમવાર, ભાદ્રપદ વદ–૧૩ તા. ૩૦મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. સોમપ્રદોષ, શિવરાત્રિ, તેરસનું શ્રાદ્ધ, કલિયુગાદિ, વિષ્ટિ ક. ૧૯–૦૬થી.

મંગળવાર, ભાદ્રપદ વદ–૧૪ તા. ૧લી ઑક્ટોબર. નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક. ૦૯–૧૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં સાંજે ક. ૧૬–૦૧ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ભાદ્રપદ કૃષ્ણપક્ષ, ચૌદસનું શ્રાદ્ધ, અસ્ર, શસ્ર, અકસ્માતથી મરેલાનું શ્રાદ્ધ, વિષ્ટિ ક. ૦૮–૨૦ સુધી.

બુધવાર, ભાદ્રપદ વદ–૩૦, તા. ૨જી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૨–૨૨ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સર્વપિતૃ અમાસ, દર્શ અમાસ, પૂનમ, અમાસનું શ્રાદ્ધ, મહાલય સમાપ્તિ, ગજછાયા પર્વ ક. ૧૨–૨૨થી સૂર્યાસ્ત, અન્વાધાન, મહાત્મા ગાંધી જયંતી, કંકણાકૃતિ સૂર્યગ્રહણ (મુંબઈ–ભારતમાં દેખાવાનું નથી).

ગુરુવાર, આશ્વિન સુદ–૧, તા. ૩જી, નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૫–૩૧ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૦૫ (તા. ૪થી) સુધી પછી તુલા રાશિ પર જન્માક્ષર. આશ્વિન શુક્લ પક્ષ, શારદીય નવરાત્રિ પ્રારંભ, ઘટસ્થાપનઃ સવારે ક. ૦૬–૩૧ થી ૦૮–૦૧, સવારે ક. ૧૦–૫૯થી બપોરે ૦૩–૨૬, સાંજે ક. ૦૪–૫૬ થી રાત્રે ક. ૦૯–૨૬. જવારા સ્થાપન, ઈષ્ટિ, માતામહ શ્રાદ્ધ, શુભ દિવસ.

શુક્રવાર, આશ્વિન સુદ–૨, તા. ૪મી, નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૮–૩૭ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, આશ્વિન સુદ–૩, તા. ૫મી, નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૨૧–૩૨ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. તૃતીયા વૃદ્ધિ તિથિ છે. મુસ્લિમ ૪થો રબી–ઉલ આખર માસારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

# વાવાઝોડાં હેલેને અમેરિકામાં વેર્યો વિનાશઃ ૪૪નાં મોત

સૅંટ માર્ક્સઃ વાવાઝોડાં હેલૅનૅએ અમેરિકાનાં અનેક રાજ્યોમાં વેરેલા વિનાશમાં ઓછામાં ઓછા ૪૪ જણનાં મોત થયાં હતાં. જોકે વાવાઝોડું નબળું પડી ગયું હોવા છતાં તેને કારણે અનેક રાજ્યમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી અને અનેક વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો.

હેલૅનૅ વાવાઝોડું ગુરુવારે રાત્રે ૧૧.૧૦ વાગ્યે ફ્લૉરિડા નજીકના પૅરી ખાતે ત્રાટક્યું હતું અને વાવાઝોડાની ઝડપ ૧૪૦ માઈલ પ્રતિકલાક નોંધાઈ હતી.

વર્ષ ૧૮૫૧થી વાવાઝોડાંનો રેકોર્ડ રાખવાની શરૂઆત કરવામાં આવ્યા બાદ ફ્લોરિડાના બિગ બૅન્ડ વિસ્તારમાં ત્રાટકેલું કૅટેગરી ફૉરનું આ સૌપ્રથમ વાવાઝોડું હતું. આ વિસ્તારમાં ૨૨૫ માઈલ પ્રતિકલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું.

વાવાઝોડાએ અનેક બૉટ ઊંધી વાળી દીધી હતી તો અનેક ઘરોને ધ્વસ્ત કર્યાં હતાં. નીચાણવાળા વિસ્તારોમાં અનેક ફૂટ પાણી ભરાઈ ગયાં હતાં. કિનારા વિસ્તારમાં આવેલા સ્ટૅનહૅચી નગરમાં જળસ્તર ૯.૬૩ ફૂટ જેટલું થઈ ગયું હતું. પૂરનાં પાણીમાંથી લોકોને ઉગારવા બચાવકર્તાએ જાનની બાજી લગાવી દીધી હતી. વાવાઝોડાંને કારણે અંદાજે ૧૬થી ૨૬ અબજ ડૉલરનું નુકસાન થયું હોવાનું અનુમાન છે. વાવાઝોડું ત્યાર બાદ નબળું પડ્યું હતું અને પવનની ઝડપ ઘટીને ૩૫ માઈલ પ્રતિકલાક જેટલી થઈ ગઈ હતી.

ટૅનૅસિ, વર્જિનિયા, ઑહિઓ અને કૅરૉલિનામાં પણ વાવાઝોડાંની અસર જોવા મળી હતી. જોખમને ધ્યાનમાં રાખીને હવામાન ખાતાએ લોકોને વિના કારણ ઘરની બહાર નીકળવાની તેમ જ નીચાણવાળા વિસ્તારમાંથી ઊંચાણવાળા વિસ્તારમાં ખસી જવાની હાકલ કરી હતી.

દરમિયાન, ફ્લોરિડાના કિનારા વિસ્તારમાં વરસાદ સતત ચાલુ રહ્યો હતો અને વીજપુરવઠો ખોરવાઈ જતાં ૪૦ લાખ કરતા પણ વધુ લોકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. (એજન્સી)

# એમસીડીની સ્થાયી સમિતિના સભ્યની ચૂંટણી વિરુદ્ધ આપ સુપ્રીમ કોર્ટમાં જશે

નવી દિલ્હી : દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશીએ શનિવારે ભાજપ પર લોકશાહીની હત્યા કરવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે દિલ્હીની મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિના સભ્યની ચૂંટણી ગેરકાયદે અને ગેરબંધારણીય છે.

અહીં પત્રકાર પરિષદને સંબોધતાં આતિશીએ કહ્યું હતું કે શુક્રવારે યોજાયેલી ચૂંટણીના વિરોધમાં આપ સર્વોચ્ચ અદાલતમાં જશે. ભારતીય જનતા પાર્ટીએ એમસીડીની એક ખાલી બેઠક જીતી લીધી હતી. શાસક આપના નગરસેવકો મતદાનમાં ગેરહાજર રહ્યા હતા. સ્થાયી સમિતિમાં ૧૮ સભ્યો છે. આતિશીએ ભાજપને કહ્યું હતુ કે જો તેનામાં હિંમત હોય તો એ કોર્પોરેશનને બરખાસ્ત કરે અને આપ સામે ચૂંટણી લડે જેથી ખબર પડે કે લોકો સુધરાઈમાં કોનું શાસન ઈચ્છે છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે એમસીડી કમિટીના સભ્યોની ચૂંટણીની તારીખ અને સ્થળ અંગે ફક્ત મેયર જ નિર્ણય લઈ શકે. ચૂંટણી માટેની નગરસેવકોની બેઠકમાં બેઠકના અધ્યક્ષસ્થાને ફકત મેયર જ રહી શકે. આતિશીએ દાવો કર્યો હતો કે ઉપ રાજ્યપાલની સૂચનાથી એમસીડીના વધારાના કમિશનરને પ્રીસાઈડિંગ ઓફિસર બનાવીને અને લોકશાહી, બંધારણ અને કાયદાનો ભંગ કરીને સ્થાયી સમિતિના સભ્યની ચૂંટણી પાર પડાઈ હતી.

આતિશીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપને બંધારણ કે નિયમો–કાયદાઓ પ્રત્યે કોઈઆદર નથી અને તે લોકશાહીના ચીંથરેહાલ કરી રહી છે.

આતિશીએ કહ્યું હતું કે ઉપ રાજ્યપાલ કે અધિકારીઓ પાસે ગૃહની બેઠક બોલાવાનો કોઈ અધિકાર નથી તો પણ ઉપ રાજ્યપાલે હુકમ આપ્યો, કમિશનરે હુકમનું પાલન કર્યું, ચૂંટાયેલા મેયરને બદલે સનદી અધિકારીએ બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું.આતિશીના આક્ષેપોનો જવાબ આપતાં દિલ્હી ભાજપના પ્રમુખ વિરેન્દ્ર સચદેવે કહ્યું હતું કે મુખ્ય પ્રધાનની ટિપ્પણી રાજકીય સ્વાર્થભરી છે અને એનો હેતુ ગૂંચવાડો ઊભો કરવાનો છે. (એજન્સી)

# કૉંગ્રેસ હરિયાણાના 'દર્દના દાયકા'નો અંત લાવશેઃ રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે હરિયાણામાં કોંગ્રેસની આવનારી સરકાર 'દર્દના દાયકા'નો અંત લાવશે અને પાર્ટીએ રાજ્યના લોકોની આશાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે.હરિયાણા કોંગ્રેસે પાંચમી ઑક્ટોબરે યોજાનારી રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે તેનો વિગતવાર ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો, જેમાં ખેડૂતોના કલ્યાણ માટે કમિશનની રચના, શહીદ સૈનિકોના પરિવારો માટે રૂ. ૨ કરોડ, રોજગાર પેદા કરવા માટે શ્રમ–સઘન એકમોને પ્રોત્સાહન અને હરિયાણા લઘુમતી આયોગનું પુનર્ગઠન સહિતના અનેક વચનો આપ્યા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર હિન્દીમાં એક પોસ્ટ મૂકીને રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે એક દાયકામાં ભાજપે હરિયાણાની સમૃદ્ધિ, સપનાં અને સત્તા છીનવી લીધી છે. અગ્નિવીર યોજનાએ દેશભક્ત યુવાનોની આકાંક્ષાઓ છીનવી લીધી, બેરોજગારીએ પરિવારોનું સ્મિત છીનવી લીધું અને મોંઘવારીએ મહિલાઓની આત્મનિર્ભરતા છીનવી લીધી, એવો આરોપ તેમણે લગાવ્યો હતો. કાળા કાયદાઓ લાવીને તેમણે ખેડૂતોના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો અને નોટબંધી અને ખોટા જીએસટી દ્વારા તેઓએ લાખો નાના વેપારીઓનો નફો છીનવી લીધો હતો, એમ તેમણે કહ્યું હતું.

કોંગ્રેસના વચનોની યાદી આપતા ગાંધીએ કહ્યું કે, પાર્ટીની સરકાર બે લાખ કાયમી નોકરીઓ, ડ્રગ્સ–મુક્ત હરિયાણા, પચીસ લાખ રૂપિયા સુધીની મફત સારવાર, મહિલાઓને ૨,૦૦૦ રૂપિયા પ્રતિ માસ, ૫૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર, ગરીબોને ૧૦૦ યાર્ડનો પ્લોટ આપશે. ગરીબોને ૩.૫ લાખના ખર્ચે બે રૂમનું મકાન, જૂની પેન્શન યોજના પાછી લાવવી, વૃદ્ધો, વિધવાઓ અને વિકલાંગોને ૬,૦૦૦ રૂપિયા પ્રતિ માસ પેન્શન, ૩૦૦ યુનિટ મફત વીજળી, ખેડૂતોને એમએસપીની ગૅરંટી, તાત્કાલિક પાકનું વળતર, જાતિ આધારિત વસતી ગણતરી અને ક્રીમી લેયરની મર્યાદા ૧૦ લાખ રૂપિયા કરવામાં આવશે. (પીટીઆઈ)

# ઉત્તર પ્રદેશથી પુરી જતી બસ પલટી જતાં ચારનાં મોત, 30 ઘાયલ

બાલાસોરઃ ઓડિશાના બાલાસોર જિલ્લામાં ઉત્તર પ્રદેશથી આવતી એક પ્રવાસી બસ પલટી જતાં ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયાં હતાં અને ૩૦ ઘાયલ થયા હતા. આ જાણકારી શનિવારે પોલીસ આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત શુક્રવારે મધરાતે થયો હતો. પુરી જઇ રહેલી બસ રસ્તા પરથી લપસીને નેશનલ હાઇવે–૬૦ પર પટનાના મહમદનગર નજીક ડાંગરના ખેતરમાં પલટી ગઇ હતી. ઘાયલોને જલેશ્વરની જી કે ભટ્ટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૧૭ ગંભીર રીતે ઘાયલોને બાલાસોર જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જલેશ્વર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર રંજન કુમાર સેઠીએ જણાવ્યું કે ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાંથી લગભગ ૫૭ મુસાફરોને લઇને બસ વારાણસી, ગયા, ગંગા સાગર અને કોલકાતાથી પુરી જઇ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. પોલીસ, અકસ્માત બાદ ફાયર વિભાગ અને સ્થાનિક ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘાયલ મુસાફરોને બચાવ્યા હતા.

રેસ્ક્યુ ટીમમાં સામેલ એક ફાયર અધિકારીના જણાવ્યા અનુસાર બસમાં મુસાફરી કરી રહેલા તુષાર મિશ્રા નામના ૧૪ વર્ષના તરૂણે પલટી ગયેલી બસમાંથી સાત લોકોને બચાવ્યા હતા. , પરંતુ તેના પિતા રાજેશ કુમાર મિશ્રાનું મૃત્યુ થયું હતું. અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેમજ ડ્રાઇવર અને કંડક્ટર ઘટનાસ્થળેથી ફરાર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ઓડિશામાં સોશિયલ મીડિયા પોસ્ટ મુદ્દે અથડામણ બાદ ભદ્રક જિલ્લામાં ઇન્ટરનેટ સેવાઓ સ્થગિત

ભુવનેશ્વરઃ ઓડિશા સરકારે શનિવારે ભદ્રક જિલ્લામાં ઇન્ટરનેટ સેવાને બે દિવસ માટે સ્થગિત કરી દીધી છે. કારણ કે એક જૂથના લોકોએ એક વાંધાજનક સોશિયલ મીડિયા પોસ્ટને લઇને વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

ગૃહ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી સૂચના અનુસાર ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ની કલમ ૫(૨)ની જોગવાઇઓ હેઠળ સમગ્ર જિલ્લામાં ૩૦ સપ્ટેમ્બરે સવારે ૨ વાગ્યા સુધી ઇન્ટરનેટ સેવા ૪૮ કલાક માટે બંધ રહેશે. સરકારી આદેશમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શાંતિ અને સંવાદિતા પુનઃસ્થાપિત કરવા માટે ભડકાઉ સંદેશાઓના ફેલાવાને રોકવા માટે વ્હોટ્સએપ, ફેસબુક, એક્સ અને ડેટા સેવાઓના અન્ય માધ્યમો, મોબાઇલ ઇન્ટરનેટ અને બ્રોડબેન્ડ સેવાઓ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ અને એક્સેસ પ્રતિબંધિત રહેશે.

લોકોના એક જૂથે એક યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અનુસાર કથિત રીતે સોશિયલ મીડિયા પર એક સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી કેટલીક વાંધાજનક સામગ્રી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવી હતી.

શુક્રવારે એક ચોક્કસ સમુદાયના લોકોએ આરોપી યુવક વિરુદ્ધ પોલીસ કાર્યવાહીમાં વિલંબનો આરોપ લગાવતા વિરોધ રેલી કાઢી હતી. પોલીસે જણાવ્યું કે વહીવટીતંત્રની પૂર્વ પરવાનગી વિના આયોજિત રેલીને જ્યારે પોલીસે અટકાવી તો પ્રદર્શનકારીઓએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં ડીએસપી સહિત બે પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા અને એક વાહનને નુકસાન થયું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### ત્રાસવાદીઓ બેફામ

સીઆરએફના જવાનોએ ગામને ઘેરી લીધું હતું.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપી હતી કે દેવસર ગામમાં બે આતંકવાદીને ઠાર મરાયા છે, પરંતુ તેમની ઓળખાણ હજી થઈ નથી.

તેમણે કહ્યું હતું કે સુરક્ષા દળોની સંયુક્ત ટીમ એક શંકાસ્પદ સ્થાનમાં સર્ચ ઓપરેશન કરી રહી હતી ત્યારે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો. આને પગલે અથડામણ થઈ હતી. ટોચના પોલીસ અધિકારીએ અથડામણમાં બે આતંકવાદી માર્યા ગયા હોવાની વાતને સમર્થન આપ્યું છે. આના પહેલાં પોલીસે એવી માહિતી આપી હતી કે જમ્મુ–કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં ઓછામાં ઓછા ચાર જવાન અને એક ટ્રાફિક પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. સુરક્ષા દળોએ દેવસર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું ત્યારે આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. અધિકારીએ માહિતી આપી છે કે અથડામણના સ્થળની પાસે ગોળી વાગવાથી વધારાના એસપી (ટ્રાફિક) મુમતાજ અલીને નજીવી ઈજા થઈ હતી. તેમણે કહ્યું હતું કે આતંકવાદવિરોધી અભિયાનમાં સામેલ ચાર સુરક્ષાકર્મી ઘાયલ થયા છે. તેમનો હૉસ્પિટલમાં ઈલાજ ચાલે છે.

### ઈઝરાયલના

નસરલ્લાહ ઠાર મરાયો હતો.

નસરલ્લાહને મારવા હાથ ધરવામાં આવેલા ઑપરેશનનું નામ 'ન્યૂ ઑર્ડર' રાખવામાં આવ્યું હતું.

નરસલ્લાહને ઠાર માર્યા બાદ ઈઝરાયલે કહ્યું હતું કે જે કોઈ પણ અમને ધમકાવશે એના સુધી કઈ રીતે પહોંચવું એ અમે જાણીએ છીએ. અમારી ક્ષમતાનો કોઈ અંત નથી.

એક દિવસ પહેલા જ ઈઝરાયલે હિઝબુલ્લાહના વડા મથક પર હુમલો કર્યો હતો અને તે સમયે નસરલ્લાહ ત્યાં જ હતો એમ જણાવતાં ઈઝરાયલની સેનાએ કહ્યું હતું કે નસરલ્લાહની સાથે સાથે તેની પુત્રી પણ ઠાર મરાઈ હતી.

ઈઝરાયલે જ્યાં હુમલો કર્યો હતો ત્યાંથી નસરલ્લાહની પુત્રીનો મૃતદેહ પણ મળી આવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ભારતની

અનુભવતી શ્રદ્ધાની રાબેતા મુજબની તાલીમ અને પ્રેક્ટિસ ખૂબ કઠિન હોય છે. તેનો આ નિત્યક્રમ સવારે ૪:૩૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધીનો હોય છે જેમાં તે ખાસ કરીને તાકાત, સહનશક્તિ અને ચપળતા પર સૌથી વધુ ફોકસ રાખે છે. બપોરે તે નવી તરકીબ શીખવા પર ધ્યાન આપે છે. આ તરકીબોમાં ઇલ્યૂઝન, ટ્વિસ્ટ, ટચડાઉન રેજ, ચીટ ગેનર અને કોર્કસ્ક્રુનો સમાવેશ છે. તેણે ૭૨૦–કિક મારવા પર અને શ્વાસ પર નિયંત્રણ કરવા પર ખાસ લક્ષ આપવું પડે છે.

શ્રદ્ધાના મમ્મી–પપ્પા ઇચ્છતા હતા કે તેમની પુત્રી અભ્યાસમાં અન્ય ટોપર્સની જેમ સ્કૂલ–કોલેજમાં પોતાનું પણ નામ બનાવે, પરંતુ શ્રદ્ધા ફાઇટર બનવા માગતી હતી અને હવે તેનાં પરિણામો (મેડલ્સ) જોઈને તેઓ શ્રદ્ધાને પૂરો સપોર્ટ કરે છે. શ્રદ્ધા પોતાની સફળતાઓ માટે ખાસ કરીને તાએકવૉન્ડો–માસ્ટર સૈયદ ફિરોઝની આભારી છે.

### દ. આફ્રિકામાં

એક વ્યક્તિ હૉસ્પિટલમાં ગંભીર હાલતમાં છે. શુક્રવારે રાત્રે અગ્નિ આફ્રિકાના ઈસ્ટર્ન કેપ પ્રાંતના લુસિકિસિકી નગરમાં આ ગોળીબાર થયો હતો. ગોળીબાર એક જ વિસ્તારનાં બે ઘરોમાં થયો હતો. એક ઘરમાં ૧૨ મહિલા અને એક પુરુષ અને બીજા ઘરમાં ત્રણ મહિલા અને એક પુરુષ માર્યાં ગયાં હતાં. (એજન્સી)

### ગુજરાતમાં

નવરાત્રિના આયોજકોની ઊંઘ હરામ થઇ ગઇ છે.

ગુજરાતમાં આજે દિવસ દરમિયાન ૧૫૦ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો જેમાં ભાવનગરના મહુવામાં પાંચ ઇંચ. તાપીના ડોલવણમાં ત્રણ ઇંચ તેમજ વાગરા, ધરમપુર, કરાડા, નવસારી, જેતપુર, તિલકવાડા, ડભોઇ તલોદ તેમજ દ્વારકા સહિતના તાલુકાઓમાં એક થી ત્રણ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. દરમિયાન શનિવારે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ વરસાદ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ૭ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ૭ તાલુકામાં ૪ ઈંચથી વધુ, ૧૭ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૪૦ તાલુકામાં ૨ ઈંચથી વધુ જ્યારે કુલ ૧૧૦ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ વરસ્યો છે. જ્યારે અન્ય તાલુકાઓમાં સામાન્યથી ૧ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. કમોસમી વરસાદથી રાજ્યમાં ૧૪ લોકોનાં મોત થયાં છે. જ્યારે ૪૪ પશુઓનાં મોત અને ૯ લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

### કોંગ્રેસમાં

વિરોધી છે.

વડા પ્રધાન મોદીએ એમ પણ કહ્યું હતું કે, જેમ જેમ મતદાનની તારીખ નજીક આવી રહી છે. કોંગ્રેસનો પરાજય નિશ્ચિત થઈ રહ્યો છે. કોંગ્રેસના નેતાઓ હવે કહેવા લાગ્યા છે કે હરિયાણામાં પણ એવી જ સ્થિતિ થશે જેવી મધ્ય પ્રદેશમાં થઈ હતી. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની છેલ્લી ચૂંટણીઓમાં તેઓએ જુઠ્ઠાણાનો ફુગ્ગો ફૂલાવ્યો હતો, પરંતુ જનતાએ મતદાન કરીને તે ફુગ્ગાની હવા કાઢી નાખી હતી. હવે હરિયાણામાં પણ આવું જ થવાનું છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, હરિયાણાની માતાઓ અને બહેનોએ અહીં સૂત્ર આપ્યું છે – મ્હારા હરિયાણા, નોનસ્ટોપ હરિયાણા. હરિયાણાનો વિકાસ આવી જ રીતે નોનસ્ટોપ ચાલુ રહેવો જોઈએ. તેથી હરિયાણાએ ત્રીજી વખત ભાજપને લાવવા માટે મન બનાવી લીધું છે. ચારે બાજુથી અવાજો આવી રહ્યા છે – ભરોસા દિલસે, ભાજપા ફિરસે. કોંગ્રેસની આવી હાલત છે કારણ કે કોંગ્રેસ દેશની સૌથી કપટી અને બેઈમાન પાર્ટી છે. તેઓએ હિમાચલની શું હાલત કરી છે? તમે કલ્પના પણ નહીં કરી શકો કે તેઓ હિમાચલમાં કેટલું જુઠું બોલે છે, ચૂંટણી પ્રચારમાં તેમણે મતદારોને અનેક વચનો આપ્યા હતા, હવે સરકાર બનાવ્યા પછી, કોંગ્રેસ મતદારોને સવાલ કરે છે કે તમે કોણ છો?

# એપીએમસીમાં ચાઈનીઝ લસણ વાયા અફઘાન થઈને આવે છે

નવી મુંબઈ: ભારતમાં પ્રતિબંધિત ચાઈનીઝ લસણ અફઘાનિસ્તાન થઈને વાશીની એપીએમસીમાં પ્રવેશી રહ્યું છે. બજારમાં આવતું આ લસણ ચીનનું છે કે નહીં તેની કોઈ ખાતરી ન હોવાથી વહીવટીતંત્ર મોટી મૂંઝવણનો સામનો કરી રહ્યું છે. સમિતિ દ્વારા એપીએમસીમાં આ લસણની પૂછપરછ કર્યા પછી કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા. સરકારે કેટલાંક વર્ષોથી ચીનમાંથી કૃષિ ઉત્પાદનોની આયાત બંધ કરી દીધી છે. તેમાં લસણનો પણ સમાવેશ થાય છે. જો કે છેલ્લા બે મહિનાથી ભારતમાં લસણના ઉત્પાદનમાં થયેલા ઘટાડાને કારણે જથ્થાબંધ બજારમાં લસણનો ભાવ રૂ. ૩૫૦ અને છૂટક બજારમાં રૂ. ૪૦૦ સુધી પહોંચી ગયો છે. લસણના વધતા ભાવને જોતા કેટલાક વેપારીઓએ નફા માટે એપીએમસી માર્કેટમાં ચાઈનીઝ લસણનું વેચાણ શરૂ કર્યું છે. અગાઉ આ લસણ નેપાળ થઈને ભારતમાં પ્રવેશતું હતું. ■




# બારામતીની બે સગીરાઓ પર ચાર નહીં, પણ ૧૧ જણે બળાત્કાર કર્યો હતો

પુણે: પુણેના હડપસર વિસ્તારમાં ૧૪મી સપ્ટેમ્બરે બારામતી તાલુકાની બે સગીરાને દારૂ પીવડાવીને તેમની જાતીય સતામણી કરી હોવાની ઘટના બની હતી. આ પ્રકરણે આરોપીની વધુ તપાસ કરતા વધુ સાત જણે પણ સગીરાઓ પર બળાત્કાર કર્યો હોવાની માહિતી મળી છે. પોલીસે અત્યાર સુધી ૧૧ આરોપીને તાબામાં લીધા છે. જ્ઞાનેશ્વર આટોળે (૨૭), અનિકેત બેંગારે (૨૦), યશ ઉર્ફે સોન્યા આટોળે (૨૧), જય ઉર્ફે જયેશ મોરે એમ ચાર આરોપીની પહેલા ધરપકડ કરાઇ હતી. હવે ઓમકાર બારતી, ઓમ કાંબળે, અપ્પા શેંડે, આક્ષય મોડક, સૂરજ ઇંદરલકર, સંસ્કાર વાઘમારે અને શ્રેણિક ભંડારી એમ વધુ સાત આરોપીની ધરપકડ કરાઇ છે.

નવમામાં બણતી બે સગીરા ૧૪મી સપ્ટેમ્બરે કોઇને કંઇ ન જણાવતા ઘરેથી નીકળી હતી. બન્ને હડપસર આવી હતી અને આરોપી જ્ઞાનેશ્વર આટોળેનો સંપર્ક કર્યો હતો. ત્યાર બાદ તેણે બે મિત્રને ફોન કરીને એક રૂમમાં બોલાવ્યા હતા. ત્યાં સગીરાઓને દારૂ પીવડાવીને તેમના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ■




# બાળપણના કેન્સરની સારવારમાં પરિવર્તન કરતી નવીનતાઓ

બાળપણનું કેન્સર, પ્રમાણમાં દુર્લભ હોવા છતાં, બાળકો અને તેમના પરિવારો માટે વિનાશક નિદાન છે. સદનસીબે, બાળરોગના કેન્સરની સારવારના લેન્ડસ્કેપમાં નોંધપાત્ર પરિવર્તન થઈ રહ્યું છે, જેમાં નવીન અભિગમો બાળ દર્દીઓ માટે ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરે છે.

### સારવારની ઝેરી અસર ઘટાડવી:

પરંપરાગત રીતે, કિમોથેરાપી બાળપણના કેન્સરની સારવારનો મુખ્ય આધાર છે, પરંતુ તેની ગંભીર આડઅસરો બાળ દર્દીઓ માટે મુશ્કેલ હોઈ શકે છે. સદ્‌ભાગ્યે, સંશોધન ઓછા ઝેરી વિકલ્પો માટે માર્ગ મોકળો કરી રહ્યું છે. ડોક્સોરુબિસિન જેવી દવાઓના લિપોસોમલ ફોર્મ્યુલેશનનો હેતુ કેન્સરના કોષોને સીધી દવાઓ પહોંચાડવાનો છે જ્યારે તંદુરસ્ત પેશીઓને નુકસાન ઓછું કરે છે, સારવારની એકંદર ઝેરીતાને ઘટાડે છે.

### ઇમ્યુનોથેરાપી અને કાર-ટી-સેલ થેરાપીને પ્રોત્સાહન આપવું:

ઇમ્યુનોથેરાપી, જે કેન્સર સામે લડવા માટે રોગપ્રતિકારક શક્તિનો ઉપયોગ કરે છે, તે બાળરોગના ઓન્કોલોજીમાં તરંગો બનાવે છે. સીએઆર ટી-સેલ થેરાપી એ એક ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં દર્દીના રોગપ્રતિકારક કોષો કેન્સરના કોષો પર હુમલો કરવા માટે તૈયાર કરવામાં આવે છે. બાળપણના લ્યુકેમિયા અને લિમ્ફોમાસમાં આ સારવારે મોટી સફળતા દર્શાવી છે..

### પ્રોટોન થેરાપી-પ્રિસિઝન રેડિયેશન:

જે બાળકો માટે રેડિયેશન થેરાપીની જરૂર હોય છે, પ્રોટોન થેરાપી વધુ ચોક્કસ વિકલ્પ પૂરો પાડે છે. રેડિયેશનના અત્યંત કેન્દ્રિત બીમ સાથે ગાંઠોને લક્ષ્યાંકિત કરીને, પ્રોટોન થેરાપી તંદુરસ્ત પેશીઓના કિરણોત્સર્ગના સંપર્કમાં ઘટાડો કરે છે, લાંબા ગાળાની આડઅસરોને ઘટાડે છે. આ ખાસ કરીને બાળકો માટે મહત્વપૂર્ણ છે, જેમના વિકાસશીલ શરીર પરંપરાગત રેડિયેશન થેરાપીથી નુકસાન માટે વધુ સંવેદનશીલ હોય છે.

### બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ:

લ્યુકેમિયા જેવા રક્ત કેન્સર માટે, બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ (ઉંપ્ર) એક ઉપચારાત્મક સારવાર વિકલ્પ હોઈ શકે છે. સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટમાં એડવાન્સિસ, જેમાં સુધારેલ દાતા મેચિંગ અને ટ્રાન્સપ્લાન્ટ પછીની સંભાળનો સમાવેશ થાય છે, તેણે બાળરોગના દર્દીઓમાં જીવિત રહેવાના દરમાં નોંધપાત્ર વધારો કર્યો છે. જે બાળકો પ્રમાણભૂત ઉપચારને પ્રતિસાદ આપતા નથી તેમના માટે બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ એક મહત્વપૂર્ણ વિકલ્પ છે.

### કેન્સરની સંભાળમાં કૃત્રિમ બુદ્ધિમત્તા અને વ્યક્તિગત દવા શરૂ કરવી:

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ પરિવર્તન કરી રહ્યું છે કે કેવી રીતે ડોકટરો બાળપણના કેન્સરનું નિદાન અને સારવાર કરે છે. ઉક્ત દરેક બાળકની ચોક્કસ કેન્સર પ્રોફાઇલ અનુસાર સારવાર યોજનાઓ તૈયાર કરવામાં મદદ કરવા માટે મોટા ડેટાસેટ્સનું વિશ્લેષણ કરી શકે છે. કેન્સરની સારવાર માટે એક-માપ-બંધબેસતો-બધો અભિગમ ભૂતકાળ બની રહ્યો છે. આનુવંશિક પૃથ્થકરણ ડોકટરોને બાળકના કેન્સરને ચલાવતા અનન્ય પરિવર્તનના આધારે અનુરૂપ સારવાર યોજનાઓ બનાવવાની મંજૂરી આપે છે. આ વ્યક્તિગત દવા અભિગમ બિનજરૂરી આડ અસરોને ઘટાડીને સારવારની અસરકારકતામાં વધારો કરે છે, જે વધુ સારા પરિણામો તરફ દોરી જાય છે.પ્રારંભિક તપાસ માટે ચોકસાઇ નિદાન: સફળ કેન્સરની સારવાર માટે પ્રારંભિક તપાસ નિર્ણાયક છે. સર્ક્યુલેટીંગ ટ્યુમર ડીએનએ (સીટીડીએનએ) પરીક્ષણ જેવા નવા નિદાન સાધનો સરળ રક્ત પરીક્ષણો દ્વારા બાળપણના કેન્સરના અગાઉના નિદાનની સંભાવના પ્રદાન કરે છે.

### વહેલા નિદાન માટે પ્રિસિઝન ડાયગ્નોસ્ટિક:

સફળ કેન્સરની સારવાર માટે વહેલું નિદાન નિર્ણાયક છે. સર્ક્યુલેટીંગ ટ્યુમર ડીએનએ (સીટીડીએનએ) પરીક્ષણ જેવા નવા નિદાન સાધનો સરળ રક્ત પરીક્ષણો દ્વારા બાળપણના કેન્સરના વહેલા નિદાનની સંભાવના પ્રદાન કરે છે.

### લાંબા ગાળાની સંભાળ વધારવી:

મુસાફરી સારવાર સાથે સમાપ્ત થતી નથી. ઇન્ફર્ટિલિટી અને કોગ્નિટિવ આડ અસરો જેવા મુદ્દાઓને ઉકેલવા માટે બાળપણના કેન્સરથી બચી ગયેલા લોકો માટે લાંબા ગાળાની સંભાળ જરૂરી છે.

આ નવીનતાઓ બાળપણના કેન્સર સામેની લડાઈમાં નોંધપાત્ર કૂદકો રજૂ કરે છે. જીન થેરાપી અને એઆઈ-સંચાલિત સંભાળથી લઈને પ્રોટોન થેરાપી અને વ્યક્તિગત દવા માટે નવી આશા આપે છે. અંતિમ ધ્યેય એ જ રહે છે: બાળપણના તમામ કેન્સરનો ઉપચાર કરવો અને દરેક બાળકને સ્વસ્થ, પરિપૂર્ણ જીવન જીવવાની તક મળે તેની

ડો. સ્વાતિ ક્રિષ્ના
એમડી (બાળરોગ)
પીડિયાટ્રિક હેમેટો-ઓન્કોલોજી
એફ એન બી (કન્સલ્ટન્ટ પીડિયાટ્રિક હેમેટો-ઓન્કોલોજિસ્ટ)
એમ । ઓ । સી, થાણે, મુલુંડ, ઘાટકોપર

M | O | C Cancer Care & Research Centre

એમ । ઓ । સી થાણે
પહેલો માળ, બ્લુ નાઇલ બિલ્ડીંગ, અલ્મેડા રોડ, પિનેકલ હોસ્પિટલની બાજુમાં, ચરાઈ નાકા, થાણે (જ) ૪૦૦ ૬૦૧
022 - 2530 1090 / 74004 24333

એમ । ઓ । સી મુલુંડ
યુનિટ નંબર ૧૧૧૦, ૧૧મો ફ્લોર, મેરેથોન મિલેનિયમ, એલ. બી.એસ માર્ગ, નિર્મલ લાઈફસ્ટાઈલ મોલ પાસે, મુલુંડ (પશ્ચિમ) ૪૦૦ ૦૮૦
97697 69498 / 70218 69122

એમ । ઓ । સી ઘાટકોપર
૮મો માળ, સિલ્વરપોઈન્ટ, સુખશાંતિ હોસ્પિટલ સામે, એલ. બી.એસ માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૮૬
99878 99700 / 91672 36781
www.mocindia.co.in

Issued in public interest for the purpose of cancer education by M | O | C Cancer Care & Research Centre.



## નાટ્ય દર્પણ

### એકલવ્ય

અમરદીપ સર્જન, વિશાલ ગોરડિયા પ્રસ્તુત, ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત, વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત, કૃત્તિકા દેસાઈ- મેહુલ બુચ અભિનીત ''એકલવ્ય'' કલાકારો: સ્મિત ગણાત્રા, શ્યામ મખેચા, સુહાની વ્યાસ, કેવિન ઉમારીયા, હિતાર્થ જોષી, દુર્ગેશ મિશ્રા, કેતન જોષી. આ રવિવાર, તા. ૨૯ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે અને બુધવાર, તા. ૨ ઓક્ટોબર સાંજે ૭.૩૦ ક. તેજપાલ હોલ, ગોવાલિયા ટેન્ક.

### યુદ્ધ

રાજુ ગાંધી પ્રોડક્શનનું ચેતન ગાંધી-ઉમેશ શુકલ નિર્મિત, કિરણ ભટ્ટ પ્રસ્તુત. પ્રવીણ સોલંકી લિખિત. ફિરોઝ ભગત દિગ્દર્શિત. નિમેષ દિલીપરાય અભિનીત. કાર્યકારી નિર્માતા: ચિત્રક શાહ-કિરણ માલવણકર. ''યુદ્ધ'' કલાકારો: અમિતા રાજડા, નેહા પકાઈ, શિલ્પા પટેલ, શૈલજા શુકલ, યશ દત્તાણી, રમાકાંત ભગત, ઓજસ પંડ્યા તથા તપન ભટ્ટ અને દાનેશ ગાંધી છે. આ રવિવાર, તા. ૨૯ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### બ્લફમાસ્ટર ગુજ્જુભાઈ

સિદ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્શનનું ચિત્રક શાહ, કિરણ માલવણકર પ્રસ્તુત, પ્રવીણ સોલંકી લિખિત, સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શીત-અભિનીત. કલાકારો: સિદ્ધાર્થ રાંદેરિયા, તેજલ વ્યાસ, હિમાંશુ ઉપાધ્યાય, જિતેન્દ્ર સુમરા, જ્યુથિકા શાહ, રિદ્ધિ વોરા, જય દેસાઈ, રામમિલન રજક, તેજસ શાહ અને નિલેશ જોષી છે. રવિવાર, તા. ૨૯ સપ્ટેમ્બર બપોરે ૩.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### સંબંધો સ્પર્શ વિનાના

રૂબરૂ પ્રોડક્શન્સનું નિર્માણ-લેખન-દિગ્દર્શન: યુવા LLDC/ભવન-અંધેરીની સ્પર્ધામાં સૌથી વધુ ૮ એવોર્ડ જીતનાર નાટક ''સંબંધો સ્પર્શ વિનાના'' આ રવિવાર, તા. ૨૯ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. તેજપાલ હોલ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

# મને શું મળશે એની ચિંતા કરતો નથી: એકનાથ શિંદે

### રાજ્યમાં મહાયુતિની સરકાર આવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એવો દાવો કર્યો છે કે શિવસેના, ભાજપ અને એનસીપીની મહાયુતિને વિધાનસભાની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતી મળશે. અસલી શિવસેના તરીકે લોકોએ સ્વીકાર કર્યો હોવાનો દાવો કરતાં તેમણે કહ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં શિવસેનાનો સ્ટ્રાઈક રેટ ૪૭ ટકા છે, જે ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) કરતાં ઘણો વધુ છે. શિવસેનાએ જે ૧૩ બેઠકો જીતી હતી. આ લોકસભા ચૂંટણીમાં તેમાંથી ૭ બેઠકો પાછી જીતી હતી. જ્યારે ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસના મતો મેળવ્યા પછી પણ ફક્ત ૬ બેઠકો પર જીત મેળવી હતી.

જો મહાયુતિ વિધાનસભા ચૂંટણી જીતે તો મહારાષ્ટ્રના સીએમ કોણ બનશે? એવા સવાલનો જવાબ આપતાં શિંદેએ કહ્યું હતું કે મને શું મળશે? તેની ચિંતા અમે કરતા નથી. અમે એક ટીમની જેમ કામ કરી રહ્યા છીએ અને કરતા રહીશું. બેઠકોની વહેંચણી પર તેમણે કહ્યું કે ગઠબંધનમાં કોઈ સમસ્યા નથી. એક મીડિયાના કાર્યક્રમમાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે, મૂળ પક્ષનું પ્રમાણપત્ર આપનાર ઉદ્ધવ ઠાકરે કોણ છે? લોકસભાની ચૂંટણીમાં વાસ્તવિક શિવસેના કઈ છે તેના પર જનતાએ મહોર લગાવી દીધી છે.

એકનાથ શિંદેએ એમ પણ કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેએ શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેની વિચારધારા છોડી દીધી છે. ગઈ વિધાનસભા ચૂંટણીમાં લોકોએ ભાજપ અને શિવસેનાને બહુમતી આપી હતી, પરંતુ સ્વાર્થી કારણોસર એમવીએની સરકાર બનાવી હતી. લોકસભા ચૂંટણીમાં મહાયુતિની હાર પર એકનાથ શિંદેએ કહ્યું કે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીનાં મેટ્રિક્સ અલગ છે. એમવીએએ અનામત અને બંધારણના નામે ખોટું બોલીને મત મેળવ્યા હતા. વિધાનસભાની ચૂંટણીમાં આ સ્થિતિ બદલાશે. આ ચૂંટણીમાં લોકો વિકાસને મત આપશે. ભ્રષ્ટાચારના આરોપોનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં સૌથી વધુ કૌભાંડો થયા છે. કોવિડ દરમિયાન પણ ખીચડીમાં કૌભાંડ કરવામાં આવ્યું હતું. શિંદેએ કહ્યું હતું કે, આગામી બે વર્ષમાં મુંબઈના રસ્તાઓ ખાડાઓથી મુક્ત થઈ જશે. અગાઉ ડામર રોડના નામે કૌભાંડો થતા હતા, હવે કોંક્રીટના રસ્તાઓ બની રહ્યા છે. ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે મુખ્ય પ્રધાનનું કામ સીએમ ફેસબુક લાઈવ કરવાનું નથી.

### શિક્ષા સર્વોપરી

# એસટી બસમાં આકાશગંગા, અબ્દુલ કલામ, ગણિતનાં સમીકરણો: શિક્ષણને પ્રોત્સાહન આપતાં બીડની મહિલા કન્ડક્ટર અને ડ્રાઈવર

છત્રપતિ સંભાજીનગર: ગ્રામીણ વિસ્તારોમાં સ્કૂલ-કોલેજ લાંબે હોવાથી વિદ્યાર્થીઓને પબ્લિક ટ્રાન્સપોર્ટનો સહારો લેવો પડતો હોય છે. ઘણી વખત ગરીબ લોકોનાં બાળકો શિક્ષણ અધૂરું મૂકી દેતા હોય છે.

આ બાબતોને ધ્યાનમાં રાખીને શિક્ષણ પ્રત્યે બાળકોને પ્રોત્સાહિત કરવા અને તેમના વાલીઓમાં જાગરૂકતા લાવવાનું કામ બીડ જિલ્લામાં મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી) દ્વારા હાથ ધરાયું છે.

સામાન્ય રીતે એસટી બસ સફેદ-નારંગી રંગમાં દેખાતી હોય છે, પણ અહીં બસની અંદર અને બહાર આકાશગંગા, ગ્રહો, સ્વામી વિવેકાનંદ, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ જેવા મહાનુભાવોના, કહેવતો, ઘડિયા, યોગાસન, ગણિતના સમીકરણો વગેરે જોવા મળે છે.

'બસમાં જે ઇન્ટિરિયર કરવામાં આવ્યું છે તે વિદ્યાર્થીઓને ગમે છે. રોજ બન્ને દિશા પ્રમાણે ૨૦૦ કિલોમીટરનું અંતર કાપવામાં આવે છે. બીડ-નલવાંડી રૂટ પરના ગામથી વિદ્યાર્થીઓને તેમના સ્કૂલ-કોલેજમાં છોડવામાં આવે છે', એમ કન્ડક્ટર વૈશાલી મુલેએ જણાવ્યું હતું.

'આ કાર્ય માટે મેં અને મારા ડ્રાઇવર સાથી સિરાજ પઠાણે પોતાના ખિસ્સામાંથી ૩૫,૦૦૦ ખર્ચ કર્યા હતા. અમારી બસમાં પ્રવાસ કરતા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ ગરીબ મજૂરોનાં બાળકો છે. તેઓને બાળકોને સ્કૂલમાં મોકલવામાં વધુ રસ હોતો નથી. અમારું માનવું છે કે અમારા આ કાર્યથી તેમને બાળકોને, ખાસ કરીને છોકરીઓને સ્કૂલમાં મોકલવા માટે પ્રોત્સાહન મળશે', એમ મુલેએ જણાવ્યું હતું.

ડિવિઝનલ ટ્રાન્સપોર્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ બીડ શિવરાજ કરાડે જણાવ્યું હતું કે આ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારમાં વસતા ગરીબ લોકોમાં તેમનાં બાળકોને શિક્ષણ અપાવવા અંગે જાગરૂકતા લાવવાનો છે. આ વર્ષે બસમાં પ્રવાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦થી ૨૯૦ પર પહોંચી છે. વિદ્યાર્થિનીઓની વધેલી સંખ્યા ઉલ્લેખનીય છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# પવઈમાં બે પિસ્તોલ, કારતૂસો જપ્ત: મધ્ય પ્રદેશના બે સુરક્ષારક્ષક પકડાયા

મુંબઈ: પવઇમાં ઘાતક શસ્ત્રો વેચવા આવેલા બે સુરક્ષારક્ષકને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા. બંને આરોપીમાં સચિનકુમાર ફુલચંદ કુશવાહ અને અમરકુમાર બાદશાહ નાઇનો સમાવેશ હોઇ તેઓ મધ્ય પ્રદેશના રહેવાસી છે.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦ના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે શુક્રવારે પવઇમાં ફિલ્ટરપાડા ખાતે છટકું ગોઠવીને બંને આરોપીને પકડી પાડ્યા હતા. આરોપીઓની તલાશી લેવામાં આવતાં બે પિસ્તોલ અને ચાર કારતૂસ મળી આવી હતી. આથી બંને વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ શસ્ત્રો ક્યાંથી મેળવ્યાં અને તે કોને વેચવા માટે પવઇ આવ્યા હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે.

# આજે મધ્ય-હાર્બર રેલવે લાઇનમાં બ્લોક

મુંબઈ: મધ્ય રેલવેમાં રવિવારે વિવિધ ટેક્નિકલ અને એન્જિનિયરિંગ કામો હાથ ધરવામાં આવનાર હોવાથી બ્લોક લેવામાં આવ્યો છે. માટુંગા અને મુલુંડ વચ્ચે સ્લો ટ્રેકની અપ અને ડાઉન લાઇન પર સવારે ૧૧.૦૫થી બપોરે ૩.૫૫ બ્લોક હશે. બ્લોક દરમિયાન માટુંગા-મુલુંડ વચ્ચેની ધીમી લોકલ ફાસ્ટ લાઇન પર દોડાવવામાં આવશે. આ લોકલ સાયન, કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ અને મુલુંડ સ્ટેશન પર ઊભી રહેશે, જ્યારે વિદ્યાવિહાર, કાંજુરમાર્ગ, નાહુર સ્ટેશન પર લોકલ સેવા ઉપલબ્ધ નહીં હોય. હાર્બર લાઇનમાં કુર્લા-વાશી દરમિયાન અપ અને ડાઉન લાઇન પર સવારે ૧૧.૧૦થી બપોરે ૪.૧૦ કલાક સુધી બ્લોક હશે. બ્લોક દરમિયાન સીએસએમટી-વાશી/બેલાપુર/પનવેલ અપ અને ડાઉન લોકલ રદ કરવામાં આવશે, જ્યારે સીએસએમટી-કુર્લા અને કુર્લા-પનવેલ/વાશી દરમિયાન વિશેષ લોકલ દોડાવવામાં આવશે. હાર્બર લાઇનના પ્રવાસીઓને સવારે ૧૦ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી થાણે-વાશી/નેરુળ સ્ટેશનથી પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

# આચારસંહિતા પહેલા મ્હાડાનાં ઘરોની જાહેરાત માટે દોડાદોડી

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી પૂર્વે ઘરો માટે લોટરી જાહેર કરવા મ્હાડા કમર કસી રહ્યું છે. આઠમી ઓક્ટોબરે મુંબઈ વિભાગના ૨,૦૩૦ ઘરના લોટરી ડ્રોનાં પરિણામો જાહેર કરવામાં આવશે ત્યારે કોંકણ બોર્ડ થાણા, નવી મુંબઈ, વસઈ - વિરાર અને અન્ય સ્થળે આશરે ૬,૫૦૦ ઘરની જાહેરખબરો ચૂંટણી આચારસંહિતા પહેલા જ પ્રસિદ્ધ કરવાના પ્રયાસો કરી રહ્યું છે. મ્હાડાના પુણે બોર્ડે આશરે પાંચ હજાર ઘર માટે લોટરીના ડ્રોનો નિર્ણય લીધો છે. ડ્રોની જાહેરાત ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવાની યોજના છે. ૧૦ ઓક્ટોબર સુધીમાં ૬,૫૦૦ મકાન માટેની જાહેરાત જાહેર થવાની સંભાવના છે. બોર્ડ ટૂંક સમયમાં ડ્રોની દરખાસ્ત તૈયાર કરીને મંજૂર કરવાની અને ડ્રોની જાહેરાત પ્રસિદ્ધ કરવાની ગણતરીમાં છે. દરમિયાન ડ્રોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સૌથી વધુ મકાન હશે અને તેમાં ૨૦ ટકા તેમજ મ્હાડા આવાસ યોજના હેઠળના કેટલાક મકાનનો પણ સમાવેશ કરવામાં આવશે.

# લાડકી બહેન યોજના એટલે વોટ માટે સરકારી લાંચ: રાજ ઠાકરે

મુંબઈ: મહારાષ્ટ્રમાં હાલમાં લાડકી બહિણ યોજના ખૂબ ચર્ચામાં છે. વિપક્ષ પણ આ યોજનાને લઈને સરકારની સતત ટીકા કરી રહી છે. સંજય રાઉતે ટીકા કરતા કહ્યુ હતું કે સરકાર વોટ માટે આ લાંચ આપી રહી છે. ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, પ્રણિતી શિંદે, નાના પટોલેએ પણ યોજના માટે મહાગઠબંધનની ટીકા કરી છે. તાજેતરમાં રાજ ઠાકરેએ પણ લાડકી બહેન યોજનાની ટીકા કરતા કહ્યું કે, 'જાન્યુઆરીમાં પગાર ચૂકવવા માટે સરકારની તિજોરીમાં પૈસા નહીં હોય.' રાજ ઠાકરેએ આ યોજનાની આડકતરી રીતે ટીકા કરી છે કે, ''રાજ્યમાં મહિલાઓને આ રીતે પૈસા ચૂકવ્યા વિના નવા ઉદ્યોગો લાવો અને રોજગારી આપો. સમાજનો કોઈપણ વર્ગ મફતમાં કંઈપણ માંગતો નથી.

## છેલ્લા પાનાનું ચાલુ

### ૧૫ નવેમ્બર પછી

નહીં તે જાણવાનો મતદારો અધિકાર ધરાવે છે, એમ તેમણે કહ્યું હતું. રાજકીય પક્ષોએ પણ તે શા માટે જે તે ઉમેદવારને ચૂંટણીમાં ઉતારી રહ્યા છે તે લોકોને જણાવવાનો પ્રયત્ન કરવો જોઇએ, તેમ રાજીવ કુમારે કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે રાજીવ કુમાર બે દિવસની મહારાષ્ટ્રની મુલાકાતે હતા, જે પૂરી થયા બાદ તેમણે મુંબઈમાં પત્રકાર પરિષદ યોજીને ઉક્ત મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. બે દિવસની મુલાકાત દરમિયાન તે બધા જ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સહિતના લોકોને મળ્યા હતા. રાજકીય પક્ષોએ તેમને દિવાળી, દેવ દિવાળી, છઠ પૂજા જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને ચૂંટણીની તારીખો જાહેર કરવા જણાવ્યું હોવાનું પણ તેમણે કહ્યું હતું. આનો અર્થ થાય કે ૧૫ નવેમ્બર પછી રાજ્યમાં ચૂંટણી યોજાવાની શક્યતા છે.

### ચૂંટણી પહેલા

અને સાવચેતીના પગલા તરીકે શંકાસ્પદ ગતિવિધિઓ વિશે જાણ કરવાનું કહેવામાં આવ્યું હતું. બીજી તરફ પોલીસ દ્વારા ભાઉચા ધક્કા, બરકત અલી રોડ. જુહુનું ઇસ્કોન મંદિર, દક્ષિણ મુંબઈમાં ઝવેરીબજાર તથા અન્ય સ્થળે મોક ડ્રિલ હાથ ધરવામાં આવી હતી. કોઇ અનિચ્છનીય ઘટના બને તો પોલીસ કેટલી એલર્ટ છે તે ચકાસવા મોક ડ્રિલ હાથ ધરાઇ હતી.

દરમિયાન શંકાસ્પદ લોકો ગેસ્ટ હાઉસ, હોટેલ, લોજમાં આશરો લઇ શકે છે એવી શક્યતા પણ એલર્ટમાં વ્યક્ત કરવામાં આવી હતી, જેને પગલે ક્રાઇમ બ્રાન્ચ અને સ્પેશિયલ બ્રાન્ચની ટીમોએ મુંબઈની હોટેલ, લોજ તથા ગેસ્ટ હાઉસની તપાસ કરી હતી.

પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક આદેશમાં ઘરમાલિકોએ તેમના ભાડૂઆતોની વિગતો અચૂક પોલીસને આપવાની તાકીદ કરી છે. બીજી તરફ ડ્રોન, રિમોટ કન્ટ્રોલ્ડ માઇક્રો-લાઇટ એરક્રાફ્ટ, પેરાગ્લાયડર્સ, પેરા મોટર્સ, હેન્ડ ગ્લાયડર્સ હૉટ એર બલૂન વિગેરે ઉડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેંદરડા નિવાસી હાલ જુહુસ્કીમ (પાર્લા) પૂ. ચંદનબેન તથા તુલસીદાસ વસનજી દોશીના પુત્રવધૂ કનકલત્તા જતીનચંદ્ર (ઉં. વ. ૭૪) તે અમીબેન-અમીષકુમાર તથા પ્રિયેનભાઈ-જીગીશાના માતુશ્રી. તે શૈલેનભાઈ-કેતકીબેન, દિપ્તીનભાઈ-પારૂલબેન, કલ્પનાબેન જયંતીલાલ, મીતાબેન અશ્વીનકુમાર, અલ્કાબેન રાજેશકુમારના ભાભી. તે ચોટીલા નિવાસી નરેન્દ્રભાઈ-કોકીલાબેન, જીતેન્દ્રભાઈ-છાયાબેન, અરૂણાબેન અજીતકુમાર, રેખાબેન સુધાકરભાઈ, જયશ્રીબેન સતીનકુમારના બેન. માહીર, ધૈર્ય, રીઆન તથા હીરના દાદી-નાની શુક્રવાર, ૨૭-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, ૨૯-૯-૨૪ના ૪ થી ૬, વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપારલે (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**હરસોલ સત્તાવીશ વિશા શ્રીમાળી જૈન**

અડપોદરા નિવાસી, હાલ પારલા સ્વ. બાબુલાલ નગીનદાસ શાહ અને ઈન્દુમતિ બાબુલાલ શાહના પુત્ર કિર્તીભાઈ શાહ (ઉં. વ. ૬૪) ૨૮-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે વર્ષાબેનના પતિ. રીલેશ, વિકેત્વના પિતા. રોનક, શ્રુતિના સસરા. વિયાન, વિહાનના દાદા. પંકજ, ભાવેશ, પ્રિતીના મોટાભાઈ. અમૃતલાલ મોતીચંદ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, ૨૯-૯-૨૪ના ૭ થી ૯, નવા સમાજ મંડળ કોલેજ, દીક્ષીત ક્રોસ રોડ નં. ૧, વિલે પારલે (ઈસ્ટ). પીયર પક્ષનું બેસણુ સાથે છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. રવજી સત્રા (ઉં. વ. ૭૯) અવસાન પામેલ છે. સ્વ. લાખઈબેન ભારમલના પુત્ર. ગં.સ્વ. અમૃતબેનના પતિ. સ્વ. કાનજી, સ્વ. જયશ્રી, અમીત, પુષ્પા, અનીતા, અંકિતાના પિતાશ્રી. રિયા, ધીરજ છેડા, અશ્વીન ગાલા, બાબુલાલ ખુથીયાના સસરા. હેમાંશ, ધ્રુવાનના દાદા. લાકડીયાના સ્વ. ચાપુબેન થોભણ ખીમજી ડાઘાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડી.-૩૫૦, પાનબાઈ નગર, નાલાસોપારા-વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જસપરા (માંડવા) નિવાસી હાલ ભાવનગર સ્વ. ભુપતભાઇ હરજીભાઇ શાહના ધર્મપત્ની દમયંતીબેન (ઉં. વ. ૭૯) તા. ૨૭-૯-૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. રમણીકભાઇ, સ્વ. અમૃતલાલભાઇ, હીરાબેન, મધુબેનના નાનાભાઇના પત્ની. અતુલ, પરેશ, હેમાના માતુશ્રી. નીતા, આશા, જીજ્ઞેશકુમારના સાસુ. પિયર પક્ષે શાહ જગજીવનદાસ પ્રેમચંદ દિહોરવાળાની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ અંધેરી શાંતીલાલ પ્રેમચંદ સંઘવી (ઉં. વ. ૮૯) તે કુંદનબેનના પતિ. રાકેશ તથા મનીષાના પિતાજી. સોનલ તથા કેતનકુમારના સસરા. હર્ષ, શ્રુતિના દાદા. બાલુભાઇ મગનલાલ શાહના જમાઇ (પાલિતાણાવાળા) તા.૨૮-૯-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સાવરકુંડલા હાલ ઘાટકોપર સ્વ.નવીનભાઈ ગીરધરલાલ શેઠના ધર્મપત્ની ઇન્દુબેન (ઉ.વ.૭૯) ૨૬.૯.૨૪ ગુરૂવાર અરિહંતશરણ પામેલ છે. તે રાજુલબેન મયંકકુમાર, હિતેન્દ્ર દેવેન્દ્રના માતુશ્રી. કિરણબેન અને બીનાબેનના સાસુ. અશ્વિની, રાહુલ, ઋષભ, શિખાના દાદી. પિયરપક્ષે શાંતિલાલ પાનાચંદ દોશી (ઉનાવાળા) શાંતિલાલ નારાયણદાસ પારેખ, સ્વ.અશોકભાઈ, શરદભાઈ સ્વ.વિનોદભાઈ,પુષ્પાબેન, કોકિલાબેન, સ્વ.નટુભાઈ, હંસાબેન, પ્રવીણાબેન, પ્રફુલાબેનના મોટાબેન. સ્થળ:- ઇ-૧૦૨, પટેલ નિવાસ ઓલ્ડ માણેકલાલ એસ્ટેટ, ઘાટકોપર ટેલિફોન એક્સચેન્જ નજીક (વે).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

અમદાવાદ નિવાસી હાલ બોરીવલી સ્વ.જવાહરલાલ ચીમનલાલ શાહના ધર્મપત્ની ઉષાબેન (ઉ.વ.૯૨) તે પારડી નિવાસી સ્વ.ધનલક્ષ્મીબેન જયકિશનભાઈ શ્રોફના દીકરી. જયેશ, અવની, જીગીષાના માતુશ્રી. સુનિતા, પરિમલ તથા રાકેશના સાસુ. ધમીન, દર્શક, દીપ તથા હિતના બા. ૨૬/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી દશા જૈન**

નોલીનિવાસી (હાલ ઘાટકોપર) સુરેશભાઈ ભાઈલાલ શાહના પુત્ર હિતેશભાઈ (ઉ.વ.૫૪) શુક્રવાર ૨૭-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે પૂજા (પિન્કી)ના પતિ. હેનિલના પિતા. અલ્પા મનિષભાઈ મહેતાના ભાઈ. વિક્રમભાઈ પ્રભુલાલ બેન્કરના જમાઈ. શ્રીપાલ વિક્રમભાઈ બેન્કર, ડિમ્પલબહેન પારસભાઈ, તેજલ અનઘ માવાણીના બનેવી. પ્રાર્થનાસભા સોમવાર, તા.૩૦-૯-'૨૪ના ૪થી ૬. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રિમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ વિલે પાર્લે સ્વ હરકુવરબેન દામોદરદાસ ગિરધરભાઈ અજમેરાના સુપુત્ર સૂરેશભાઈ અજમેરા (ઉં.વ.૮૪) ૨૭/૦૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. રાહુલભાઈ, રૂપાલિના પિતા. પૂર્વી તથા નીજલભાઈના સસરા. સ્વ.સવિતાબેન જેઠાલાલ તુરખિયા (લાઠી)ના જમાઈ. પ્રવિણભાઇ, સ્વ.છગનભાઈ, સ્વ.વિનુભાઈ, સ્વ.કિશોરભાઈ, સ્વ.ચંદુભાઈ, સ્વ.પ્રફુલભાઈ, સ્વ.વિમળાબેન, સ્વ.જયશ્રીબેન, ઇન્દિરાબેન, વીણાબેનના ભાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા.૩૦/૦૯/૨૪ના ૪-૬ : જલારામ હોલ, એન એસ રોડ ૬, હટકેશ સોસાયટી, જે વી પી ડી સ્કીમ, મુંબઈ ૪૯ .

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના પુષ્પાબેન (બેબીબાઇ) ગાલા (ઉ.વ.૮૨) ૨૭/૯/૨૪ના અવસાન પામેલ છે. સ્વ. કરમશી હીરજી પાસુ ગાલાના ધર્મપત્ની. દેશલપુર કંઠી સ્વ. રતન દેવજી (જખુ) ચના સોનીના સુપુત્રી. હર્ષા, પરેશ, નિલેશ, દિપેશના માતુશ્રી. સ્વ. જાદવજી, કોડાય લક્ષ્મીબેન ખીમજી ટુંડાના રૂક્ષ્મણી ગાંગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પરેશ ગાલા, એ/૫૦૧, શિવકૃપા, રાનીસતી માર્ગ, ધનજીવાડી, મલાડ (ઇ.), મુંબઇ-૯૭.

તલવાણાના લક્ષ્મીબેન પ્રેમજી કેશવ દેઢિયાના જમાઈ તે શ્રી ધીરજલાલ ચીમનલાલ શાહ (ઉ.વ. ૮૧) (વતન ધીણોજ હાલ કાંદીવલી) ૨૭/૯/૨૪ના અરિહંત શરણ પામ્યા છે. રૂક્ષ્મણીબેનના પતિ. ગામ ધીણોજના હીરાબેન ચીમનલાલ હિરાચંદ શાહના સુપુત્ર. જયંતીભાઈ, નવીનભાઈ ગીરીશભાઈ, અરવિંદભાઈ, હસુમતીબેન અને કોકીલાબેનના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રૂક્ષ્મણીબેન શાહ, ગૌતમ નંબર ૩, એ/૧૨, બીજે માળે, દામોદર વાડી, અશોક ચક્રવતી રોડ, કાંદીવલી (ઇ), મુંબઈ ૦૧.

નાના ભાડિયાના ભાનુબેન શામજી દેવજી ગડા (ઉ.વ.૯૦) તા. ૨૬-૦૯-૨૪ના અરિહંત શરણ પામેલ છે. ખીમઈબાઈ દેવજીના પુત્રવધુ. શામજીભાઈ દેવજીના પત્ની. મુકેશ, સુરેશ, બીના, ઉમેશના માતા. તલવાણાના સુંદરબેન રવજીના પુત્રી. જીવરાજ, નાગજી, શાંતિ, દેવચંદ, પોપટના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. : ઉમેશ શામજી ગડા, ૫ જય નિકેતન, ૧લો ગોલીબાર રોડ, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ-૫૫.

## હિન્દુ મરણ

તરલિકા શાસ્ત્રી (વતન-હળવદ) તે સ્વ. નરેન્દ્ર મોહનલાલ શાસ્ત્રીના ધર્મપત્ની તથા સોનલ, શીતલ અને ધવલના માતુશ્રી તા. ૨૭-૯-૨૪ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીગૌડ મેડતવાડ બ્રાહ્મણ**

લુહારગોર સ્વ. રતિલાલ જીવરામ ત્રિવેદી (મૂળ અમરેલી, હાલ મુંબઇ)ના પુત્ર. હરેશભાઇ ત્રિવેદીના ધર્મપત્ની અ. સૌ. દિપ્તીબેન ત્રિવેદી (ઉં. વ. ૪૧), તે યશ, પ્રથમનાં માતુશ્રી. કાંતિલાલ ગણેશભાઇ પિત્રોડા અને જયશ્રીબેનની દિકરી. અજયભાઇ, કમલેશભાઇ, મીલીબેન, પૂનમબેન તથા ખ્યાતીબેનના બેન. અ. સૌ. રમાબેન મહેન્દ્રભાઇ ત્રિવેદીનાં દેરાણી તા. ૨૬-૯-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૯-૨૪ના સોમવારે ૫થી ૭. ઠે. કૃષ્ણબાગ, બીજો પારસી વાડો, વી. પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

રાજુલા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કાંતિલાલ ભટ્ટ (ઉં. વ. ૯૦) ૨૬-૯-૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે હંસાબેનના પતિ. સ્વ. શિવકુંવરબેન પ્રાણશંકર ભટ્ટના પુત્ર. સ્વ. લક્ષ્મીબેન મોહનલાલ ઓઝાના જમાઈ. સ્વ. રાજેશભાઈ ભટ્ટ, પરેશ ભટ્ટ, જયશ્રી રાજેન્દ્ર મહેતા, દક્ષા દિનેશ દેસાઈના પિતાશ્રી. શોભના રાજેશ ભટ્ટ અને દર્શના પરેશ ભટ્ટના સસરા. પ્રાર્થનાસભા ૨૯-૯-૨૪ને રવિવારે ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોશી લેન, ઘાટકોપર ઈસ્ટ, ૫ થી ૭.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મોટા લીલીયા નિવાસી, હાલ વસઈ રોડ સ્વ. રમેશભાઈ વ્રજલાલ વોરા (ઉં. વ. ૭૫) ૨૭-૯-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. સ્વ. દિલીપભાઈ, જસુબેન મહેન્દ્રભાઈ શાહના ભાઈ. જતીન, શૈલેષના પિતાશ્રી. જયસુખભાઈ દેવકરણ લાધાણીના જમાઈ. નિશા, તૃષાના સસરા. પ્રાર્થનાસભા રવિવાર, ૨૯-૯-૨૪ ૪ થી ૬. કે.ટી. વાડી, ૧લે માળે, હોલી પેરેડાઈઝ સ્કુલની બાજુમાં, કે.ટી. વિલેજ, વસઈ (વેસ્ટ).

**કચ્છ કડવા પાટીદાર**

સ્વ. રમેશ ગોપાલ રાજાણી (ઉં. વ. ૭૭) હાલ નવી મુંબઇ (કોપરખેરણે) તથા કચ્છ ગામ નખત્રાણા નિવાસી તા. ૨૮-૯-૨૪ના અવસાન પામેલ છે. તે મંજુલાબેનના પતિ. તે સ્વ. મેઘજી જેઠાના જમાઇ. તથા જીજ્ઞા, નિતા, રાજેશના પિતા તથા નરસીભાઇ તેમ જ સવિતાબેનના ભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩૦-૯-૨૪ના દિવસે. ઠે.કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, લેવીનો કમ્પાઉન્ડ, કેસલ મિલ પાસે, થાણે પશ્ચિમ.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

કલ્પેશ બોડા (ઉ.વ.૫૧) રવિવાર ૨૨.૦૯.૨૪નાં ડોમ્બિવલી કૈલાશવાસ થયેલ છે. તે સ્વ.મંજુલા રામચંદ્ર બોડાનાં દીકરા. સવિતાના પતિ. રિષભ અને રુદ્રાક્ષીના પપ્પા. સ્મિતા ધર્મેન્દ્ર જોષી, સ્વ.આશુતોષના ભાઈ. હરુભાઈ પુરુષોત્તમ બોડાના ભત્રીજા. રાજુભાઈ, સુનિતા, સ્વ.કિરીટભાઈ, મમતા અને પિયુષના ભાઈ. પ્રાર્થનાસભા તા.૨૯.૦૯.૨૦૨૪ને રવિવાર ૩.૩૦ થી ૫. સ્થળ:-૫૦૧,પ્રથમ ટાવર, ક્વિન્સ પાર્ક, મસ્જિદ પાસે, મીરા રોડ ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ જામખંભાળિયા હાલ કાંદીવલી ગં.સ્વ.હેમલતાબેન (ઉ.વ.૭૬) શુક્રવાર ૨૭/૦૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ચંદ્રકાંત કેશવજી રૂપારેલિયાનાં ધર્મપત્ની. નિલેશ, રાજીવ, દિવ્યેશનાં માતુશ્રી. ભાનુબેન ગોકલદાસ ગંઠીયાનાં સુપુત્રી. રિટા, કોમલ, રૂપાના સાસુમા. વેદાંત, યશ, પ્રિયાંકનાં દાદીમા. પ્રાર્થનાસભા સોમવાર તા.૩૦/૦૯/૨૪ના ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલા માળે, એસ.વી.રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદીવલી વેસ્ટ. લૌકીક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

મુળગામ ગોંડલ હાલ સાંગલીના સ્વ.લલિતભાઈ સંગ્રામ (ઉ.વ.૫૯) શનિવાર ૨૮.૦૯.૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હંસાબેન મનસુખલાલ સંગ્રામના પુત્ર. રૂપાબેનના પતિ. સૌ.મેઘના તથા શ્રેયા તથા કુંજેશના પિતાશ્રી. વિવેકકુમાર પ્રવિણભાઇ મજેઠીયાના સસરા. સૌ.સુધાબેન, સ્વ.સરોજબેન, સૌ.વર્ષાબેન, સૌ.જ્યોતિબેનના ભાઈ. પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી રવિવાર ૨૯.૦૯.૨૪ના ૫.૩૦ થી ૬.૩૦. એસ.એન.ડી.ટી. કોલેજ, સાંગલીમાં.

**દશા સોરઠીયા વણિક**

કુંકાવાવ નિવાસી હાલ બોરીવલી સ્વ.આશાબેન અને બાલકૃષ્ણભાઈ લક્ષ્મીદાસ કોઠારીના પુત્ર ચંદ્રશેખરભાઈ કોઠારી (ઉ.વ.૭૫) ૨૭/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે શીતલબેનના પતિ, અભિષેક તથા શ્વેતા ચિરાગ મનકોડીના પિતા. સલોનીના સસરા. યશના દાદા. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૩૦/૯/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઘાંટવડ નિવાસી હાલ વસઈ હર્ષદભાઈ અમીચંદ કુંભાણી (ઉ.વ.૭૦) તે બીનાબેનના પતિ, દિગેશ તથા બિંદેશના પિતા. હેતલના સસરા. ભુપેન્દ્રભાઈ, દિનેશભાઈ, રાજેશભાઈ, કંચનબેન શશીકાંત બખાઈ, સ્વ.કુમુદબેન પ્રવિણચંદ્ર શાહ, હંસાબેન રસિકલાલ દોશી, રંજનબેન વિનયચંદ્ર શાહના ભાઈ. સ્વ.ગીરધરલાલ વીરચંદ શાહના જમાઈ. ૨૫/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી દશા શ્રીમાળી વૈષ્ણવ**

હાંસોટ નિવાસી હાલ બોરીવલી શિરીષચંદ્ર મજમુદાર (ઉ.વ.૮૨) ૨૫/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.જસવિદ્યાબેન હરિલાલ મોતીલાલ મજમુદારના પુત્ર. અનુરાધાબેનના પતિ. સ્વ.વિધુલત્તાબેન તથા સ્વ.રજનીકાંત ઘેલાભાઈ શેઠના જમાઈ. તેજસ તથા સોનાલિના પિતા. ધૃતિ તથા ચિરાગના સસરા. સાદડી પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

હાલ કાંદિવલી નિવાસી ભાનુબેન (ઉ.વ.૮૪) મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધીના ધર્મપત્ની. સ્વ.શાંતાબેન કાનજીભાઈ પારેખના દીકરી. અર્ચના તથા હિમાંશુંના માતુશ્રી. પ્રિયંકાના સાસુ. સ્વ.દિનેશભાઇ, સ્વ. હિંમતભાઈ, મીનાબેનના બહેન. ૨૭/૯/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**તપોધન બ્રાહ્મણ**

મૂળગામ કલગામવાળા હાલ બીલીમોરા ગં.સ્વ.નયનાબેન તથા સ્વ.ગજાનન હરગોવિંદ મહેતાના સુપુત્ર કૌશિકભાઈ મહેતા (ઉ.વ.૬૨) ૨૪/૯/૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે સરોજબેનના પતિ. શ્રેયા તથા કૃતિકાના પિતા. હિતેન્દ્રભાઇ, પરેશભાઈ, જાગૃતિ અતુલ દવે, ભાવના વિપુલ દેસાઈ, ભારતી રમેશચંદ્ર રાવલ, હંસાબેન રમેશચંદ્ર વૈદ્યના ભાઈ. સાસરાપક્ષે સ્વ.કમળાબેન તથા સ્વ.ધીરૂભાઈ ગોપાલજી રાવલ બીલીમોરાના જમાઈ. પ્રાર્થનાસભા ૩૦/૯/૨૪ના ૩ થી ૫. તપોવન હોલ, દેસરા, રાવલ સ્ટ્રીટ, બીલીમોરા ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

જામખંભાળિયા નિવાસી હાલ કાંદિવલી સ્વ.રમેશચંદ્ર વલ્લભદાસ લાલના ધર્મપત્ની ગં.સ્વ.મંજુલાબેન (ઉ.વ.૭૫) ૨૮/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે મિતેષ, વિશાખા રસીકકુમાર પટેલ, રાજેશ્રી કિશોરકુમાર પંચમતીયા, જાગૃતિ અજયકુમાર સોનપાલના માતુશ્રી. હિનાના સાસુ. અનિલભાઈ તથા સુધાબેન પ્રભુદાસ મોટાણીના ભાભી. સ્વ.જમનાબેન ગોપાલદાસ વિઠલાણી દ્વારકાના દીકરી. પ્રાર્થનાસભા ૩૦/૯/૨૪ના ૯ થી ૧૧. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકર મંદિર પાસે, એસ વી રોડ કાંદિવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળગામ ચિતલ હાલ મીરારોડ ગં.સ્વ નિર્મલાબેન (ઉ.વ.૭૪) સ્વ.હરગોવિંદદાસ વિઠ્ઠલજી જોગીના ધર્મપત્ની. સ્વ.મોહનલાલ ભવાનજી પડિયા જેતપુરની દીકરી. ધર્મેન્દ્ર, સંજય, વિપુલ, વિભાબેન શૈલેષભાઇ જાજલ, સેફાલી રજનીકુમાર મેરના માતુશ્રી. રેખા તથા શિલ્પાના સાસુ. સ્વ.મુકેશભાઈ, રમેશભાઈ, વસંતભાઈ, ઉર્મિલાબેન નિર્મલ, સ્વ.દક્ષાબેન પડિયા, ચંદ્રિકાબેન ખખ્ખર, કીર્તિબેન છાટબાર તથા વર્ષાબેન બોસમીયાના ભાભી. ૨૬/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ મલાડ ગં.સ્વ.સવિત્રિબેન પંડ્યા (ઉં.વ.૭૭) શનિવાર તા.૨૮/૦૯/૨૪ના કૈલાસવાસી થયેલ છે, તે સ્વ. લાભશંકર ઇચ્છાશંકર પંડ્યાના ધર્મપત્ની. ઉમિયાશંકર રાવલના દીકરી. રમેશભાઈ રાવલ તથા ગાયત્રીબેન ભટ્ટ, રાકેશ, કલ્પેશ,રાજુબેન, સ્વ.બીનાબેન, પ્રજ્ઞાબેનના માતુશ્રી. સ્વ.કમલકુમાર ભાર્ગવ, યોગેશકુમાર ઉપાધ્યાય, મહેન્દ્રકુમાર જોશી તથા જાગૃતિના સાસુ. પ્રાર્થનાસભા ૩૦/૯/૨૪ના ૪ થી ૬ ચંદ્રમોલેશ્વર મંદિર, ધનજીવડી નીલ્યોગ ટાવર સામે ખોત કૂવા રોડ મલાડ ઈસ્ટ.

**હાલાઈ ભાટિયા (ચપ્પરવાલા)**

અ.સૌ.સ્મિતા સતીશ આશર (ઉ.વ.૬૭) ગુલાબબેન ગોરધનદાસ આશરના વહુ. તે સતિષભાઈ આશરના ધર્મપત્ની. ચી.અંકિતના માતૃશ્રી. માધવદાસ હીરજી વેદ (શિવજીયાની)ના પુત્રી. સ્વ.બિપીનભાઈ, વિજયભાઈ, અ.સૌ.મીનાક્ષીબેન વિનોદભાઈ ભાટિયા તથા ગં.સ્વ.કુસુમબેન પંકજભાઈ આશરના બેન. ૨૭-૯-૨૪ના નાલાસોપારા મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ગામ રાજુલા હાલ વિલેપાર્લે ભાનૂમતિબેન (ઉ.વ.૯૨) સ્વ.જયસુખલાલ નાગરદાસ ભુતાના પત્ની. ગુરુવાર ૨૬/૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે રૂપા જનકભાઈ ઢબ્બુવાલા, રીટા સુકેતુભાઈ દેસાઇ, મનીષા શિરીશભાઈ ભટનાગર અને કમલેશભાઈના માતા. દેવાંગીબેનના સાસુજી. શુભેન્દુ અને વૃષ્ણીના દાદી. તેજશ્રીના દાદીસાસુ, દેલવાડાવાળા સ્વ.રણછોડલાલ શ્રીરામદાસ સંઘવીના પુત્રી. પ્રાર્થનાસભા મંગળવાર તા.૧/૧૦/૨૪ના ૫ થી ૭. વિશ્વકર્મા હોલ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**મેઘવાળ**

ગામ પાલીતાણા હાલ નવી મુંબઈ કામોઠે. સ્વ.કાંતાબેન મારૂ તે સ્વ. બેચરભાઈ દયાળજી મારૂના ધર્મપત્ની નરેશ, રાજેશ, વસંત, ભારતીના માતા. મધુ, અંજુ, રૂપા, નિકીતા, નરેશભાઇ ભોજના સાસુ. શૈલેષ, હિરેન, હર્ષ, પ્રિયંકા, ક્રિશિકા, સાચીના દાદી. લક્ષ, હેમાંશુના નાની. કેશવભાઈ બાવાભાઈ ગોહિલના દીકરી. તેમના બારમાની વિધિ સોમવાર ૩૦/૦૯/૨૪ના ૪.૦૦. કરાડી સમાજ હોલ સેક્ટર ૧૪ કામોઠે ગાંવ નવી મુંબઈ, રેલ્વે સ્ટેશન ખાંડેશ્વર.

## પારસી મરણ

વીસપી દાદીબા લાલકાકા તે હીલ્લાના ધની. તે મરહુમો એમી દાદીના લાલકાકાના દીકરા. તે હોશેદરના પપા. તે તરુનાના સસરા. તે જાલના ભાઇ. તે માઇરાના બપઇજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૧૧, એન્જિનિયર બિલ્ડિંગ, સેલટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૯-૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં.૬માં ડુંગરવાડી.

રોહીનતન સોરાબજી ઉમરીગર તે મરહુમ માહારૂખના ધની. તે મરહુમો નાજામાય સોરાબજી ઉમરીગરના દીકરા. તે ફરહાદ ને સાઇરસના પપા. તે ખુશનુમા ને દીના અફરીદના સસરા. તે ફ્રેની, દારા, નરગીશ, મની ને બેપસીના ભાઇ. તે બીનાઇશાના બપાવા. (ઉં. વ. ૮૩) રે. ઠે. સન બીમ, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી (વે), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૩૦-૯-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે માલકમ બાગ અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વિશ્વ હૃદય દિવસે નિષ્ણાત ડૉ. જી.પી. રત્નપારખી દ્વારા વધુ સમજો અને જાણો કોરોનરી એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી પ્રક્રિયા તેમજ સારવાર વિશે



કોરોનરી એન્જિયોગ્રાફીના પરીક્ષણમાં જો કોરોનરી આર્ટરીમાં અવરોધ–નડતર (Block) હોયનું જાણવામાં આવે તો અવરોધની (Block)ની ટ્રિટમેન્ટ એટલે દરેકમાં બાયપાસ સર્જરી કરાવવી જ પડે, એવું નથી છેલ્લાં ૩૦ વર્ષથી ઓછી ત્રાસદાયક, ઓછી તકલીફ થનારી ઔષધોપચાર પદ્ધતિ (Treatment Modality) વિકસીત પામી છે જેનું નામ છે કોરોનરી એન્જિયોપ્લાસ્ટી.

૧૯૭૭ની સાલમાં ડૉ. ગ્રૂંઝીગ એમણે મનુષ્યની કોરોનરી આર્ટરીની એન્જિયોપ્લાસ્ટી સફળતાપૂર્વક કરીને બતાવી. ત્યાર પછી એન્જિયોપ્લાસ્ટીની પદ્ધતિનો વપરાશ સફળતાપૂર્વક માનવમાં થવા લાગ્યો. ભારતમાં પણ ૧૯૮૫થી આ પદ્ધતિનો ઉપયોગ કરવાની શરૂઆત થઈ પણ હકીકતમાં આનો વધારે ઉપયોગ ૧૯૯૦ પછી જ શરૂ થયો.

આમાં કોરોનરી એન્જિયોગ્રાફી પ્રમાણે જ સાથળની ધમનીમાંથી ગાઈડીંગ કેથેટર (Guiding Catheter) નામની નળી કોરોનરી આર્ટરીના મુખપાસે મૂકવામાં આવે છે. આ Catherterમાંથી એક સૂક્ષ્મ એવો વાયર (Guiding Wire) આગળ સરકાવાય છે. ગાયડીંગ વાયર પણ અત્યંત સૂક્ષ્મ, સ્ટીલનો વાયર બનેલો હોવાથી તેનો આગળનો ભાગ લીસો કરવામાં આવે છે. આ વાયરની હાલચાલ X-Ray




ડૉ. જી. પી. રત્નપારખીને મુંબઈના બેસ્ટ કાર્ડિયોલોજિસ્ટનો એવોર્ડ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો

Screening Machineમાં વ્યવસ્થિત દેખાય અને બહારથી આ વાયરના શરૂઆતના ભાગની હાલચાલ નિયંત્રિત કરવામાં આવે છે. આમ જ નિયંત્રિત હાલચાલ કરીને હૃદયરોગ તબીબી આ વાયર અવરોધવાળી આર્ટરી જેનાથી આ વાયર અવરોધની પેલે પાર જઈને સ્થિર રહે પછી આ વાયરની સહાયથી આ વાયર ઉપર જ ડાયલેટેશન કેથેટર નામની એક નાની નળી અવરોધ સુધી (Block) લઈ જવામાં આવે. આ કેથેટરના આગળના ભાગમાં એક લાંબો ફુગ્ગો હોય છે. (Balloon Dilation catherer) X-Ray Screeningની મદદથી, સામેના મૉનિટર પર જોઈ, આ બલૂન અવરોધ જ્યાં છે, ત્યાં યોગ્ય ઠેકાણે રાખી તેને ફુલવવામાં આવે કેટલાક સમય પછી તે ફૂલાયેલું દબાણ ઓછું કરવામાં આવે છે. આમ બે–ત્રણ વખત કરવામાં આવે છે.

અવરોધ એ મુખ્ય તો ચરબીથી બનેલો હોવાને કારણે આ બલૂન દ્વારા દબાવવામાં આવે કે જેથી આર્ટરી પૂર્વવત્ થઈ શકે. પછી વાયર, બલૂન કેથેટર અને ગાયડીંગ કેથેટર કાઢી લેવામાં આવે. જો અવરોધ કડક હોય, કેલ્શિયમયુકત હોય તો બલૂનના વધારે દબાણથી ફુલાવવામાં અથવા એક વિશિષ્ટ પદ્ધતિથી બલૂન વપરાય, તેને Cutting Ballon કહેવાય. આના આગળના ભાગ પર સૂક્ષ્મ એવી બ્લેડ લગાવવામાં આવે છે, જ્યારે આ બલૂન ફુલવવામાં આવે ત્યારે આ બ્લેડ દ્વારા કડક અવરોધ કાપવામાં આવે અને પછી ત્યાં એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવે. જે જગ્યા આર્ટરીમાં અવરોધ છે તે જગ્યા પહેલા બલૂન એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવે ત્યારપછી તેજ જગ્યાએ અવરોધના આકારના પ્રમાણે સ્ટેંટ લેવામાં આવે અને બલૂન એન્જિયોપ્લાસ્ટી પ્રમાણે જ તે જગ્યાએ સ્ટેંટ બેસાડવામાં આવે. અલગ અલગ સાઈઝના સ્ટેંટસ ઉપલબ્ધ છે.

આ સ્ટેંટ્સ બલૂન ડાયલેટેશન કેથેટરના બલૂન પર મશીન દ્વારે ફીટ બેસાડવામાં આવે છે. જો બલૂન ફૂલવાય તો સ્ટેંટ સુધ્ધાં આકારમાં મોટા થાય છે અને જ્યારે બલૂનમાંથી દબાણ ઓછું કરીને બલૂન કાઢવામાં આવે છે. સ્ટેંટ એ તે જ જગ્યા ફુલાવેલી અવસ્થામાં આર્ટરીમાં ફિટ બેસે છે. કારણ તે નરમ પદાર્થથી બનેલો નથી અને ધમની સુધ્ધાં પાછી તે ઠેકાણે નાની થઈ શકતી નથી. કારણ સ્ટેંટ આવું કરવા દેતું નથી એટલે ત્યાં ધમનીમાં ફરી ધમનીની નરમાશને કારણે અવરોધ નિર્માણ થઈ શકતો નથી. આ પ્રક્રિયા પણ અત્યંત સુરક્ષિત હોવાથી ફક્ત અડધા કલાકમાં પૂર્ણ થઈ શકે છે અને દર્દીને બે દિવસમાં રજા આપી શકાય છે.

૨૦ વર્ષ પહેલાં એક નવા પ્રકારના સ્ટેંટ શોધવામાં આવ્યા. આમાં સ્ટેંટ પર કેટલીક દવાઓ લગાવવામાં આવે આ દવા પછી કોરોનરી આર્ટરીમાં ધીમેધીમે રિલીઝ થાય, જેથી કરીને જે ઠેકાણે સ્ટેંટ બેસાડવામાં આવ્યા હોય, તે ઠેકાણે રક્તનળી અને રક્તકોશીકાની નળીની વૃદ્ધિ જ થઈ શકે નહીં અને તેથી ફરી અવરોધ થશે નહીં, આવા પ્રકારના સ્ટેંટ્સના (Drug Eluting Stents) (Medicated stents) કહેવાય અને આ સ્ટેંટને ફરી Block થવાનું પ્રમાણ ૩ થી ૫ ટકા જેટલું ઓછું છે. આ સ્ટેંટનો ઉપયોગ... વપરાશ ભારતમાં સુધ્ધાં શરૂ કરવામાં આવ્યો હોવાથી રિઝલ્ટ ભારતમાં પણ સારો છે. આ સ્ટેંટ પર સિરોલિયમસ નામની દવા લગાવેલી છે. સિરોલીયમ દવા કેન્સર વિરોધી હોવાથી વાપરવામાં આવે છે. તેના કારણે નળીની અનાવશ્યક વૃદ્ધિ થતી નથી. જ્યારે આ દવા સ્ટેંટમાંથી કોરોનરી આર્ટરીમાં ભળે છે ત્યારે તેની નળીમાં અનાવશ્યક વૃદ્ધિ અટકાવવા બેસે છે અને ફરી અવરોધ થતો નથી. ડૉ. પૅટ્રીક સેરીજ તેમણે આ મેડિકેટેડ સ્ટેંટ સર્વપ્રથમ વાપરવાની શરૂઆત કરેલી.

**મેડિકેટેડ સ્ટેંટ્સની મર્યાદા:**

મેડિકેટેડ સ્ટેંટ્સ (Medicated stents)ના કારણે ફરી અવરોધ થવાનું પ્રમાણ ૩ થી ૫ ટકા પર આવ્યું છે. તો પણ Medicated stentsની સુધ્ધાં કેટલીક ત્રુટિ છે.

૧) તે ધાતુથી બનેલી હોવાને કારણે તે આયુષ્યભર હૃદયની રોહિણીમાં રહે છે. ૨) આવા દર્દીને આયુષ્યભર લોહી પાતળું કરવાની ગોળી (Blood thinner) ખાવી પડે છે. નહીં તો ધાતુ હોવાને કારણે લોહીમાં ગઠ્ઠા બેસીને સ્ટેંટ બંધ થઈ શકે છે.

**એન્જિયોપ્લાસ્ટીના ફાયદા:**

- એન્જિયોપ્લાસ્ટી એ ઔષધોપચાર પદ્ધતિ અત્યંત સુરક્ષિત અને ઓછા સમયમાં થનારી છે. (અડધો કલાક)
- આમાં ક્યાંય કાપકૂપ કરવાની આવશ્યકતા નથી. (General Anasthesia) દેવાની આવશ્યકતા પણ નથી.

* દર્દી પૂરો સમય ભાનમાં હોય, તેના કારણે જનરલ ઍનેસ્થેશિયા દેવાથી જે જોખમો ઊભા થાય તે ટાળી શકાય. મુખ્યત્વે મોટી ઉંમરના લોકોમાં ખૂબ જ ઉપયોગી બાબત છે.

* જેના હૃદયવિકારની સાથે બીજી બીમારી સુધ્ધાં હોય, દા. ત. દમનો વિકાર, કિડનીની બીમારી, હાડકાની બીમારી કે મોટી ઉંમરના લોકોને બાયપાસ સર્જરી કે ૪–૬ ઍનેસ્થેશિયાનો ત્રાસ થઈ શકે. આવા દર્દી માટે એન્જિયોપ્લાસ્ટી વરદાન ઠરી શકે છે.

* બાયપાસ સર્જરીમાં લગાવવામાં આવેલા ગ્રાફ્ટમાં જો અવરોધ નિર્માણ થાય તો તેનાથી પણ એન્જિયોપ્લાસ્ટી કરી શકાય, તેને ગ્રાફ્ટ એન્જિયોપ્લાસ્ટી કહેવાય.

* જો દર્દી એકદમ સિરિયસ હોય, શોકમાં હોય કે હાર્ટએટેકના કારણે તેનું લોહીદબાણ ઓછું થયું હોય આવા સમયે જો આર્ટરીના કારણે એટેક આવ્યો હોય, તો આર્ટરીની એન્જિયોપ્લાસ્ટી કરવાથી દર્દી બચી શકે કે તેના લોહીનું દબાણ સ્થિર થઈ શકે. આને Culprit vessel Angioplasty એમ કહેવાય.

* જેને એક કે બેજ આર્ટરીમાં મર્યાદિત અવરોધ (Localised, Discrete block) હોય તેને એન્જિયોપ્લાસ્ટી ઘણું ઉપયોગી થાય. (Treatment of choice)

જુવાન દર્દીને અચાનક એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવે. બાયપાસ સર્જરી ટાળી શકતી હોવાથી ટાળવી કે લંબાવવી.

* એન્જિયોપ્લાસ્ટી બીજીવાર કે ત્રીજીવાર સુધ્ધાં કરી શકાય. ફરી ફરી કરવાથી દર્દીના જીવનને કોઈ જોખમ નથી થતું, પણ વારંવાર બાયપાસ સર્જરી કરવાનો પ્રસંગ આવ્યો તો જોખમ ઘણું વધી જાય.

* આમાં લોહી આપવાની આવશ્યકતા નથી. દર્દીને ૨–૩ દિવસમાં રજા આપવામાં આવે છે. બાયપાસના દર્દીને ઓછામાં ઓછા ૮–૧૦ દિવસ હૉસ્પિટલમાં રાખવા પડતા હોય છે અને ૩–૪ લોહીના બાટલા પણ આપવા પડતા હોય છે.



**લેખક: ડૉ જી.પી. રત્નપારખી** MBBS. MD (MEDICINE). DM (CARDIOLOGY), FESC, FCSI. F.S.C.A.I
Interventional Cardiologist

- ફેલો ઓફ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ, ફ્રેન્કફર્ટ, જર્મની
- ડાયરેક્ટર કેથ લેબ & હેડ ડિપાર્ટ ઓફ કાર્ડિયોલોજી, ક્રીટીકેર હોસ્પિટલ, જુહુ
- ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ઓન. નાણાવટી હૉસ્પિટલ અને લીલાવતી હોસ્પિટલ ખાતે
- કાર્ડિયોલોજી વિભાગના વડા હોલી સ્પિરીટ હૉસ્પિટલ
- BSES બ્રહ્મા કુમારીસ હૉસ્પિટલ, તેઓ અંધેરી (W) ખાતે ISO 9001: 2000 પ્રમાણિત "ગુરુકૃપા હાર્ટ સેન્ટર" ધરાવે છે
- પૂર્વ એસો. પ્રોફેસર ઓફ કાર્ડિયોલોજી LTMG મેડિકલ કોલેજ & સાયન હોસ્પિટલ
- ૨૦૦૦૦થી વધુ કાર્ડિયાક શસ્ત્રક્રિયાઓ કરી છે અને મુંબઈમાં સૌથી વધુ સંખ્યામાં કોરોનરી ઇન્ટરવેન્શન્સ કર્યા છે.
- "પ્રીવેન્શન ઓફ હાર્ટ ડીસીઝ" ઉપર ૩ ભાષા – મરાઠી, ગુજરાતી અને અંગ્રેજીમાં પુસ્તક લખેલ છે.
- તેમના દ્વારા રચિત કાવ્ય પુસ્તક "દૂર માઝે ઘર" પ્રસિદ્ધ થયેલ છે.
- તેઓના 'ગુરુકૃપા હાર્ટ ફાઉન્ડેશન' અંતર્ગત તેમણે ૬ સ્કૂલ દત્તક લીધી છે, જ્યાં તમામ પુસ્તકો, નોટબુકો, સ્ટેશનરી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.
- ગરીબ જરૂરિયાતવાળા દરદીઓને માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ ચલાવે છે.
- સાહિત્ય, સામાજીક સેવાઓ અને તબીબી ચિકિત્સાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા, આ બધાને લીધે પૂર્વ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસે તેમને અભિનંદન આપી "મુંબઈના શ્રેષ્ઠ કાર્ડિયોલોજીસ્ટ"નો એવોર્ડ જૂન ૨૦૧૭માં પ્રદાન કરેલ.
- બીજા ઘણા એવોર્ડ્સ તેમને મળ્યા છે.
- રાજ્યના પૂર્વ ગવર્નર શ્રી ભગતસિંહ કોશ્યારીએ ડૉ. રત્નપારખીને મેડીકલના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા અને સામાજીક કાર્યો બદલ અભિનંદન આપેલ. (ઓગસ્ટ–૨૦૨૧)

## એન્જિયોપ્લાસ્ટી માટેની ગેરસમજણ:

**✕ હાર્ટએટેક આવ્યો કે તરત જ એન્જિયોપ્લાસ્ટી જ ન કરાય કે દર્દીને કેટલોક સમય સામાન્ય થયા પછી જ કરાવવી.**

**સત્ય પરિસ્થિતિ:** જેટલી જેટલી એન્જિયોપ્લાસ્ટી કરાય, તેટલી જલદી દર્દી સામાન્ય થાય અને તેને આ પ્રક્રિયાનો વધારેથી વધારે ફાયદો થાય. તેના હૃદયની કાર્યક્ષમતા (Ejection fraction) વધે એટલે (Early the better)

હાર્ટએટેક આવ્યા પછી શરૂઆતના કેટલાક કલાકમાં એન્જિયોપ્લાસ્ટી કરવી હૃદય માટે ઘણી જ ફાયદાકારક છે. આ પ્રક્રિયાને 'પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી' એમ કહેવાય.

આનું રિઝલ્ટ ખૂબ જ સારું છે. દેશ–પરદેશમાં પણ આ પ્રક્રિયા રોજિંદી થતી હોવાથી આના દ્વારા હૃદયની કાર્યક્ષમતા નોર્મલ રાખવામાં મદદ થાય અને હૃદયને ઓછામાં ઓછી ક્ષતિ થાય છે.

**✕ એન્જિયોપ્લાસ્ટી એ ટેમ્પરરી પ્રક્રિયા છે. આગળ બાયપાસ કરાવવી જ પડે છે.**

**સત્ય પરિસ્થિતિ:** ૯૫ ટકા લોકોમાં એન્જિયોપ્લાસ્ટીની સફળતા આયુષ્યભર રહે છે.

બાકીના રહેલા ૫ ટકા લોકોમાં જો ફરી અવરોધ આવે તો એન્જિયોપ્લાસ્ટી થઈ શકે.

**✕ એન્જિયોપ્લાસ્ટી ઘણી જોખમકારક (Risky) પ્રક્રિયા છે.**

**સત્ય પરિસ્થિતિ:** એન્જિયોપ્લાસ્ટી એ ઘણી સુરક્ષિત પ્રક્રિયા છે. હૃદયરોગ તબીબી જેમણે આમાં વિશેષ કુશળતા મેળવી છે એવા તબીબી તેમના હાથે આ પ્રક્રિયા કરવાથી રિસ્ક અડધો ટકાથી પણ ઓછું થાય અને સર્વ સુવિધાથી સજ્જ રહેલી હૉસ્પિટલમાં આ જોખમ શૂન્ય ટકા હોય છે.

એ કહેવામાં કોઈ ખોટું નથી. મહત્ત્વનું એટલે યોગ્ય દર્દીની પસંદગી, યોગ્ય સાહિત્યની પસંદગી, સારી હૉસ્પિટલની પસંદગી અને નિષ્ણાત ડૉક્ટરનો સંગમ એટલે સફળ એન્જિયોપ્લાસ્ટી.

## એન્જિયોપ્લાસ્ટી થયા પછી આગળ શું?

એન્જિયોપ્લાસ્ટી પછી બે દિવસમાં હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે. બે–ચાર દિવસ ઘરે આરામ કર્યા પછી આવા દર્દીને તેમનું જીવનશૈલી વિશે વિચાર કરવો અને હૃદયવિકાર કેમ થયો, તેનું કારણ તપાસવું આવશ્યક છે. જો કોઈ જોખમના ઘટકો (Risk Factor) હોય તેને ઓછું કરવાનો પ્રયત્ન કરવાની શરૂઆત કરવી.

★ દરરોજ સવારે યોગ્ય હોય તેવી કસરત કરવી. આ કસરતનું સ્વરૂપ હૃદયરોગના તબીબી ડૉક્ટર પાસે સમજી લેવું. ડૉક્ટર દર્દીની ઉંમર પ્રમાણે, વજન પ્રમાણે અને હૃદયની કાર્યક્ષમતા પર તેના વ્યાયામનો પ્રકાર નક્કી કરશે. સવારે ઊઠીને ઝડપથી ચાલવું આ બધી ઉંમરના લોકો માટે સારું છે.

★ આપણા શરીરમાં ચરબીનું પ્રમાણ ઓછું કરવાનો પ્રયત્ન કરવો. વજન ઓછું કરવું અને કમરનો ઘેરાવો ઓછો કરવો. આ માટે આહારમાં યોગ્ય હોય તે પ્રમાણે બદલાવ કરવો. તેના માટે હૃદયરોગના તબીબી અને આહારતબીબીની મદદ લેવી. ભરપૂર ફળ કે ભાજી (શાક) અને જમવામાં ઓછી કેલરીના અને ઓછા તેલ–ઘીવાળા પદાર્થનો સમાવેશ કરવો. કઠોળ, અનાજ, દાળો ખાવી. માંસ અને ચરબી વગરના માંસ થોડા અને ક્યારેક ક્યારેક ખાવામાં વાંધો નથી. લીલા શાકભાજી, લસણ, કાંદા, કાકડી, ટૉમેટો, મૂળા, બીટ, ગાજર આનો ભરપૂર ઉપયોગ ખાવામાં કરવો.

★ ઉખાણાં, ઊંઘ, રમત, તણાવ ઓછા કરવાનો પ્રયત્ન કરવો. આનંદમાં રહેવું. માનસિક શાંતિ તેમ જ ધીરજ રાખવાથી હૃદયરોગમાં ઉત્તમ ફાયદા થાય છે. તેના માટે ધ્યાન–ઉપવાસ, વાંચન, યોગ આ બાબતનો ઉપયોગ કરવો.

★ યોગ્ય સમય અને શાંત ઊંઘ શરીર માટે આવશ્યક હોવાથી રાત્રે ૭ થી ૮ કલાક સરસ ઊંઘ લેવી.

★ ધૂમ્રપાન ટાળવું, તંબાકુનું સેવન બંધ કરવું. દારૂ પીવાનું ટાળો, ફાસ્ટફૂડ ટાળો, ચાઈનિઝ ખોરાક ટાળો.

★ જમવામાં મીઠાનું પ્રમાણ ઓછું કરવું, મસાલાવાળા પદાર્થનો ઉપયોગ ઓછો કરવો.

★ દુઃખ ચીડિયાપણું, ગુસ્સો, ક્રોધ, નિરાશા આવા લોકોની સાથે રહેવું નહીં. સામાજિક અસહિષ્ણુતા કે એકાંતમાં રહેવાનું ટાળો. આનંદમાં રહી, સંતોષી રહો.


★ આપણું લોહીનું દબાણ, ડાયાબિટીસ નિયંત્રણમાં રાખવું.

**આહાર - વિહાર - આચાર - વિચાર - આના પર નિયંત્રણ રાખો.**
**Hurry - Worry - Curry ટાળવું. આ બાબતોથી હૃદયવિકારો ટાળશો.**

વધુ માહિતી માટે સંપર્ક: ગુરુકૃપા હાર્ટ સેન્ટર, જુહુ ગલી, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ)
Mob: 9821156115 / 8591282831

# ભારતીય આરોગ્ય નિધિ – જ્યાં હૃદયની તંદુરસ્તી માટે નિષ્ણાતો છે






ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ ટૂંક સમયમાં તેનું નવું કાર્ડિયાક સેન્ટર ૨.૦ શરૂ કરે છે, જેનો હેતુ હૃદય સંબંધિત સ્થિતિઓની સારવાર અને નિવારણમાં વધારો કરીને કાર્ડિયાક કેર અને આરોગ્યમાં ક્રાંતિ લાવવાનો છે.

આ આધુનિક સુવિધા દર્દીઓના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં એક મોટા રોકાણનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં નિષ્ણાતની સંભાળ સાથે અદ્યતન ટૅક્નોલોજીનું સંયોજન છે.

**કાર્ડિયાક સેન્ટર ૨.૦ની મુખ્ય વિશેષતાઓ:**

કાર્ડિયાક સેન્ટર ૨.૦ ઉચ્ચ-રિઝોલ્યુશન ઈમેજિંગ સિસ્ટમ, આધુનિક કાર્ડિયાક મોનિટરિંગ સાધનો અને ન્યૂનતમ ઈનવેસીવ સર્જિકલ સાધનો સહિત મેડિકલ ટૅક્નોલોજીમાં નવીનતમ પ્રગતિઓથી સજ્જ છે.

આ સંસાધનો આરોગ્ય સંભાળ પ્રદાતાઓને દર્દીની વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ ચોક્કસ નિદાન અને અસરકારક સારવાર યોજનાઓ ઓફર કરવામાં સક્ષમ બનાવશે.

**કેથ લેબ:** એક નવીન જાપાનીઝ ટૅક્નોલોજી - શિમાડઝુ ટ્રિનિઆસ ટાઈપ યુનિટી સ્માર્ટ એફ૧૨ કેથલેબ, બોસ્ટન સાયન્ટિફિકના આઈવીયુએસ, રોટાબ્લેટર અને એફએફઆર મશીનો દ્વારા સમર્થિત છે તેવી પશ્ચિમી ઉપનગરોમાં એકમાત્ર હૉસ્પિટલ છે.

**કાર્ડિયાક ઑપરેશન થિયેટર:** એ જ પરિસરમાં ઉપલબ્ધ બ્લડ સ્ટોરેજ સાથેનું અદ્યતન કાર્ડિયાક ઑપરેશન થિયેટર.

**કાર્ડિયાક કેર યુનિટ:** કાર્ડિયાક દર્દીઓની સુખાકારી અને ઝડપી પુનઃપ્રાપ્તિ માટે એક વિશિષ્ટ ૪-પથારીવાળું CCU.

ઓફર કરવામાં આવતી વ્યાપક સેવાઓ: કાર્ડિયાક સેન્ટર ૨.૦ સેવાઓની વિશાળ શ્રેણી પ્રદાન કરશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

**ડાયગ્નોસ્ટિક ટેસ્ટિંગ:** એડવાન્સ્ડ ઇકોકાર્ડિયોગ્રાફી, ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ, કાર્ડિયોલોજી સ્પેશિયલ બ્લડ ટેસ્ટ પેકેજો, એક્સ-રે જેવી રેડિયોલોજી સુવિધા અને સ્ટ્રેસ ટેસ્ટિંગ.

**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી:** ન્યૂનતમ ઇનવેસીવ પ્રક્રિયાઓ જેમ કે એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી વગેરે.

**ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી અને ન્યુરોલોજી:** ઓછામાં ઓછા ઇનવેસીવ ટૅકનિકોનો ઉપયોગ કરીને દર્દીઓનું નિદાન અને સારવાર કરવામાં આવે છે જે દર્દીને જોખમ ઓછું કરવા અને આરોગ્યના પરિણામો સુધારવા માટેની તકનિકોના ઓર્ડરમાં છે.

**કાર્ડિયાક સર્જરી:** કોરોનરી બાયપાસ, વાલ્વ રિપ્લેસમેન્ટ અને અન્ય વેસ્ક્યુલર સર્જરી.

**કાર્ડિયાક રિહેબિલિટેશન:** શસ્ત્રક્રિયા અથવા નોંધપાત્ર કાર્ડિયાક ઘટનાઓ પછી દર્દીઓને રીકવર કરવામાં અને હૃદયની તંદુરસ્તી જાળવવામાં મદદ કરવા માટેનો એક વ્યાપક કાર્યક્રમ.

આ સેવાઓ ઉપરાંત, કાર્ડિયાક વિભાગ નિવારક સંભાળ પર મજબૂત ભાર મૂકશે. હૃદયના સ્વાસ્થ્ય, જોખમી પરિબળો અને જીવનશૈલીમાં ફેરફાર જે કાર્ડિયાક રોગોને અટકાવી શકે છે તેના વિશે માહિતી સમુદાયને આપવા શૈક્ષણિક વર્કશોપ અને આઉટરીચ કાર્યક્રમો ઓફર કરવામાં આવશે.

**વિશિષ્ટ કાર્ડિયાક ટીમ**

કોઈ કસર ન છોડવા માટે, ભારતીય આરોગ્ય નિધિની ટીમમાં ખૂબ જ અનુભવી અને લાયકાત ધરાવતા ટેકનિશિયન, નર્સિંગ અને સહાયકોનો સમાવેશ થાય છે. વિભાગને ચોવીસ કલાક NMC રજિસ્ટર્ડ ઇન્ટેન્સિવિસ્ટ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

ઉપર જણાવેલના ઉપરાંત, વિભાગનું નેતૃત્વ પ્રખ્યાત સલાહકારો જેમ કે ડો. મહેશ શાહ, ડો. સિદ્ધાર્થ શેઠ, ડો. અમિત શર્મા, ડો. નીલેશ ગૌતમ, ડો. યશ લોખંડવાલા, ડો. શ્રીધર પડાઘટ્ટી, ડો. મોહન શેટ્ટી, ડો. મહેશ સિંગ દ્વારા કરવામાં આવે છે. ઇન્ટરવેન્શનલ ન્યુરોલોજી અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી માટે ડો. તેજસ ધારિયા, ડો. નિખિલ કર્ણિક, ડો. જથિન રાય, ડો. અનિરુદ્ધ ભૂય્યાન અને વધુ લોકો છે.

**સમુદાયની અસર અને લક્ષ્યો**

વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, વિશ્વભરમાં બિન-સંચારી રોગોના કારણે થતા મૃત્યુમાં ભારતનો હિસ્સો પાંચમા ભાગનો છે, ખાસ કરીને યુવા વસ્તીમાં. ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝના અભ્યાસના પરિણામોમાં ભારતમાં દર ૧૦૦૦૦૦ વસ્તી દીઠ ૨૭૨નો વય-પ્રમાણભૂત કાર્ડિયોવેસ્ક્યુલર રોગ (CVD) મૃત્યુ દર છે, જે વૈશ્વિક સરેરાશ ૨૩૫ના કરતા ઘણો વધારે છે. પશ્ચિમી વસ્તી કરતાં એક દાયકા પહેલાં જ CVDS ભારતીયોને અસર કરે છે.




કાર્ડિયાક સેન્ટર ૨.૦ ની સ્થાપના એ હૃદય રોગના વધતા વ્યાપનો પ્રતિસાદમાં છે, જે વૈશ્વિક સ્તરે મૃત્યુનું મુખ્ય કારણ છે. અમેરિકન હાર્ટ એસોસિએશનના જણાવ્યા મુજબ, કાર્ડીયો વેસ્ક્યુલર રોગોમાં સંયુક્ત કેન્સરના તમામ સ્વરૂપો કરતા વધુ લોકોના મૃત્યુ થાય છે. સમર્પિત કાર્ડિયાક કેર સુવિધામાં રોકાણ કરીને, ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હોસ્પિટલ આ વલણનો સામનો કરવાનો હેતુ ધરાવે છે.

કાર્ડિયાક સેન્ટરના સંદર્ભમાં હૉસ્પિટલનું ધ્યેય હૃદય આરોગ્ય કેન્દ્ર બનાવવાનું છે જે માત્ર સારવાર જ નહીં પરંતુ વ્યક્તિઓને શિક્ષિત અને સશક્તિકરણ પણ કરે છે. આ હૉસ્પિટલનો ઉદ્દેશ્ય દરેક વ્યક્તિ માટે સંસાધન બનવાનો છે, તેઓને તેમના જોખમોને સમજવામાં મદદ કરે છે અને તંદુરસ્ત જીવન જીવવા માટે જરૂરી સાધનો પ્રદાન કરે છે, જેમ કાર્ડિયાક વિભાગ તેના દરવાજા ખોલે છે ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે.સી. પરીખ જનરલ હૉસ્પિટલ કાર્ડિયાક કાળજીમાં સતત સુધારણા અને નવીનતા માટે પ્રતિબદ્ધ છે.

"અમે એવા ભવિષ્યની કલ્પના કરીએ છીએ જ્યાં ગુણવત્તાયુક્ત કાર્ડિયાક કેર દરેક માટે સુલભ હોય," એમ હૉસ્પિટલ મેનેજમેન્ટે જણાવ્યું હતું. "આ નવો વિભાગ અમારા દર્દીઓને તંદુરસ્ત હૃદયનો આનંદ માણી શકે તેની ખાતરી કરવાના અમારા પ્રયાસોની માત્ર શરૂઆત છે."

વધુ વિગતો માટે સંપર્ક કરો
ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ
એન. એસ. રોડ ૧૩, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૪૯.
કોલ કરો : 81084 39203, 022 69486060
ઈમેઈલ આઈડી: info@arogyanidhihospital.com
વેબસાઈટ: www.arogyanidhihospital.com

મુંબઈ સમાચાર
કલાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
ક્લાસિફાઈડ રેટ કાર્ડ
ડેઈલી અને વીકલી

ખાસ નોંધ: તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# આઈફા ઉત્સવમ ૨૦૨૪: ઐશ્વર્યા, મણિરત્નમ, નાની, મૃણાલ ઠાકુર અને એ. આર. રહેમાન મુખ્ય વિજેતા

અબુધાબી: અહીં યોજાયેલા ત્રણ દિવસના ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી (આઈફા) ઉત્સવમ ૨૦૨૪માં ઐશ્વર્યા રાય બચ્ચન, મણિરત્નમ, નાની, મૃણાલ ઠાકુર અને એ. આર. રહેમાન મુખ્ય વિજેતા રહ્યા હતા.

શુક્રવારથી શરૂ થયેલા આઈફા ઉત્સવમમાં દક્ષિણ ફિલ્મ ઉદ્યોગ (તમિળ, તેલુગુ, મલયાલમ અને કન્નડા)ના પ્રતિભાશાળી કલાકારોને આ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

તમિળ, તેલુગુ, મલયાલમ અને કન્નડા એમ ચારે ફિલ્મ ઉદ્યોગની શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ અભિનેતા અને અભિનેત્રી, શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને અભિનેત્રી. શ્રેષ્ઠ ખલનાયક, શ્રેષ્ઠ, ગીતકાર, સંગીતકાર તેમ જ શ્રેષ્ઠ મહિલા અને પુરુષ ગાયકને આ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. દક્ષિણના સુપર સ્ટાર રજનીકાંત અભિનિત તમિળ ફિલ્મ 'જેલર'ને શ્રેષ્ઠ ઍક્શન કોમેડી ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

'પોન્નિયન સેલવન-ટૂ' ફિલ્મ માટે ઐશ્વર્યારાય બચ્ચનને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો તો 'પોન્નિયન સેલવન-ટૂ' ફિલ્મ માટે મણિરત્નમને શ્રેષ્ઠ નિર્દેશકનો અને એ. આર. રહેમાનને શ્રેષ્ઠ સંગીતકારનો, હરિચરણ અને શક્તિશ્રી ગોપાલનને શ્રેષ્ઠ ગાયક તેમ જ વિક્રમ અને જયરામ રવીને અનુક્રમે શ્રેષ્ઠ અભિનેતા અને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

સિદ્ધાર્થની 'ચિતા' ફિલ્મ માટે સહસ્ર શ્રેને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. એસ. જે. સૂર્યાને 'માર્ક ઍન્થની' ફિલ્મનો શ્રેષ્ઠ નકારાત્મક ભૂમિકા માટેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. જેલર ફિલ્મના 'હૂકુમ-થાલાઈવર અલપ્પારા' ગીત માટે સુપર સુબુને શ્રેષ્ઠ ગીતકારનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

એક્શન થ્રિલર 'દાસારા'ને શ્રેષ્ઠ તેલુગુ ફિલ્મ, નાનીને શ્રેષ્ઠ અભિનેતા અને ટૉમ ચાકોને શ્રેષ્ઠ ખલનાયકનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ૨૪મો આઈફા એવોર્ડ સમારોહ રવિવારે પૂરો થશે. (એજન્સી)

# કેજરીવાલ ટૂંક સમયમાં મુખ્ય પ્રધાનનું નિવાસસ્થાન ખાલી કરશે

નવી દિલ્હી: આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલ ટૂંક સમયમાં શહેરના સિવિલ લાઇન્સ વિસ્તારમાં દિલ્હીના મુખ્ય પ્રધાનનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરશે. તેના નવી દિલ્હી મતવિસ્તાર નજીક નવું ઘર શોધવા માટે સઘન શોધ ચાલી રહી હોવાનું પાર્ટીએ જણાવ્યું હતું.

આ મહિનાની શરૂઆતમાં દિલ્હીના મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપનાર કેજરીવાલે કહ્યું કે તેઓ નવરાત્રિ દરમિયાન ફ્લેગસ્ટાફ રોડ પરનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરશે. હિન્દુ ધર્મનો આ પવિત્ર તહેવાર ઓક્ટોબરના પ્રથમ સપ્તાહથી શરૂ થાય છે. આમ આદમી પાર્ટી (આપ)એ એક નિવેદનમાં કહ્યું કે અરવિંદ કેજરીવાલ જલ્દી મુખ્ય પ્રધાનનું નિવાસસ્થાન ખાલી કરશે અને તેમના માટે નવા નિવાસસ્થાનની શોધ તેજ કરવામાં આવી છે. કેજરીવાલ તેમના વિધાનસભા ક્ષેત્ર નવી દિલ્હીની નજીકનાં સ્થળોને પ્રાધાન્ય આપી રહ્યા છે કારણ કે તેઓ ત્યાંના લોકો સાથે જોડાયેલા રહેવા માગે છે.

પાર્ટીએ કહ્યું કે આપ ધારાસભ્યો, કાઉન્સિલરો, કાર્યકરો અને સામાન્ય લોકો તેમની સામાજિક, આર્થિક અને રાજકીય પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના તેમને આવાસ ઓફર કરી રહ્યા છે. કેજરીવાલ તેમની પત્ની, બાળકો અને વૃદ્ધ માતા-પિતા સહિત પરિવાર સાથે રહે છે. કેન્દ્ર સરકાર કેજરીવાલને રાષ્ટ્રીય પાર્ટીના અધ્યક્ષનું પદ સંભાળવા માટે સત્તાવાર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની પણ આપએ માગ કરી છે.

# નેપાળમાં પૂર અને ભૂસ્ખલનમાં ૫૯નાં મોત

કાઠમંડુ: નેપાળમાં સતત પડી રહેલા વરસાદને કારણે સર્જાયેલા પૂર અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછાં ૫૯ લોકોનાં મોત થયાં છે. આ જાણકારી શનિવારે અધિકારીઓએ આપી હતી.

નેપાળના કેટલાક ભાગોમાં શુક્રવારથી વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ડિઝાસ્ટર અધિકારીઓએ અચાનક પૂરની ચેતવણી આપી છે. નેપાળ પોલીસના નાયબ પ્રવક્તા બિશ્વો અધિકારીના જણાવ્યા અનુસાર હિમાલયન દેશમાં સતત વરસાદને કારણે મોતને ભેટેલા લોકોમાંથી ૩૭ કાઠમંડુ ખીણમાં મૃત્યુ પામ્યાં છે. પૂરમાં ૩૪ લોકો ઘાયલ પણ થયા છે અને કુલ ૪૦ લોકો ગુમ છે. જ્યારે ૧૦૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ દેશભરમાં ૪૪ સ્થાનો પર મુખ્ય રાજમાર્ગો બંધ છે. પૂરના કારણે મુખ્ય ટ્રાન્સમિશન લાઇન ખોરવાઇ જવાના લીધે કાઠમંડુમાં દિવસભર વીજ પુરવઠો ખોરવાયો હતો, પરંતુ સાંજે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે કાઠમંડુમાં ૨૨૬ ઘરો ડૂબી ગયાં છે અને નેપાળ પોલીસ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં લગભગ ૩૦૦૦ સુરક્ષા કર્મચારીઓની બચાવ ટીમ તૈનાત કરવામાં આવી છે.

# સોનીપતમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટમાં ત્રણનાં મોત, ૯ ઘાયલ

ચંડીગઢ: હરિયાણાના સોનીપત જિલ્લાના એક ગામમાં શનિવારે એક ગેરકાયદે ફટાકડાની ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં બે મહિલાઓ અને એક બાળકનાં મોત થયાં હતાં. જ્યારે નવ લોકો ઘાયલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર જ્યારે આ દુર્ઘટના રિધાઉ ગામમાં આવેલી ફેક્ટરીમાં બની ત્યારે ત્યાં કામદારો અને તેના પરિવારના કેટલાક સભ્યો હાજર હતા. સોનીપતના એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે વિસ્ફોટના લીધે લાગેલી આગનાં કારણોની તપાસ ચાલી રહી છે.

અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટનામાં ત્રણ લોકોનાં મોત થયાં છે, જેમાં બે મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે. નવ ઘાયલોને રોહતકની પીજીઆઇએમએસ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ગેરકાયદે યુનિટમાં ફટાકડા બનાવવામાં વપરાતાં રસાયણોમાં આગ લાગી હતી, જેના કારણે વિસ્ફોટ થયો હોવાનું જણાય છે.

# પાકિસ્તાનમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં છનાં મોત

પેશાવર : અફઘાન સરહદ નજીક પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં શનિવારે ટેક્નિકલ ખામીને કારણે થયેલી હેલિકોપ્ટર દુર્ઘટનામાં છ લોકોનાં મોત થયાં હતાં.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ દુર્ઘટના પ્રાંતના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં થઈ હતી. હેલિકોપ્ટરમાં ૧૪ લોકો સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓઇલ ફિલ્ડ કંપનીનું ચાર્ટર્ડ હેલિકોપ્ટર ટેક્નિકલ ખામીને કારણે ટેકઓફ કર્યા પછી તરત જ તૂટી પડ્યું હતું જેમાં ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા અને આઠ ઘાયલ થયા હતા.

તેઓએ જણાવ્યું હતું કે હેલિકોપ્ટર મારી પેટ્રોલિયમ કંપનીનું હતું. ઘાયલ થયેલા ૮માંથી ત્રણ રશિયાના વિદેશી પાઈલટ છે જેમને કમ્બાઈન્ડ મિલિટરી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આતંકવાદની કોઈપણ શક્યતાને નકારી કાઢવામાં આવી છે.

દરમિયાન, દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે

ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ગવર્નર ફૈઝલ કરીમ કુંડીએ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને હેલિકોપ્ટર દુર્ઘટના અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી રિપોર્ટ માગ્યો હતો.

# રશીદે રવિ હોવાનો ઢોંગ કરીને હિન્દુ યુવતી સાથે લગ્ન કર્યા

લખનઊ: યુપીના રામપુરમાં લવ જેહાદનો એક મામલો સામે આવ્યો છે. રામપુરમાં એક યુવતીએ આરોપ લગાવ્યો છે કે રશીદ નામના મુસ્લિમ યુવકે તેનો ધર્મ છુપાવીને તેની સાથે લગ્ન કર્યા અને પછી ૧૫-૧૬ લાખ રૂપિયા લઈને ભાગી ગયો. હાલ તો પોલીસે આ મામલાની નોંધ લઈ તપાસ શરૂ કરી છે. હિન્દુ સંગઠનોએ આ અંગે વિરોધ વ્યક્ત કર્યો છે. આ મામલો સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

બેંગ્લોરમાં રહેતી એક હિન્દુ યુવતી જેનું નામ વર્ષા વિશ્વકર્મા છે અને કિચ્ચા ઉત્તરાખંડમાં રહેતો એક મુસ્લિમ યુવક જેનું નામ રશીદ છે. તેણે પોતાનો ધર્મ છુપાવ્યો અને રવિ બની ગયો અને વર્ષા સાથે લગ્ન કર્યા હતા. વર્ષાના કહેવા પ્રમાણે, રશીદે પોતાને રવિ (હિંદુ) જણાવી તેની સાથે લગ્ન કર્યા હતા. થોડા સમય પછી જ્યારે તેના પતિનું સત્ય સામે આવ્યું તો તેના હોશ ઊડી ગયા. જો કે, તેણે તો પણ આ વાત સ્વીકારી લીધી. બંનેએ સાથે મળીને સલૂનનો બિઝનેસ શરૂ કર્યો હતો, પરંતુ દરમિયાન વર્ષાનો પતિ રશીદ ૧૫ થી ૧૬ લાખ રૂપિયા લઈને ભાગી ગયો હતો.

હવે પાંચ મહિનાની ગર્ભવતી વર્ષાએ રામપુર પોલીસમાં ફરિયાદ દાખલ કરી છે અને આરોપી સામે કાર્યવાહીની માગ કરી છે. પહેલા તો પોલીસે આ મામલાને હળવાશથી લીધો હતો, પરંતુ જ્યારે કેટલાક હિંદુ સંગઠનોએ દબાણ કર્યું તો પોલીસ એક્શનમાં આવી હતી, વર્ષાએ સિટી મેજિસ્ટ્રેટને એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું , જેમાં રશીદે છેતરપિંડીથી લગ્ન કર્યાનો આરોપ લગાવ્યો હતો.

વર્ષાએ પોલીસને જણાવ્યું હતું કે તે બે વર્ષ પહેલા યુપી અને ઉત્તરાખંડની મુલાકાતે આવી હતી. અહીં તેને કલવો પહેરેલો એક યુવક મળ્યો હતો, જેણે તેનું નામ રવિ જણાવ્યું અને તેની સાથે સહાનુભૂતિપૂર્વક વર્તન કર્યું. જ્યારે તે પાછી ફરતી હતી ત્યારે રવિએ તેનો નંબર લીધો હતો.

# જમ્મુ-કાશ્મીરના લોકો ભ્રષ્ટાચાર, આતંકવાદ અને અલગતાવાદ મુક્ત સરકારની રાહ જોઈ રહ્યા છે: વડા પ્રધાન નરેન્દ્ર મોદી

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના લોકો શાંતિ અને તેમનાં બાળકો માટે વધુ સારા ભવિષ્ય માટે 'ભ્રષ્ટાચાર, આતંકવાદ અને અલગતાવાદ' મુક્ત સરકારની રાહ જોઈ રહ્યા છે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું અને કૉંગ્રેસ, એનસી (નેશનલ કૉન્ફરન્સ) અને પીડીપી (પિપલ્સ ડેમોક્રેટિક પાર્ટી)ને બંધારણના સૌથી મોટા દુશ્મનો ગણાવ્યા હતા.

વિધાનસભાની ચૂંટણીના છેલ્લા તબક્કાના મતદાન પહેલાં અહીંના એમ.એ.એમ. સ્ટેડિયમ ખાતે એક મતદાન રેલીને સંબોધતાં તેમણે ૨૦૧૬ની સરહદ પારની સર્જિકલ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, આતંકવાદીઓ જાણે છે કે જો તેઓ કંઈ ખોટું કરશે તો મોદી તેમને પાતાળમાંથી પણ શોધી કાઢશે.

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીનો ત્રીજો અને અંતિમ તબક્કો પહેલી ઓક્ટોબરે યોજાશે. આ તબક્કામાં જમ્મુ ક્ષેત્રની ૨૪ અને કાશ્મીરની ૧૬ મળીને ૪૦ બેઠકો પર મતદાન થશે.

મોદીએ રેલીમાં એવો દાવો કર્યો હતો કે ભાજપ માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરના લોકો ત્રણ પરિવારો - કૉંગ્રેસ, એનસી અને પીડીપીના શાસનના અંતની તરફેણમાં છે અને તેઓને પાછા સત્તા સોંપવા માગતા નથી.

તેઓ ભ્રષ્ટાચાર, નોકરીઓમાં ભેદભાવ, આતંકવાદ, અલગતાવાદ અને રક્તપાત ઇચ્છતા નથી. તેના બદલે તેઓ તેમનાં બાળકો માટે શાંતિ અને વધુ સારું ભવિષ્ય ઇચ્છે છે, એમ વડા પ્રધાને તેમના લગભગ ૪૫ મિનિટ લાંબા ભાષણમાં કહ્યું હતું.

મોદીએ એમ પણ કહ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરમાં લોકો ઈચ્છે છે કે ભાજપ સરકાર બનાવે અને પ્રથમ બે તબક્કામાં ભારે મતદાન લોકોના મૂડને દર્શાવે છે.

અગાઉની સરકારોએ જમ્મુ ક્ષેત્ર સાથે ભેદભાવ કર્યો હોવાનો આક્ષેપ કરતાં વડા પ્રધાને રેલીમાં કહ્યું હતું કે, આ મંદિરોનું શહેર છે. આ તકને વેડફશો નહીં, ભાજપની સરકાર બનશે અને તે તમારા તમામ મુદ્દાઓને ઉકેલશે.

આ ચૂંટણી એક નવો અધ્યાય લખવા જઈ રહી છે. અગાઉ કૉંગ્રેસ, એનસી, પીડીપી નેતાઓ અને તેમના પરિવારોને તેમની સરકારોથી ફાયદો થયો હતો જ્યારે તમે વિનાશનો સામનો કર્યો હતો, એમ મોદીએ રેલીમાં કહ્યું હતું.

આજે ૨૮ સપ્ટેમ્બર છે અને તમે જાણો છો કે આ દિવસે (૨૦૧૬માં) સર્જિકલ સ્ટ્રાઈક થઈ હતી. ભારતે વિશ્વને સંદેશ આપ્યો હતો કે આ એક નવું ભારત છે, અને તે ઘરની અંદર ઘૂસીને પણ પ્રહાર કરે છે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસ પર 'શહેરી નક્સલીઓ'ના પ્રભાવ હેઠળ હોવાનો આરોપ લગાવતા વડા પ્રધાને કહ્યું હતું કે, 'જ્યારે ઘૂસણખોરો બહારથી આવે છે, ત્યારે તેઓને સારું લાગે છે કારણ કે તેઓ તેમને વોટ બેંક તરીકે જુએ છે, પરંતુ આપણા જ લોકોની સમસ્યાઓ માટે તેઓ મજાક ઉડાવે છે.'

મોદીએ તેમના ભાષણની શરૂઆત મહારાજા હરિ સિંહ અને સ્વાતંત્ર્ય સેનાની ભગત સિંહ સહિત મહાન ડોગરા હસ્તીઓને તેમની જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ આપીને કરી હતી.

વડા પ્રધાનની જમ્મુ-કાશ્મીરની આ ત્રીજી મુલાકાત હતી અને પખવાડિયામાં ચોથી ચૂંટણી રેલી હતી. (પીટીઆઈ)

# દિલ્હીમાં એક ઘરમાંથી પાંચ મૃતદેહ મળતાં ચકચાર

નવી દિલ્હી: દિલ્હીમાંથી એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. રંગપુરી વિસ્તારમાંથી, એક પરિવારના પાંચ સભ્યોના મૃતદેહ મળી આવતા ચકચાર જાગી છે. ઘરમાંથી પિતા અને ચાર પુત્રીના મૃતદેહ મળી આવ્યા હતા એમ માનવામાં આવે છે કે પિતાએ તેની ચાર પુત્રીઓ સાથે ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કરી છે. મળતી માહિતી મુજબ ચારેય દીકરીઓ વિકલાંગ હતી, જેના કારણે તેઓ ચાલી શકતી નહોતી. પરિવારમાં પિતા આ ચાર પુત્રીઓ સાથે રહેતા હતા. પહેલા દીકરીઓને સલ્ફા ખવડાવ્યા બાદ પિતાએ સલ્ફાની ગોળીઓ ખાઈને આત્મહત્યા કરી હોવાની પોલીસને આશંકા છે. પિતાની ઓળખ હિરાલાલ તરીકે થઇ છે.

હિરાલાલ તેમના પરિવાર સાથે રંગપુરી ગામમાં ભાડાના મકાનમાં રહેતા હતા. તેમની પત્નીનું એક વર્ષ પહેલા કેન્સરથી મૃત્યુ થયું હતું. પરિવારમાં ૧૮ વર્ષની દીકરી નીતુ, ૧૫ વર્ષની નિશી, ૧૦ વર્ષની નીરુ અને આઠ વર્ષની દીકરી નિધિનો સમાવેશ થાય છે. ચારેય દીકરીઓ વિકલાંગતાને કારણે ચાલી શકતી ન હતી. આ બધું સંભાળવાની જવાબદારી હિરાલાલ પર હતી. હિરાલાલ વસંત કુંજ ખાતે આવેલી સ્પાઇનલ ઇન્જરી હોસ્પિટલમાં સુથાર તરીકે કામ કરતા હતા.

તમામ દીકરીઓના મૃતદેહ પહેલા રૂમમાં ડબલ બેડ પર પડ્યા હતા અને પિતાની લાશ બીજા રૂમમાંથી મળી આવી હતી. પાંચેયના મોઢામાંથી સફેદ ફીણ નીકળી રહ્યું હતું. આ ઉપરાંત તમામ દીકરીઓના પેટ અને ગળા પર લાલ દોરો બાંધવામાં આવ્યો હતો.

પોલીસને શુક્રવારે આ ઘટનાની માહિતી મળી હતી. હિરાલાલના ફ્લેટમાંથી દુર્ગંધ આવવા લાગતા પડોશીઓએ પોલીસને જાણ કરી હતી. લોકોએ પોલીસને જણાવ્યું હતું કે હિરાલાલનો પરિવાર ઘણા દિવસોથી જોવા મળ્યો નથી. ત્યાર બાદ પોલીસે મકાનમાલિક અને અન્ય લોકો સાથે મળીને દરવાજો તોડી નાખ્યો હતો.

પોલીસને એવા પુરાવા મળ્યા છે કે પરિવારે સલ્ફાનું સેવન કરીને આત્મહત્યા કરી છે, કારણ કે ઘરમાં સલ્ફાની કોથળીઓ મળી આવી છે. પોલીસે આ ઘટના અંગે દિલ્હીમાં રહેતા હિરાલાલના મોટા ભાઈ જોગીન્દરને જાણ કરી હતી. જોકે, હજુ સુધી પોલીસને સુસાઈડ નોટ તો મળી નથી પરંતુ મોતનું કારણ પુત્રીઓની વિકલાંગતા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# ભારત નેપાળમાં ૧૨ પ્રોજેક્ટ માટે ₹ ૪૭૪ મિલ્યન આપશે

કાઠમંડુ : ભારતે નેપાળમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પીવાનું પાણી અને સંસ્કૃતિ ક્ષેત્રોમાં ૧૨ ઉચ્ચ પ્રભાવિત સમુદાય વિકાસ પ્રોજેક્ટ્સ (એચઆઇસીડીપી) બનાવવા માટે ૪૭૪ મિલિયન નેપાળી રૂપિયા આપવાનુ વચન આપ્યું છે.

આ પ્રોજેક્ટ્સનું નિર્માણ સ્થાનિક સમુદાયને વધુ સારી શૈક્ષણિક, આરોગ્ય સંભાળ, પીવાનું પાણી, કૃષિ ઉત્પાદનોનો સંગ્રહ અને સાંસ્કૃતિક સુવિધાઓ પ્રદાન કરવામાં મદદ કરશે.

અહીંના ભારતીય દૂતાવાસ અને નેપાળ સરકારના ફેડરલ અફેર્સ અને સામાન્ય વહીવટ મંત્રાલયે શુક્રવારે પ્રોજેક્ટ્સ માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

અહીંના ભારતીય દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવેલી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકાર તરફથી મળનારી આ સહાયથી જે ૧૨ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે, તેમાં શાળાની ઇમારતોનું નિર્માણ અને બહુહેતુક ઇમારતનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ્સમાં સોલુખુમ્બુમાં બાસેપુ-હુલુ પાણી પુરવઠા પ્રોજેક્ટ, બાજુરામાં ખાદ્યાન્ન સંગ્રહ અને વિતરણ કેન્દ્ર માટે કૃષિ પ્રમોશન સેન્ટર, ધાડિંગમાં આરોગ્ય પછીના જન્મ કેન્દ્ર, ડાંગમાં આંખની હૉસ્પિટલ અને રાપ્તીના ઓપરેશન થિયેટર બિલ્ડિંગનો પણ સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ્સ નેપાળ સરકારના સ્થાનિક અધિકારીઓ દ્વારા અમલમાં મૂકવામાં આવશે. ૨૦૦૩થી, ભારતે નેપાળમાં ૫૬૩થી વધુ એચઆઇસીડીપી હાથ ધર્યા છે.

# કેન્દ્રીય પ્રધાન નિર્મલા સીતારમણ વિરુદ્ધ કોર્ટે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો

બેંગલુરુ : બેંગલુરુની એક કોર્ટે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ વિરુદ્ધ જબરજસ્તી નાણા વસૂલીના આરોપમાં એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે. બેંગલુરુમાં જનપ્રતિનિધિઓની વિશેષ અદાલતે આ એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે. આ આદેશ ઇલેક્શન બોન્ડ દ્વારા છેતરપિંડીના આરોપોના સંબંધમાં આવ્યો છે. જનાધિકાર સંઘર્ષ સંગઠનના આદર્શ અય્યરે નિર્મલા સીતારમણ અને અન્યો વિરુદ્ધ વ્યક્તિગત ફરિયાદ નોંધાવી હતી. પીસીઆરમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ઇલેક્શન બોન્ડ દ્વારા ગેરકાયદે વસૂલી કરવામાં આવી હતી. તેની બાદ બેંગલુરુમાં જનપ્રતિનિધિઓની વિશેષ અદાલતે નિર્મલા સીતારમણ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો. આ આદેશ ૪૨મી એસીએમએમ કોર્ટે ઇસ્યુ કર્યો છે. તિલક નગર પોલીસ હવે નિર્મલા સીતારમણ અને અન્યો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરશે.

નોંધનીય છે કે કેન્દ્રએ ૨૦૧૮ માં ઇલેક્શન બોન્ડ યોજના શરૂ કરી હતી અને તેનો ઉદ્દેશ્ય રાજકીય પક્ષોને આપવામાં આવતા ડોનેશનને બદલવાનો હતો. જેથી રાજકીય ભંડોળમાં પારદર્શિતામાં સુધારો થાય. ઇલેક્શન બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને ફંડ આપવામાં આવતું હતું, પરંતુ તેનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો. જો કે બાદમાં વિપક્ષના આક્ષેપો અને અરજીઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે તેને રદ કરી દીધી હતી.

# બિહારમાં વાલ્મીકિનગર અને બીરપુર બંધમાંથી પાણી છોડ્યા બાદ પૂરની ચેતવણી

પટના: બિહારમાં શનિવારે વાલ્મીકિનગર અને બીરપુર બંધમાંથી પાણી છોડ્યા બાદ રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગોમાં કોસી, ગંડક અને ગંગા નદીઓ ઉફાણ પર આવતા પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે. એક વરિષ્ઠ અધિકારીએ આ જાણકારી આપી હતી.

રાજ્ય જળ સંસાધન વિભાગના મુખ્ય સચિવ સંતોષ કુમાર મલ્લાના જણાવ્યા અનુસાર બપોર સુધી કોસી નદી પરના બીરપુર બંધમાંથી કુલ ૫.૭ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું, જે તાજેતરના દિવસોમાં સૌથી વધુ છે. તેમણે કહ્યું કે પાળાના રક્ષણ માટે તમામ સુરક્ષા ઉપાય સુનિશ્ચિત કરવામાં આવી રહ્યા છે. તે જ રીતે વાલ્મીકિનગર બંધમાંથી બપોર સુધીમાં ૪.૨૦ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર છેલ્લા બે-ત્રણ દિવસથી સતત વરસાદ બાદ રાજ્યભરની કેટલીક નદીઓનું જળસ્તર વધી રહ્યું છે. નેપાળના જળસ્રાવ વિસ્તારોમાં સતત વરસાદને કારણે સરહદી જિલ્લાઓમાં નદીઓ ઘણી જગ્યાએ ખતરાના નિશાનને સ્પર્શી રહી છે અથવા તેનાથી ઉપર વહી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ બે બંધમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડાયા બાદ વધારાનું નદીનું પાણી પશ્ચિમ ચંપારણના જોગાપટ્ટી, નૌતન, ગૌનાહા, બગાહા-૧, બગાહા-૨, રામનગર, મજોલિયા અને નરકટિયાગંજ બ્લોક અને પૂર્વ ચંપારણના કેટલાક વિસ્તારોના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી ગયું છે.

બિહારના કેટલાક જિલ્લાઓમાં પહેલેથી જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે કારણ કે આઇએમડીએ ભારે વરસાદની આગાહી કરી છે અને રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ પૂરના ખતરાની ચેતવણી આપી છે.

# મણિપુરમાં બંધને કારણે અનેક જિલ્લામાં જનજીવન પ્રભાવિત; જીરીબામમાં હિંસા

ઇમ્ફાલ: કુકી-ઝો જૂથો દ્વારા બોલાવવામાં આવેલા બંધને કારણે શનિવારે મણિપુરના ચુરાચંદપુર અને કાંગપોકપી જિલ્લામાં સામાન્ય જીવનને અસર થઈ હતી, જ્યારે જીરીબામના એક ગામમાં હિંસા નોંધાઈ હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રાજ્યમાં બહારથી આતંકવાદીઓ પ્રવેશતા હોવા અંગે સુરક્ષા સલાહકાર કુલદિપ સિંહના નિવેદનના વિરોધમાં કુકી-ઝો જૂથો દ્વારા બંધનું આહ્વાન કરવામાં આવ્યું હતું, જેમાં ઈન્ડીજીનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ અને કુકી સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનનો સમાવેશ થાય છે.

બે જિલ્લામાં બજારો અને અન્ય વ્યાપારી સંસ્થાઓ બંધ રહી હતી, જ્યારે વાહનો રસ્તાઓથી દૂર રહ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ અપ્રિય ઘટના નોંધાઈ નથી. શુક્રવારે બે જિલ્લામાં બંધ શરૂ થયો હતો અને રવિવાર સુધી ચાલુ રહેશે.

સિંહે ૨૦ સપ્ટેમ્બરે દાવો કર્યો હતો કે રાજ્યમાં ઘૂસેલા ''૯૦૦ આતંકવાદી'' ઇમ્ફાલ ખીણના જિલ્લાઓના ગામોમાં હિંસા કરી શકે છે તેવા અહેવાલોને પગલે સુરક્ષા દળોએ સંખ્યાબંધ પગલાં લીધા છે.

રાજ્ય સરકારે બુધવારે, જોકે, નિવેદન પાછું ખેંચ્યું હતું, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ''સશસ્ત્ર જૂથો દ્વારા આવા કોઈપણ દુઃસાહસની સંભાવના ન્યૂનતમ અને બિનસત્તાવાર છે.''

પોલીસે જણાવ્યું હતું કે દરમિયાન, જીરીબામ જિલ્લાના એક ગામમાંથી તાજી હિંસાના અહેવાલ મળ્યા હતા. નજીકની ટેકરીઓ અને આસપાસના ગાઢ જંગલોમાંથી મોંગબુંગ ગામમાં આડેધડ રીતે સશસ્ત્ર માણસોએ ગોળીબાર કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે હિંસા બાદ મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા હતા, તેઓએ ઉમેર્યું હતું કે કોઈ જાનહાનિ થઈ નથી.

# રશિયામાં સર્વિસ સ્ટેશન પર વિસ્ફોટ અને આગમાં ૧૩નાં મોત

મોસ્કો : રશિયાના દક્ષિણનાં પ્રદેશ દાગેસ્તાનમાં ગેસ સ્ટેશન પર થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા. અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે શુક્રવારે થયેલા વિસ્ફોટથી આગ લાગી હતી જે સર્વિસ સ્ટેશન અને તેના કાફેટેરિયામાં ફાટી નીકળી હતી.

રશિયાના કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે મૃતકોમાં બે બાળકનો સમાવેશ થાય છે. આગ બુઝાવી દેવામાં આવી હતી. આ દુર્ઘટના મોસ્કોથી લગભગ ૧૬૦૦ કિલોમીટર દક્ષિણમાં આવેલા મખાચકલા ખાતે ઘટી હતી.

પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું કે ફોજદારી તપાસ શરૂ કરવામાં આવી હતી અને દાગેસ્તાનમાં શનિવારને શોકનો દિવસ જાહેર કરવામાં આવ્યો હતો.



Deepak Somaiya



Deepak Somaiya




# ફકીરની જેમ લોકસભાની ચૂંટણી લડીઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)માં જ્યારથી ભાગલા પડ્યા છે ત્યારથી મહારાષ્ટ્રના રાજકારણમાં અનેક વળાંક જોવા મળી રહ્યા છે. ખાસ કરીને પવાર પરિવારનો ગઢ ગણાતા પુણે જિલ્લામાં રાજકારણે પવાર પરિવારમાં રાજકીય ભાગલા બાદ લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન પોતાનો માર્ગ બદલી નાખ્યો હતો. પુણેના બારામતીથી વર્તમાન સંસદ સભ્ય સુપ્રિયા સુળેનો તેમનાં ભાભી અને નાયબ મુખ્ય પ્રધાન અને બારામતીના વિધાનસભ્ય પિતરાઈ ભાઈ અજિત પવારનાં પત્ની સુનેત્રા પવાર સાથે મુકાબલો રસાકસીપૂર્ણ રહ્યો હતો.

હવે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા બારામતીની બેઠક રાજ્યમાં બહુચર્ચિત છે. શુક્રવારે એનસીપી (શરદ પવાર જૂથ) નેતા અને સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ કહ્યું હતું કે તેઓ બારામતી બેઠક પરથી લોકસભાની ચૂંટણી 'ફકીરની જેમ' લડ્યાં હતાં અને વિજય અંગે તેમને '૧૦૦ ટકા' ખાતરી નહોતી એમ એક અહેવાલમાં જણાવાયું છે.સુપ્રિયા સુળેને રાજકીય તેમજ પારિવારિક લડત લડવી પડી હતી. સુનેત્રા પવારને ભાજપના નેતૃત્વવાળી મહાયુતિના રાષ્ટ્રીય નેતાઓએ ટેકો આપ્યો હતો તેમજ સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ પવાર માટે પ્રચાર કર્યો હતો. ■

સૉલ ઑફ ટૂર

# ટર્કીની સુહાની સફર

## ચાલો કરીએ ઈસ્તનબુલ, પામુક્કલે અને બોડ્રમને એક્સ્પ્લોર


ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

છેલ્લાં કેટલાંક વર્ષોમાં કુદરતી સુંદરતા માણવા માગતા પ્રવાસીઓ માટે ટર્કી એ મસ્ટ વિઝિટ-ડેસ્ટિનેશન બની ચૂક્યું છે. અંતાલ્યા અને અલાન્યાના સુંદર દરિયાકિનારાથી લઈને કેપ્પાડોકિયાના નયનરમ્ય હૉટ ઍર-બલૂનના નજારા સુધી ટર્કીમાં વિતાવેલી દરેક ક્ષણ આજીવન યાદો આપે છે. જેમની ટર્કીની ટૂર્સ ખૂબ વખણાય છે એવા ઑરોરા ટૂર્સના ધવલ જાંગલા પાસેથી વધુ જાણીએ આ રહસ્યમય દેશ વિશે.

**પ્રશ્નઃ ધવલભાઈ, ઈસ્તનબુલ પ્રત્યેની તમારી ફર્સ્ટ ઈમ્પ્રેશન શું હતી અને તમને શહેરની પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિનું સંયોજન કેવી રીતે મળ્યું?**

**ધવલભાઈઃ** ઈસ્તનબુલમાં પગ મૂકવો એ જીવંત ઇતિહાસના પુસ્તકમાં ચાલવા જેવી ફીલિંગ છે. શહેરની પ્રાચીન રચનાઓ અને આધુનિક જીવનનું આવું સુંદર સંયોજન મેં આ પહેલાં નથી અનુભવ્યું. હાગિયા સોફિયા જોઈને તો હું એક ક્ષણ માટે આશ્ચર્ય પામી ગયો હતો. અહીંના વિશાળ ગુંબજ ઇતિહાસની યાદ અપાવે છે. હું ઇસ્તિકલાલ સ્ટ્રીટ નીચે લટાર મારતો હતો ત્યારે ત્યાંની જે ટ્રેન્ડી દુકાનો, આધુનિક કૅફે અને સ્ટ્રીટ-પર્ફોર્મર્સથી ભરેલો વાઈબ્રન્ટ વિસ્તાર જોઈને અવાક્ બની ગયો હતો.





**પ્રશ્નઃ શું તમે ઈસ્તનબુલમાં કોઈ વિશિષ્ટ લૅન્ડમાર્ક્સની મુલાકાત લીધી હતી જે તમારા માટે જુદો એક્સ્પીરિયન્સ હતો?**

**ધવલભાઈઃ** ડેફિનેટલી, બ્લુ મસ્જિદ એના અદ્ભુત આર્કિટેક્ચર અને શાંતિપૂર્ણ વાતાવરણને લીધે એક અદ્ભુત આકૃતિ બનાવે છે. લોકોને આવા નોંધપાત્ર ધાર્મિક સ્થળમાં પ્રવેશતાં જોવું અને અનુભવવું એ રસપ્રદ હતું. મેં ગ્રૅન્ડ બજારમાં પણ સમય વિતાવ્યો. રંગબેરંગી કાપડ, ઘરેણાં, મસાલા અને સુવેનિયર ખરીદવાનો આ માર્ગ છે. અહીં બોસ્ફોરસ છે, યુરોપ અને એશિયાને અલગ કરતા આ જળમાર્ગ પર બોટની સવારી કરવાથી મને ઈસ્તનબુલના અનોખા ભૌગોલિક ઇતિહાસનો સાચો ખ્યાલ આવ્યો.

**પ્રશ્નઃ ઈસ્તનબુલના ખળભળાટભર્યા શહેરી જીવનનો અનુભવ કર્યા પછી પામુક્કલે કેવું હતું?**

**ધવલભાઈઃ** પામુક્કલે અને ઈસ્તનબુલ વચ્ચે એક શ્રેષ્ઠ કહી શકાય એવો વિરોધાભાસ છે. ઈસ્તનબુલ એ ઇતિહાસ અને શહેરી-ઊર્જા ધરાવે છે, જ્યારે પામુક્કલે એક કુદરતી અજાયબી છે. પ્રથમ વખત સફેદ ટ્રાવર્ટાઈન ટેરેસ જોવું એ અવાસ્તવિક ફીલિંગ છે. અહીંનો લૅન્ડસ્કેપ એક અલાયદી દુનિયામાં આવી ગયાની અનુભૂતિ આપે છે. શુદ્ધ સફેદ પથ્થરોની રચનાઓ અને બ્લુ લગૂન જેવા થર્મલ પૂલનો વિરોધાભાસ અદ્ભુત હતો. ટેરેસ પર ઉઘાડે પગે ચાલવું અને ગરમ, ખનીજ-સમૃદ્ધ પાણીમાં પલળવું એક લક્ઝુરિયસ અનુભવ હતો.

**પ્રશ્નઃ જ્યારે તમે પામુક્કલેમાં હતા ત્યારે શું તમે હિરાપોલિસના પ્રાચીન અવશેષોની શોધખોળ કરી હતી?**

**ધવલભાઈઃ** હા, હિરાપોલિસ તો આ આખી સફરની ખાસિયત હતી. ટ્રાવર્ટાઈન્સની સુંદરતાનો અનુભવ કર્યા પછી મેં મારી યાત્રા આ પ્રાચીન શહેર તરફ લંબાવી. ભલે ખંઢેર હોય, પણ એ આકર્ષક છે અને અહીંના આસપાસના લૅન્ડસ્કેપનાં સુંદર દૃશ્યો પણ આપે છે. થિયેટર ખાસ કરીને ખૂબ પ્રભાવશાળી હતું એ અવિશ્વસનીય રીતે સારી રીતે પ્રિઝર્વ કરવામાં આવ્યું છે અને ત્યાં બેસીને ત્યાંની આધુનિક દુનિયાથી આટલું વિપરીત હતું જેનાથી પામુક્કલે એક એવી જગ્યા જેવું લાગે છે જ્યાં ઇતિહાસ અને પ્રકૃતિ સંપૂર્ણ રીતે મળે છે અને એની સાચવણી કરવામાં આવે છે.

**પ્રશ્નઃ તમે બોડ્રમનું વર્ણન કેવી રીતે કરશો, ખાસ કરીને ઈસ્તનબુલ અને પામુક્કલે જેવાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધા પછી?**

**ધવલભાઈઃ** બોડ્રમે ગતિશીલ જીવનમાં એક તાજગીભર્યા ફેરફાર આપ્યો. મારી સફરના ઐતિહાસિક અને પ્રાકૃતિક ભાગોનો અનુભવ લીધા પછી અમે બોડ્રમ પહોંચ્યા અને જાણે ભૂમધ્ય સ્વર્ગમાં પગ મૂક્યો હોય એવું લાગ્યું. અહીંના દરિયાકિનારા સુંદર છે, પાણી-સ્ફટિક સ્પષ્ટ છે અને વાઈબ વધુ શાંત છે. જોકે બોડ્રમ માત્ર એક બીચ-સિટી નથી, અહીંનો ઈતિહાસ પણ ખૂબ સમૃદ્ધ છે. મેં હેલિકાર્નાસસ ખાતેના મૌસોલિયમના અવશેષોની મુલાકાત લીધી જે પ્રાચીન વિશ્વની સાત અજાયબીઓમાંની એક હતી અને બોડ્રમ-કૅસલ જે શહેરને એના ભૂતકાળની વાસ્તવિક સમજ આપે છે.

**પ્રશ્નઃ અન્ય બીચ-સ્થળોની સરખામણીમાં બોડ્રમને શું અજોડ બનાવે છે?**

**ધવલભાઈઃ** બોડ્રમમાં લક્ઝરી અને સાંસ્કૃતિક ઊંડાણનું અદ્ભુત મિશ્રણ છે. અહીં તમે પ્રાચીન અવશેષોની શોધખોળ કરવા અથવા પરંપરાગત ગુલેટમાં દરિયાકિનારે નૌકાવિહાર કરવામાં અને તમારી બપોર સ્ટાઇલિશ બીચ-કલબમાં આરામ કરવામાં અથવા સ્થાનિક બજારોમાં ભટકવામાં વિતાવી શકો છો. વાઈબ્રન્ટ નાઈટલાઈફનાં દૃશ્યો સાથે આ શહેર રાતે લાઈવ બની જાય છે, પરંતુ અહીં અધિકૃતતાની ભાવના પણ છે.

**પ્રશ્નઃ આ ત્રણ સ્થળોની મુલાકાત લીધા પછી તમે ટર્કીમાં તમારા અનુભવોના સરવાળા વિશે શું કહેશો?**

**ધવલભાઈઃ** ટર્કી એક વૈવિધ્યસભર દેશ છે, જે રીતે એ દરેક પ્રકારના પ્રવાસીઓ માટે કંઈક ઓફર કરે છે એ આ દેશને ખરેખર ખાસ બનાવે છે. ઈસ્તનબુલે એના સમૃદ્ધ ઇતિહાસ અને ઊર્જાસભર શહેરી જીવનથી મન મોહિત કરી દીધું, પામુક્કલેએ મને કુદરતની સુંદરતાની ધાકમાં મૂકી દીધો અને બોડ્રમે મને દરિયાકાંઠા પર સ્વર્ગ જેવી અનુભૂતિ આપી અને આરામ કરવાની તક આપી. તમે પ્રાચીન ઇતિહાસ, આકર્ષક લૅન્ડસ્કેપ્સ કે પછી લક્ઝરી ગેટ-વે શોધી રહ્યા હો તો ટર્કી દરેકની ઝંખનાઓને સંતોષે છે.

Aurora Travel Tours Pvt Ltd :- 22, Paradise Compound, Bhulabhai Desai Road, Nr. Mahalaxmi Chamber, Breach Candy, Mumbai - 400026
Contact Nos.:- +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# અક્ષય શિંદે એન્કાઉન્ટર કેસમાં કોર્ટની ટિપ્પણીનો કોઈ અર્થ નથીઃ ફડણવીસ

મુંબઈઃ બદલાપુર યૌન ઉત્પીડન કેસમાં આરોપી અક્ષય શિંદેના પોલીસ એન્કાઉન્ટરમાં મોત બાબતે હાઈ કોર્ટે કરેલી કેટલીક ટિપ્પણી અંગે પૂછવામાં આવતાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે કોર્ટમાં કરવામાં આવેલી ટિપ્પણીનો કોઈ અર્થ નથી. બુલડોઝર કાર્યવાહી ઉત્તર પ્રદેશથી પ્રેરિત ન હોવાની પણ સ્પષ્ટતા તેમણે કરી હતી.

રાજ્યના ગૃહ ખાતાનો પદભાર સંભાળતા ફડણવીસે કહ્યું હતું કે અક્ષય શિંદેના કેસમાં પોલીસની કાર્યવાહી યોગ્ય હતી. તેણે પહેલા પોલીસ પર ગોળી ચલાવી હતી. આવા કિસ્સામાં પોલીસકર્મી તેની સામે હાથ જોડીને તેને શાંતિની અપીલ કરી શકતો નથી. તેણે ગોળીબાર કરતાં પોલીસે પણ સ્વ-બચાવમાં ગોળીબાર કરવો પડ્યો હતો. પોલીસે કંઈ ખોટું કર્યું નથી. આ ઘટનાને નકલી એન્કાઉન્ટર કહેવું ખોટું છે.

અક્ષય શિંદેનાં માતા-પિતાએ આ એન્કાઉન્ટર વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી છે. આ અંગે બોલતા તેમણે કહ્યું કે, હજુ સુધી હાઈકોર્ટ સમક્ષ સ્થિતિ આવી નથી. કોર્ટે કેટલાંક અવલોકનો કર્યા છે. કોર્ટમાં શું કહેવામાં આવે છે તે મહત્ત્વનું નથી. કોર્ટમાં શું લખવામાં આવે છે તેનું મહત્ત્વ છે. કોર્ટે તેના લેખિત આદેશમાં આવી કોઈ ટિપ્પણી કરી નથી. તેથી એન્કાઉન્ટર પર સવાલ ઉઠાવવો યોગ્ય નથી, એમ ફડણવીસે જણાવ્યું હતું.શું બુલડોઝર એક્શન અને એન્કાઉન્ટર ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા પ્રેરિત હતા? એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાંથી પ્રેરણા લેવા જેવી બીજી ઘણી બાબતો છે. ચાલો આપણે એ હકીકત પરથી પ્રેરણા લઈએ કે તેઓએ રામ મંદિરનું નિર્માણ કર્યું. અમારે એન્કાઉન્ટરથી પ્રેરિત થવાની જરૂર નથી. એક સમયે માત્ર મહારાષ્ટ્ર જ વિકાસમાં સૌથી આગળ હતું. ■

# મલબાર હિલના ગુજરાતી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી માટે પકડાયો સુરતનો ગુજરાતી

મુંબઈઃ તમારા બેન્ક એકાઉન્ટમાંથી પચીસ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાથી તમારી સામે કેસ દાખલ કરાયો હોવાનું જણાવી મલબાર હિલના ગુજરાતી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે પોલીસે સુરતથી ૩૫ વર્ષના શખસની ધરપકડ કરી હતી. મલબાર હિલ પોલીસે ધરપકડ કરેલા શખસની ઓળખ દીપેશકુમાર વિઠ્ઠલભાઇ કુંભાણી (૩૫) તરીકે થઇ તે સુરતના કતારગામનો રહેવાસી છે. છેતરપિંડીથી મેળવાયેલા પાંચ લાખ રૂપિયામાંથી બે લાખ કુંભાણીના એકાઉન્ટમાં જમા થયા હતા, જે બાદમાં ચેકથી કાઢી લેવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. મલબાર હિલ વિસ્તારમાં રહેતા અને શેરબજારનું ટ્રેડિંગ કરતા ફરિયાદી નીરવ શાહ (૪૯)ને ૨૦ જુલાઇએ અજાણ્યા શખસે કૉલ કર્યો હતો. હું મુંબઈ હાઇ કોર્ટથી બોલી રહ્યો છું. તમારા આધાર કાર્ડનો દુરુપયોગ થયો હોવાથી તમારી વિરુદ્ધ અંધેરી પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ છે, એવું જણાવી શખસે કેસ નંબર પણ આપ્યો હતો. બાદમાં ખાનગી બેન્કની અંધેરી ઇસ્ટ શાખામાં તમારા નામે એકાઉન્ટમાંથી પચીસ લાખ રૂપિયા ટ્રાન્સફર થયા હોવાથી કેસ દાખલ કરાયો હોવાનું કહીને ધરપકડની વાત કરી હતી. બાદમાં નીરવને પાંચ લાખ રૂપિયા આરટીજીએસ દ્વારા જમા કરાવવાની ફરજ પાડી હતી. જોકે તે પછી આરોપી નોટ-રિચેબલ થઇ જતા નીરવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

## દુઃખદ નિધન



**અ.સૌ. પુષ્પાબેન શાહ**

મારકતીયા મહેતાના પાડાના,
શ્રી નિરંજન ચંપકલાલ શાહના ધર્મપત્ની
અ.સૌ. પુષ્પાબેન ઉ.વ. ૮૪
તે. સૌનલ, અષ્મા, શીતલ ના માતુશ્રી,
તે મિલન, અપુર્વા અને સુનીલના સાસુજી,
દિશા-સિધાર્થ, રિયા, માનવ
અને કેવલના નાની, પિયરપક્ષે
સ્વ. ચુનીલાલ કન્હયાલાલ જૈન ના સુપુત્રી
તા. ૨૭.૯.૨૦૨૪, શુક્રવારના
અરિંહતશરણ પામેલ છે.

લૌકીક વ્યવહાર બંધ છે.

# રમાબાઈ અને કામરાજ નગરના ઝૂંપડાંઓના પુનર્વિકાસ માટે ૮,૪૯૮ કરોડ રૂપિયા મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈથી ઘાટકોપર સુધી બનાવવામાં આવેલા ઈસ્ટર્ન ફ્રી-વેને થાણે સુધી લંબાવવાની રાજ્ય સરકારની યોજના છે, જે હેઠળ ઘાટકોપરમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર અડચણરૂપ રહેલી ઝૂંપડપટ્ટી- વસાહત બહુ જલદી દૂર થવાની છે. ઘાટકોપર (પૂર્વ)માં આવેલા માતા રમાબાઈ આંબેડકર નગર અને કામરાજ નગર ઝૂંપડપટ્ટીની પુનવર્સન યોજના માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ ૮,૪૯૮ કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર કર્યું છે. હવે બહુ જલદી હવે કામ ચાલુ થવાની શક્યતા છે.

તાજેતરમાં એમએમઆરડીએની બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં આ યોજના માટે ભંડોળ મંજૂર કરવામાં આવ્યું હતું. ઘાટકોપર (પૂર્વ)માં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર આવેલી રમાબાઈ કોલોની અને કામરાજ નગરમાં મોટા પ્રમાણમાં ઝૂંપડપટ્ટી વસાહત આવેલી છે. મહારાષ્ટ્ર સરકારે સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ), સ્થાનિક સરકારી એજેન્સી જેવી કે એમએમઆરડીએ, મ્હાડા, સિડકો વગેરેને સંયુક્ત રીતે આ પ્રોજેક્ટને અમલમાં મૂકવાનો અધિકાર આપ્યો હતો. ■

## PRARTHANA SABHA



**Late Smt. Bhanumati J. Bhuta**
( 14 May 1933 - 26 September 2024 )

DATE: Tuesday, 1st October 2024
TIME: 5.00 pm to 7.00 pm

VENUE: Vishwakarma Baugh
1st Floor Hall, Bajaj Road,
Vileparle (w), Mumbai

BHUTA FAMILY



# સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૮ મહિનામાં ₹૨૫૪ કરોડથી વધુની વીજચોરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ૧૮ મહિનામાં સરકારી વીજ વિતરણ કંપની પીજીવીસીએલ દ્વારા જુદા જુદા સ્થળોએ દરોડા પાડીને રૂ. ૨૫૪ કરોડથી વધુની વીજચોરી પકડી પાડવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટ શહેર અને ગ્રામ્ય મળી ૧૨ સર્કલમાં વીજચોરીના આંકડા જાહેર થયા છે, જેમાં છેલ્લા દોઢ વર્ષના ૨૫૪ કરોડથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે, જેમાં એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ સુધીમાં ૫,૦૭,૬૩૨ વીજમીટરની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૮૧,૯૯૯ વીજમીટરમાં ચોરી થતી હોવાનું સામે આવતા રૂ. ૨૫૩૮૨.૧૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે એપ્રિલ ૨૦૨૪થી ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૧,૧૩,૩૯૬ વીજમીટર ચેક કરવામાં આવ્યાં હતાં, જેમાંથી ૧૩,૬૩૬ વીજમીટરમાં ચોરી થતી હોવાનું સામે આવતાં રૂ. ૬૭૨૭.૪૬ લાખનો દંડ ફટકારી આકરી કાર્યવાહી કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર-કચ્છમાં પાવરલોસ ઘટાડવા માટે તાજેતરમાં કોર્પોરેટ કચેરી ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી, પીજીવીસીએલ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરી આગામી દિવસોમાં ચેકિંગ ટીમોને દરોડા અને વીજચોરીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરી હાઈલોસવાળા વિસ્તારો, ગામો, કોમર્શિયલ, ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારોની અલગ યાદી તૈયાર કરવામાં આવી છે. વીજ કંપની દ્વારા કયા ફીડરમાં કેટલો લોસ અને લોડ છે તેવા ફીડરોની માહિતી એકત્ર કરવામાં આવી છે, જેથી આ પ્રકારના ફીડરમાં લોસ ઘટાડવા માટે નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી શું કરી શકાય એના પર ચર્ચા કરવામાં આવી હતી. વીજ કંપની દ્વારા વીજચોરી પકડવા માટે ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવશે એવું જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીજ વિતરણ કંપની દ્વારા હવે દરેક જગ્યાએ ડ્રોનથી વીજચોરી પકડવાનું ફુલપ્રૂફ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વીજમીટરના જીપીએસ મેપિંગથી વીજળીની ચોરી પકડી પાડવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, પાવર ચોરી અટકાવવા હવે સમગ્ર પ્રદેશના ૫૯ લાખ વીજ ગ્રાહકોના મીટરનું જીપીએસ મેપિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની ૯૦ ટકા કામગીરી પૂરી થઈ જતાં હવે કોઈપણ ગ્રાહક પાવર ચોરી કરશે તો તેની સીધી માહિતી વડી કચેરીને મળી જાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ■

# વિશ્વામિત્રી ફરી એક વાર બે કાંઠે થઈઃ વડોદરાના કેટલાક વિસ્તારોમાં પાણી ઘૂસ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વામિત્રી નદીના ઉપરવાસમાં ભારે વરસાદથી ફરી એક વાર નદીનું જળસ્તર વધતા વડોદરાના કાંઠા વિસ્તારોમાં નદીના પાણી ફરી વળ્યાં હતાં.

વિશ્વામિત્રી નદીના પાણી ફરી વળતા લોકોના ઘર સુધી આ પાણી પહોંચ્યાં હતાં. વસાહતમાં વહેલી સવારથી પાણી ભરાઈ ગયું હતું. સ્થાનિકોનો એવો આક્ષેપ છે કે ચોમાસાની સિઝનમાં બીજી વખત વસાહતોમાં પાણી ઘૂસી ગયાં છે. પૂર જેવી સ્થિતિ હતી તેવી જ સ્થિતિનું સર્જન ફરીથી થયું છે. નદી નજીકની વસાહતોમાં ગત મોડી રાતથી જ ઘૂસેલા પાણી લોકોના મકાનોમાં ફરી વળતા લોકો આખી રાત જાગ્યા હતા. પાણી ભરાઈ જતા રોગચાળો વકરે તેવી સ્થિતિ સર્જાઇ છે. ઈન્દિરા નગરી એ પછાત છે માટે અહીંયા જોઈએ એટલો વિકાસ થયો નથી.

બીજી તરફ બીજી એક સોસાયટીના લોકોનું કહેવું છે કે, વર્ષોથી આ સોસાયટીમાં પાણી ભરાય છે,ચોમાસામાં તો ઘણીવાર એવી સ્થિતિનું સર્જન થાય છે કે વરસાદના પાણી સાથે ગટરના પાણી ઘરમાં ઘુસી જાય છે. વાહનચાલકોને પાણી ભરાયેલા વિસ્તારમાંથી પસાર થવાનો વારો આવતા તેમના વાહનો પણ પાણીમાં બંધ થઈ જવાની સમસ્યા સર્જાઈ છે, ત્યારે આ સમસ્યાનું નિરાકરણ લાવે તે જરૂરી છે. ■

# ગરબામાં વિધર્મીઓની એન્ટ્રી મુદ્દે અમે કાર્યવાહી કરીશું: સુરત પોલીસ કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ખેલૈયાઓ જેની આખું વર્ષ કાગડોળે રાહ જોયા કરે છે, તે નવરાત્રિ મહાપર્વનો શુભારંભ થવા જઈ રહ્યો છે, જો કે નવરાત્રિના નવ દિવસ દરમિયાન વિધર્મી લોકોનો પ્રવેશ મોટી ચિંતાનો વિષય બની જાય છે, આ દરમિયાન નવરાત્રિની ઉજવણીમાં વિધર્મી લોકોના પ્રવેશ અંગે હિન્દુ સંગઠનોએ આયોજકોને ચેતવણી આપી હતી, આથી સુરત શહેર પોલીસ કમિશનરે સ્પષ્ટતા કરી હતી કે, જો કોઈ સંસ્થાને લાગે છે કે કોઈપણ જગ્યાએ કંઈક ખોટું થઈ રહ્યું છે તો એ બાબતે પોલીસને જાણ કરે, કાયદો હાથમાં ન લે.

અનુપમસિંહ ગેહલોતે કહ્યું હતું કે કોઈ દીકરી સાથે ખોટું ન થાય એ જોવાનું કામ સુરત પોલીસનું છે. એટલું જ નહીં, તેમણે એમ પણ જણાવ્યું હતું, કે સુરત પોલીસ હેડક્વાર્ટરમાં ગરબા આયોજનોના આઈપી એડ્રેસથી લઈને તમામ ઈવેન્ટનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે અને આર્ટિફિશિયલ (એઆઈ)ની મદદથી જાણી શકાશે કે કઈ ઈવેન્ટમાં કેટલી ભીડ આવી છે.

વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)અને આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ (એએચપી) સહિત હિન્દુ સંગઠનોની નજર ૩ ઓક્ટોબરથી શરૂ થનારા નવરાત્રિ પર્વ પર છે. નવરાત્રિ આયોજનોમાં વિધર્મીઓના પ્રવેશ અને કોઈપણ કર્મચારી વિધર્મી ન હોય એ માટેની ચેતવણી નવરાત્રિ આયોજકોને આપવામાં આવી હતી, તેની સાથે જણાવવામાં આવ્યું હતું કે, જો કોઈ આયોજક તેમની વાતને નજરઅંદાજ કરશે તો તેની જવાબદારી આયોજકની રહેશે. આવી ચીમકી વચ્ચે સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સ્પષ્ટપણે જણાવી દીધું હતું કે, કાયદો હાથમાં ન લો, જો કોઈ માહિતી હોય તો પોલીસને આપો, નહીંતર સંસ્થા સામે કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ કમિશનરે હિન્દુ સંગઠનોના પ્રમુખ અને નવરાત્રિના આયોજકો સાથે મીટિંગ કરી હતી. ત્રીજી ઓક્ટોબરથી સુરત પોલીસ હેડ ક્વાર્ટરમાં મોનિટર સ્ક્રીન પર શહેરનાં તમામ મોટા ૧૭ નવરાત્રિ આયોજન પર લાઈવ મોનિટરિંગ સુરત પોલીસ કરશે. આ માટે તમામ આયોજકો પાસેથી આઈપી એડ્રેસ મગાવવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું હતું કે અમે તમામ સંગઠનોને કહેવા માગીશું કે તમને કોઈપણ પ્રકારની જાણકારી હોય તો તમે કોઈપણ પ્રકારનું કૃત્ય કરતા નહીં. જો તમને કોઈ માહિતી મળે તો સુરત પોલીસને એની જાણ કરો, એના પર કાર્યવાહી કરવાનું કામ સુરત પોલીસનું છે. અમને અમારી દીકરીઓની પણ ચિંતા છે, તેમની સાથે કોઈ ખોટું ન થાય અને તેમની સુરક્ષા જળવાઈ રહે તે માટે સુરત પોલીસ હંમેશાં તહેનાત રહેશે આ સાથે ઘટનામાં કોઈ અંધાધૂંધી ન થાય એની કાળજી લેવી જોઈએ, કારણ કે જો તમે કોઈપણ કાર્યક્રમમાં કોઈપણ પરવાનગી વગર જશો તો નાસભાગ મચી શકે છે અને લોકોને નુકસાન થઈ શકે છે, તેથી અમે તમામ સંસ્થાઓને કોઈપણ પ્રકારની માહિતી મળે તો પહેલા અમને જાણ કરવા જણાવ્યું છે. ■

# અમદાવાદમાં પારદર્શક કપડાં પહેરીને ગરબા રમવા આવનારનો પ્રવેશ વર્જિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નવરાત્રિ દરમિયાન કોઈ દુર્ઘટના ન બને એ હેતુસર સુરક્ષાના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસે ખાસ ગાઈડલાઈન બહાર પાડી છે, જેનું દરેક આયોજકે પાલન કરવું પડશે. જેમાં પારદર્શક કે અશ્લીલતા ઉજાગર થાય એવાં કપડાં પહેરી ગરબા રમવા પર પ્રતિબંધ મુકાયો છે. આ સાથે ગરબા સ્થળે કોઈપણ વ્યક્તિ બેગ કે અન્ય ચીજવસ્તુઓ લઈ જઇ શકશે નહીં. આ સહિતના ૩૦ નિયમની ગાઈડલાઈન પોલીસે બનાવી છે. નવરાત્રિ દરમિયાન ગરબાનું આયોજન કરનાર આયોજકોએ અમદાવાદ શહેર પોલીસની લાઇસન્સ શાખામાંથી પોલીસની મંજૂરી લેવાની રહેશે. રાત્રે ૧૨ વાગ્યા સુધી જ માઈક અને લાઉડસ્પીકર ચાલુ રાખવાની પરમિશન આપવામાં આવશે. ૧૨ વાગ્યા બાદ કોઈપણ લાઉડસ્પીકર કે માઈકનો ઉપયોગ થશે તો આયોજક સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. કોઈપણ ઘટના કે દુર્ઘટના માટે આયોજકની જવાબદારી રહેશે. ગરબાના સ્થળ ઉપર જેટલી ક્ષમતા હોય એટલા જ પાસ વેચવાના રહેશે. ક્ષમતા કરતાં વધુ પાસ વેચી શકાશે નહીં. દરેક ગરબા આયોજકે એન્ટ્રી અને એક્ઝિટ ગેટ અલગ-અલગ રાખવાના રહેશે. ગેટની સંખ્યા પણ વધારે રાખવામાં આવશે.

સુરક્ષાને ધ્યાનમાં રાખીને દરેક ગેટ પર બ્રેથ એનલાઈઝર અને સીસીટીવી કેમેરા તેમજ મેટલ ડિટેક્ટર લગાવવાના રહેશે. ગરબા ગ્રાઉન્ડ કે સ્થળની આસપાસ ચારેય તરફ વોચ ટાવર ઊભા કરી ગરબાનું વીડિયો શૂટિંગ રોજ કરવાનું રહેશે. ક્લોઝ સર્કિટ કેમેરા પણ લગાવવાના રહેશે. ગરબાના સ્થળની ૨૦૦ મીટરમાં કોઈપણ ટ્રાફિકજામ ન થાય એ માટે આયોજકોએ વોલન્ટિયર અને સિક્યોરિટી રાખવાના રહેશે. આ તમામ જવાબદારી આયોજક પર મૂકવામાં આવી છે. ગરબા સ્થળ ઉપર સિક્યોરિટી ગાર્ડ, સ્વયંસેવકો, વોલન્ટિયર સહિતનો સ્ટાફ રાખવામાં આવે તે તમામ લોકોના ફોટા સાથે આઈકાર્ડ આપવાનાં રહેશે. મોટા સ્ટેજ માટે પીડબલ્યુડીનું સર્ટિફિકેટ પણ મેળવવાનું રહેશે. ■

# રાજકોટમાં ૧૦૦ કરોડના ખર્ચે બનેલી હૉસ્પિટલની સિલિંગ તૂટીઃ વડા પ્રધાને લોકાર્પણ કર્યું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં મહિલાઓ અને બાળકોની સારવાર માટે ગુજરાતની સૌથી ઊંચી ૧૧ માળની જનાના હૉસ્પિટલ ઊભી કરવામાં આવી હતી. રૂપિયા ૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનેલી આ આધુનિક હૉસ્પિટલનું વડા પ્રધાન મોદી દ્વારા ગત ફેબ્રુઆરીમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, હૉસ્પિટલની કામગીરીમાં ભ્રષ્ટાચાર થયાની પોલ ખુલી છે. જેમાં ગઈકાલે (૨૭ સપ્ટેમ્બર) જનાના હૉસ્પિટલમાં પહેલા માળે સિલિંગ તૂટતા દર્દીઓમાં નાસભાગ મચી ગઇ હતી. જોકે, સદ્નસીબે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઈ નથી. આ ઘટના બારી ખુલ્લી હોવાથી પવનના કારણે સર્જાઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મળતી વિગતો મુજબ, વડા પ્રધાન મોદીના હસ્તે ખુલ્લી મૂકવામાં આવેલી નવી જનાના હૉસ્પિટલને હજુ એક વર્ષ થયું નથી, ત્યા જ એક બાદ એક બાંધકામના કામો ભ્રષ્ટાચારની પોલ ખોલી રહ્યા છે. જનાના હૉસ્પિટલમાં પહેલા માળે સિલિંગ તૂટી પડતા સ્ટાફ અને દર્દીમાં નાસભાગ મચી ગઈ હતી. એટલું જ નહીં પરંતુ ઘટનાને પગલે ઇલેક્ટ્રિક વાયરો પણ બહાર આવી ગયા હતા. સિલિંગ તૂટીને દરવાજા ઉપર પડતા તેના કાચનો પણ કચ્ચરઘાણ બોલી ગયો હતો. ઉપરથી સિલિંગ જ ધરાશાયી થતા તેના જીવતા વાયરો પણ બહાર જતા તંત્ર દ્વારા તાબડતોડ ઇલેક્ટ્રિશયનને બોલાવી રિપેરિંગ કામ શરૂ કરવામાં આવ્યુ હતું.

સિવિલ હૉસ્પિટલનાં મીડિયા કો-ઓર્ડિનેટર ડૉ. હેતલ ક્યાડાએ જણાવ્યું હતું કે, જે ભાગ તૂટી પડ્યો તે ફોલ્સ સિલિંગ હતી. જે વાયરિંગ સહિતનાં રિપેરિંગ કામ ઝડપી થાય તે માટે બનાવવામાં આવી હતી. ભૂલથી બારી ખુલ્લી હોવાથી અને પવનની ઝડપ વધુ હોવાથી આ ઘટના બની હતી. આ અંગે હૉસ્પિટલનું નિર્માણ કરનારા પીઆઇયુ વિભાગને જાણ કરવામાં આવી છે અને તેમના દ્વારા બેદરકારી રાખનાર કોન્ટ્રાક્ટર પાસે જ સમારકામ કરાવવામાં આવશે. આ ઘટનામાં કોઈ મોટું નુકસાન કે જાનહાનિ થઈ નથી. પરંતુ ફરીથી આવું ન બને તેની તકેદારીના જરૂરી પગલાં લેવાની ખાતરી પણ તેમણે આપી હતી. ■

# અમદાવાદથી તહેવારો દરમિયાન સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દશેરા, દિવાળી, અને છઠ્ઠ પૂજા સહિતના તહેવારોની ઉજવણી માટે લોકો વતન તરફ પ્રયાણ કરે છે, જો કે આ દરમિયાન પ્રાઈવેટ લક્ઝરી બસોના સંચાલકો ભાડાના નામે રીતસર લૂંટ ચલાવે છે. જો કે મુસાફરોના હિતમાં ભારતીય રેલવેએ મહત્ત્વનો નિર્ણય કર્યો હતો. ભારતીય રેલવે તહેવારોની સીઝનમાં ૬ હજારથી વધુ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે.

પશ્ચિમ રેલવે દ્વારા બિહાર જવા માટે અમદાવાદથી સાપ્તાહિક બે ટ્રેનો મુકવામાં આવી છે. અમદાવાદ-દાનાપુર-અમદાવાદ અને સાબરમતી-સીતામઢી-અમદાવાદ વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા સાથે ચલાવવામાં આવશે.

અમદાવાદ - દાનાપુર ૦૯૪૫૭ સ્પેશિયલ ટ્રેન ૬ ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર સુધી દોડશે. જે પ્રત્યેક રવિવારે અમદાવાદથી વહેલી સવારે ૮.૨૫ વાગ્યે ઉપડશે અને ૨૫ તારીખે બપોરે ૩ વાગ્યે દાનાપુર બિહાર પહોંચાડશે.

દાનાપુર - અમદાવાદ ૦૯૪૫૮ સ્પેશિયલ ટ્રેન ૭ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર સુધી દોડશે. જે પ્રત્યેક સોમવારે દાનાપુરથી સાંજના ૬.૧૦ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૩ વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, શાજાપુર, બિયાઓરા રાજગઢ, રુથિયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, સોની, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશન પર ઊભી રહેશે.

સાબરમતી - સીતામઢી ૦૯૪૨૧ સ્પેશિયલ ટ્રેન ૫ ઓક્ટોબરથી ૩૦ ઓક્ટોબર સુધી ચાલશે. જે પ્રત્યેક શનિવારે સાબરમતીથી સાંજે ૭.૧૦ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૮.૩૦ વાગ્યા સીતામઢી પહોંચાડશે.

સીતામઢી - સાબરમતી ૦૯૪૨૨ સ્પેશિયલ ટ્રેન ૭ ઓક્ટોબરથી ૨ ડિસેમ્બર સુધી ચલાવવામાં આવશે. જે પ્રત્યેક સોમવારે સીતામઢીથી સાંજના ૪ વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે વહેલી સવારે ૬ વાગ્યે સાબરમતી પહોંચાડશે.

આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંડીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રાનો કિલ્લો, ટુંડલા, ઇટાવા, કાનપુર સેન્ટ્રલ, ઉન્નાવ, લખનઉ, બારાબંકી, ગોંડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, સિસ્વા બજાર, નરકટિયાગંજ અને રક્સૌલ સ્ટેશન પર ઊભી રહેશે.

તહેવારોમાં વતન જવા માટે મુસાફરો ૨૯ સપ્ટેમ્બરથી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનમાં બુકિંગ કરાવી શકશે. ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેનનો સમય અને સ્ટોપેજ સહિતની માહિતી વેબસાઈટ પરથી મેળવી શકાય છે. ■

# અમદાવાદમાં ૨૦થી વધુ કોલ સેન્ટર પર સીબીઆઈના દરોડા બાદ ૩૦ની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકાના નાગરિકોને ભારતમાંથી કોલ કરીને છેતરપિંડી કરવાના મામલે અમેરિકાની તપાસ એજન્સી ફેડરેશન બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (એફબીઆઈ) દ્વારા રિપોર્ટ આપવામાં આવ્યો હતો, જેના અનુસંધાનમાં સીબીઆઈએ દેશમાં એક સાથે ૩૫૦ જેટલા સ્થળો પર દરોડા પાડ્યા હતા.

અમદાવાદમાં પણ ૨૦ જેટલા કોલ સેન્ટર પર દરોડા પાડીને ૩૦ જેટલા શખ્સોની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરવામાં આવી હતી.

દેશના હૈદરાબાદ, મુંબઇ, કોલકત્તા, દિલ્હી, બેંગાલૂરુ અને અમદાવાદ સહિતના શહેરોમાં ચાલતા કોલ સેન્ટરથી અમેરિકામાં કોલ કરીને નાગરિકો પાસેથી મોટા પ્રમાણમાં છેતરપિંડી કરવામાં આવતી હોવાના કિસ્સા અંગે એફબીઆઇએ ભારત સરકારને રિપોર્ટ સોંપ્યો હતો, જેમાં એફબીઆઇએ ટેક્નિકલ એનાલિસિસના આધારે કેટલાંક લોકેશન અને વિગતો આપી ગતી, જેના આધારે સીબીઆઇની ટીમ દ્વારા છેલ્લા એક મહિના દરમિયાન ટૅક્નોલૉજીના ઉપયોગથી સમગ્ર દેશમાં ૩૫૦ જેટલા ગેરકાયદેસર કોલ સેન્ટરના લોકેશન મેળવ્યા હતા.

અમદાવાદમાં ૨૦થી વધુ કોલ સેન્ટર સક્રિય હોવાની બાતમીને આધારે વસ્ત્રાલ, ઓઢવ પાસેના રીંગ રોડ, થલતેજ, ગોતા, બોપલ સહિતના વિસ્તારોમાં દરોડાની કાર્યવાહી કરી હતી, જેમાં ૩૦ વધુ શંકાસ્પદ લોકોની અટકાયત કરીને કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઇલ ફોન, ડાયરી સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, જે અંગે તપાસ કરવા માટે સીબીઆઇના ગુજરાત એકમની વિશેષ ટીમને સક્રિય કરવામાં આવી છે. ■

# કંડલા બંદરના જૂના બન્ના વિસ્તારમાં કાચાં-પાકાં દબાણો તોડી ૧૦૦ એકર જમીન ખુલ્લી કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના મહાબંદર કંડલાના પ્રશાસન દ્વારા ફરી એકવાર જૂના બન્ના (મીઠા પોર્ટ) વિસ્તારમાં કાચાં-પાકાં દબાણો ઉપર બુલડોઝર ફેરવી ૧૦૦ એકરથી વધુ જમીનને ખાલી કરી દીધી છે.

આ અંગે કંડલા બંદરના જન સંપર્ક અધિકારી ઓમપ્રકાશ દાદલાણીએ જણાવ્યું હતું કે, જૂના બન્ના વિસ્તારમાં ડી.પી.એ.પ્રશાસન અને પોલીસ પ્રશાસન દ્વારા ૨૪ દિવસે બીજી વખત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને એકજ દિવસમાં ૧૫૦ જેટલાં ઝૂંપડાંઓ ઉપર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. આ ઉપરાતં કંડલા પોર્ટની ઓઈલ જેટી નંબર ૯, ૧૦, અને ૧૧ના બેકઅપ એરિયામાં પણ ૫૦ જેટલા પાકાં દબાણો તોડી પાડવામાં આવ્યાં હોવાનું ઓમપ્રકાશે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કંડલા બંદર નજીક આવેલી આ ગેરકાયદે વસાહતની આસપાસ કેમિકલ, ઓઈલ, જ્વલનશીલ તેલના સંગ્રાહક ટાંકા અને પાઈપલાઈન સહિતના સંવેદનશીલ માળખાં આવેલાં છે. જહાજોમાંથી ટીમ્બર લોગ સહિતની ચીજવસ્તુઓની ઉઠાંતરીના કિસ્સાઓ પણ અવારનવાર બનતા હતા તેમજ અરબી સમુદ્રની ખાડી આસપાસના વિસ્તારોમાંથી કરોડોના માદક પદાર્થો ઝડપાયાંના બનાવો પણ બની ચૂકેલાં છે ત્યારે

પોર્ટ સુરક્ષા, રાષ્ટ્રીય સુરક્ષા અને અને કોસ્ટલ સુરક્ષાને ધ્યાનમાં રાખીને સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં ડી.પી.એ. દ્વારા મેગા ડિમોલેશન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને અંદાજિત ૫૦૦ કરોડથી વધુના મૂલ્યની ૨૦૦ એકર જમીન દબાણમુકત કરવામાં આવી હતી.

દરમ્યાન, ઇન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશન લંડનના જનરલ સેક્રેટરી સ્ટિફન કોટને દીન દયાળ પોર્ટ ઓથોરીટીના ચેરમેનને પત્ર લખીને ભારતીય કાયદા મુજબ ડીપીએ પોર્ટ ઓથોરીટી અને સ્થાનિક સરકારે વધુ ડિમોલેશન માટેની તમામ યોજનાઓ અટકાવી જોઇએ તેમ જણાવ્યું છે. ■

# સુરતમાં પ્રી-નવરાત્રિમાં ડ્રગ્સ અને વ્યસનથી દૂર રહેવાના સંદેશા સાથે લોકો ગરબે ઘૂમ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રિ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરત શહેરમાં નવરાત્રિ અગાઉ પ્રી-નવરાત્રિનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રી-નવરાત્રિમાં લોકો અનોખી રીતે ગરબે ઘૂમ્યા હતા. આ પ્રી-નવરાત્રિમાં લોકો દાંડિયાની જગ્યાએ ડ્રગ્સ અને વ્યસનથી દૂર રહેવાના સંદેશા સાથે લોકો ગરબે ઘૂમ્યા હતા.

ખેલૈયાઓ દ્વારા નવરાત્રિમાં મનમુકીને ગરબે ઘુમવા માટે તડામાર તૈયારીઓ પણ કરી લેવામાં આવી છે. સુરત શહેરમાં નવરાત્રિની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. શહેરમાં મોટા મોટા ડોમ તેમજ શેરી ગલ્લામાં નવરાત્રિની રમઝટ જામે છે, જ્યારે બીજી તરફ સુરત શહેરમાં નવરાત્રિ અગાઉ પ્રી-નવરાત્રિનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આવી જ એક પ્રી-નવરાત્રિનું આયોજન સુરત શહેરમાં કરવામાં આવ્યું હતું, જેમાં લોકો અનોખી રીતે ગરબે ઘૂમ્યા હતા, જેમાં દાંડિયાની જગ્યાએ ડ્રગ્સ અને વ્યસનથી દૂર રહેવાનો સંદેશ લોકોએ આપ્યો હતો.

સુરતના ગૌરવપથ રોડ પર આવેલ એક હોલમાં પ્રી-નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રી-નવરાત્રિના આયોજનમાં મહિલાઓ, યુવાનો અને વૃદ્ધો મનમૂકીને ગરબે ઘૂમ્યા હતા, પરંતુ આ પ્રી-નવરાત્રિ અનોખી હતી, કારણ કે લોકોના હાથમાં દાંડિયા નહીં, પરંતુ ડ્રગ્સ અંગે જનજાગૃતિના બેનરો હતા. લોકો ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈને ડ્રગ્સથી લોકોને દૂર રહેવાના સંદેશા સાથેના બેનરો સાથે ગરબે ઘૂમ્યા હતા. સે નો ટુ ડ્રગ્સ, જીવનને હા કહો અને ઝેરને કહો ના જેવા વિવિધ લખાણ સાથેના બેનરો સાથે લોકો ગરબે ઘૂમ્યા હતા અને ડ્રગ્સ અને વ્યસનથી દૂર રહેવાનો સંદેશો આપ્યો હતો.

ખેલૈયાઓએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ સમાજમાં ફેલાઈ રહેલું મોટું દૂષણ છે. ડ્રગ્સના કારણે ઘણા યુવાનો અને પરિવારની જિંદગી બરબાદ થાય છે જેથી સ્વસ્થ અને સારા સમાજના નિર્માણ માટે ડ્રગ્સના સેવનથી દૂર રહેવું જોઈએ. આજે આ પ્રી-નવરાત્રિમાં જનજાગૃતિ માટે ડ્રગ્સનું દૂષણ ના ફેલાય તે માટે પ્રચાર કર્યો છે. આજે દાંડિયાના બદલે આ બેનરો હાથમાં લઈને ગરબા રમ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઇન સુરત સિટી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં લોકો ડ્રગ્સથી દૂર રહે તે માટે જનજાગૃતિ અંતર્ગત અનેક કાર્યક્રમો પણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે પ્રી-નવરાત્રિ પર્વમાં ખેલૈયાઓ ડ્રગ્સ અંગેના જનજાગ્રતિ સાથેના બેનરો સાથે ગરબે ઘૂમ્યા હતા અને સ્વસ્થ અને તંદૂરસ્ત સમાજના નિર્માણ માટે લોકોને ડ્રગ્સથી દૂર રહેવાનો સંદેશો આપ્યો હતો. ■

# રાજ્યના ૧૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાયા જ્યારે ૬૬ ડેમમાં ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મેઘરાજાની સાર્વત્રિક મહેરના પરિણામે રાજ્યના ૧૧૩ ડેમ સંપૂર્ણ-૧૦૦ ટકા, અને ૬૬ ડેમમાં ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા હતા. જ્યારે ૧૪ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા, ૦૮ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૦૫ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણીનો સંગ્રહ થયું છે. આ ઉપરાંત ૧૫૮ ડેમને હાઈ એલર્ટ, ૧૨ ડેમ એલર્ટ, અને ૦૯ ડેમને વોર્નિંગ આપવામાં આવી છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૩૦,૩૨૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૯૮ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૫,૧૮,૧૦૯ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૯૨ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. ■

# નવરાત્રિમાં ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબે રમી શકશેઃ પોલીસ તંત્રને ખાસ સૂચના આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા નવરાત્રિમાં મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ખેલૈયાઓ મોડે સુધી મન મૂકીને ગરબે રમી શકશે. એટલું જ નહીં વેપારીઓ પણ મોડી રાત સુધી ધંધો કરી શકશે. આ બાબતે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને વિગતો આપી હતી.

ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને લખ્યું હતું કે, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં નવરાત્રિના પાવન અવસર પર સૌ ખેલૈયાઓ મા અંબાની ભક્તિ અને શક્તિમાં રંગાઈ શકે અને મોડી રાત સુધી ગરબા કરી શકે સાથે સાથે નાના વેપારીઓ, ફેરિયાઓ, રોજમદારો વેપાર કરી શકે તેવી પણ ચિંતા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે.

આ વર્ષે પણ આ બધા જ વેપારી મિત્રો સારી રીતે ધંધો રોજગાર કરી શકે અને રાજ્યના નાગરિકો ઉત્સાહપૂર્વક નવરાત્રિ મનાવી શકે તે માટે પોલીસ તંત્રને ખાસ સૂચના આપવામાં આવી છે. તેની સાથે સાથે ખેલૈયાઓ અને આયોજકોને પણ ખાસ વિનંતી છે કે મ્યુઝિક અને ડીજેના કારણે અન્ય નાગરિકો હેરાન ન થાય એ રીતે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવો મને પૂર્ણ વિશ્વાસ છે. ■

# મુંબઈના કાંદિવલીથી માતાના મઢ સાઇકલ પર નીકળેલા કચ્છી યુવકનું હૃદયરોગના હુમલામાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આસો નવરાત્રિ પર્વને હવે જ્યારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને હાલ દેશભરમાંથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ કચ્છના માતાના મઢમાં શીશ ઝુકાવવા આવી રહ્યા છે ત્યારે મુંબઈના કાંદિવલીથી માતાના મઢ નીકળેલી સાઇકલ યાત્રામાં સામેલ થયેલો મૂળ માંડવી તાલુકા મસ્કા ગામના યુવકનું વાપી નજીક હૃદયરોગનો ઘાતક હુમલો આવ્યો હતો જેમાં તેનું મોત થતાં કચ્છ સહિત બૃહદ કચ્છના રાજગોર સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.

આ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, ગત ૨૬મી સપ્ટેમ્બરના રોજ કાંદિવલીથી પાંચ સાઇકલ યાત્રિકો સાથે મૂળ માંડવી તાલુકાના મસ્કા ગામના ધર્મેશ રમેશ મોતા નામનો વેપારી યુવક આ સાહસી યાત્રામાં જોડાયો હતો. સવારના દસ વાગ્યાની આસપાસ વાપી નજીક સાઇકલ ચલાવતી વેળાએ તેને ગભરામણ થવા લાગતાં તેને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલાં આ માઇ ભક્તે છેલ્લા શ્વાસ લીધા હતા. ■

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨૯-૯-૨૦૨૪

# આસ્થા સાથે ખતરનાક ખેલ

## મંદિરોમાં પ્રસાદનો ‘ધંધો’ જ બંધ કરાવવો વધુ જરૂરી...

**દેશના એક સૌથી વધુ શ્રીમંત અને આસ્થાના મોટા સ્થાનક ગણાતા તિરુપતિ વેંકટેશ્વર મંદિરના પ્રસાદમાં થતી ભેળસેળની જેમ અન્ય મંદિરોનાંય પ્રસાદ કૌભાંડથી આસ્થાળુની લાગણી દુભાઈ છે. આ પ્રસાદમના ભ્રષ્ટાચાર પર અંકુશ ન આવે ત્યાં સુધી પરંપરાના નામે દૂષિત પ્રસાદ આપવાને બદલે એ પરંપરા જ ન પળાય તો વધુ સારું**



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

આપણા દેશમાં વિવાદોની કયારેય અછત હોતી જ નથી. એક માગો ને ત્રણસો તેંત્રીસ મળી આવે.

આ બધા વચ્ચે આપણે ત્યાં હમણાં પ્રસાદનો વિવાદ વકર્યો છે. દેશના સૌથી ધનિક ગણાતા તિરુપતિ મંદિરમાં પ્રસાદ તરીકે અપાતા લાડુ બનાવવા માટે વપરાતા ઘીમાં ભેળસેળ કરાતી હોવાના વાત ગાજી છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ પોતાના પુરોગામી જગન મોહન રેડ્ડીની સરકાર પર કરેલા આક્ષેપના કારણે પ્રસાદની પંચાત શરૂ થઈ અને આ પંચાત તિરુપતિ મંદિર પૂરતી મર્યાદિત ના રહેતાં બીજાં મંદિરો સુધી પણ પહોંચી ગઈ છે.

ગુજરાતના ડાકોરમાં ભગવાન રણછોડરાયના મંદિરમાં અપાતા પ્રસાદમાં વપરાતા ઘીમાં ભેળસેળ કરાતી હોવાનો મુદ્દો મુખ્ય પૂજારીએ જ ઉઠાવ્યો છે ત્યારે બીજાં ધર્મસ્થાનોમાં પણ પ્રસાદના મુદ્દે આડેધડ આક્ષેપો થઈ રહ્યા છે.

તિરુપતિ મંદિરમાં પ્રસાદની પવિત્રતા ના જળવાઈ એ મુદ્દાને આગળ ધરીને દેશનાં બીજાં મોટાં હિંદુ ધર્મસ્થાનોમાં પણ પ્રસાદની પવિત્રતા જળવાય એ માટે નિયમો બદલાઈ રહ્યા છે. હિંદુઓનાં સૌથી મોટાં ધર્મસ્થાનો ઉત્તર પ્રદેશમાં છે તેથી ઉત્તર પ્રદેશે નિયમોમાં ફેરફારની પહેલ કરી છે. ઉત્તર પ્રદેશનાં ત્રણ મોટાં મંદિર અયોધ્યા, પ્રયાગરાજ અને મથુરામાં પ્રસાદ વ્યવસ્થા અને નિયમોમાં સૌથી પહેલાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

અયોધ્યામાં રાજ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસે બહારની એજન્સી દ્વારા તૈયાર પ્રસાદ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની માગ કરી છે. એમણે મંદિરના પ્રસાદમાં ઉપયોગમાં લેવાતા ઘીની શુદ્ધતા પર ચિંતા વ્યક્ત કરીને આગ્રહ કર્યો છે કે તમામ પ્રસાદ મંદિરના પૂજારીઓની દેખરેખમાં તૈયાર કરવામાં આવે.

પ્રયાગરાજના ત્રણ મોટા મંદિરમાં પણ પ્રસાદના નિયમોમાં ફેરફાર કરીને મંદિરની અંદર જ પ્રસાદ બનાવવાનો નિર્ણય લીધો છે. જોકે , આ બધામાં સૌથી પ્રશંસનીય પહેલ મથુરામાં કરવામાં આવી છે.

મથુરાના ભગવાન શ્રીકૃષ્ણના મંદિરે પ્રસાદમાં મીઠાઇના બદલે ફળને અપનાવવાનો નિર્ણય કર્યો છે. મીઠાઈની તૈયારી વખતે ભેળસેળવાળું ઘી વપરાવાની શક્યતા વધુ હોય છે,પણ પ્રસાદરુપે ફળ આપવામાં આવે તો એમાં ભેળસેળ થવાની શક્યતા સાવ નહીંવત થઈ જાય. બીજાં મંદિરો પણ આ પ્રકારની પહેલ કરે એ ઈચ્છનીય છે કેમ કે તિરુપતિ મંદિરમાં પ્રસાદમાં થતી ભેળસેળના આક્ષેપો અત્યંત ગંભીર છે. નાયડુની ‘તેલુગુ દેશમ પાર્ટી’ (ટીડીપી)એ ધડાકો કર્યો છે કે, તિરુપતિ મંદિરમાં લાડુ બનાવવા માટે ચરબીયુક્ત ઘી ઉપરાંત ગૌમાંસ, સુવરની ચરબી અને માછલીનું તેલ વપરાય છે...!

અત્યાર સુધી એવી માન્યતા હતી કે, તિરુપતિ મંદિરના લાડુમાં શુદ્ધ ચણાનો લોટ, બૂંદી, ખાંડ, કાજુ અને શુદ્ધ ઘી હોય છે. આ પ્રસાદ મંદિરમાં જ બનતો હોવાથી કોઈને શંકા નહોતી જતી, પણ ટીડીપીનો દાવો છે કે, જગન મોહનની સરકારના સમયમાં તિરુપતિ ટ્રસ્ટ દ્વારા પ્રસાદ બનાવવા માટે જે કંપની પાસેથી ઘી મગાવવામાં આવતું હતું એ કંપનીએ ભેળસેળ કરીને પ્રસાદની પવિત્રતાને ખતમ કરી નાંખી છે.

ચંદ્રાબાબુ નાયડુ સરકાર દ્વારા આ કેસની તપાસ વિજિલન્સને સોંપવામાં આવી છે. આ આક્ષેપોના મુદ્દે રાજકીય દાવપેચ પણ થઈ ગયા છે. ટીડીપીના પ્રવક્તા અનમ વેંકટ રમના રેડ્ડીએ પ્રેસ કોન્ફરન્સમાં એક કહેવાતો લેબ રિપોર્ટ જાહેર કરીને માહિતી આપી હતી કે, તિરુપતિ મંદિરના પ્રસાદના નમૂના ૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગુજરાતની લાઈવસ્ટોક લેબોરેટરી, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB ) સેન્ટર ફોર એનાલિસિસ એન્ડ લર્નિંગ ઇન લાઈવસ્ટોક એન્ડ ફૂડ( CALF લિમિટેડ)ને મોકલવામાં આવ્યા હતા. નમૂના અંગે ૧૬ જુલાઈના રોજ લેબ રિપોર્ટ મળ્યો તેમાં લાડુમાં પશુઓની ચરબી અને ફિશ ઓઈલમાંથી બનેલા ઘીનો ઉપયોગ કરવામાં આવે છે એવું બહાર આવ્યું છે. તપાસ દરમિયાન લાડુમાં વપરાતા ઘીમાં ભેળસેળ હોવાનું પણ જણાયું છે. જોકે, આ કહેવાતા લેબ રિપોર્ટની જે નકલો બહાર આવી તેમાં ક્યાંય ટેસ્ટિંગ કરનારી સંસ્થાનું નામ કે સંસ્થાની કઈ લેબોરેટરીમાં ટેસ્ટિંગ કરાયું તેનો ઉલ્લેખ જ નથી. સાદા કાગળ પર કોઈ પણ બનાવી શકે એ રીતે આ રિપોર્ટ બનાવી દીધો હોય એવું લાગે છે તેથી તેની વિશ્રઅવસનિયતા અંગે શંકા પેદા થઈ ગઈ છે. જગન મોહન રેડ્ડી ખ્રિસ્તી હોવાથી હિંદુઓની ધાર્મિક લાગણી સાથે રમત રમી રહ્યા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે તો ચંદ્રાબાબુ હિંદુ મતબેંકને ખાતર હોહા કરી રહ્યા છે એવી વાતો પણ રાજકારણની લોબીમાં ચાલી રહી છે.

ચંદ્રાબાબુ નાયડુએ પોતાની કંપની ‘હેરિટેજ ફૂડ્સ’નો માલ ખપાવવા આ વિવાદ ઊભો કર્યો હોવાના પણ આક્ષેપ પણ થઈ રહ્યા છે.

તિરુપતિ મંદિરમાં દરરોજ ૩ લાખથી વધારે લાડુ બનાવવામાં આવે છે અને દર વરસે લગભગ ૫૦૦૦ ટન ઘીનો ઉપયોગ થાય છે. દર વરસે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનું ઘી લાડુ બનાવવામાં વપરાય છે. આ કારણે ચંદ્રાબાબુ આ ખેલ કરી રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

આ આક્ષેપોમાં કેટલો દમ છે એ ખબર નથી પણ આ વિવાદે આપણે ત્યાં ધર્મનું કઈ હદે વ્યાપારીકરણ થયું છે એ છતું કરી દીધું છે. મંદિરમાં અપાતા પ્રસાદમાં ભેળસેળ કરવામાં આવે , ભ્રષ્ટાચાર થાય એ આપણું કઈ હદે નૈતિક અધઃપતન થયું છે તેનો પુરાવો છે. આપણે ધર્મ ને સંસ્કારની મોટી મોટી વાતો કરીએ છીએ, પણ મંદિરમાં અપાતા પ્રસાદમાં પણ ભેળસેળ કરીને કમાણી કરવાના ભ્રષ્ટ ધંધા કરીએ છીએ એ આઘાતજનક છે.

અહીં વધારે આઘાતજનક એ છે કે, આ ભ્રષ્ટ રીતરસમો સામે નથી કોઈ કહેવાતી હિંદુવાદી સંસ્થાઓ બોલી રહી કે નથી ધર્મના ઠેકેદારો બોલી રહ્યા. હિંદુ પ્રજાને તો કશું લાગતું વળગતું ના હોય એ રીતે વર્તી રહી છે.

વાસ્તવમાં હિંદુવાદી સંસ્થાઓ અને કહેવાતા સાધુ-સંતોએ આ ભ્રષ્ટાચાર સામે મેદાનમાં આવવું જોઈએ ને આ ગોરખધંધા બંધ કરાવવા જોઈએ. દેશના કોઈ પણ મંદિરમાં પ્રસાદના નામે મંદિરના કારભારીઓનો ને રાજકારણીઓનાં ઘર ભરવાનો ધંધો ચાલે છે એ બંધ કરાવવો જોઈએ. તેના બદલે મથુરાના મંદિરમાં અપાય છે એ રીતે ફળ કે પછી હિંદુઓમાં વરસોથી પ્રચલિત સાકરીયા-સીંગ કે એવા બીજા પ્રસાદનું ચલણ શરૂ કરાવવું જોઈએ. સ્થાનિક લોકો જ આ પ્રસાદ સપ્લાય કરે તો તેના કારણે રોજગારી પણ મળશે. આ પ્રસાદ સસ્તો પણ પડશે ને દરેક શ્રદ્ધાળુને મફતમાં આપી શકાશે. અત્યારે તો પ્રસાદને જ ધંધો બનાવીને ગરીબોની મજાક ઉડાવાય છે.

આમ ચાલતું રહ્યું તો આ ઘણાંની લાગણી દુભાશે ને હોહા પણ થશે, પણ તેને ગણકાર્યા વિના પ્રસાદરૂપે ફળ કે સાકરીયા-સીંગનું ચલણ દેશવ્યાપી બને એ જરૂરી છે. મોટાં મંદિરોમાં પરંપરાના નામે ભેળસેળવાળો પ્રસાદ ખવડાવીને શ્રદ્ધાળુની ધાર્મિક લાગણી દુભાવાને બદલે પ્રસાદની પરંપરા ના પળાય એ બહેતર છે. ■

---

# ટર્કી તમારી બકેટ લિસ્ટ પર?

અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

હું ગયા વર્ષે ટર્કીમાં હતો અને મારે માટે ટર્કી એટલે પૂર્વનું પશ્ચિમ સાથે મિલન છે, જે ધરતી સાહસિકો, ઈતિહાસના શોખીનો અને સંસ્કૃતિ પ્રેમીઓને પણ આમંત્રિત કરે છે. ઈસ્તંબુલની ધમધમતી ગલીઓથી લઈને કેપાડોસિયાનાં સુંદર નિસર્ગસૌંદર્ય સુધી, ટર્કી સમૃદ્ધ અનુભવો પ્રદાન કરે છે. તો આજે ટર્કી તમારી બકેટ લિસ્ટમાં ટોચ પર શા માટે હોવું જોઈએ તે વિશે હું તમને કહેવા માગું છું.

વીણા વર્લ્ડમાં અમે પોપ્યુલર હાઈલાઈટ્સ ઓફ ટર્કી ટુર ઉપરાંત તાજેતરમાં ટર્કીની બે નવી ટુર લોન્ચ કરી છે: વુમન્સ સ્પેશિયલ ટર્કી અને ઓલ ઓફ ટર્કી, જે ટુર આ વર્ષે પ્રસ્થાન કરી રહી છે અને આગામી વર્ષે ટર્કીમાં જીવનની ઉજવણી કરવા માટે તમને વધુ નિમિત્ત પ્રદાન કરે છે. જોકે તમે પૂછશો,ટર્કી શા માટે? તો ચાલો, તેનાં કારણ જાણીએ!

**ટર્કી શા માટે?:** ટર્કીની મોહિની તેની વૈવિધ્યતામાં રહેલી છે. તમે પ્રાચીન અવશેષો જોતા હોય કે હોટ એર બલૂનમાં સાહસ ખેડતા હોય કે ફરતી આધ્યાત્મિક આભા અનુભવતા હોય, આ દેશનો દરેક ખૂણો કશુંક અસાધારણ ધરાવે છે. આ સ્થળે તમે એક દિવસ રોમન સમ્રાટના અવશેષો થકી વોક કરી શકો છો અને બીજા દિવસે ઓટ્ટોમન ગ્રાન્ડિયરથી મંત્રમુગ્ધ બની શકો છો. ઐતિહાસિક સીમાચિહ્નોથી નૈસર્ગિક અજાયબીઓ સુધી ટર્કી સદીઓની સંસ્કૃતિમાં પોતાને તલ્લીન કરવાનું ઉત્તમ સ્થળ છે, જે સાથે ઉષ્માભરી મહેમાનગતી અને ટર્કીશ વાનગીઓની અવિસ્મરણીય ફ્લેવર્સ માણી શકો છો.

**ટર્કીની ઐતિહાસિક અજાયબીઓ** : ઈતિહાસ ટર્કીની ઓળખમાં ઊંડાણથી ડૂબેલો છે. અહીં માનવસંસ્કૃતિ જીવી, સમ્રાટોનો ચઢાવઉતાર થયો અને તેની સ્થાપત્ય અજાયબીઓઆજે પણ મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરીને રહે છે.

**ટ્રોજન હોર્સ સ્ટેચ્યુ (ટ્રોય):** ટર્કીના વાયવ્યમાં ડારડેનેલીસ નજીક ટ્રોયનું પ્રાચીન શહેર વસેલું છે, જેને હોમર્સ ઈલિયાદ દ્વારા પ્રસિદ્ધ બનાવવામાં આવ્યું હતું. પ્રવેશદ્વાર પરટ્રોજન હાઉસ સ્ટેચ્યુ સર્વકાલીન સૌથી પ્રસિદ્ધ લીજેન્ડ્સમાંથી એકની યાદગીરીનું કામ કરે છે. આ સ્થળ પુરાતત્વીય સ્તરોનો ખુદ ખજાનો છે,જ્યાં તમે 4000 વર્ષ જૂની પ્રાચીન માનવસંસ્કૃતિઓના અવશેષો જોઈ શકો છો.

**ઓગસ્ટસ અને રોમનું મંદિર (અંકારા):** અંકારાના હાર્દ સ્થિત ઓગસ્ટસ અને રોમનું મંદિર રોમન યુગની બારી છે. પ્રથમ રોમન સમ્રાટના માનમાં નિર્માણ કરાયેલું ઓગસ્ટસ ઉત્તમ રીતે સંવર્ધન કરાયેલું સ્મારક છે, જે પ્રાચીન દુનિયા અને એનાટોલિયામાં રોમનના પ્રભાવના પ્રસારમાં ઊંડાણથી ડોકિયું કરાવે છે. તેની દીવાલો પર કોતરકામને રેસ ગેસ્ટી ડિવિઓગસ્ટી તરીકે ઓળખવામાં આવે છે, જે સમ્રાટનાં કરતૂતોની વાર્તા કહે છે અને ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ અવસરોનું નિશાન છે.

**એફેસસ (યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ):** એફેસસનું પ્રાચીન શહેર, જે વધુ એક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ હોઈ દુનિયામાં સૌથી અદભુત પૌરાણિક સ્થળમાંથી એક છે. એક સમયે વેપારઅને સંસ્કૃતિથી ધમધમતું કેન્દ્ર એફેસસ પ્રાચીન દુનિયાની સાત અજાયબીમાંથી એક આર્ટીમિસના પ્રસિદ્ધ મંદિરનું ઘર છે. સેલ્સસની લાઈબ્રેરીઅને ગ્રેટ થિયેટર સહિત તેના અવશેષો થકી પસાર થાઓ ત્યારે ઈતિહાસમાં પાછળ જવા જેવું છે.

**અવિસ્મરણીય સાંસ્કૃતિક અનુભવો:** ટર્કી તેના ઈતિહાસ પૂરતું સીમિત નથી, પરંતુ આ દેશ સંસ્કૃતિ અને પરંપરાઓમાં ગળાડૂબ છે, જે અજોડ અને



અવિસ્મરણીય રીતે અનુભવી શકો છો.

**વ્હર્લિંગ ડર્વિશ શો:** ટર્કીમાં સૌથી મંત્રમુગ્ધ કરનારા આધ્યાત્મિક પરફોર્મન્સમાંથી એક વ્હર્લિંગ ડર્વિશ સમારંભ છે. સુફી ગૂઢવિદ્યામાં મૂળ ધરાવતી આ પ્રાચીન રસમમાં ડાન્સરો વર્તુળોમાં ચકરાવો મારે છે, જે પવિત્ર પ્રેમ અને જ્ઞાન તરફ આધ્યાત્મિક પ્રવાસનું પ્રતિક છે. તેનો પરફોર્મન્સ સાધારણથી પાર છે અને મુલાકાતીઓને ટર્કીના આધ્યાત્મિક વારસાની ઊંડી સમજ પ્રદાન કરે છે.

**શો સાથે ટર્કિશ ડિનર:** ટર્કીમાં મનોરંજક સાંસ્કૃતિક શો માણવા સાથે પારંપરિક ટર્કિશ ડિનર માણીને દિવસની પૂર્ણાહુતિ કરવા જેવી બહેતર કોઈ રીત નહીં હોઈ શકે.તો ટર્કિસ રસમ અને ઉજવણીઓમાં મજેદાર બારી પ્રદાન કરતાં લોકનૃત્ય અને જીવંત સંગીત સહિતના પરફોર્મન્સ જોતાં જોતાં લેમ્બ કબાબ, મેઝીસ અને બકલાવા જેવી વાનગીઓની સ્વાદિષ્ટ ફ્લેવર્સ માણો.

**નૈસર્ગિક અજાયબીઓ અને નયનરમ્ય નિસર્ગસૌંદર્ય:** ટર્કીનું વૈવિધ્યપૂર્ણ નિસર્ગસૌંદર્ય વાસ્તવિકથી પણ પર અતિવાસ્તવિક દેખાતાં અમુક નૈસર્ગિક સ્થળો સાથે તેના ઈતિહાસ જેવું જ મંત્રમુગ્ધ કરનારું છે.

**કેપાડોસિયાની હોટ એર બલૂન ટુર :** કેપાડોસિયા જેવું પૃથ્વી પર બીજું કોઈ સ્થળ નહીં હોઈ શકે, જે તેની પરીકથા જેવી ચિમનીઓ, પ્રાચીન ગુફાની વસાહતો અને અજોડ ખડકોનીરચનાઓથી સમૃદ્ધ છે. જોકે તેનું વિહંગાવલોકન પ્રવાસીઓ માટે ખરેખર મોહિત કરી દે છે. કેપાડોસિયાની સૂર્યાસ્ત સમયે હોટ એર બલૂન સવારી બકેટ-લિસ્ટ અનુભવ છે, જે નીચે નિસર્ગરમ્ય સૌંદર્યનો અદભુત નજારો પ્રદાન કરે છે. ખીણો અને પ્રાચીન શહેરો પરથી શાંતિથી ઊડતી વખતે તમને ચમત્કારી દુનિયામાં પહોંચી ગયા હોય તેવું મહેસૂસ થાય છે.

**પામુક્કેલ (કોટન કેસલ):** કોટન કેસલ અથવા પામુક્કેલ અન્ય ગ્રહનું હોય તેવું મહેસૂસ કરાવતી નૈસર્ગિક અજાયબી છે. ખનીજ સમૃદ્ધ હોટ સ્પ્રિંગ્સ દ્વારા રચિત ઉત્કૃષ્ટ વ્હાઈટ ટ્રેવરટાઈન અગાશીઓ નવી પેઢી માટે સ્પા ડેસ્ટિનેશન છે. મુલાકાતીઓ અગાશીઓ પરથી વોક કરી શકે, ઊના, હીલિંગ પાણીમાં સ્નાન કરી શકે અને આ યુનેસ્કો સાઈટના પાવન સૌંદર્યથી મોહિત થઈ શકે છે.

**ઈસ્તંબુલનાં પૌરાણિક રત્નો અને વૈભવ:** ટર્કીનું પ્રતિકાત્મક સ્થાપત્ય પ્રાચીન મહેલોથી ભવ્ય રજવાડા સુધી તેના નિસર્ગસૌંદર્ય જેટલું વૈવિધ્યપૂર્ણ છે.

**ટોપકાપી પેલેસ (ઈસ્તંબુલ):** ઈસ્તંબુલમાં ઓટ્ટોમન સમ્રાટનું એક સમયે હાર્દ ટોપકાપી પેલેસ શાહી સ્થાપત્યનો આલીશાન દાખલો છે. તેનો સમૃદ્ધ ખજાનો સુલતાનનીઓર્નેટ ચેમ્બર્સથી વિખ્યાત હારેમ સુધી સદીઓની શક્તિ અને સંપત્તિ વિશે વાત કરે છે. મુલાકાતીઓ સુલતાનો અને તેમની ભવ્ય જીવનશૈલી વિશે જાણવા સાથે આ ઐતિહાસિક રજવાડાની મનોહરતામાં તલ્લીન થઈ શકે છે.

**સુલતાન અહમત કામી (બ્લુ મોસ્ક):** ઈસ્તંબુલમાં વધુ એક જોવા જેવું સ્થળ બ્લુ મોસ્ક 20,000 બ્લુ ઈઝનિક ટાઈલ્સ સાથે રેખામાં તેના મંત્રમુગ્ધ ઈન્ટીરિયર માટે પ્રસિદ્ધ છે. આ ભવ્ય મોસ્ક સ્થાપત્યનો ઉત્તમ નંગ હોવા સાથે કાર્યશીલ પ્રાર્થનાસ્થળ પણ છે, જે આધ્યાત્મિક અને કળાત્મક મહત્ત્વને સંમિશ્રિત કરે છે.

**બોડરમ કેસલ (બોડરમ):** ટર્કીના દરિયાકાંઠાની ખોજ કરવા માગનારા માટે બોર્ડરમ કેસલ ઈતિહાસ અને અદભુત સમુદ્રિ નજારાનું મનોહર સંમિશ્રણ પ્રદાન કરે છે. આ મધ્યયુગીન કિલ્લો નાઈટ્સ હોસ્પિટોલર દ્વારા નિર્માણ કરાયો હતો, જેમાં હવે મ્યુઝિયમ ઓફ અંડરવોટર આર્કેલોજી છે, જે મુલાકાતીઓને ટર્કીના ભૂતકાળના સમુદ્રિ ઈતિહાસમાં ડોકિયું કરવાની તક આપે છે.

**બોસ્ફોરસ સ્ટ્રેઈટ અને પ્રિન્સેસ આઈલેન્ડ્સ:** આખરે બોસ્ફોરસ સ્ટ્રેઈટ પર ક્રુઝ સેર વિના ઈસ્તંબુલની મુલાકાત પૂર્ણ થતી નથી. આ જળમાર્ગ યુરોપ અને એશિયાને વિભાજિત કરે છે, જે રજવાડાઓ, મોસ્ક્સ અને પુલો સહિત ઈસ્તંબુલની આકાશરેખાનો અદભુત નજારો પ્રદાન કરે છે. વધુ આહલાદક અનુભવ માટે પ્રિન્સેસ આઈલેન્ડ્સની ફેરી સવારી કરો, જ્યાં સમય જાણે ધીમો પડી જાય છે. આ કાર મુક્ત ટાપુ બાઈકિંગ, વોકિંગ અને મનોહર વાતાવરણમાં તલ્લીન થવા માટે ઉત્તમ સ્થળ છે.

એકંદરે, ટર્કીનું ઈતિહાસ, સંસ્કૃતિ અને નૈસર્ગિક સૌંદર્ય અને સ્થાપત્ય સૌંદર્યનું ઉત્તમ સંમિશ્રણ સર્વ હિતના પ્રવાસીઓ માટે તેને અગ્રતાનું સ્થળ બનાવે છે. તમે તેના પ્રાચીન અવશેષોથી આકર્ષિત થયા હોય, ગૂઢ પરંપરાઓ અથવા અદભુત નિસર્ગસૌંદર્યથી દોરવાયા હોય, ટર્કી કોઈ પણ અન્ય કરતાં વિશેષ સાહસનું વચન આપે છે. ઘણાં બધાં આકર્ષણો સાથે ટર્કી પ્રવાસ પૂરો થયા પછી પણ કાયમ માટે મનમાં વસી રહે તેમાં કોઈ નવાઈ નથી.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

તમે ટર્કી જોઈ લીધું છે કે નહીં હજુ?
ટર્કિશ ટુવાલથી ટર્કિશ ડિલાઈટ સુધી અને ટર્કિશ કોફીથી ટર્કિશ નઝર-બ્લુ એવિલ આઈ સુધી...
ટર્કી દેશે આપણને અજાણતાં જ કઈ રીતે નજીક કર્યા છે જુઓ. એશિયા અને યુરોપને જોડનારા, દર વર્ષે પાંચ કરોડ પર્યટકોને આકર્ષિત કરનારા, ટ્યુલિપ ગાર્ડન્સ- સાંતાક્લોઝ-ખ્રિસ્તી ચર્ચનું મૂળ સ્થાન ધરાવતા, રહસ્યમય માઉન્ટન્સથી ઘેરાયેલા, દુનિયામાં ઓલ્ડેસ્ટ ગ્રાન્ડ બઝારની શેખી મારનારા અને સ્થાપત્ય તથા વાસ્તુકળાનું મ્યુઝિયમ બનેલા ટર્કીની ટુર વીણા વર્લ્ડ સંગાથે જેમણે જેમણે કરી છે તેમના આશ્ચર્યનો અને ખુશીનો કોઈ પાર રહ્યો નથી.
ચાલો, બેગ ભરો, નીકળી પડો! વીણા વર્લ્ડ સંગાથે
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979
વીણા વર્લ્ડ ટર્કી
હાયલાઈટસ ઑફ ટર્કી (7D) • બેસ્ટ ઑફ ટર્કી (10D)
ઓલ ઓફ ટર્કી (14D) • ગ્રીસ ટર્કી (12D) • ઈજિપ્ત ગ્રીસ ટર્કી (15D)
ટર્કી કસ્ટમાઈઝ્ડ હોલીડિઝ • ટર્કી કોર્પોરેટ ટુર્સ
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ભારતીય અર્થતંત્રના વિકાસમાં છે વૈશ્વિક વિશ્વાસ

## છ વરસમાં સાત ટ્રિલ્યન ડૉલરની ઈકોનોમી સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવશે ફિઝિકલ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર



**ભારતીય** અર્થતંત્રના વિકાસની સફળતાના આંકડા અને અંદાજની વાત એ માત્ર કોઈ રાજકીય નિવેદનો નથી, કોઈ સ્થાનિક સંસ્થાનો અભ્યાસ પણ નથી, બલકે ગ્લોબલ સંસ્થાનો અભિપ્રાય અને આશાવાદ છે. એની પાછળના આધાર અને વિભિન્ન કારણ પણ સમજવા જોઈએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નૈતૃત્વ હેઠળ ભારતમાં જે રીતે ફિઝિકલ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ થઈ રહયો છે તેને ધ્યાનમાં રાખતા વિદેશી કંપનીઓ ભારત તરફ વળી રહી છે અને અહી એડવાન્સ્ડ પ્રોડકટસ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ હકીકતને લક્ષ્યમાં લેતા ભારત આગામી છ વરસમાં સાત ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બની જશે એવી આશા અસ્થાને નથી... 'આ વિધાન છે, ગ્લોબલ ફાઈનાન્સયિલ મંચ પર અગ્રણી સ્થાન ધરાવતી સંસ્થા જેપી મોર્ગન'ના ચેરમેનનું .

આપણે ભારતમાં ગ્લોબલ લેવલે વધી રહેલા વિશ્ર્વાસની, ઈમેજની, પ્રતિભાની, બદલાતા સંબંધોની, નીતિઓ અને અભિગમની વાત કરવી છે તેથી જ વૈશ્ર્વિક સંસ્થા જેપી મોર્ગનના ચેરમેન અને સીઈઓ કેમી ડિમોન દ્રારા તાજેતરમાં વ્યકત કરાયેલા વિચારોને સમજવા જરૂરી છે. ડિમોન કહે છે, મોદીના નેતૃત્વ હેઠળ ભારત ૨૦૩૦ સુધીમાં સાત ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી બની જશે. આ વિધાન કોઈ ભારતીય સંસ્થાએ કર્યુ હોત તો તેની સામે સવાલો અને શંકા પણ થાત, પણ આવો વિશ્ર્વાસ વૈશ્ર્વિક સંસ્થાના વડાએ કર્યો છે, એ પણ એવી સંસ્થા જેનો વિશ્ર્વભરમાં દબદબો છે.

'જેપી મોર્ગન' ભારતમાં નોંધપાત્ર હાજરી ધરાવે છે. અહી તે સાય્બર, ટેકનોલોજી, એઆઈ (આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ) અને ડેટા ક્ષેત્રે કાર્યરત છે. અહી પોતાનો વિસ્તાર વધારવા ઉત્સુક 'જેપી મોર્ગન' વિરાટ ઈન્ટરનેશનલ પેમેન્ટ સિસ્ટમ પણ ધરાવે છે.

બીજી બાજુ, ભારતમાં ઉત્પાદન ક્ષેત્ર એકધારું વૃદ્ધિ પામતું જાય એવા સંજોગો ઊભા થતા રહેશે. પ્રોડકશન લિન્કડ મેન્યુફેકચરિંગ સ્કિમ આ વિષયમાં પરિણામલક્ષી કામગીરી કરી રહી છે, એપલ અને સેમસંગના સાહસો તેની સાક્ષી પૂરે છે. ભારતમાં સેમિકન્ડકર પ્લાન્ટ સ્થપાઈ રહયા છે.

### અમેરિકાની મુલાકાતની ફળશ્રુતિ

વડા પ્રધાનની અમેરિકા- મુલાકાતની વાત પર આવીએ તો એ અમેરિકામાં ૧૫ એવી કંપનીઓના સીઈઓને મળ્યા છે, જે કંપનીઓ ડિજિટલ ઈનોવેશનને આગળ વધારી રહી છે. ભારતમાં AI ના વિકાસ માટે અઢળક તક છે એવો નિષ્કર્ષ આ ટેક કંપનીઓ સાથેની ચર્ચામાંથી બહાર આવ્યો હતો, જેમાં ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ કહયું હતું કે એ ભારતમાં કૃષિ અને હેલ્થ ક્ષેત્રે સંખ્યાબંધ પાર્ટનરશીપ અને કાર્યક્રમો કરવા માગે છે. એ અર્થાત્ ગૂગલ કેન્દ્ર અને રાજય સરકારો સાથે પણ આ દિશામાં આગળ વધશે. ઓરેકલ કંપનીના સાફરા કેટઝના મતે એમની કંપની AI સેકટરમાં ભારતની મૂખ્ય ભૂમિકા જોઈ રહી છે. આવી વિવિધ તકો પર જે ચર્ચા-વિચારણા થઈ તે ભારતમાં આગામી દાયકામાં આવનારા ટેકનોલોજીની નવક્રાંતિની ઝલક આપે છે.

જેપી મોર્ગનનું મહત્ત્વ સમજવા માટે એક હકીકત એ પણ જોવી ઘટે કે જેપી મોર્ગને તેના ગ્લોબલ ડેટ ઈન્ડાઈસિસમાં ભારતીય સોવરેન બોન્ડસને સ્થાન આપ્યા બાદ આ બોન્ડસમાં વિદેશી રોકાણકારો તરફથી ૧૮ અબજ ડૉલર (૧.૫ લાખ કરોડ રૂપિયા) નું રોકાણ આવ્યું છે, જે તેની શાખ દર્શાવે છે. અલબત્ત, હજી મહત્વની વાત એ છે કે તાજેતરમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મુકાયા બાદ આ બોન્ડસમાં વધુ વિદેશી રોકાણની શકયતા વધી છે.

આર્થિક વિકાસદરનો આશાવાદ દરમિયાન ગ્લોબલ રેટિંગ એજન્સી મુડીઝ એનાલિટિકસે' પણ ભારતીય અર્થતંત્રનો ૨૦૨૪માં વિકાસદરનો અંદાજ વધારીને ૭.૧ ટકા કર્યો છે, જે અગાઉના અંદાજમાં ૬.૮ ટકા હતો. જોકે ૨૦૨૫માં આ વિકાસદર ૬.૫ ટકા અને ૨૦૨૬માં ૬.૬ ટકા અંદાજવામાં આવ્યો છે. એક વધુ સકારાત્મક અહેવાલ એ છે કે 'મુડીઝે' ભારતમાં ઈન્ફલેશન રેટનો અંદાજ પાંચ ટકાથી ઘટાડીને ૪.૭ ટકા મુકયો છે. ૨૦૨૫ અને ૨૦૨૬માં તે અનુક્રમે ૪.૫ ટકા અને ૪.૧ ટકા રહેશે એવી ધારણા છે. આમ અર્થતંત્રના સંજોગો વધુ બહેતર થવાના આશાવાદ ગ્લોબલ લેવલેથી સતત આવી રહયા હોવાની બાબત આવકાર્ય બને છે.


### ઊભરતા અર્થતંત્રોમાં ભારત ઉત્તમ

'જેપી મોર્ગન' ઉપરાંત ભારતીય માર્કેટ માટે ઊંચો આશાવાદ અને વિશ્ર્વાસ ધરાવનાર ઈમરજિંગ માર્કેટસના ઈન્વેસ્ટમેન્ટ ગુરુ માર્ક મોબિયસનું કહેવું છે કે, વિશ્ર્વના મોટાભાગના ઊભરતા અર્થતંત્રમાં ગ્લોબલ રોકાણ પ્રવાહ હવે પછી વધુ વહેતો થશે. ખાસ કરીને યુએસ ફેડરલ રિઝર્વ તરફથી કરાયેલો વ્યાજદરનો ઘટાડો આમાં વિશેષ કારણ બનશે. એક મહત્ત્વની વાત ભારતીય માર્કેટ માટે એ છે કે ઈમરજિંગ માર્કેટસમાં ભારત સૌથી આકર્ષક અને ઉત્તમ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે. એટલું જ નહીં, આગામી દાયકો પણ ભારતનો રહેશે. આમ ગ્લોબલ સ્તરેથી સતત એક વાત દોહરાતી રહી છે કે આ સમય ભારત માટે ઉત્તમ સમય છે, જેના કારણોમાં વર્તમાન સરકારનાં આર્થિક પગલાં, નીતિઓ, સુધારા અને લિડરશિપને ગણાવાય છે.

અમુક વર્ગ તો ત્યાં સુધી માને છે કે આ સદી ભારતની છે. અલબત્ત, આમાં ઘણાં અણધાર્યા પડકારો અને પરિબળો પણ આકાર લઈ શકે... ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# આપણે ત્યાં કોર્પોરેટ જોબમાં વધી રહ્યું છે ટોક્સિક કલ્ચર



કોચીની ૨૬ વર્ષીય યુવતી અન્ના સેબાસ્ટિયન પેરાયિલના મૃત્યુથી દેશના કોર્પોરેટ જગતમાં કામકાજ સબંધી સ્ટ્રેસને લઈને હોબાળો મચી ગયો છે. અન્ના 'અન્સ્ર્ટ એન્ડ યંગ ઇન્ડિયા' નામની પ્રોફેશનલ સર્વિસ આપતી વૈશ્વિક કંપનીની પુણે ઓફિસમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતી. એની માતાએ આરોપ લગાવ્યો છે કે કામના વધુ પડતા દબાણના કારણે એની પુત્રીને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો.

માતા અનિતાએ 'અન્સ્ર્ટ એન્ડ યંગ-ઇન્ડિયા'ના ચેરમેન રાજીવ મેમાનીને એક ભાવનાત્મક પત્રમાં લખ્યું છે કે જોબમાં જોડાયાના માત્ર ચાર મહિનામાં અન્નાનું મૃત્યુ થયું છે. કંપની જે રીતે કામ કરે છે તેના પર સવાલ ઉઠાવતા એમણે કહ્યું કે કંપનીવાળા કર્મચારીઓ પર ઘણું દબાણ લાવે છે અને એમનાં સ્વાસ્થ્યની અવગણના કરે છે.

અનિતાએ એ પણ જણાવ્યું છે કે આ મુદ્દો પોતાની પુત્રી સુધી મર્યાદિત નથી, પરંતુ દરેક કર્મચારી સાથે સંબંધિત છે, જે કાર્યસ્થળ પર ગેરવાજબી અપેક્ષાઓનો સામનો કરે છે.

આ ઘટના પછી કોર્પોરેટ જગતના વડાઓ, કેન્દ્ર સરકારના મંત્રીઓ, રાજનેતાઓ અને સોશિયલ મીડિયા પર લોકો પોતપોતાની રીતે પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. એક વાત બધા સ્વીકારે છે કે ભારતની ઓફિસોમાં કામનો ભાર અને સ્ટ્રેસ જબરદસ્ત છે. એક કર્મચારી પાસેથી એટલું બધું કામ કરાવવું (અને ઉપરથી નોકરી જતી રહેશે તેવા ડરની તલવાર લટકતી રાખવી) કે તે ઘરે જઈને પણ સુખેથી રહી ન શકે તેવો માહોલ ચારેબાજુ છે.આને ટોક્સિક વર્ક કલ્ચર કહે છે. સાદી ગુજરાતી ભાષામાં એને કમર્ચારીઓને નીચોવી નાખવાનું કહે છે. 'આરપીજી એન્ટરપ્રાઇઝ'ના ચેરમેન હર્ષ ગોયન્કાએ અન્ના સેબાસ્ટિયનના મોત પછી કહ્યું હતું કે આપણે આ સમસ્યામાં માત્ર સંવેદના બતાવાથી નહીં ચાલે, વાસ્તવિક પરિવર્તન લાવવું પડશે. એમણે કહ્યું હતું કે, ભારતીય ઉદ્યોગોએ કામકાજમાં તંદુરસ્ત માહોલને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવાં જોઈએ, જેમાં કામ અને વ્યક્તિગત જીવન વચ્ચે સ્પષ્ટ સીમાઓ નક્કી કરવી. અત્યારની અસુરક્ષિત અને શોષણકારી વાતાવરણ માટે એકમ વડાઓ જ અમુક અંશે જવાબદાર ગણાય.

'ધ એશિયા મેન્ટલ હેલ્થ ઇન્ડેક્ષ'ના એક અભ્યાસ અનુસાર, ભારતમાં ૨૦થી ૨૯ વર્ષની વયના કર્મચારીઓની સ્થિતિ નોંધપાત્ર રીતે ખરાબ છે. એમના પર સૌથી વધુ સ્ટ્રેસ અને માનસિક સ્વાસ્થ્યનું જોખમ છે. ભારતમાં ૫૩% કર્મચારીઓનું કહેવું છે કે એમના માનસિક સ્વાસ્થ્યની અસર ઉત્પાદકતા પર પડી રહી છે. એકંદરે, ભારતમાં ૪૩% કર્મચારીઓનું કહેવું છે કે એશિયાના એકંદરે ૩૬%ની સરખામણીમાં એ અસ્વસ્થ અને નર્વસ હોય છે. ૫૨% કામદારો કામનો દિવસ પૂરો થાય ત્યારે માનસિક/શારીરિક રીતે થાકેલા હોય છે.

ભારતીય સમાજ સદીઓથી ગુલામીમાંથી પસાર થતો રહ્યો છે તેથી આપણા સમાજ દ્વારા, મોટે ભાગે આપણા માતા-પિતા દ્વારા, દરેક વસ્તુ માટે હા કહેવાની ગુલામ માનસિકતા કેળવવામાં આવી છે. એટલે આજે પણ મોટાભાગનાં ઘરો અને ઓફિસોમાં 'ના' કહેવું તે અપમાન ગણાય છે. તેની સાથે, મોટાભાગના માલિકો અને મેનેજરોની પણ એવી જ માનસિકતા હોય છે (જે પારિવારિક-સામાજિક માહોલની દેન છે) કે અપમાન કરો, હુકમ કરો, ચીસો પાડો, દબાણ કરો તો જ લોકો કામ કરશે.

બેંગ્લોરમાં કામ કરતી દિવ્યા શર્મા નામની એક નોકરિયાત કહે છે કે, 'મેં ત્રણ જુદાં જુદાં શહેરમાં કામ કર્યું છે, ત્રણે જગ્યાએ ગૂંગળામણભર્યું કામ હતું અને ત્રણેયમાં કારણો આશ્ચર્યજનક રીતે અલગ હતાં.' દિવ્યાએ એના અનુભવમાં ૮ વાત નોંધી હતી, જે આપણે ત્યાં ટોક્સિક વર્ક કલ્ચર માટે જવાબદાર છે.

દરેક બોસ અથવા મેનેજરને એવું લાગે છે કે 'પોતે એક રાજા' છે અને બધાએ એને નમન કરવું જોઈએ. એ એક સરમુખત્યારની જેમ વર્તે છે.

મોટા ભાગના બોસ અને મેનેજરો કરોડરજ્જુ વિનાના હોય છે અને ઉપરના લોકોને ખુશ કરનારા હોય છે. આ લોકો પોતાના સ્વાર્થ માટે એક કર્મચારીને બીજા કર્મચારી સામે ઊભા કરવાનો પ્રયાસ કરે છે.

ભારતની ઓફિસોમાં સાથીદારો ગંદું રાજકારણ રમીને માહોલ બગાડતા હોય છે. એમાં એકબીજા સાથે ગંદી હુંસાતુંસી થાય છે. મેનેજમેન્ટ ઘણી વાર તો તે પોતે જ તેને પ્રોત્સાહન આપે છે.

સંસ્થામાં પહેલેથી જ કામ કરતા લોકોને એવું લાગતું હોય છે એમને બધું જ આવડે છે એટલે એ નવા લોકોને ન તો સ્વીકારે છે કે ન તો એમને પ્રોત્સાહન આપે છે એટલે નવોદિતો પહેલા દિવસથી જ નાસીપાસ થઇ જાય છે.

અહીં બીજી વિચિત્રતા એ છે કે ભારતમાં લોકો એમનાથી પ્રતિભાશાળી પણ નાની ઉંમરના લોકોના હાથ નીચે કામ કરતાં ખચકાય છે. આપણે ત્યાં પ્રતિભાનું નહીં, ઉંમરનું સન્માન થાય છે. આ પણ પેલી ગુલામ માનસિકતામાંથી આવે છે. મોટા હોય તેને નમન કરવાનું (પછી ભલે તે ડફોળ હોય)

બીજા દેશોની સરખામણીમાં, ભારતમાં પ્રદેશ/ભાષા/જાતિના આધારે ભેદભાવ વધુ છે. માણસો એમની આવડતના આધારે નહીં પણ એ કોણ છે તેના આધારે મહત્ત્વ આપવામાં આવે છે અથવા ઉપેક્ષા કરવામાં આવે છે.

આપણે ત્યાં કામકાજનાં સ્થળોએ એકબીજામાં હળવા-મળવાને પ્રોત્સાહન આપવામાં નથી આવતું. જો તમે બધાની સાથે વાતો કરો, તો તમે 'મૂરખ' છો કારણ કે બીજા તમને બનાવી જાય છે.

જો તમે કોઈની સાથે બહુ ના ભળો, તો તમને અહંકારી ગણવામાં આવે, તમારામાં એટિટ્યુડ બહુ છે એવું કહેવામાં આવે.

ટૂંકમાં ભારતમાં ઓફિસોમાં કામ કરતો કર્મચારી ચેસની રમતનું પ્યાદું છે. દરેક ટર્ન પર, બીજા લોકોનું એના પર દબાણ હોય છે અને એમાં છેલ્લે તો એણે જ ચેકમેટ થવાનું હોય છે. ■

વિશેષ
અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# ઈલેક્ટ્રિક વાહનોને સારો પ્રતિસાદ પણ... દિલ્હી હજી દૂર છે

*જે જૂનું નથી જોઇતું તેના માટે લડવા કરતાં, આપણે જે નવું ઇચ્છીએ છે*

*તેના માટે ઊર્જા ખર્ચ કરવી, એ પરિવર્તનને સ્વીકારવાની યુક્તિ છે* **- સોક્રેટીસ**



**ભારતીય** ઓટો ઉદ્યોગ હાલમાં આવા જ એક મોટા બદલાવની ટોચ પર છે. આ ફેરફાર એ જૂની કે પ્રચલિત વસ્તુના આધારે નવી વ્યવસ્થા કરવાનો પ્રયાસ નથી. આ પેનલને સીધેસીધું દબાણ કરવાથી જ અપેક્ષિત પરિવર્તન થવાનું છે એવી ધારણા હોય તો પણ તે સાકાર થશે નહીં. આ પરિવર્તન વ્યાપક, સર્વગ્રાહી અને સામાન્ય ધ્યેયની દિશામાં નક્કર પગલાં લેવાથી થશે જે આપણે નક્કી કર્યું છે... કદાચ દાવ અલગ હોઈ શકે; પણ ધ્યેય એક જ રહેશે, આ બહુવિધતાને સ્વીકારીને...

ગ્રીનહાઉસ ગેસ (જીએચજી) ના ઉત્સર્જનને ઘટાડવું એ આપણા દેશ માટે લાંબા ગાળાના ધ્યેય છે, જે ગ્લોબલ વોર્મિંગનું કારણ બને છે. આ માટે ભારતીય ઓટો ઈન્ડસ્ટ્રી એવી રીતે આગળ વધવાનું લક્ષ્ય રાખે છે કે ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં ઈંધણના વિકલ્પો સ્વચ્છ અને પરવડે તેવા હોય. તાજેતરમાં 'વર્લ્ડ ઈ-વ્હિકલ ડે' (૯ સપ્ટેમ્બર) ની ઉજવણી કરવામાં આવી હતી. તે પૃષ્ઠભૂમિ પર, કરેલી પ્રગતિ અને જે પડકારોનો સામનો કર્યો છે તેના પર એક નજર નાખીશું.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર, દેશના ઊર્જા ક્ષેત્રના કાર્બન ઉત્સર્જનમાં ભારતના રોડ ટ્રાન્સપોર્ટ સેક્ટરનો હિસ્સો ૧૨ ટકા છે. શહેરી પ્રદૂષણમાં રોડ ટ્રાફિક પણ ૨૦ થી ૩૦ ટકા હિસ્સો ધરાવે છે. આ કાર્બન ડાયોક્સાઇડ પૃથ્વીના વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું સ્તર બનાવે છે. માર્ગ પરિવહનની સાથે, સમુદ્ર અને હવા સહિત સમગ્ર પરિવહન ક્ષેત્ર પ્રદૂષણમાં વધારો કરવામાં ફાળો આપી રહ્યું છે અને તેના કારણે ગ્લોબલ વોર્મિંગની કટોકટી વધારે છે. કાર્બન ડાયોક્સાઇડ સહિત તમામ પ્રદૂષિત વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરીને વર્ષ ૨૦૭૦ સુધીમાં શૂન્ય બોજ સુધી પહોંચવાનું લક્ષ્ય ભારતે નક્કી કર્યું છે. આ ધ્યેય હાંસલ કરવા માટે, પરિવહન ક્ષેત્રમાંથી કાર્બન ઉત્સર્જનને નિયંત્રિત કરવું અને માર્ગ, સમુદ્ર અને હવાઈ પરિવહનને સ્વચ્છ અને સસ્તું ઇંધણ આધારિત બનાવવું ખૂબ જ જરૂરી બની ગયું છે. આ માટે, વિશ્વનું ધ્યાન ખનિજ ઇંધણને બદલે નવીનીકરણીય સ્રોતોના વિકલ્પો અપનાવવા તરફ ગયું છે. આ વાહનો બેટરી સંચાલિત છે અને ખનિજ ઇંધણ અને વીજળી બંને વિકલ્પો પર ચાલે છે. આ બંને વિકલ્પો પર્યાવરણને અનુકૂળ છે અને ભારતના અર્થતંત્ર પરનો બોજ હળવો કરી શકે છે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના તેના સપનાને મજબૂત કરી શકે છે. બંને વિકલ્પોમાં, જો આપણે કોલસા આધારિત વીજળીને પ્રદૂષિત કરવાને બદલે સૌર અને પવન જેવા નવીનીકરણીય સ્રોતોમાંથી વધુ વીજળી ઉત્પાદન તરફ સ્વિચ કરીએ તો જ અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાશે.

બેટરીથી ચાલતા વાહનોને ભારતમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે, પરંતુ તે હજુ પણ મર્યાદિત છે. કોઈપણ ક્ષેત્રમાં પરંપરાગત અને સાબિત વિકલ્પથી સાવધાનીપૂર્વક વળવું એ માનવ સ્વભાવ છે. વધુમાં, બેટરીથી ચાલતા વાહનોના પ્રસાર માટે માળખાકીય સુવિધાઓ હાલમાં ભારતમાં એક મોટી ખામી છે. આમાં મુખ્યત્વે બેટરી ચાર્જિંગ અને બેટરી રિપ્લેસમેન્ટ અને સંબંધિત જાળવણીનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં, સંસ્થા 'બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી' એ અપેક્ષા વ્યક્ત કરી હતી કે આપણા દેશના નવ મોટા શહેરોમાં ઓછામાં ઓછા ૪૬,૦૦૦ ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે. આ વર્ષે ઓગસ્ટના અંત સુધીમાં આ સંખ્યા ૧૨,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. ગ્રાહકો પાસેથી કેટલી વીજળી વસૂલવી જોઈએ અને આ સિસ્ટમ ગોઠવનારાઓ દ્વારા કેટલી સર્વિસ ફી વસૂલવી જોઈએ, આ અંગે હજુ પણ અસમાનતા છે.

આવા સાર્વજનિક ચાર્જિંગ સ્ટેશન માટે હાલમાં જરૂરી પ્રારંભિક રોકાણ પણ નોંધપાત્ર છે. પર્યાપ્ત ચાર્જિંગ સુવિધાઓનો અભાવ બેટરીથી ચાલતા વાહનોના ડ્રાઇવરોમાં ડર અને અસુવિધાનું કારણ બને છે. તેથી, શહેરી પરિવહન માટે બેટરી સંચાલિત વાહનો અને લાંબા અંતરના પરિવહન માટે હાઇબ્રિડ વાહનો જેવા વિકલ્પોની પણ હિમાયત કરવામાં આવી રહી છે.

હાઇબ્રિડ વાહનોની આગળ પડકારો

હાઇબ્રિડ વાહનોનું બજાર એટલું વિકસતું નથી જેટલું બેટરીથી ચાલતા વાહનો માટે છે. વાહન કંપનીઓની ફરિયાદ છે કે સરકાર હાઈબ્રિડ વાહનો પર લગભગ તેટલો જ ટેક્સ વસૂલે છે જેટલો તે પેટ્રોલ વાહનો પર લગાવે છે, જેનાથી તેમની કિંમતો વધે છે. પેટ્રોલ કરતાં હાઇબ્રિડ વાહનો પરનો ટેક્સ ઓછામાં ઓછો ૧૧ ટકા ઓછો અને મિશ્ર ઇંધણવાળા વાહનો પર ઓછામાં ઓછો ૧૪ ટકા ઓછો હોવો જોઈએ, એવી તેઓ અપેક્ષા રાખે છે. પરંતુ હાલ પૂરતું, હાઈબ્રિડ વાહનોને આવી રાહત મળવાની શક્યતા ખતમ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી છે કે હાઇબ્રિડ વાહનો પર ૪૮ ટકા અને બેટરી વાહનો પર ૫ ટકાનો વર્તમાન કર ચાલુ રહેશે. એટલું જ નહીં, તેણે ઈ-વાહનો માટે 'પીએમઇ-ડ્રાઈવ' નામની સ્કીમની પણ જાહેરાત કરી છે. જોકે, હાલમાં તેમાં પેસેન્જર ફોર-વ્હિલરનો સમાવેશ થતો નથી.

આપણા દેશમાં લાગુ 'કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ એફિશિયન્સી' (કેફે) સ્ટાન્ડર્ડ તેની પાછળનું મહત્ત્વનું કારણ છે. આ ધોરણ મુજબ, ૨૦૨૨-૨૩ થી ઉત્પાદિત વાહનોમાંથી પ્રતિ કિલોમીટર ૧૧૩ ગ્રામથી વધુ કાર્બન ડાયોક્સાઇડના ઉત્સર્જન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આગામી તબક્કામાં આ ઉત્સર્જન ૯૧.૭ ગ્રામ સુધી મર્યાદિત રહેશે. હાઇબ્રિડ વાહનો પણ બેટરીથી ચાલતા વાહનો કરતાં મોંઘા હોય છે. આ વાહનોને પહોંચાડવા અને જાળવવા માટે જરૂરી કૌશલ્યો અને પ્રણાલીઓને પરંપરાગત અને ઇલેક્ટ્રિક વાહનો બંને વિકલ્પો કરતાં વધુ તાલીમ અને ગુણવત્તાની જરૂર છે. ■

ફોકસ
સાશા શર્મા
feedback@bombaysamachar.com

# પચીસ વર્ષનો જસ કાલરા દીન દુખિયાનો છે તારણહાર

હરિયાણાના ગુરુગ્રામમાં રહેતો પચીસ વર્ષનો જસ કાલરા નિસ્વાર્થ ભાવે ગરીબ અને નિસહાય લોકોની સેવા કરી રહ્યો છે. તે 'અર્થ સેવિયર્સ ફાઉન્ડેશન'ના માધ્યમથી લગભગ ૧૨૦૦ લોકોની કાળજી લઈ રહ્યો છે. આવા લોકોને રોજબરોજની જરૂરિયાતો તે પૂરી કરે છે, તેમનું પુનર્વસન કરે છે અને તેમના પ્રત્યે ખૂબ કરુણા દેખાડે છે. લોકની સેવા કરવાનો ગુણ તેને તેના પિતા રવી કાલરા તરફથી વારસામાં મળ્યો છે. તેનું સપનું છે કે ગુરુગ્રામમાં નિસહાય લોકો માટે વિશ્વનું સૌથી મોટું એવુ આશ્રયસ્થાન બનાવે. દુખીયાઓની પીડા સાંભળીને તેને દૂર કરવાનો પ્રયાસ કરવો એ જ લક્ષ્ય જસ કાલરાનો છે.

જસ જ્યારે ૯ વર્ષનો હતો ત્યારથી તેના પિતાને લોકોની સેવા કરતો જોતો આવ્યો છે. તેના પિતા રવી કાલરાએ ૨૦૦૮માં 'અર્થ સેવિયર્સ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી હતી. તેઓ સમાજ, પશુઓ અને પર્યાવરણનાં સંરક્ષણ માટે કાર્યો કરતા આવ્યા છે. તેઓ જાતે તકલીફમાં પીડાતા લોકોને રસ્તા પરથી ઉઠાવીને લાવતાં



અને ફાઉન્ડેશનમાં આશરો આપતાં હતાં.

જસ જ્યારે ૨૧ વર્ષનો થયો ત્યારે પિતા પાસેથી અન્યોની તકલીફને સમજીને દૂર કરવાનું શીખ્યો હતો અને એ વારસાને આગળ ધપાવી રહ્યો છે. જોકે કુદરતનો ન્યાય પણ અનેરો છે થોડા સમય બાદ તે જસે પિતાની છત્રછાયા ગુમાવી દીધી. તેના માટે તો આગળની જર્ની અઘરી બની ગઈ હતી. તેના ઉપર અચાનક એ ૬૦૦ લોકોની જવાબદારી આવી ગઈ, જેમની સેવા તેના પિતા કરતા હતાં. કેટલાક લોકો રોગ-બીમારીથી પીડાતા હોય છે, તો કેટલાક લોકો મરણપથારીએ પહોંચી ગયા હોય છે. જસે પોતે લગભગ ૧,૫૦૦ લોકોને રસ્તા પરથી ખરાબ સ્થિતિમાંથી ઉગાર્યા છે. સાથે જ ૩,૦૦૦ લોકોને તેમના પરિવાર સાથે ફરીથી મિલન કરાવ્યું છે. લોકોની સેવા કરવામાં જે ખુશી તેને મળે છે એને તે શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતો. આટલુ જ નહીં તેણે તો અનેક દેહોના અંતિમ સંસ્કાર પણ કર્યા છે જેમની ના તો કોઈ ઓળખ હતી કે ના તો કોઈ ઠેકાણું હતું. તેનું કહેવુ છે કે વ્યક્તિના નિધનને પણ સન્માન મળવું જોઈએ. આવા લોકોની દરકાર લેવાની તાકાત પિતા તરફથી મળી છે એવુ જસ કહે છે. જનસેવા વિશે તારણહાર જસે કહ્યું કે, 'અમારી જેમ કેટલાક લોકો જેમને અમારા કામ પર વિશ્વાસ છે તેમની મદદથી આ સેવાનું કાર્ય ચાલી રહ્યું છે. દરેક વ્યક્તિ સન્માનને પાત્ર છે.' ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'સા'બ મૈને ગુના તો કિયા ના....પ્લેટફોર્મ પર સોને કા ગુના...પ્લીઝ મુઝે લોકઅપ મેં ડાલ દો....મેરે પાસ સોને કી જગહ નહીં હૈ.'

હવાલદાર અભિની ચતુરાઇ સમજી ગયા.....સોની નોટની સામે સૂવાની જગ્યા જોઇએ છે.

'ઓય કલાકાર, શાણા સમજતા હૈ તૂ અપને કો.....ડાયલોગબાજી ઇધર નહીં કરનેકા.' હવાલદાર તાડુક્યો.

'સા'બ, મેરે પાસ સોને કી જગહ નહીં હૈ...કોઇ ભી ગુના મેં અંદર કર દો...એક રાત કા સવાલ હૈ.'

ઇન્ચાર્જે હવાલદારની સામે જોયું. હવાલવદાર પોલીસ ઇન્સ્પેક્ટરનો ઇશારો સમજી ગયો. 'સા'બ, બહાર એક ભી બાકડા ખાલી નહીં.' બોલીને એણે પોતાના પેન્ટનું ખિસ્સું થપથપાવ્યું.

'કલાકાર, જા, અંદર જાકે સો જા.' ઇન્સ્પેક્ટર બોલ્યો. હવાલદાર ઇન્સ્પેક્ટરની ક્યારેય નહીં જોયેલી દિલેરી જોઇ રહ્યો.

અભિને અંદર જતા જોઇને ઇન્સ્પેક્ટર બોલ્યો: 'સચ્ચા કલાકાર હૈ. તુમને સૂના ઉસને ક્યા કહા? એક રાત કા સવાલ હૈ....સબ કી લાઇફ મેં એક રાત કા હી સવાલ હોતા હૈ....કાલી અંધેરી રાત બીત જાતી હૈ ઔર સુબહ કે ઉજાલે મેં બહુત કૂછ બદલ જાતા હૈ.'

'સા'બ, અપને કો ક્યા...કલાકાર હો....યા ઘર સે ભાગા હુઆ આદમી.? હમારી જેબ મેં પૈસે આને ચાહિયે.' હવાલદારે ખિસ્સામાંથી રાતની કમાણી ટેબલ પર મૂકી. રૂપિયાની સરખેભાગે વહેંચણી થઇ ગઇ ને હવાલદાર બહાર બીજો શિકાર શોધવા નીકળી પડ્યો. ઇન્સ્પેક્ટરે અંદર જઇને પોતાના હિસ્સાની લાંચના અડધા પૈસા પાછા આપતા કહ્યું: 'મેરી ડ્યૂટી બદલે ઇસ સે પહેલે નિકલ જાના.'

****************

વહેલી સવારની લોકલ ટ્રેનમાં માંડ એકાદ બે જણ ઝોકાં ખાતા બેઠા હતા, પણ અભિના મનમાં રાતે સાંભળેલા બે અલગ અલગ ડંડાનો અવાજ ગૂંજતો હતો. એને ટ્રેનના ખટક ખટક અવાજની જગ્યાએ ડંડાનો અવાજ આવ્યા કરતો હતો. કેવી કરુણતા. ફિલ્મ કલાકાર બનવા આવેલા એક માણસે વોચમેન બનીને 'એક્ટર્સ અડ્ડા'નો ચોકીપહેરો ભરવાનો સમય આવે. એવું નહતું કે ફિલ્મી દુનિયાની વરવી વાસ્તવિકતાથી પોતે વાકેફ નહતો. એણે ઊગતા કલાકારોની પાયમાલી અને દુર્દશાના ઘણા કિસ્સા સાંભળ્યા હતા., પણ કોણ જાણે કેમ વોચમેનની કહાનીએ એને વિચારતો કરી મૂક્યો. અભિએ બહાર જોયું. એની નજર સામેથી ઊંચી ઇમારતો, ઝાડપાન અને ઝૂપડપટ્ટીની જગ્યાએ રાતનું દૃશ્ય પસાર થઇ રહ્યું હતું.

ફિલ્મની કચકડાની પટ્ટીની જેમ સામેથી પસાર થઇ રહેલું ચિત્ર અને એના શબ્દો રિવાઇન્ડ થઇને દરિયાના મોજાંની અફળાઇ રહ્યાં હતાં.

'મૈં ભી એક્ટર બનને આયા થા...ઔર આજ.' વાક્ય અધૂરું છોડીને એણે મોં ફેરવી લીધું હતું જેથી હું એના ચહેરાની વેદનાને વાંચી ન શકું. અગર એના ચહેરાને વાંચી લીધો હોત તો પણ હું શું કરી શકવાનો હતો. ના, હું એના દર્દને સમજી શકું છું...ચહેરો જોયા વિના. એના ડંડામાં પછડાતી...પડઘાતી વેદનાએ મને દ્રઢ અને મક્કમ બનાવી દીધો છે...મારું મનોબળ મક્કમ કરી આપ્યું છે...મારા ઇરાદાઓને બુલંદી બક્ષી છે. હું એક્ટર બનીને બતાવીશ. એણે અચાનક બારીની ઉપર મુક્કીઓ મારી: 'મૈં બડા સ્ટાર બનુંગા..ઔર ઇસ કે લિયે મુઝે કૂછ ભી કરના પડે.....કરુંગા.'

બાજુમાં અડધી ઊંઘમાં સૂતેલા એક મુસાફરે આંખ ખોલીને ગુસ્સામાં કહ્યું: 'રાત કા નશા અભી ઉતરા નહીં હૈ ક્યા.?'

અભિની અભાનતા તૂટી. પોતે બોલેલા શબ્દોથી એણે જરાય ભોંઠપ ન અનુભવી. બીજી જ ક્ષણે એની નજર સામે નશામાં ચૂર હવાલદાર અને પોલીસ ઇન્સ્પેક્ટરની રિલ ફરવા લાગી. આ સ્વપ્નનગરી ઘણુંબધું લૂટી લે છે તો એની સામે કેટલું બધું આપે પણ છે. હવાલદારની લાંચિયાગીરી અભિની ચામડીને અડકીને નીકળી ગઇ......જ્યારે પોલીસ ચોકીના ઇન્સ્પેક્ટરમાં થોડી બચેલી ઇન્સાનિયત એના દિલને સ્પર્શી ગઇ.

અભિના મનનું ચિત્ર બદલાયું...હવે એના મનમાં રાતે રોકાનારો ભાગેડુ દોસ્ત ડોકાયો. ચંદને એને વિદાય તો કરી હશેને.? તમામ તકલીફો અને મુશ્કેલીઓને જુહુના દરિયામાં પધરાવીને સ્ટાર બનવાના શપથ લેનારો અભિ ધડકતા હૃદયે ઘરે પહોંચ્યો. એણે દરવાજો ખખડાવ્યો.

સીમાએ દરવાજો ઉઘાડતા જ અભિને ખખડાવી નાખ્યો: ક્યાં હતો રાતભર? કેટલી ચિંતા કરાવી મને.?' પછી શબ્દ બદલીને કહ્યું 'અમને...મને અને ચંદનને.'

'હું મારા એક એક્ટર ફ્રેન્ડને ત્યાં રોકાઇ ગયો....મોડું થઇ ગયેલું.'

'નાકા પરના ફોનબૂથ પર ફોન કરી દેવાય કે નહીં.નંબર તને લખાવ્યો છેને.?'

અભિને આવી બધી વેવલી વાતોમાં રસ નહતો... એને એ જાણવામાં રસ હતો કે ચંદનનો દોસ્ત છે કે ગયો.

'હવેથી ફોન કરીને જાણ કરી દઇશ....મને રૂમની ચાવી આપો.'

'ખુલી જ છે રૂમ.' સીમા બોલી ને અભિને થયું કે ભાગેડુ દોસ્ત હજી રૂમમાં લાગે છે.

'ચંદન છે ત્યાં?' એણે પૂછ્યું.

'ના, કોઇ નથી....ચંદન અને એનો દોસ્તાર ક્યારના નીકળી ગયા.'

> 'ચાની તલબદાર આંખો બોલતી હોય છે. તારી આંખોમાં ચાની તલબ દેખાય છે.' સીમાની આંખોમાં નિર્દોષ મસ્તી છલકી.

અભિને હાશકારો થયો. એક વેળાનું સંકટ ટળ્યું....પણ આ કાયમી ઉપાય નહતો. રૂમ છોડવી તો પડશે જ.....પછી ક્યાં જવું.? જાતે કરેલા સવાલનો જવાબ એની પોતાની પાસે ક્યાં હતો. જો હોગા વો દેખા જાયેગા. એની પાસે આ કાયમી ઉપાય જેવો આ એકમાત્ર ડાયલોગ હતો: જો હોગા વો દેખા જાયેગા.

'મારા માટે ચા નહીં બનાવતા. પ્લીઝ.' કહીને એ ચાલતો થયો.

સીમા મોં ફેરવીને મલકી. થોડીવાર પછી અભિના રૂમના દરવાજે બે ટકોરા પડ્યા.અભિએ બારણું ખોલ્યું. સામે સીમા નાસ્તાની પ્લેટ લઈને ઊભી હતી.

'આ શું છે.?' અભિએ પૂછ્યું.

'નાસ્તો....તેં ચાની ના પાડેલીને' આ રીતે અભિને છેતરવાની સીમાને મજા પડી ગઇ હોય એમ લુચ્ચું હસી.

'ઓહ હોહોહોહો...તમે પણ કમાલ છો...ચાની ના પાડી તો નાસ્તો..' અભિએ પોતાના ખભા ઢાળી દેતા આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'થેપલાં અને અથાણું છે.' સીમા ટેબલ પર પ્લેટ મૂકીને ઉતાવળે પાછી જવા લાગી.

'ઓ મા..' એ બોલી...

'શું થયું.?' અભિએ પૂછ્યું.

'ચાને ઉકળતી મૂકીને આવી છું.'

અભિ હસી પડ્યો. થોડીવારમાં જ એ ચાનો મગ લઇને આવી.

'ચાની તલબદાર આંખો બોલતી હોય છે. તારી આંખોમાં ચાની તલબ દેખાય છે. કેટલી લાલ છે જો' સીમાની આંખોમાં નિર્દોષ મસ્તી છલકી.

'એક સવાલ પૂછું.?' અભિ બોલ્યો.

'હા'

'તમારી આ ભાષા, આંખો વાંચી લેવાની કળા, ચહેરાનો અભ્યાસ કરવાની કુનેહ....આ બધું તમારામાં ક્યાંથી આવ્યું છે મારી તો સમજની બહાર છે.'

સીમા થોડીવારના મૌન પછી બોલી: 'મેં બી.એ. સાથે સાઇકોલોજી કર્યું છે.'

અભિ અવાચક બનીને સીમાને જોતો રહ્યો. ઓ માય ગોડ...આ માયાવી નગરી કેટકેટલાં પાત્રોથી ભરેલી છે. કેટલા ચહેરા, કેટલા મ્હોરાં, કેટલા મુખવટા.....પાત્રોમાં પાત્રો. દરેકની એક અનોખી કહાની...અલગ અંદાજ.

દુનિયા એક રંગમંચ છે ને આપણે બધા રંગકર્મીઓ છીએ...આવી બધી શેક્સપિયરે લખેલી લાઇનોની ફિલોસોફી કરતાં વધુ રસ સીમાની સાઇકોલોજીમાં પડ્યો. ચંદન જેવા ગુનાઇત માનસ ધરાવતા ટેક્સી ડ્રાઇવર સાથે આવી સુશીલ અને સાયકોલોજી ભણેલી છોકરી ક્યાંથી ભટકાઇ ગઇ.? હું જેમ એની ટેક્સીની અડફેટે આવી ગયેલો એમ એ પણ ભટકાઇ ગઇ? અભિને રમૂજ પણ સૂઝી...પછી ગંભીરપણે વિચારવા લાગ્યો: થોડીવાર પહેલા મારો ચહેરો ને આંખો વાંચી લેનારી સીમાએ હજી સુધી ચંદનનો ચહેરો વાંચ્યો નહીં હોય...કે પછી એ ચંદનનો ચહેરો વાંચવામાં થાપ ખાઇ ગઇ હશે કે ચંદનની કોઇ જાળમાં ફસાયેલી હશે...અભિને સવાલો...પેટા-સવાલો ઘણા થયા, પણ એ પહેલા સવાલમાં જ વધુ ગૂંચવાયેલો રહ્યો. અભિની ઉલઝનની વચ્ચે સીમા જ સવાલ કરી બેઠી: 'એક વાત પૂછું.?'

'હા.' અભિએ આશ્ચર્ય સાથે માથું હલાવ્યું.

'એ રાતે આવેલો ચંદનનો એ દોસ્ત કોણ હતો.?' સીમાના આવા અણધાર્યા પ્રશ્નનો અભિને અંદાજ નહતો. શું કહેવું....શું જવાબ આપવો.? સાચો જવાબ એના સંસારમાં આગ લગાડશે....ખોટા જવાબથી સીમા સાથેનો એનો પોતાનો વિશ્વાસ તૂટી જશે.

'ચંદને તમને એના દોસ્ત વિશે કહ્યું હશેને.'

'ના, એણે માત્ર એટલું કહ્યું કે સુનીલ મોઝીઝ નામનો એનો ફ્રેન્ડ એક રાત માટે આવે છે ને બીજે દિવસે વહેલી સવારે વડોદરા જશે.'

ચંદને સીમાને ખોટું નામ કહ્યું હોવાની અભિને ખાતરી થઇ ગઇ...

'હા, મને પણ એવું જ કહ્યું.' અભિએ ટૂંકમાં પતાવ્યું.

'મોડી રાત સુધી દારૂ પીતા પીતા ત્રણ જણે માત્ર આટલી જ વાતો કરી.?'

સીમાનો સવાલ પેચીદો નહતો...પણ અભિ નામના કલાકારને ગૂંચવી શકે એમ નહતો.

'દારૂની સાથે ચખનામાં અલકમલકની ચટપટી વાતો હોય, જે સ્વાદ વધુ જગાવે અને નશો આહિસ્તા આહિસ્તા ચડાવે.' અભિએ મોંમાં આવેલો સંવાદ બોલી નાખ્યો.

એ જ વખતે ટેલિફોન બૂથવાળો છોકરો આવીને બોલ્યો: 'અભિનય ભૈયા, આપકા ફોન હૈ.'

'ઇસ વક્ત કૌન હોગા.?' એણે સીમાની સામે જોતા પૂછ્યું. હું આવું હમણાં કહીને અભિ દોડ્યો.

*********************

'મૈં મામાજી.' મામાજીના અવાજમાં દર્દ હતું.

'ક્યા હુઆ મામાજી.?' અભિ ઉતાવળે બોલ્યો.

'બેટા, મુઝે માફ કરના....મૈંને કહા થા.....લેકિન મૈં તુમ્હે હર મહિને પૈસા નહીં ભેજ સકતા.' અભિને થયું કે કોઇ જાણીતા હાથ એને ગળે ટૂંપો દઇ રહ્યું છે. એનો શ્વાસ રુંધાવા લાગ્યો. ત્રણ મિનિટ પૂરી થયાની વોર્નિંગ આપતું બીપ...બીપ...બીપ...વાગવાની શરૂઆત થઇ.

'તેરી મામીજી કહેતી હૈ કી તુ વહાં છોટીમોટી નૌકરી કર કે અપના કામ ચલા લે...' મામાજીનું વાક્ય પૂરું થયું ને લાઇન કટ ઓફ થઇ. અભિની તાજી ભીની થયેલી આંખો બૂથમાં કાળા ચશ્મા પહેરીને બેઠેલી અંધ મહિલાને જોતી રહી. અભિએ પાછલી રાતે પોલીસ ઇન્સ્પેક્ટરની ઇમાનદારીથી વધેલા પૈસામાંથી દસની નોટ કાઢીને અંધ મહિલાને આપી.

'દસ કા નોટ હૈ.' અભિ બોલ્યો.

'છુટ્ટા નહીં હૈ મેરે પાસ. ચલેગા નહીં દેગા તો ભી..' મહિલાએ નોટ પાછી આપતા કહ્યું.

'સૂના હૈ તૂ એક્ટર બનને આયા હૈ' અંધ મહિલાએ પૂછ્યું.

'જી હા.'

'તુમ્હારી સ્ટ્રગલ અબ શુરુ હોગી.....સબ જગહ સે આદમી કી મદદ બંધ હોતી હૈ...તબ અસલી સ્ટ્રગલ કી શુરુ હોતી હૈ.'

(ક્રમશઃ)■

## વિશેષ પ્લસ

નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

# ૧૦થી ૨૧!

## બાળવિવાહ કાયદામાં સુધારણાનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ



દેશમાં બાળવિવાહ જેવી કુપ્રથાને ડામવા માટે અનેક કાયદાઓ બન્યા, પરંતુ હજી પણ દુર્ગમ વિસ્તારોમાં આ કાયદાઓની ગણના થતી નથી અને ખુલ્લેઆમ બાળવિવાહ થઇ રહ્યા છે.

બીજી તરફ મહિલાઓ સામે અત્યાચારના કિસ્સા પણ વધી રહ્યા છે. બળાત્કાર, પ્રેમસંબંધમાં તિરાડ પડતા થતી હત્યા, સાસરિયા તરફથી થતી સતામણી વગેરે સમાચાર અખબારોમાં જરૂરથી જોવા મળે. પ્રશાસન તરફથી ઘણા પ્રયત્નો કરવામાં આવવા છતાં આવી ઘટનાઓની સંખ્યા કંઇ ઓછી થવાનું નામ લેતી નથી. એવામાં હિમાચલ પ્રદેશ વિધાનસભામાં સ્ત્રીઓની લગ્નની વય ૧૮થી વધારીને ૨૧ કરવાના બિલને મંજૂરી આપવામાં આવી.

આ બિલ અમે લઇ આવ્યા હતા, એવું કૉંગ્રેસનું કહેવું છે, પરંતુ બહુમતીને કારણે અમે આ બિલને મંજૂરી અપાવી છે, એવું વલણ ભાજપે અપનાવ્યું છે. તેથી બન્ને પક્ષો તેનું શ્રેય લેવા તત્પર થયા છે. હવે રાજ્યપાલ પાસે આ બિલ મંજૂરી માટે અટકી પડે અને અન્ય ખરડાઓની જેમ તે પણ અટકી પડે નહીં, એવી આશા રાખવામાં આવી છે.

હકીકતમાં ૨૦૨૧માં મહિલાઓની લગ્નની ઉંમર ૨૧ કરવાનો ખરડો સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. ભાજપ પાસે બહુમતી હોવા છતાં તેઓ સ્થાયી સમિતિ પાસે ગયા હતા અને પાણીમાં બેસી ગયા હતા. મહિલાઓનું જીવન બદલી નાખનારની દૃષ્ટિએ એક પગલું આગળ વધારતા આ ખરડાનું સ્વાગત અન્ય રાજ્યો તરફથી પણ કરવામાં આવે એવી આશા.

રાજ્યની દરેક ધર્મની યુવતીના લગ્ન હવેથી ૨૧ વર્ષ કરવાનો કાયદો બનાવનાર હિમાચલ પ્રદેશ એ દેશનું પ્રથમ રાજ્ય બન્યુ છે જેને 'હિમાચલ પ્રદેશ બાળવિવાહ પ્રતિબંધ કાયદો-૨૦૨૪'માં ઉક્ત ફેરફાર કર્યો છે.

વિવાહનો વિષય સમવર્તી યાદીમાં હોવાને કારણે રાજ્ય આ પ્રકારનો કાયદો કરી શકે છે. સ્ત્રી-પુરુષ સમાનતાને વધારવા, સ્ત્રીઓનું આરોગ્ય સારું રાખવા તથા તેઓને શિક્ષણનો અને જીવન ઘડવાનો લાભ અપાવવાને આ ખરડાનો મુખ્ય હેતુ હોવાનું હિમાચલ સરકારનું કહેવું છે. તેમ છતાં કાયદાના પરિણામ માટે થોડા સમય લાગે છે એમ આ કાયદાના પરિણામ માટે પણ રાહ જોવી પડશે.

સ્ત્રીઓના લગ્નનો મુદ્દો અત્યારે જ નહીં, પણ બ્રિટિશકાળથી ચર્ચામાં છે. ૧૦૦-૨૦૦ વર્ષમાં સ્ત્રીઓના જીવન જીવવામાં ઘણા પરિવર્તનો આવ્યા છે.

રાજા રામમોહન રૉયના પ્રયત્નોને કારણે અને બ્રિટિશોની મધ્યસ્થીને કારણે ૧૮૨૯માં સતીપ્રથા ગેરકાયદે ઠરી હતી. ભારતના પ્રથમ મહિલા ડોક્ટર તરીકે ઓળખાતા રમાબાઇ રાઉતે તો 'મને માન્ય નથી એ લગ્નજીવન મને મંજૂરી નથી', એવી કડક ભૂમિકા અપનાવીને કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. ક્વીન વિક્ટોરિયા સુધી જઇને દાદ માગી હતી તેમણે.

એક સ્ત્રી પોતાના પતિ સાથે રહેવા તૈયાર નથી એ વાતથી તે જમાનામાં ખળભળાટ મચી ગયો હતો. આ કાળમાં જ બંગાળમાં ફુલમણી દાસી એ દસ વર્ષની છોકરીનું લગ્નના પ્રથમ રાત્રે શારીરિક સંબંધ બાંધવાને કારણે મૃત્યુ થયું હતું. તેની માતા આ પ્રકરણે કોર્ટમાં ગઇ હતી.

આ બન્ને પ્રકરણને કારણે ફેલાયેલો અસંતોષ, સામાજિક વાદવિવાદ, ન્યાયાલયીન પ્રક્રિયાને કારણે ૧૮મી માર્ચ, ૧૮૯૧માં સંમતિવયનો કાયદો લાગુ થયો હતો. આ કાયદામાં છોકરીના લગ્નની ઉંમર દસથી ૧૨ વર્ષ કરવામાં આવી હતી. બ્રિટિશરોનો અમારા ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ ન હોવો જોઇએ એવું કહેનારા બહુસંખ્ય સમાજમાં આ બાબત બહુ મોટી વાત હતી. ત્યાર બાદ રાજસ્થાનના એક પુરોગામી ન્યાયાધીશ હરવિલાસ શારદાના પ્રયત્નને કારણે ૧૯૨૯માં બાળવિવાહ પ્રતિબંધ કાયદો બનાવવામાં આવ્યો. તે 'શારદા કાયદો'ના નામે ઓળખાય છે. તે અનુસાર છોકરીઓની લગ્નની ઉંમર ૧૪ વર્ષ કરવામાં આવી. પાછળથી તે કાયદામાં પણ સુધારો કરવામાં આવ્યો અને બાળવિવાહ પ્રતિબંધ (સુધારણા) કાયદો અમલમાં આવ્યો અને સ્ત્રીઓની લગ્નની ઉંમર ૧૮ વર્ષ કરાઇ આ બધું ૧૯૭૮માં થયું. તેથી ૧૮ વર્ષથી નાની ઉંમરની છોકરી સાથે શારીરિક સંબંધને બળાત્કાર માનવામાં આવ્યો.

સ્ત્રીઓના લગ્નની ઉંમર નક્કી કરવાનો પણ દોઢસો વર્ષથી વધુનો ઇતિહાસ છે. જે ફેરફારો થયા તેમાં કેટલાક સંવેદનશીલ પુરુષોનો પણ હાથ છે. આજે ક્યાંય પણ બાળવિવાહ થતા નથી, એવું હજી પણ છાતી ઠોકીને કોઇ કહી શકતું નથી. શહેરી ભાગમાં પણ ખુલ્લેઆમ થતા નથી.

છોકરીઓનું આરોગ્ય તથા થોડું ભલે હોય પણ તેને શિક્ષણ મળવું એ તેનો ઉછેર કરતી વખતે મહત્ત્વનું ગણાય. સામાજિક દબાણ પણ થોડા અંશે વિચારમાં લેવો પડે છે. આ બધુ થવા માટે છેલ્લાં ૧૫૦ વર્ષમાં થયેલો સામાજિક સુધારો, તેનાથી થયેલા કાયદામાં ફેરફારને ધ્યાનમાં લેવું જરૂરી છે. તેથી જ હિમાચલ પ્રદેશમાં સ્ત્રીઓની લગ્નની ઉંમર ૧૮થી વધારીને ૨૧ કરવાના નિર્ણયનું મહત્ત્વ વધી જાય છે.

છોકરી તો 'બોજ', 'પારકું ધન' કહેવાય એવું કહેનારા સમાજમાં અત્યારે પણ તેમના લગ્ન કરાવી સાસરે જલદીથી વળાવી દેવાની ઉતાવળ કરાતી હોય છે. તેને સારું શિક્ષણ આપી, પગભેર ઊભી કરવા માટે બહુ ઓછા લોકો વિચારે છે. ગ્રામીણ વિસ્તારોમાં તો અમુક જાતિ-ધર્મમાં તો આ પ્રશ્નો વધુ જટીલ છે.

એવું પણ નથી કે આજે છોકરીઓને સમાજમાં અગ્રગણ્ય સ્થાન મળતું નથી, પરંતુ દેશની લોકસંખ્યાને ધ્યાનમાં લઇએ તો આ પ્રમાણ નગણ્ય જ ગણાય. ■

## આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# હા, પસ્તાવો વિપુલ ઝરણું...



સવિતાએ બળવંતને કહ્યું:- આજે પાંચ હજાર રૂપિયા જાઓ. મહિનાનું રેશન ભરવાનું છે, મમ્મીની દવા મંગાવવા છે. કામ પર જઈ રહેવા બળવંતે પાકીટમાંથી ૫૦૦ રૂ.ની નોટ સવિતાને આપતાં કહ્યું હમણાં આટલા જ છે, શેઠ પાસેથ ઉધાર લઈને સાંજે આપીશ.

સવિતાએ પતિનો ભારે અવાજ અને લાલચોળ આંખો ફૂલેલા આંખના પોપચા સામે જોતાં કહ્યું- કાલે પાછા દા઼ ઢેંચવા ગયા હતા, ઘરમાં મા બીમાર છે, ડોકટ઼ એન્જિયોપ્લાસ્ટી કરાવવી પડશે એમ કહ્યું છે તે યાદ છે ને- પૈસા કયાંથી કાઢશો, કંઈ નહીં તો તમારા પાંચ વર્ષના દીકર પર કેવા સંસ્કાર પડશે, એનો વિચાર કર્યો છે ? અને તમાર ફેફસાં સડી જશે, જરા તો સુધરો.

બળવંત અકળાયો પણ ઝઘડો ટાળવા તે કંઈ બોલ્યો નહીં બળવંત સવારે નવ વાગતામાં ટિફિન લીધા વગર જ મનહરલાલ શેઠને ઘરે પહોંચી ગયો. એને જોતાં જ શેઠ પામી ગયા કે આજે એણે નશો કર્યો જ છે. ઓફિસમાં પહોંચતા જ એમણે અકાઉન્ટ ચૌધરીને ઈન્ટરકોમ પર સૂચના આપી દીધી.

બળવંત શેઠની કેબિન તરફ જતો હતો ત્યાં જ સેક્રેટરીએ તેને રોકતાં કહ્યું- સાહબને ચૌધરીજી કો મિલને કો કહા હૈ. બળવંતે કહ્યું મુઝે સાહબસે મિલના હૈ, સિર્ફ દો મિનિટ કહેતાં એ કેબીનને ખોલીને અંદર જતો રહ્યો.

શેઠ મારી મા બિમાર છે, એનું ઓપરેશન કરવાનું છે, મહેરબાની કરીને મને ૨૫હજાર રૂપિયા ઉધાર આપો. બળવંતે આંખો નીચી રાખી દીન ભાવે કહ્યું.

હા, જરૂર આપું કે જેથી તું વધારે દારૂ ઢેંચે, તું તારા કુટુંબને પાયમાલ કરી રહ્યો છે. તને ઉધાર રકમ તો નહીં જ મળે, પણ હું હવે તને નોકરીમાંથી જ કાઢી મૂકું છું. જા, ચૌધરી પાસે જઈ તારો હિસાબ કરી લે. આજથી તું છૂટ્ટો.

બળવંત કરગરવા લાગ્યો ત્યારે શેઠે કહ્યુ કે બળવંત છ મહિના સુધી તું દારૂને હાથ નહીં લગાડે તો તને કામ પર રાખીશ. જો હજુ તારું મોં ગંધાય છે, જો તું કેવો દેખાય છે, તને લાજશરમ નથી જા, અહીં આમ ઊભો ન રહે.

સ્વભાવના તીખા બળવંતે શેઠને વધારે કાકલૂદી ન કરી અને કેબિનની બહાર નીકળી ગયો. ચૌધરીએ ૧૫,૦૦૦ રૂપિયા આપ્યા. નોકરી ગુમાવી પણ ખીસ્સું ગરમ થયું, એવા રોફમાં ને રોફમાં એ ઓફિસમાંથી નીકળી ગયો.

બોરીવલી જવા તે બાંદ્રાથી ટ્રેનમાં ચઢયો ત્યારે તેનો જૂનો મિત્ર અજય મળી ગયો. બળવંતને જોતા જ એણે પૂછ્યું :- કેમ આટલો ઉદાસ દેખાય છે, કોઈ ચિંતામાં લાગે છે.

બસ,જો આ શેઠે નોકરીમાંથી કાઢી મૂક્યો હવે શું કરું? બળવંતે દીનભાવે કહ્યું. અરે, એમાં શું, અમારી સાથે ટ્રક ડ્રાઈવર તરીકે જોડાઈ જા.પણ, મુંબઈની બહાર ગુજરાતમાં,નાશિક, ગોવા જુદે જુદે સ્થળે માલની ડીલીવરી કરવાનું કામ છે, એટલે સમય વધુ આપવો પડે. રાત-દિવસ ગમે તે ડ્યૂટી ભરવી પડે.

ડૂબતા ને તરણું મળે તેમ બળવંતે કહ્યું- હા, મને તારા સાહેબ પાસે લઈ જા. બીજે દિવસે બળવંત અજય સાથે ટ્રાન્સપોર્ટ કંપનીમાં ગયો અને કામ પર ચઢી ગયો.

ત્રણેક અઠવાડિયા થયા હશે ત્યારે એક વાર બળવંત અજયની સાથે જ અમદાવાદ તરફ રાત્રે બે વાગે માલ પહોંચાડવા જઇ રહ્યો હતો. એની ટ્રકમાં સોફ્ટડ્રીંકના માલ સાથે ચરસ-ગાંજાનો માલ પણ સંતાડ્યો હતો. અજય અને બળવંત સાથે બીજા બે માણસો પણ હતા.

ટ્રક ચલાવી રહેલા બળવંતની બાજુમાં અજય બેઠો હતો, પેલા બીજા બે મજૂરો માલ સાથે આડા પડી ઝોકાં ખાઈ રહ્યા હતા. અજયે એક કાળા રંગનું મોટું પાઉચ બતાવતાં કહ્યું- આમાં રાજકોટના એક મોટા અધિકારીસાહેબને આપવાના ત્રણ લાખ રૂપિયા છે. પણ, આજે સિક્યોરિટી ટાઈટ લાગે છે. જો, જરા સાચવજે.

પણ, આજે તો રસ્તો કલીયર છે. બળવંતે કહ્યું.

હા, એ જ ટેન્શન છે. ગમે ત્યારે ચેકિંગ થાય, પોલીસ નાકાબંધી કરે. એટલે સાવધાન રહેવાનું સમજ્યો. અજયે કહ્યું.

થોડી વાર પછી અજયે કહ્યું કે બળવંત, ભાઉલોગ આપણા ભરોસે માલની અને આ જોખમની હેરફેર કરે છે, ભાઉને મારા પર ભરોસો એટલે આ રોકડ મને આપી. ઓનલાઈનમાં આવો ધંધો ન થાય. પણ, આ મામુ સાથે સિફતથી કામ કરવું પડે.બાકી રસ્તામાં કયારેક મામુલોક જ ચેકિંગને બહાને લૂંટી લે. એવું કહીએ તો કોઈ માને પણ નહીં. અને બિચારા મજૂરો કે ડ્રાઈવરો જ ઝડપાઈ જાય.

સૂમસામ રાત્રે હાઈવે પરથી બળવંત ટ્રક ચલાવી રહ્યો હતો. તેની નજર સામે કારમી મોંઘવારી, માતાની બીમારી અને શેઠની જૂની નોકરી છૂટી જવાથી બેકારીનો ડર તાંડવ નૃત્ય કરી રહ્યા હતા.એના શેતાની દિમાગમાં વિચાર આવ્યો, હું જ અજયના પૈસાનું પાઉચ લઈને કોઈ મોટા શહેરમાં નાસી જઉં, નવો ધંધો કરું.

એણે જોયું અજય નસકોરાં બોલાવતા સૂતો હતો. પાછળ બેઠેલા બે માણસો પણ સૂઈ ગયા હતા. ત્યાં જ રસ્તામાં એક પેટ્રોલપંપ આવ્યું. બળવંતે ટ્રક પેટ્રોલપંપ પર ઊભી રાખી. અજયની સીટ પરથી એણે સિફતથી પૈસાનું પાઉચ લઈ લીધું.

ટ્રકમાંથી નીચે ઊતરી ત્યાં ઊભેલા પેટ્રોલપંપના માણસને કહ્યું- જરા ધ્યાન રખના આતા હૂં. બળવંત પાછલા રસ્તે નીચે ઊતરી ગામ તરફ ભાગી ગયો.

પંદરેક મિનિટ થઈ ત્યારે પેટ્રોલપંપના પેલા માણસે દરવાજો ઠોક્યો. અજય હાંફળો ફાંફળો જાગી ગયો.

તુમ્હારા ટ્રકડ્રાયવર અભી આતા હું બોલ કે કહાં ગયા?

અજય પોતાનું પૈસાનું પાઉચ શોધવા લાગ્યો. એને ફાળ પડી, સાચે જ બળવંત એ પાઉચ લઈ ભાગી ગયો?એણે બળવંતને ફોન લગાડ્યો તો સ્વીચઓફ.

અજયે તરત યુસુફશેઠને ફોન કરીને હકીકત કહી. ભાઈ, મેરી જરા આંખ લગ ગઈ થી, તબ વો નયા ડ્રાઈવર પૈસા કા પાઉચ લેકે ભાગ ગયા હૈ.

હેં, કયા કહેતા હૈ- તમે કયાં છો? શેઠે પૂછયું

રાજકોટસે ૬૦ કિલોમીટર દૂર- સાહબ, પોલીસમાં કંપલેન કરું?

નહીં,નહીં પોલીસ કે લફડેમેં મત પડના. હમ ખુદ ઉસે પકડેંગે. અપની ફોજ હૈ ના. તુ માલ પહોંચાડી પાછો ફર. શેઠે કહ્યું.

બીજે દિવસે સવારથી જ શેઠે પોતાના ૬-૭ માણસોની ટોળીને બળવંતના ઘર પાસે પહેરો ભરવા ગોઠવી દીધી. શેઠને ખાતરી હતી કે આજે કે કાલે બળવંત પોતાના ઘરે આવશે જ.

પહેરો શરૂ થયાને બીજે દિવસે રાત્રે નવ વાગે બળવંત તેના ઘરે પહોંચ્યો. સવિતાના હાથમાં કાળી બેગ મૂકતા કહ્યું- આને સંતાડીને કબાટમાં મૂકી દે- આપણી ગરીબી દૂર કરવાની આ ચાવી છે.


આજે પતિને ખુશ જોઈ સવિતા પણ ખુશ થઈ. બળવંત દીકરાને બથમાં લઈને રમાડતો હતો,ત્યાં જ રાત્રે સાડા દશ વાગે યુસુફશેઠ ત્રણ માણસોને લઈને આવ્યા. બળવંતને ધમકાવીને કાળું પાઉચ લઈ લીધું. બળવંતને બાવડેથી ઝાલીને લઈ ગયા. શેઠે કહ્યું- યહાં તો હમારા કાનૂન ચલતા હૈ.

બળવંતને ભારે પસ્તાવો થયો, શું એમાંથી કોઈ પવિત્ર ઝરણું નીકળશે? ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અટકની દુનિયા છે રળિયામણી



ભારતીયોના નામની એક લાક્ષણિકતા એ છે કે એ વ્યક્તિગત ઓળખ (મહેશ) આપે, પિતાનું નામ (ઉમિયાશંકર) જણાવે અને અટક (જોશી) પરથી કુળદર્શન પણ કરાવી શકે. નામ, પછી પિતાનું નામ અને અટક એ આપણા દેશના મોટાભાગના પ્રદેશના સંપૂર્ણ નામની ઓળખ છે. અલબત્ત દક્ષિણ ભારતના અમુક વિસ્તારમાં અટકનો રિવાજ નથી. દાખલા તરીકે ટેકનોલોજીની વિરાટ કંપની ઇન્ફોસિસના સ્થાપકનું સંપૂર્ણ નામ નાગવાર રામારાવ નારાયણ મૂર્તિ (એન. આર. નારાયણ મૂર્તિ) છે, પણ એમાં મૂર્તિ એમની અટક નથી. એ જ રીતે ભારતના મહાન સ્પિન બોલર ઈ. એ. એસ. પ્રસન્ના - એરાપલ્લી અનંતરાવ શ્રીનિવાસ પ્રસન્ના નામમાં પ્રસન્ના અટક નથી. આજે આપણે અટક અને ભાષાના સંબંધ વિશ્વમાં ડૂબકી લગાવી એની મજેદાર બાબતથી પરિચિત થઈ ભાષા સમૃદ્ધિ વધારવાની કોશિશ કરીએ.

શબ્દકોશમાં અટક એટલે અડક કે ઓડક, અવટંક, નૂખ, કુળ નામ, નામ જોડે મૂકવામાં આવતું ગોત્ર, ધંધો કે વતન બતાવતું ઉપનામ એવા અર્થ આપવામાં આવ્યા છે. નામની દુનિયા મજેદાર છે એમ અટકની દુનિયા પણ રળિયામણી છે. જોકે, નામ ક્યારેક ગેરસમજ ઊભી કરી શકે છે. જેમકે નામ હોય વિદ્યાસાગર પણ પાંચમું માંડ પાસ થયો હોય. નામ હોય લક્ષ્મી પણ ઘરે ગરીબીએ ધામા નાખ્યા હોય. અટક પરથી મોટેભાગે ઓળખ મળી જતી હોય છે. શાહ અટક એટલે વાણિયા અને દવે, જોશી એટલે બ્રાહ્મણ હોવાની સંભાવના મહત્તમ હોય છે. જોકે, મહેતા અટક એવી છે જે હિંદુઓમાં તેમજ પારસીઓમાં પણ જોવા મળે છે. અટક સ્વરૂપે પ્રચલિત મહેતા શબ્દની વ્યુત્પત્તિ રસપ્રદ છે. મહાન કરતાં પણ વધુ ચઢિયાતો મહત્તર કહેવાય અને મહેતા શબ્દ મહત્તરમાંથી જ ઊતરી આવ્યો છે. અસલના વખતમાં એવા કેટલાક લોકો જેમની બુદ્ધિ - આવડત અન્યો કરતાં ચઢિયાતી હોય એમને મહેનત માગી લે એવું જટિલ કામ સોંપવામાં આવતું હતું. આ મહેતાઓને રાજ્યમાં પ્રધાનપદ પર બેસાડવામાં આવતા હતા. જોકે, કાળક્રમે મહેતાએ વિવિધ અર્થ ધારણ કરી લીધા એ આશ્ચર્ય પમાડે છે. શેઠની પેઢી પર નોકરી કરતા ગુમાસ્તા મહેતા તરીકે ઓળખાયા. આ મહેતાજી શેઠના અત્યંત વિશ્વાસુ માણસ હતા. શેઠની આર્થિક બાજુની રજેરજ વિગત મહેતાજીને - ગુમાસ્તાને જાણ રહેતી. શેઠને વેપાર અર્થે બહારગામ જવાનું થાય તો બધું મહેતાજીને ભરોસે સોંપી જતા. ગુજરાત બાજુ અને ખાસ કરી નાનકડાં નગરોની નિશાળમાં વર્ગમાં ભણાવતા શિક્ષક પણ મહેતાજી તરીકે ઓળખાવા લાગ્યા હતા. 'મહેતો મારેય નહીં ને ભણાવેય નહીં' એવી કહેવત જાણીતી છે. વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં નહીં, પણ નોકરી કરી પગાર મેળવવામાં રસ ધરાવતા માસ્તર - મહેતાજી માટે આ કહેવત બની છે.

વિશ્વમાં કેટલીક કહેવતો વિશેષણ બની ગઈ હોવાનાં ઉદાહરણો છે. મહાત્મા ગાંધી પરથી ગાંધીગીરી, ગાંધી યુગની કવિતા, ગાંધી ટોપી જેવા શબ્દ પ્રયોગ અસ્તિત્વમાં આવ્યા છે. અગમચેતી રાખી વર્તન કરનારી વ્યક્તિ માટે એની પાસે વાણિયા બુદ્ધિ છે એમ કહેવાય છે. આલ્ફ્રેડ હિચકોકની શૈલીને અનુસરી બનેલી ફિલ્મો હિચકોકિયન ફિલ્મ તરીકે ઓળખાવા લાગી હતી. જર્મનીના કુખ્યાત સરમુખત્યાર એડોલ્ફ હિટલરની પોલિસી અપનાવનાર શાસનકર્તા માટે હિટલેરીયન શબ્દ વપરાતો હતો. અટકનો રસપ્રદ ઈતિહાસ આપણે આવતા સપ્તાહે આગળ વધારીશું.

## સગ્ગી બહિણ — 'कर' आडनाव

મરાઠી ભાષાની કહેવતોનો ઈતિહાસ પણ રસપ્રદ છે. અટક માટે મરાઠી શબ્દ છે **आडनाव. ग्रामनामावरून पडलेल्या मराठी आडनावांच्या शेवटी 'कर' किंवा 'वार' हा प्रत्यय असतो. उदा. वाल्हेकर, बल्लाळकर, माडगूळकर, पुणेकर ईत्यादी. त्याच अनुसार येलकुंचवार, वडेट्टीवार, मुनगंटीवार, उरुडवार, बोंगिरवार अशी आडनावे तेलगु प्रदेशाजवळील नांदेड व गोंडवाना भागात आढळतात.** કર અટક ધરાવતી સૌથી પ્રખ્યાત અટક મંગેશકર છે. ભારતીય સંગીતમાં મંગેશકર પરિવારનો વાવટો ઊંચાઈ પર ફરકે છે. લતા મંગેશકરના દાદાની અટક હર્ડીકર હતી. લતાદીદીના પિતાશ્રીએ વતન મંગેશી ગામ સાથે અનુસંધાન જોડી મંગેશકર અટક અપનાવી લીધી હતી. ૧૯૬૦ - ૭૦ના દાયકામાં ભારતીય ક્રિકેટ ટીમમાં મુંબઈના ખેલાડીઓનો દબદબો હતો ત્યારે 'કર' અટક ધરાવતા ઘણા ક્રિકેટરો ટીમમાં જોવા મળતા હતા. ટેસ્ટ રમનારા પ્રથમ મરાઠી 'કર' ક્રિકેટર હતા **दत्ताराम हिंडलेकर**. ૧૯૩૬માં લોર્ડ્સ પર પ્રથમ ટેસ્ટમાં વિકેટ કીપરની ફરજ બજાવી હતી. ૧૯૪૭ - ૪૮માં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ ત્યારે ઓલ રાઉન્ડર (ફટકેબાજ બેટ્સમેન અને મીડિયમ ફાસ્ટ બોલર) **दत्तू फडकर** રમનારા બીજા 'કર' ક્રિકેટર હતા. અન્ય 'કર' ટેસ્ટ ક્રિકેટરો છે **खंडु रांगणेकर, विजय मांजरेकर, चंद्रकांत पाटणकर, मनोहर हर्डीकर, अजित वाडेकर, एकनाथ सोलकर, सुनील गावसकर, रामनाथ पारकर, हेमंत कानिटकर, दिलीप वेंगसरकर, संजय मांजरेकर, सचिन तेंडुलकर, अजित आगरकर आणि हृषिकेश कानिटकर.** આ સિવાય એવા બે મરાઠી ભાષી 'કર' ક્રિકેટર છે જે અત્યંત પ્રતિભાશાળી હોવા છતાં ટેસ્ટ ટીમમાં સ્થાન ન મેળવી શક્યા. એ બે ક્રિકેટર છે **पद्माकर शिवलकर आणि पांडुरंग साळगांवकर**. એક એવો ભારતીય ટેસ્ટ ક્રિકેટર છે જેની અટકમાં 'કર' છે પણ એ મરાઠી ભાષી નથી.


- મનોજ પ્રભાકર.

## રાષ્ટ્ર ભાષા — शर्मा - वर्मा - यादव

ગુજરાતીમાં અટક **हिंदु में उपनाम** તરીકે ઓળખાય છે. હિન્દી ભાષી લોકોની અટકની વાત કરીએ એટલે **शर्मा, वर्मा, यादव** પહેલા યાદ આવી જાય. **'शर्मा' या 'सरमा' भारत और नेपाल में सनातनी ब्राह्मणों का एक मुख्य उपनाम है।** ઉત્તર ભારતમાં શર્મા અટક જાણીતી છે જ્યારે દક્ષિણ ભારતમાં અને ઈશાન ભારતના આસામમાં સરમા અટક વપરાય છે. અગાઉ આ અટક કેવળ બ્રાહ્મણ પરિવારમાં મળતી હતી. હવે અન્ય જાતિના લોકો પણ આ અટકનો ઉપયોગ કરતા જોવા મળે છે. **'शर्मा' शब्द की उत्पत्ति वैदिक शब्द 'शर्मन' से हुई हैं। शर्मन का मूल शुद्ध अर्थ सुखदाता होता हैं। यही शर्मन कालांतर में अपभ्रंश होकर 'शर्मा' कहलाया।** શર્મન શબ્દનો મૂળ અર્થ સુખદાતા છે અને એ અપભ્રંશ થઈ શર્મા બન્યો છે. **इसी तरह 'वर्मा' शब्द की उत्पत्ति 'वर्मन'से हुई है. वर्म का अर्थ सुरक्षा कवच होता है. यही वर्मन कालांतर में उपभ्रंश होकर 'वर्मा' कहलाया.** વર્મન શબ્દ પરથી જ વર્મા ઉપનામ અસ્તિત્વમાં આવ્યું છે. **महाराजा यदु को यदुकुल (यदुवंश) का प्रथम सदस्य माना जाता है। यदु के वंशज यदुवंशी या यादव या अहीर कहलाये। गोत्र शब्द का अर्थ है पुत्र के पुत्र से शुरु होने वाले वंशज (पीढी-दर-पीढी)। यादव अपनी बहादुरी और कूटनीतिक ज्ञान के लिए जाने जाते थे!**

## ENગ્લિશ વિંGLISH — NAME - SURNAME IDIOMS

અટક માટે અંગ્રેજી શબ્દ છે Surname. What is in a name? is a popular quote from Shakespeare's Romeo and Juliet. Juliet expresses grief over the last name Montague, which were arch-enemies of her family. Juliet makes the point that the actual name is inconsequential, but the intrinsic qualities of that person are what matter most. નામમાં શું બળ્યું છે? એ શેક્સપિયરના વિધાનમાં હકીકતમાં અટક - સરનેમ (લાસ્ટ નેમ)ની વાત કરવામાં આવી છે. Clarke is a surname which means 'clerk'. The surname is of English and Irish origin and comes from the Latin clericus. Variants include Clerk and Clark. ક્લાર્ક અટક ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડમાંથી જન્મી છે. લેટિન ભાષાના શબ્દમાંથી અવતરેલા આ શબ્દનો અર્થ ઓફિસમાં કામ કરતો ક્લાર્ક અથવા કારકુન એવો થાય છે. ઓલ્ડ ઈંગ્લિશમાં ચર્ચના પાદરી માટે આ શબ્દ વપરાતો હતો. The Benjamin surname is derived from the Hebrew personal name Benjamin, which literally means 'son of the right hand.' બેન્જામિન અટક હિબ્રુ વ્યક્તિના બેન્જામિન નામ પરથી આવી છે. જેનો શાબ્દિક અર્થ થાય છે શુભ સંકેત અને સમૃદ્ધિ. Benjamin of the family meaning is the youngest son. પરિવારનો સૌથી નાની ઉંમરનો પુત્ર બેન્જામિન તરીકે ઓળખાય છે. It conveys the idea that the youngest child is often seen as loved or favored by their parents and may benefit from the attention or special treatment that comes with being the 'baby' of the family. પરિવારના સૌથી નાના બાળકને માતા પિતા વધુ લાડ લડાવતા હોય છે. To run in the family પરિવારના સંદર્ભનો રૂઢિ પ્રયોગ છે. It means that a trait or characteristic is common among family members. કોઈ લાક્ષણિકતા પરિવારના અન્ય સભ્યોમાં પણ ફેલાયેલી નજરે પડે (વારસાગત) એને માટે આ પ્રયોગ વપરાય છે. એક ઉદાહરણ પરથી વાત સ્પષ્ટ થઈ જશે. Heart disease runs in my family, so I try to eat healthy food and exercise regularly. હૃદયની બીમારી અમારા પરિવારમાં વારસાગત હોવાથી હું આરોગ્યપ્રદ ખોરાકનું સેવન કરું છું અને નિયમિત વ્યાયામ કરું છું. ■



ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# લાઈટિંગ ટેકનોલોજીની દુનિયા: ડ્રોન આતશબાજીનો વિકલ્પ બની રહેશે?

### હવે અધ્ધર આકાશમાં બદલાશે પ્રકાશનો નજારો. રચાશે લાઈટિંગની ઉજાણીનો માહોલ



**નવરાત્રી** શરૂ થાય એટલે દિવાળીના આગમનનો અણસાર આવે. છેલ્લું નોરતું એ દિવાળીનું એલર્ટ છે- એંધાણ છે. દિવાળી એટલે રોશની, ઉત્સાહ, રંગ, રસ અને રેશમી લાગણીનો ગુણાકારભર્યો ઉત્સવ.

ઉજાશનું આ પર્વ છેલ્લા કેટલાંક વર્ષોથી પ્રવાસનું પર્વ બની રહ્યું છે એ અલગ વાત છે. દિવાળીના દિવસો શરૂ થતા જ શેરીમાં ફૂટતા ફટાકડા આપણા તરવરાટમાં વધારો કરે છે. દિવાળીની રાત્રે થતી આતશબાજીથી તો સૌ કોઈને અવાક જ કરી મૂકે..

ડિવાઈસ અને ડ્રોનની દુનિયામાં હવે કોઈ એવું કહે કે, આતશબાજીનો ઓપ્શન મળ્યો છે તો ચોંકી ન જતા. પોલેન્ડની રાજધાની વર્સોમાં એક સરસ ઈવેન્ટ યોજાઈ ગઈ. આ ઈવેન્ટમાં ડ્રોનની રોશનીને નજરે નિહાળનારાઓની આંખો ચાર કરી દીધી.

વર્સો સિટીની ક્રાંતિની ૮૦મી વર્ષગાંઠની ઉજવણી વખતે આકાશમાં ડ્રોનની મદદથી રંગબેરંગી એવાં ચિત્રો બનાવાયાં, જાણે કાળા કલરના કેન્વાસ પર ડિવાઈસથી ડિજિટલ કલર ઉપસ્યા હોય...!

૮૦ વર્ષ પહેલા થયેલી ક્રાંતિમાં શું થયું એનું મસ્ત લાઈટિંગ પ્રેઝન્ટેશન ડ્રોનની મદદથી તૈયાર કરવામાં આવ્યું હતું. આવો જ એક પ્રસંગ ફ્રાંસમાં ઉજવાયો હતો. પર્યાવરણને થતા નુકસાનને ધ્યાને લઈને યુરોપ, ફ્રાંસ અને પોલેન્ડ જેવા દેશોએ ડ્રોન શોને પ્રાથમિકતા આપી છે. સારી અને સાચી વાત એ છે કે, એનાથી પર્યાવરણને નુકસાન થતું નથી અને રંગબેરંગી લાઈટથી ઉત્તમ મનોરંજન માણી શકાય છે.

જે તે દેશની આસપાસ વન્ય વિસ્તારમાં ફટાકડાના અવાજથી પ્રાણીઓને પણ નુકસાન થાય છે. સતત ભયના ઓથાર હેઠળ જીવતાં પ્રાણીઓને સાચવવા દિવાળી જેવા દિવસોમાં કઠિન થઈ પડે છે. અલૂમી ડ્રોન કંપનીના સ્થાપક એડુઆર્ડ ફરારી કહે છે કે, અમારા ડ્રોન- શોમાં કોઈ પ્રદૂષણ નથી ફેલાતું. ડ્રોન ફલાય કરે છે ત્યારે કોઈ અવાજ નથી આવતો. ડ્રોનના અવાજ કરતાં તો માણસના અવાજના ડેસિબલ વધારે હશે.

આવા શોમાં મ્યુઝિક અને એનિમેશન વચ્ચે તાલમેલ જાળવી રાખવો જ કઠિન હોય છે. આ માટે બે અઢી કલાક પહેલા તૈયારીઓ કરવામાં આવે છે. સૌથી કપરું ડ્રોન ડિસ્ટન્સ છે. જાણીને આશ્ચર્ય થશે કે, ઓછમાં ઓછા ૧૦૦ ડ્રોન એક સાથે ઊડે છે ત્યારે એનું કંટ્રોલિંગ એક લેપટોપ પરથી થાય છે.

રંગ અને રોમાંચનો આ સંગમ ઈકો ફ્રેન્ડલી છે. જે ડિઝાઈન આકાશમાં બનાવવી છે એ પહેલા લેપટોપમાં તૈયાર કરવી પડે છે. એક તણખલું પણ પ્રગટતું નથી અને શોમાં ફાયર- શો જેવી ઈફેક્ટસ જોઈ શકાય છે. ટેક નિષ્ણાતો ત્યાં સુધી કહે છે કે, હવે આતશબાજી કરીને ફટાકડાનો ઘોંઘાટ કરવાની જરૂર નથી. ખોટા ધુમાડાં કરવાની જરૂર નથી. આતશબાજીને ટક્કર મારે એવો નજારો ડ્રોન દ્વારા સર્જીને જોઈ શકાય છે.

LEDમાં પણ ઘણી બીજી પાવરફૂલ લાઈટ આખું આકાશ રંગીન કરી શકે છે. જેટલાં ડ્રોન વધારે એટલી શોની કિંમત વધારે. આવાં ડ્રોનની બેટરી માંડ ૩૦ મિનિટ ચાલે છે એટલે સતત અને સખત રીતે એને આકાર બદલવા માટે ફેરવવા કઠિન છે.

યુરોપના કેટલાક દેશ અને ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત રાષ્ટ્ર આ વિષય પર વિચારણા કરી રહ્યા છે. પર્યાવરણના નામે વાહનો પર દર વખતે ધોંસ બોલાવવાથી પરિણામ તાત્કાલિક મળશે એ ભૂલ ભરેલું અનેકવાર સાબિત થયું છે.

પોલેન્ડ જેવા દેશે પોતાના સેલિબ્રેશનની આખી શૈલી ફેરવી નાંખી છે. અવાજના મસ્ત મિશ્રણથી જાણે ઈ-ફાયર ક્રેકર્સ ફૂટતા હોય એવી અસર એ ઉપજાવે છે ને જમાવે છે. 'હેપ્પી દિપાવલી' તો ફાયર ફોર્સથી લખાય છે. એમાં અવાજ આવે છે. ડ્રોન શોમાં આવી કોઈ માથાકૂટ નહીં. સેલિબ્રેશનની સિસ્ટમ કઈ રીતે બદલી શકાય એ વાત પોલેન્ડ પાસેથી શીખવા જેવી છે.

ચીજ-વસ્તુ -દવાની ડિલેવરીથી લઈને ખેતી સુધીના પ્રોજેક્ટમાં ડ્રોનની એક વિશેષ ભૂમિકા રહી છે. શૂટ કરવાથી લઈને સર્વેલન્સ સુધી જે ડિવાઈસનો ઉપયોગ થાય છે એને મનોરંજનક્ષેત્રે અપગ્રેડ કરાતા લોકમનોરંજન ક્ષેત્ર અપડેટ થઈ રહ્યું છે. વિઝ્યુઅલ્સ સાથે મ્યુઝિકલ ઈફેક્ટથી શું ન થઈ શકે એનું બેસ્ટ ઉદાહરણ ડ્રોન -શો બની રહ્યો છે. લાઈટ ડ્રોન- શો માટેના ડ્રોન બાકીના ડ્રોન કરતાં અલગ તરી આવે છે. જેમાં લાઈટ અને બેટરી સિવાય સ્ટેબિલિટી માટે ખાસ પ્રોગ્રામિંગ હોય છે. લાઈટ ડ્રોન શોમાં એકસાથે ૫૬૦૦ ડ્રોન ટેકઓફ થયા હોય એનો રેકોર્ડ છે. તૈયારીઓ તો ત્યાં સુધી થઈ રહી છે કે, નજીકના ભવિષ્યમાં સમગ્ર ડ્રોન નેટવર્ક અને સિસ્ટમ AIથી કંટ્રોલ થાય.

આપણે ત્યાં મહાનગરોમાં આતશબાજી કાર્યક્રમનાં લાખો રૂપિયા ખર્ચાય છે ત્યારે આપણા તહેવાર -ઉત્સવો વખત ડ્રોનને કામે લગાડીને જબરી ઉજવણી થઈ શકે.

### આઉટ ઓફ ધ બોક્સ

દુનિયાનો પ્રથમ ડ્રોન શો વર્ષ ૨૦૧૨માં ઓસ્ટ્રિયામાં થયો હતો. એ પછી અમેરિકાના મેક્સિકો સિટીમાં સાયન્સ ક્ષેત્રે અમેરિકા થીમ પર શો યોજાયો હતો.

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# મોસીનરમ એટલે વરસાદ જ વરસાદ..!






માઉજિમ્બુઈન ગુફાનું કુદરતી શિવલિંગ

IPL શબ્દથી તો તમે પરિચિત છે. હવે સાંભળોઃ RPL એટલે કે 'રેન પ્રીમિયર લીગ'નો નવા સુપરસ્ટારનું નામ છે મોસીનરમ. સ્પેલિંગ થોડો અલગ છે હોઃ Mawsynram એ હજી બહુ પ્રચલિત થયો નથી. ભારતના ઉત્તર પૂર્વ રાજ્યનો ખેલાડી છે, પરંતુ હજી એ જ રાજ્યના ચેરાપુંજીની જ બોલબાલા છે. બન્ને વરસાદમાં એટલા ખીલે અને ખૂલે કે વાત ન પૂછો. ઘણીવાર તો ચોમાસાના ચાર મહિનામાં આઉટ કે નિવૃત્ત થવાને બદલે બારેય મહિના બેટિંગ કરતા રહે. આ છે કિંગ્ડમ ઓફ રેન મેઘરાજાનું સામ્રાજય.

સામાન્યપણે ભારતમાં સૌથી વધુ વરસાદ પડે એવા સ્થળ તરીકે ચેરાપુંજી લોકપ્રિય છે, પરંતુ હવે હકીકત બદલાઈ ગઈ છે. ચેરાપુંજીથી માત્ર ૧૫ કિલોમીટરના અંતરે આવેલું મોસીનરમ વિશ્વનું સૌથી ભીનું સ્થળ - the wattest place in the earth છે.

મેઘાલયની રાજધાની શિલોંગથી ૬૧ કિલોમીટરના અંતરે ઈસ્ટ ખાસી જિલ્લાનું નાનકડું શહેર મોસીનરમનો વિસ્તાર ૨૭૮૮ કિલોમીટર. અહીં સરેરાશ ૪૬૭.૪ ઈંચ એટલે કે ૧૧,૮૭૨ મિલિમીટર વરસાદ પડે છે. 'ગિનિસ ઑફ વર્લ્ડ રેકોર્ડસ'ની નોંધ મુજબ મોસીનરમમાં ૧૯૮૫માં પડેલું એક હજાર ઈંચ પાણી વિશ્વવિક્રમ છે.

મોસીનરમમાં ચોક્કસ ભૌગોલિક સ્થિતિ અને આબોહવાને પ્રતાપે ભારે વરસાદ પડે છે. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે અત્યંત જોરદાર મેઘમહેર રહે જ, પણ બાકીનું આખું વરસ પણ કેડો ન મૂકે. એવું જ લગભગ ચેરાપુંજીમાં ય ખરું.

આવી વિશિષ્ટતાને લીધે મોસીનરમમાં એવાં પાકાં મકાન જ બંધાય કે જે બારેય માસના વરસાદમાં ટકી રહે. જેમને પાકા મકાન ન પરવડે એ કાચાં મકાનમાં એક વિશિષ્ટ પ્રકારના ઘાસનો ઉપયોગ કરે છે. આ લોકો કાયમ વાંસની બનાવેલી છત્રી સાથે રાખે છે, જેને પકડવા માટે હાથના ઉપયોગની જરૂર પડતી નથી.

આ પહાડી વિસ્તાર પર સતત વાદળ છવાયેલાં દેખાય. ક્યારેક તો જાણે પર્યટકના માથાને સ્પર્શીને ય વાદળ રમત કરતાં દેખાય. આ વાદળની સાથોસાથ ધુમ્મસ પણ ઘેરી વળે. ક્યારેક તો નજીકનું ય કંઈ ન દેખાય. આવું અદ્ભુત કુદરતી સૌંદર્ય પર્યટકોને ન જાણે ક્યાં-ક્યાંથી મોસીનરમ ખેંચી લાવે છે. સતત વરસાદ, વાદળ, ધુમ્મસ અને પહાડ ઉપરાંત અવિરતપણે વહેતાં ઝરણાં ઠેરઠેર રસ્તામાં ભેટી જાય.

આ બધા ઉપરાંત અહીં પર્વતો પર ભટકવાની-મટકવાની, ટ્રેકિંગ કરવાની અલગ જ મજા છે. આ શહેરના અમુક પહાડ પરથી તમે બાંગલાદેશ જોઈ શકો.

મોસીનરામની બીજી વિશિષ્ટતાઓમાં આવે ગુફાઓ. માઉજિમ્બુઈન નામક ગુફામાં છત પરથી ટપકતાં પાણીમાંથી કુદરતી શિવલિંગ બની ગયું છે. અન્ય એક જાણીતી ગુફા છે કેમપુરી. આ રેતીના પથ્થરમાંથી બનેલી વિશ્વની સૌથી લાંબી ગુફા છે. અમુક ગુફામાં લાખો - કરોડો વર્ષ પુરાણા અવશેષો જોવા મળે છે.

હા, જો તમે રખડવા જ નીકળ્યા હો તો મોસીનરમથી ચેરાપુંજી જવા જેવું છે. અહીં રસ્તામાં વિશ્વના સૌથી મોટા ધોધમાંનો એક એવો નોહકલિકાઈ ધોધ જોવા મળશે.

મોસીનરમ કેવી રીતે જવું, ક્યાં રહેવું અને શું ખાવા-પીવા મળશે એ બધી વિગત તો આસાનીથી મળી રહેશે. આ અફાટ કુદરતી સૌંદર્ય વચ્ચે જાત સાથે સંવાદ સાધવાની તક તમને અવશ્ય મળશે. એનું મુખ્ય કારણ એ છે કે સ્થાનિક પ્રજાને હિન્દી કે અંગ્રેજી ભાષા આવડતી નથી. બસ, ઈશારાથી કામ ચલાવી લેવાનું. એમને તો આ ઈશારાબાજીની સારી ફાવટ છે ,જે તમને ય ઝડપભેર આવડી જશે.


-તો રેન, વરસાદ, વર્ષા અને મેઘમાં તરબરત થવા ક્યારે નીકળો છો?

બાય ધ વે, સપ્ટેમ્બરથી નવેમ્બર વચ્ચે આહ્લાદક અને ખુશનુમા હવામાન હોય છે સથવારામાં. ઓછામાં ઓછો વરસાદ નવેમ્બરથી ફેબ્રુઆરી વચ્ચે ખુલ્લું આકાશ, ઓછો વરસાદ અને ૧૦ થી ૨૦ સેન્ટીગ્રેડ તાપમાન મળે. જુલાઈથી સપ્ટેમ્બર - ઑક્ટોબર વચ્ચે ચોમાસાનો સત્તાવાર અંત આવે, પણ ભારે વરસાદ મળે હો... અને ઑક્ટોબરમાં ચોમેર લીલીછમ વનરાજી, તાજગીભરી હવા અને ધુમ્મસિયું વાતાવરણ આવકારે.

-તો નીકળી પડીએ વિશ્વના સૌથી વધુ વરસાદવાળા નગરમાં દિલથી ભીંજાવા માટે?! ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# યંગીસ્તાન વિરુદ્ધ ઓલ્ડિસ્તાન કહું છું જુવાનીને પાછી વળી જા...



**ટાઇટલ્સઃ**

**વાળની સફેદીમાં ઇતિહાસની શાહી છુપાયેલી હોય છે.**
**(છેલવાણી)**

સતત જુવાનીનો મહિમા કરવો એ આજકાલનો ફેવરિટ રાગ અથવા તો કદાચ રોગ છે.

કમાઉ પૂતને ખભે બેસાડવાની સ્વાર્થી મનોવૃત્તિ છે. દરેક નોવેલ-ફિલ્મના સેંટરમાં જુવાન હીરો કે કપલ છે અને વૃદ્ધો જાણે અદૃશ્ય જણસ હોય એમ સમાજ એમને હાંસિયાની પાર કરી મૂકે છે, પણ કેમ? હવે એમની જરૂરિયાત, ખપત કે યુટિલિટી ખતમ થઇ ગઇ એટલે? આ એક ઘટિયા મતલબી સમાજની નિશાની છે.

એક રાજ્યમાં વૃદ્ધ રાજા મરતાં જ જુવાન દીકરાને રાજસત્તા મળી. પોતાની જુવાની પર ગુમાન કરતા અહંકારી જુવાન રાજાએ જોયું કે રાજ્યમાં વૃદ્ધોની સંખ્યા બહુ છે એટલે એણે ઘોષણા કરી : 'આટલા બધાં વૃદ્ધોથી આપણી અર્થવ્યવસ્થા પર અવળી અસર પડે છે. એટલે સૌ વૃદ્ધોને મારી નાખવામાં આવે!'

એ રાજ્યમાં એક પૌત્ર એના દાદા સાથે રહેતો હતો. એણે દાદાને મારવાને બદલે ઘરના ભોંયરામાં છૂપાવી દીધા. એ પછી એકવાર રાજ્યમાં દુકાળ પડ્યો ને રાજ્યનું અનાજ ખતમ થઈ ગયું. હવે નવો પાક ઉગાડવો કેવી રીતે? રાજાએ એમના મંત્રીઓ પાસે આનો ઉકેલ માંગ્યો પણ કોઈ પાસે એનો જવાબ નહોતો. કારણ કે રાજ્યમાં કોઈ વૃદ્ધ બચ્યું જ નહોતું જે એમને સલાહ આપે!

રાજાએ ઘોષણા કરી, 'જે કોઈ પાક કેવી રીતે ઉગાડવો એનો ઉપાય બતાવશે એને ઈનામ આપવામાં આવશે.' પેલા પૌત્રને દાદાએ કહ્યું કે, રાજ્યની સીમા પાસે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અનાજ ભરેલા ગાડાં આવત- જતાં હોય છે. ત્યાં રસ્તાની બંને બાજુ તું જમીન ખેડી નાંખ.'

'એનાથી શું થશે?' પૌત્રએ પૂછ્યું,

'બેટા, અનાજનાં ગાડાંઓ રસ્તે જતાં હોય ત્યારે એમાંથી અનાજનાં દાણાં વેરાય છે. એનાં પર જ્યારે વરસાદનું પાણી પડશે ત્યારે અંકુર ફૂટી નીકળશે.'

દાદાએ કહ્યું એમ પૌત્રે કર્યું. જેવો વરસાદ આવ્યો કે અનાજનાં દાણામાંથી નાના નાના અંકુર ફુટ્યા ને રસ્તાની બંને બાજુ હરિયાળી થઈ ગઈ. આ જોઈને રાજાએ પેલા પૌત્રને દરબારમાં બોલાવીને ઈનામ આપતાં પૂછ્યું, 'તને આવો વિચાર આવ્યો કઈ રીતે?'

પૌત્રએ કહ્યું, મહારાજ, આ વિચાર મારા દાદાજીનો છે.' પછી રાજાએ વૃદ્ધને બોલાવીને હાથ જોડીને કહ્યું, મને માફ કરી દો. હું ભૂલી ગયો હતો કે વૃદ્ધોનો અનુભવ અને સલાહ, સમાજ માટે કેટલો જરૂરી અમૂલ્ય હોય છે.'

**ઈંટરવલઃ**

**કહું છું જવાનીને, પછી વળી જા 'ઘડપણ' નું ઘર મારું આવી ગયું છે.**
**(અવિનાશ વ્યાસ)**

એક પુરાણા કિલ્લામાં એક ગાઇડે ટુરિસ્ટોને સમજાવતાં કહ્યું, આ કિલ્લો ૫૦૦૦ વરસ જૂનો છે. 'એક પ્રવાસીએ કહ્યું,૧૦ વર્ષ પહેલાં પણ તમે આમ જ કહેલું!'

ગાઇડે તરત કહ્યું, ઓકે, કિલ્લો ૫૦૧૦ વર્ષ જૂનો છે! 'હવે ખુશ?'

બસ. ઉમ્મરનાં આંકડાની યે આટલી સાદી જ વાત છે. અનુભવજન્ય જ્ઞાન અને સાચી સલાહ આપતા વૃદ્ધો માટે અમને બહુ માન છે. જો કે આપણી સંસ્કૃતિમાં સિનિયર સિટિઝનનાં 'વયોવૃદ્ધ', 'જ્ઞાનવૃદ્ધ' એમ ઘણાં પ્રકાર છે, પણ લોકો બૂઢાપાને તોયે બહુ દયનીય કે ટીકાની નજરે રીતે જુએ છે. એમાં યે માર્કેટિંગની લોલીપોપ ચૂસતા લેખકો, મોટિવેશનલ સ્પિકરો જુવાનોની સતત મહિમા ગાય છે. ખરેખર તો એ લોકો પોતે નહીં, પણ એમને આવું બોલવા ધક્કો મારતી-ઉશ્કેરતી બજાર બોલાવડાવે છે. વક્તાઓ માટે જુવાનોની મોટી માર્કેટ છે એટલે જુવાનોનો જય-જયકાર કરવા મચી પડે છે. દરેક ચહેરાને દુકાન કે ઘરાક ગણતા ચાલતાપૂર્જા લેખકો જુવાનોને છાપરે ચઢાવે છે.

'આજકાલ વારેવારે કહેવાય છે કે આપણો દેશ એક યંગ દેશ છે! ' તોયે તમને આજના આપણી સત્તા, રાજકારણ કે પાવરમાં વૃદ્ધોનું રાજ વધારે દેખાશે. અમેરિકામાં પણ આવી જ હાલત છે. હમણાં રાષ્ટ્રપતિ પદ માટે જો બાયડન અને ટ્રમ્પ બે વૃદ્ધ જ ચૂંટણી લડવા તૈયાર થયા ત્યારે ઘણાં કહેતા કે બાયડન, બૂઢાપામાં વારેવારે ભૂલી જાય છે, બોલવામાં લોચા મારે છે. પણ સામે ટ્રમ્પ પણ કાંઇ જુવાન નથી. એ લોચા નથી મારતા, પણ જે બોલે છે એમાનું ઘણું વિવાદાસ્પદ હોય છે.

એની વે, હવે આ જગત માને છે કે વૃદ્ધ હોવું ગુનો નથી. વૃદ્ધોનો પણ સમાજની પ્રગતિમાં જુવાનો જેટલો જ ફાળો હોય છે. જાપાનમાં તો રીતસર પ્રચાર ચાલે છે કે 'વૃદ્ધો'. સમાજ પર ભાર નથી અને ઇકોનોમીનો મોટો 'પાવરફૂલ હિસ્સો છે! ' જગતભરમાં ધીમે ધીમે આ વિચાર પ્રસરી રહ્યો છે.

મજાની વાત એ છે કે એકતરફ આપણે ત્યાં ચાણક્ય, વિવેકાનંદ કે પુરાણ ગ્રંથોની જૂની વાતો જ ફરી ફરીને કરવામાં આવે છે, પણ ખરેખરા જીવનમાં જૂના લોકો કે એમની વાતો આપણને આકરી લાગે છે. આપણે એ ભૂલી જઇએ છીએ કે આપણાં પુરાણો ને શાસ્ત્રોમાં વૃદ્ધોનું શું સ્થાન હતું.

મહાભારતમાં કહ્યું છે કે, 'સા સભાઃ યત્ર વૃદ્ધા ન સન્તિ'.. અર્થાત્ એ સભા સભા નથી, જ્યાં વૃદ્ધોનો સમાવેશ નથી. અને હા, અત્યારનાં હાઇએસ્ટ પેઇડ ફિલ્મસ્ટારો ૬૦ની આસપાસ છે. નહેરુ, શાસ્ત્રી, મોરારજી કે વાજપેઇ હોય... સૌ મોટી ઉમ્મરે સફળ પી.એમ. બનેલા. યશ ચોપરા ૮૦ પાર કર્યા પછી પણ ડિમાંડમાં રહેલા અને ગુલઝાર ૯૦ વરસે પણ છે. અમિતાભ બચ્ચન, ૮૧ વરસે પણ લોકો પર અને ફિલ્મલાઇનમાં રાજ કરે છે. રતન ટાટા કે નારાયણ મૂર્તિ કંઇ લબર મૂછિયા નથી.

ઇનશોર્ટ, જ્યાં સુધી વિશ્વની મહાસત્તાના સર્વોચ્ચ પદે, ટ્રમ્પ કે બાઇડન લડી શકે છે ત્યાં સુધી વૃદ્ધોને નકારવામાં શાણપણ નથી! ■

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ મને મોટી ઉંમરે ચાહીશ?**
**ઈવઃ સવાલ છે કે ધમકી?!**

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# બગાસું ખાતા મોંમાં પતાસું આવી પડ્યું



એક નાની અમથી તિરાડ પ્રકાશના કિરણ માટે પૂરતી છે અંધારા ઓરડામાં પ્રવેશી એમાં ઉજાસ પાથરવા માટે. તિમિર (અંધકાર) સામેના સંગ્રામમાં પ્રકાશના માત્ર એક જ કિરણનું આયુધ વિજય અપાવી શકે છે એ ભાવનાનો જાણે કે મને સાક્ષાત્કાર થઈ રહ્યો હતો. સાવ કામ વિનાના બેઠા હોઈએ ત્યારે જાણે કે અંધકારમાં ઘેરાઈ ગયા હોય એવી પ્રતીતિ થતી હોય છે. હું પણ એવો જ અનુભવ કરી રહી હતી, પણ ટેલિવિઝન માટે 'સંપત્તિ માટે' નાટકમાં એક નાનકડો મળેલો રોલ મારા માટે અંધકાર સામેની લડાઈમાં એક અસરકારક હથિયાર સાબિત થયું. પ્રતિકૂળ સંજોગો સામે લડવા માટે નવું બળ મળ્યું. મને આ નવી તક મળી પ્રભાકર કીર્તિ (રંગલાલ નાયક)ને કારણે અને પ્રભાકરનો એક અર્થ થાય છે સૂર્ય. મને વિનયકાંત દ્વિવેદી પાસે તેઓ લઈ ગયા એ બાબત મારા માટે સૂર્યના એક કિરણ જેવો સધિયારો સાબિત થઈ. નર્સનો રોલ હતો નાનકડો, પણ મારા માટે તો ત્યારે જીવાદોરી બની આવ્યો હતો અને મેં નિષ્ઠાથી રિહર્સલ કર્યા. એક સમયે જે નાટકના પ્રહસન વિભાગમાં હું હિરોઈનનો રોલ કરતી હતી એમાં નાનકડો રોલ કરવામાં મેં કોઈ નાનપ ન અનુભવી. ઈશ્વરનો પ્રસાદ મળે ત્યારે એ કેટલો છે એના પર આપણી નજર નથી હોતી. બલકે આપણા ભાગમાં પ્રસાદ આવ્યો એનો હરખ હોય છે. નર્સનો રોલ મળ્યાનો મને હરખ હતો.

એ દિવસ આવી પહોંચ્યો જ્યારે 'સંપત્તિ માટે' નાટકનું ટીવી માટે શૂટિંગ કરવાનું હતું. ઈષ્ટદેવનો મનોમન આભાર માની હું શૂટિંગ સ્થળે નિર્ધારિત સમય કરતા વહેલી પહોંચી ગઈ. ટાંટિયામાં હવે જોર આવી ગયું હતું. નક્કી કરેલા સમય સુધીમાં લગભગ બધા જ કલાકાર અને અન્ય સાથીઓ આવી ગયા હતા. હવે રાહ જોવાઈ રહી હતી મુખ્ય અભિનેત્રી મેઘના રોયની. ઘડિયાળના કાંટા આગળ વધી રહ્યા હતા એમ વિનુભાઈનાહૃદયના ધબકારા પણ વધી રહ્યા હતા. એ સમયે મોબાઈલ જેવી કોઈ સગવડ પણ નહોતી કે ફટાક કરતાં પૂછી લેવાય કે 'કેટલે પહોંચી? શૂટિંગમાં મોડું થાય છે'. અંતે ધીરજ ખૂટી અને મેઘના રોય નહીં જ આવે એવું મન વિનુભાઈએ મનાવી લીધું. હવે કરવું શું? નાટકનો શો હોય તો કેન્સલ કરી શકાય, પણ ટેલિવિઝનનું શૂટિંગ તો અટકાવી ન શકાય. એ સમયે દૂરદર્શનમાં ગુજરાતી વિભાગમાં જ્યોતિ વ્યાસનો નિર્માત્રી તરીકે ભારે દબદબો હતો. બહુ કડક, કામ બાબતે કોઈ બાંધછોડ કરતાં નહીં. નાટકની મેઈન હિરોઈન જ નહીં આવવાથી બધા મૂંઝાઈ ગયા હતા, ઉદાસ ચહેરે બેઠા હતા. એવામાં જયંત વ્યાસ બોલ્યા કે 'અરે, આ રોલ મહેશ્વરી પાસે જ કરાવી લઈએ તો. થિયેટરમાં આ રોલ એ જ કરતી હતી. એટલે એને ડાયલોગ યાદ હશે અને મુવમેન્ટથી પણ વાકેફ હશે. થોડું બ્રશ અપ કરી લઈશું તો સમય સચવાઈ જશે.' અંતે એ રોલ મેં કર્યો અને નાટકનું શૂટિંગ સમયસર આટોપી લીધું.

આવી હતી નર્સનો એક મામૂલી રોલ કરવા અને કર્યો હિરોઈનનો મેઈન રોલ. આને શું કહેવાય? નસીબની બલિહારી, ઈશ્વરની કૃપા કે બીજી કોઈ ઉપમા પણ આપી શકાય. મારા માટે તો 'બગાસું ખાતા મોંમાં પતાસું આવી પડ્યું' જેવો ઘાટ થયો. આ રોલ મેં અનેકવાર ભજવ્યો હતો એટલે બહુ આસાનીથી હું એ પરફોર્મ કરી શકી હતી. શૂટિંગ પૂરું થયા પછી વિનુભાઈએ મને કહ્યું કે 'શોના મહેનતાણા પેટે ચેક મળશે'. મારે પૈસાની તાત્કાલિક જરૂર હતી. એટલે મેં તેમને કહ્યું કે 'ચેક તમે રાખી મને રોકડા આપી શકો તો સારું.' એ વ્યવસ્થા થઈ ગઈ અને મારું ગાડું ધીરે ધીરે ગબડવા લાગ્યું.

ટીવીના શોનું રિહર્સલ ચર્ની રોડ સ્થિત 'સાહિત્ય સંઘ મંદિર'માંચાલી રહ્યું હતું. દાદર સ્થિત શિવાજી નાટ્ય મંદિર અને ચર્નીરોડ સ્ટેશનની સાવ અડોઅડ આવેલું 'સાહિત્ય સંઘ મંદિર' મરાઠી નાટકોનાં બે ધબકતાં કેન્દ્ર. નાટ્ય સૃષ્ટિના મહારથીઓ અહીં નાટકો ભજવે. 'સાહિત્ય સંઘ'માં મારી મુલાકાત થઈ જયંત સાવરકર નામના મરાઠી નાટકો અને ફિલ્મોના એ સમયના ઊંચા ગજાના કલાકાર સાથે. 'એક ચ પ્યાલા' તેમજ 'ટિળક આણી આગરકર' તેમના ગાજેલાં નાટકો. એક દિવસ રિહર્સલ શરૂ કરતા પહેલા જયંત ભાઉની ઓફિસમાં દાણો ચાંપી જોવા ગઈ અને તેમને કહ્યું કે 'મરાઠી નાટકમાં કામ કરવાની તક મળે? મારે કામની બહુ જ જરૂર છે.' મારા નાટ્ય પ્રવાસની અને મરાઠી નાટકોમાં મેં જે કામ કર્યું હતું એ જાણી લઈ તરત દાદરના શિવાજી મંદિરમાં 'કલા વૈભવ' નામની નાટ્ય સંસ્થાના માલિક મોહન તોંડવળકરને ફોન કર્યો. તેમને મારા વિશે વિગતવાર વાત કરી કોઈ રોલ હોય તો આપવા જણાવ્યું. તેમના કહેવા અનુસાર હું મોહન તોંડવળકરને મળી.

સદનસીબે એ સમયે વસંત સબનીસ લિખિત તેમના નાટકના રિહર્સલ ચાલુ હતા. એમાં રાજા ગોસાવી, સુધીર જોશી, નયના આપટે વગેરે કલાકારો હતાં. મને રાજા ગોસાવીની પત્નીનો રોલ કરવા કહ્યું અને એ મેં સહર્ષ સ્વીકારી લીધું. 'ગાડું ગબડતું રાખવા' માટે મેં બે હાથ જોડી ઈશ્વરનો આભાર પણ માની લીધો. આ રીતે મરાઠી નાટકમાં મારી એન્ટ્રી થઈ. એક નવા અધ્યાયનો પ્રારંભ થયો.

૮૬ વર્ષ પહેલા નાટકમાં ૭૦૦૦ રૂપિયાનું સિંહાસન -- બોક્સ

પ્રભુલાલ દ્વિવેદીની મહત્તમ ખ્યાતિ 'વડીલોના વાંકે' નાટકના લેખક તેમજ 'ઝટ જાઓ ચંદન હાર લાવો' તેમજ 'એક સરખા સુખના દિવસો કોઈના જાતા નથી' જેવા અફાટ લોકપ્રિયતાને વરેલાં ગીતોને કારણે છે. જોકે, ૨૫ વર્ષની ઉંમરે તેમણે લખેલા 'શંકરાચાર્ય' (૧૯૧૭) નાટકથી આવતી કાલના ઉજ્જ્વળ લેખકના એંધાણ રંગભૂમિને એ સમયે મળી ગયા હતા. ત્યારબાદ ઉત્તરોત્તર નાટ્ય લેખક તરીકે તેમની પ્રતિભા ખીલવા લાગી હતી. ૧૯૨૦માં ભજવાયેલા તેમના 'અરુણોદય' નાટકે તખ્તાની કાયાપલટ કરી નાખી એમ કહેવાયું હતું. આ નાટકને રસિક વર્ગમાં એવો બહોળો આવકાર મળ્યો કે એ ૪૦૦ નાઈટ ચાલ્યું હતું.૧૯૩૬માં પ્રભુલાલ દ્વિવેદીના 'સજ્જન કોણ?'નાટકના માત્ર ત્રણ પ્રયોગોની આવક ૧૮હજાર રૂપિયા આવી હતી જે ત્યારે એક અનોખો વિક્રમ ગણાયો હતો. રંગભૂમિની આ વિરલ ઘટના કહેવાઈ હતી. લેખકશ્રીએ જે ઐતિહાસિક નાટકો લખ્યા એમાં ૧૯૩૮માં અવતરેલું 'અક્ષયરાજ' આ પ્રકારનું પ્રથમ નાટક હતું. એ નાટક માટે આજથી ૮૬ વર્ષ પહેલા ૭,૦૦૦ રૂપિયા ખર્ચીને સિંહાસન બનાવવામાં આવ્યું હતું જેથી સ્ટેજ પર પ્રભાવ પડી શકે. તેમના 'માલવપતિ મુંજ'ને પણ નાટ્યપ્રેક્ષકોએ વધાવી લીધું હતું. સમયાંતરે પ્રભુલાલ દ્વિવેદી ગુજરાતના 'નાટ્ય મહર્ષિ' તરીકે પંકાયા અને અનુગામી નાટ્યકારોમાં ગુરુપદ પામ્યા. (સંકલિત) ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સરળતાભરી સચ્ચાઇના કવિ કલાપી

(ગતાંકમાં આપણે આ રાજવી કવિ કલાપીનાં અનેકવિધ સર્જનો સાથે જીવન ઝંઝાવાતની વ્યથા, અને વૈરાગ્યની ભાવના સહિતની એમની અતિ ટૂંકી,છતાં અર્થસભર આયુની ઝલક પણ મેળવી.

હવે એ કથા આગળ વધારીએ... )

ગુજરાતી ગઝલની શરૂઆતના એ સમયમાં કલાપીએ જે આપ્યું છે તે ખૂબ જ મહત્ત્વનું છે. ફારસી-ઉર્દૂના દબદબામાંથી ગઝલને ગુજરાતીમાં અવતારનારાઓમાં કલાપીનું સ્થાન ગુણવત્તાની દૃષ્ટિએ 'મોખરા'નું છે. એમના સમયમાં મણિલાલ, વગેરેએ ગઝલ સ્વરચનાં લક્ષણ દર્શાવતી રચનાઓ કરી છે, પરંતુ કલાપીના ઊર્મિશીલ મિજાજને ગઝલ વધારે ફાવી છે. અમુક ફારસી શબ્દોનો અતિરેક અને ગઝલના બાહ્યતત્ત્વની ઊણપ વચ્ચે ગઝલનો આત્મા એમની રચનાઓમાં વધારે ઊતર્યો લાગે છે. ગઝલનો રંગતગ ઝૂઝૂલ તો છે જ પણ સાથે સાથે ઇશ્કે-હકીકી અને ઇશ્કે મિજાજી પણ છે. અનુરાગ, કવિ, પ્રેમ એ તો ગઝલનું મૂળ તત્ત્વ છે પણ પરમ પ્રિયતમ પરમેશ્વર તરફનું ખેંચાણ પણ એટલું જ છે. એ વખતના પ્રચલિત ઉર્દૂ પ્રતીકો જેવા કે સાઠી, સનમ, શબનમ, ઇશ્ક, આશૂક, માશૂક વગેરે છે. તો વિષય લેખે પ્રેમ, દિવ્ય-પ્રેમ, મિલન-વિરહ, આશા-નિરાશા અને સનમની શોધ વગેરે છે. 'ઇશ્કનો બંધે' એ કલાપીની ખૂબ જ જાણીતી ગઝલમાં ઇશ્કનો મહિમા, મસ્તી,ખુમારી અને અનોખી લાગણી ભરેલું અલૌકિક પ્રેમતત્ત્વ મુખ્ય છે. અહીં જામ, શરાબ એ ભક્તિના પ્રતીકો છે.

*હા! લાખરંગી ઇશ્કનું કો એકરંગી જામ છે!*
*મસ્તાનના મસ્તાન એવું જામ પીનાર હમે*
*આવો ભરી પીજો અને એ જીરવી લેજો નશો*
*નહીં તો સદા માટે શરાબો સોંપજો પીનારને*

'હમારા રાહ' ગઝલમાં પોતાનો અને દુનિયાનો મેળ મળતો ન હોવાની અને પોતાની ખુમારીમાં ખસી જવાની, મજનૂ અને ફરહાદના રસ્તે જવાની જાનફેસાંનીની વાત છે.

*હુતાં મ્હેતો અને મીરા ખરાં ઇલ્મી ખરાં સૂરાં*
*હમારા કાફલામાં એ મુસાફર બે હતા પૂરાં*
*હમારા રાજ્યદ્વારોના ખૂની ભપકા નથી ગમતા,*
*મતલબની મુરવ્વત ત્યાં, ખુશામદના ખઝાના જ્યાં*

કલાપીના અતિ પ્રસિદ્ધ લાંબા ખંડકાવ્ય હૃદય ત્રિપુટીની વાત



કવિ કલાપી

કરીએ એ પહેલાં એમના જીવનની ઘટનાઓ જાણીએ તો કાવ્ય માણી શકાય. કલાપી પંદર વર્ષના હતા ત્યારે એ જમાનાના રિવાજ પ્રમાણે ઇ. સ. ૧૮૮૯માં એક સાથે (ખાંડાથી) રોહાના રાજબા એટલે રમા ને કોટડા-સાંગાણીના કેશરબા સાથે લગ્ન થયાં. રમાબા જે કવિથી વયમાં આઠ વર્ષ મોટાં હતાં. એમનામાં કવિનો અનુરાગ જાગેલો હતો. એકાએક આ પ્રણયની સુખદ સ્થિતિ પલટાઇ જાય છે. રમાબા સાથે દાસી તરીકે આવેલી મોંઘી નામની દાસી પ્રત્યે કવિને પ્રણયભાવ જાગે છે. અને એક પ્રણયત્રિકોણ સર્જાય છે કવિ અને સંસ્કારી સજ્જન એવા કલાપીને નીતિ અને પ્રીતિ વચ્ચેનો સંઘર્ષ અનુભવવો પડે છે. આમ હૃદય ત્રિપુટી રચાય છે. કવિ મોંઘીને શોભના નામ આપે છે, પણ એમની ગેરહાજરીમાં રમાબા કોઇ ખવાસ યુવાન સાથે પરણાવીને વતનમાં મોકલી દે છે. છેવટે પતિ સાથે છૂટાછેડા અપાવી પોતાની પાસે લાવે છે ને વિધિપૂર્વક લગ્ન કરે છે. 'ચાહીશ તો ચાહીશ બેયને હું'ના કવિના વિચારનો રમાબા વિરોધ કરે છે. આમ આ ઝંઝાવાતમાં વ્યથા, નિર્વેદ અને વૈરાગ્યની ભાવના પ્રથમ થાય છે અને બધું છોડીને જતા રહેવાની ઇચ્છા વાસ્તવમાં જીવન અને જગત બન્નેની વિદાય થવામાં પરિણમે છે. કલાપીને સંસ્કૃતના બધા જ છંદોનું જ્ઞાન હતું. અત્યારે સંસ્કૃત વૃતનો 'વ' પણ જેને ખબર નથી એવા કેટલાંક ઉકલી ગયેલાઓ કવિની કવિતાની મશ્કરી કરે છે ત્યારે આ સંસ્કારી રાજવી કવિનું દિલ જરૂર કકળી ઊઠતું હશે. કલાપીનું બીજું સફળ કાવ્ય છે. 'ગ્રામ્ય માતા' આજના શાસકોએ આ કાવ્યમાંથી બોધપાઠ લેવા જેવો છે. કાવ્યનો પ્રારંભ હેમંતની સવારના વર્ણનથી થાય છે.

*ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં*
*ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દિસતી એકે નથી વાદળી*
*ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો*
*જે ઉત્સાહ ભરી દિસે ચુક ગાતાં મીઠાં ગીતડાં.*

કવિ કલાપીનું સ્થાન અને માન કાયમી છે. એમના જીવન દરમિયાન એ મસ્તકવિ, સંચિત, કાન્ત, ન્હાનાલાલ, લલિતજી વગેરેની પ્રશંસાના અધિકારી બન્યા હતા. મૃત્યુ પછી પણ આપણા વિવેચકો બ.ક.ઠાકોર, સુંદરમ્ અને ઉમાશંકર જોશી પાસેથી સુંદર પ્રશંસા પામ્યા છે. ઉમાશંકરે એમની કવિતાના ઉત્તમ ગુણોની અને વિશેષતાઓની વાત કરતા નોંધ્યું છે કે મરાઠી ભાષાના ગોવિંદા ગુંજ જેવા કવિવરોની પ્રીતિ પણ કલાપીની કવિતાએ સંપાદન કરી હતી. એમનાં કાવ્યોમાંથી થોડીક પંક્તિઓ માણીએ એક આગિયાને સંબોધીને કહે છે.

*આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી*
*એ અમૃતે શું ઝેરના બિંદુ ભર્યા વિધિએ નથી?*
*અમ એ જ જીવિત, એ જ મૃત્યુ, એ જ અશ્રુ ને અમી;*
*જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી ?*

*******

*જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની*
*આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની*
*માશુકાના ગાલની લાલી મહીં લાલી અને*
*જ્યાં જ્યાં ચમન, જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની*

*******

*તુંજે ન ચાહું, ન બન્યું કદી એ*
*તેને ન ચાહું, ન બને કદી એ*
*ચાહું છું તો ચાહીશ બેયને હું*
*ચાહું નહીં તો નવ કોઇને હું*

કલાપીનો કવિ તરીકેનો યશરૂપી દેહ સદા સર્વદા અમર રહેવાનો જ છે. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# નકારાત્મક વ્યક્તિની કરી દો બાદબાકી આપણી જિંદગીમાંથી...

થોડા સમય અગાઉ એક મિત્ર કોઈ મુશ્કેલીભર્યા તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા. એમની તબિયત પણ બહુ ખરાબ હતી. એ વખતે એના એક પરિચિતે કોઈ મુદ્દે વોટ્સએપ પર મેસેજ મોકલીને એની મદદ માગી હતી. મિત્રએ જવાબ આપ્યો કે 'મારી તબિયત ખરાબ છે.'

જોકે પેલા પરિચિતે એમના જવાબની અવગણતા ફરી મેસેજ મોકલ્યોઃ 'મને ફાયદો થાય એમ છે. તમે ફલાણી વ્યકિતને કહીને આટલું કામ કરાવી દો. તમે કહેશો તો તે ચોક્કસ આ કામ કરી આપશે.'

મિત્રએ પેલા પરિચિતના કામ માટે સંબંધિત વ્યક્તિ સાથે વાત કરી -વિનંતી પણ કરી. એ પછી એમણે પરિચિતને કહ્યુંઃ 'મેં તમારા માટે એમની સાથે વાત કરી છે, પણ એ બહારગામ છે એટલે આવે એ પછી તમારું કામ કરી આપશે.'

પરિચિતે મારા મિત્રને ધડાધડ કેટલાય મેસેજ મોકલી દીધા કે 'હું નાનો માણસ છું એટલે તમે મારા કામને સિરિયસલી લેતા નથી. મને ખબર છે કે તે વ્યક્તિ તમારી વાત ટાળી નહીં શકે...'

પેલા પરિચિતે બીજી પણ ઘણી કડવી વાતો લખી, પણ મારા મિત્રની તબિયત વિષે પૃચ્છા ન કરી! મારા મિત્ર મુશ્કેલીમાં હતા એ જાણવા છતાં સતત કોલ્સ અને મેસેજીસ કરીને એમને પરેશાન કરી મુક્યા. છેવટે એ મિત્રએ પોતાની તકલીફ અને તબિયત બાજુ પર મૂકીને પરિચિતના કામ માટે કોઈનો ઉપકાર લેવો પડ્યો.

એ સમય દરમિયાન તે મિત્રની તબિયત વધુ લથડી હતી .એમને હોસ્પિટલમાં દાખલ કરવા પડે એવી સ્થિતિ ઊભી થઈ ગઈ હતી એમ છતાં એ પરિચિતના કામ માટે માનસિક તણાવ લઈ રહ્યા હતા આથી એમનાં સંતાનો અકળાઈ ઉઠ્યાં. એમણે કહ્યું, 'પપ્પા, જે માણસને તમારી કશી પરવા નથી તેના માટે તમે તમારી જાત ભૂલીને શા માટે આટલો માનસિક તણાવ ભોગવી રહ્યા છો?' અને સંતાનોએ પિતાને પેલા માણસ સાથે સંબંધ કાપી નાખવાની ફરજ પાડી.



મને તે મિત્રની તબિયત ને તકલીફ વિશે ખબર પડી ત્યારે હું એમને મળવા ગયો. શક્ય હતી એ પ્રકારની બધી મદદ કરી. એ પછી એ મિત્રએ પોતાની વ્યથા ઠાલવી સાથે અફસોસ પણ વ્યક્ત કર્યો કે 'મેં સંતાનોની વાત માનીને તે પરિચિત સાથે સંબંધનો અંત આણી દીધો તો એ મારા વિશે કેવા વિચારો કર્યા હશે!'

મેં સલાહ આપી કે તમારે આવું વિચારવાની જરૂર નથી. ખરેખર તો તે પરિચિતે વિચારવું જોઈએ કે તમે એના માટે શું વિચારતા હશો? આપણી આજુબાજુની વ્યક્તિઓને મદદ ચોક્કસ કરવી જોઈએ, પરંતુ આપણી શાંતિના ભોગે કે આપણા જીવનના ભોગે તો બિલકુલ નહીં.'

તે મિત્રએ કહ્યું : 'તમે કહેતા હો છો કે આપણી આજુબાજુની વ્યક્તિઓને મદદ કરવી જ જોઈએ. તમે પણ મને મદદ કરી જ ને?'

મેં કહ્યુંઃ 'આપણી આજુબાજુની તો શું અજાણી વ્યક્તિઓને પણ ચોક્કસ મદદ કરવી જોઈએ, પણ જે લોકો જે માણસો આપણને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' લેતા હોય અને આપણે જાણે એમના માટે જ આ પૃથ્વી પર જન્મ લીધો હોય એવું માનતા હોય એવા લોકોને તારવીને અલગ કરી દેવા જોઈએ અને જે વ્યક્તિઓ આપણે મુશ્કેલીમાં હોય ત્યારે તેની નોંધ પણ ન લેતી હોય એવી વ્યક્તિઓને પણ આપણા જીવનમાંથી રવાના કરી દેવી જોઈએ.'

આપણા બધાની આજુબાજુ આ પ્રકારની -નકારાત્મકતા ફેલાવતી અને સ્વાર્થી કોઈ ને કોઈ વ્યક્તિઓ હોય જ છે. એમને પોતાના સ્વાર્થ સિવાય કશું દેખાતું નથી હોતું. આપણી તકલીફો વખતે એ પૂછતાં પણ ન હોય અને આપણે તકલીફમાં હોઈએ ત્યારે પણ એ મદદની અપેક્ષા રાખતા હોય એવા લોકો સાથેના સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ, કારણ કે આવા માણસો આપણા જીવનમાં કશું પ્રદાન કરતા નથી હોતા, પરંતુ આપણી શક્તિ અને શાંતિ છીનવી લેતા હોય છે અને ઘણા કિસ્સામાં તો વળી ઉપકાર પર અપકાર જેવા અનુભવો પણ આવા માણસો કરાવતા હોય છે.

થોડા સમય અગાઉ ટીવી સિરિયલ્સ અને ભોજપુરી ફિલ્મ્સની એક્ટ્રેસ અનુપમા પાઠકે જીવન ટૂંકાવી લીધું એ અગાઉ 'ફેસબુક' પર લાઈવ જઈને દસ મિનિટ સુધી જે વ્યથા-વેદના ઠાલવી હતી એ સાંભળીને થયું હતું કે આપણી આજુબાજુ કોઈ નેગેટિવિટી ફેલાવતી વ્યક્તિ હોય તો એનાથી સો જોજનનું અંતર કરી નાખવું જોઈએ. અને આપણી કે બીજા કોઈની પણ ખરાબ સ્થિતિની પરવા ન કરનારાઓનો (અને એવી સ્થતિમાં મદદ કરવાને બદલે જે તે વ્યક્તિની મજાક ઉડાવનારાઓની કે વિકૃતિ ફેલાવતા લોકોની) આપણા જીવનમાંથી બાદબાકી કરી દેવી જોઈએ.

અનુપમા કહી ગઈ છે કે કોઈના પર વિશ્વાસ કરવો એ મોટી મૂર્ખાઈ છે એટલે એની સાથે મોટો વિશ્વાસઘાત પણ થયો જ હશે. એણે એ વિશેની થોડી અછડતી વાત પણ 'ફેસબુક' પર લાઇવ થઈને કરી હતી.


આઘાતજનક વાત એ છે કે અનુપમાના કેટલાક મિત્રોને એની તકલીફો વિશે ખબર હતી અને એમાંના કેટલાકે તો એને 'ફેસબુક' પર સાંભળી, છતાં કોઈને એની મનોવ્યથા સમજાઈ નહોતી!

સાર એ છે કે નકારાત્મક વ્યક્તિઓની આપણી જિંદગીમાંથી બાદબાકી કરી દેવી જોઈએ. અને જેમને આપણી કશી પરવા જ ન હોય એવી વ્યક્તિઓથી પણ દૂર થઈ જવું જોઈએ. ■

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# જાતીય સમાનતાનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે આપણો મહાતહેવારઃ નવરાત્રી



નૃત્યના કોઈ પણ પ્રકારમાં અંગભંગિમાઓ કરતાં પણ તેનું ફોર્મેટ ધ્યાનથી જોવું પડે. ભારતીય મૂળના નૃત્ય પ્રકારો ખાસ્સી હદે સંતુલિત છે તો બીજી તરફ, ટેંગો- વોલ્ત્ઝ- ફોકસટ્રોટ જેવા બોલરૂમ ડાન્સમાં સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા જળવાતી નથી. આને લઈને પશ્ચિમના અમુક દેશોમાં છેલ્લા થોડાં સમયથી બૌદ્ધિકો એક ઝુંબેશ ચલાવી રહ્યા છે.હા, જેન્ડર ડિસ્ક્રીમીનેશન- ભેદભાવ દર્શાવતા હોય તેવાં મોટાં ભાગનાં વેસ્ટર્ન કપલ ડાન્સ હોય છે, કારણ કે તે દરેકમાં પુરુષ લીડ કરે છે અને એની ફિમેલ પાર્ટનર ફોલો કરતી હોય છે. ફિમેલ સ્ટેપનો મોટો આધાર એના મેલ પાર્ટનરના સ્ટેપ પર રહેલો છે. આંગળી પકડીને ફુદરડી મહિલાએ ફરવાની, એનો પુરુષ સાથી એને કમરથી તેડે ત્યારે સ્ત્રીએ ગોળ ફરવાનું, સ્ટેપ મુજબ કમરથી પાછળની બાજુ સ્ત્રીએ ઝૂકવાનું અને એનો પાર્ટનર પછી એને ઉપર ખેંચી લે...હિન્દી ફિલ્મોમાં યુગલ ડાન્સની આવી મુવમેન્ટસ તમે જોઈ જ હશે.

અહીં પ્રશ્ન એ છે કે સ્ત્રી કેમ લીડ ન કરે? અગર તો બંનેના ડાન્સના સ્ટેપ્સ સરખા કેમ ન હોય? સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતાના આજના આ જમાનામાં સમાનતાની માગણી કંઈ ખોટી તો નથી જ...

અમુક જાગૃત એવા કોરિયોગ્રાફર બોલરૂમ-કપલ ડાન્સમાં એવો નવો પ્રકાર લાવી રહ્યા છે, જેમાં વારાફરતી સ્ત્રી અને પુરુષ બંને લીડ કરે. પુરુષ પાર્ટનરે પણ ઝૂકવાનું અને એની સ્ત્રી સાથીદારની મરજીના સ્ટેપને અનુસરવાનું. આ નવા પ્રકારને એક વર્ગે વધાવી પણ લીધો છે એટલે ફેમિનીસ્ટ ગર્લફ્રેન્ડ હોય તો એ ટિપિકલ સાલ્સા ડાન્સના કોચિંગ ક્લાસમાં બોયફ્રેન્ડ સાથે એડમિશન લેવાને બદલે આ પ્રકારના ડાન્સની પ્રેક્ટિસ કરવાનું વધુ પસંદ કરે.

યુ નો, નો વન લાઈક્સ ટુ ફોલો... બધાને લીડ કરવું છે. ફક્ત પુરુષની દોરવણી જ થોડી હોય? સમાજ પિતૃસત્તાક છે તો નૃત્ય તો બંને માટે સમાન હોવું જોઈએ ને.?!

ભારતની સંસ્કૃતિ તરફ એક નજર નાખો. ભારતના કલાવારસાને ધ્યાનથી જુવો. હવે આપણા ગરબા વિચારો. વૃંદાવનની બહાર કાન્હાને વચ્ચે રાખીને ફરતે ગોપીઓ રાસ લેતી, જેમાં દરેક ગોપીને લાગતું કે કાન્હો મારી સાથે જ રાસ લે છે તે સમયથી લઇને આજ સુધીના દોઢ લાખ વોટની સાઉન્ડ સિસ્ટમ સુધીના અર્વાચીન દાંડિયા-રાસ વિચારો. આપણાં નૃત્યોમાં ક્યાંય સ્ત્રી-પુરુષ અસમાનતા લાગે છે-દેખાય છે? આપણે મહિલા માટે આપણા ટ્રેડિશનલ ડાન્સને બેલેન્સ કરવાની જરૂર છે? આપણી સ્ત્રીને અન્યાય થાય છે માટે ગરબાની નવી ડિઝાઈન વિશે શોધ કરવાની જરૂર છે? આ બધાનો 'ના' જવાબ દર્શાવે છે આપણે સમયથી કેટલા આગળ હતા અને છીએ !

આપણા તો ગરબાની વ્યુત્પત્તિ જ સ્ત્રીપ્રેરિત (ગર્ભ) છે એટલે સ્ત્રીને અન્યાય થાય એવી આર્ટ આ દેશમાં ખીલી નથી. પછી તે સંગીત હોય કે નૃત્ય કે બીજી કોઈ કળા. હજારો વર્ષો પછી ભારત સિવાયના અમુક દેશ હવે છેક જાગી રહ્યા છે. ભારત પાસે એમનેમ વ્યાસપીઠ નથી.

ફક્ત અંકે નવ પૂરી રાતનો લાંબો તહેવાર નથી, પણ નવીન રાત્રીઓના આગમનનો કાર્નિવલ છે અને તેમાં રાત્રી ફક્ત અંધારી રાતના બાર કલાક નથી દર્શાવતા, પણ એક પરિવર્તનના સમયગાળા (ટ્રાન્ઝિશન પિરિયડ)ને સંબોધે છે. દિવસ કરતાં રાત એટલે વધુ મહત્ત્વની છે કે જબરદસ્ત બદલાવની હવા રાતે જ ફૂંકાય. પલટો રાતે થાય. નવરાત્રી તો સંસ્કૃતિને એક કદમ આગળ લઇ જવાનો અવસર છે. દર વર્ષે ગીતોમાં, સ્ટાઈલમાં, નૃત્યમાં, ગરબાના સ્ટેપમાં જે નાના-મોટા ફેરફાર જોવા મળે છે તે ફક્ત નવરાત્રી પૂરતા નથી હોતા , પણ લાંબા સમય માટે હોય છે. સંસ્કૃતિની ઉપર નાવીન્યનું અને આધુનિકતાનું એક પડળ ચડાવીને જ નવરાત્રી પૂરી થાય છે.

જો કે નવરાત્રીમાં ગરબા રમવા જતી યુવતીઓ અને એમની શૈલી ઉપર વિરોધ કરનારા વડીલો દર વર્ષે આ સમય દરમિયાન સક્રિય થઈ જતાં હોય છે. દર વર્ષે નવરાત્રી ઉપર હિલોળા લેતા જોબનની આ જ વાતનો પક્ષ ખેંચવો પડે એ પણ કંટાળાજનક છે, કારણ કે નવરાત્રી તેના સિવાય ઘણું બધું છે.

બ્રહ્માંડનો જે આકાર છે, સૃષ્ટિનો જે આકાર છે તે જ આકારમાં અમર્યાદિત વિસ્તારમાં શરીર દ્વારા અદ્રશ્ય કોતરણી કરવી તે સામાન્યમાં સામાન્ય માણસના સાંસ્કૃતિક સર્જનની પરાકાષ્ઠા છે. ડાન્સ અને મ્યુઝિક સુસંસ્કારી મનુષ્યના બે પાયાના પત્થર દસ દસ દિવસ સુધી ભેગા થાય અને તેમાં ધર્મ અને આધ્યાત્મ ભળે આટલું સટીક-સુંદર-સેક્સી-સોર્સફૂલ કોમ્બિનેશન બીજું એક પણ નથી. શ્રાવણ ને પર્યુષણના ઉપવાસના ભારે પારણાં કર્યા પછી શરીરમાં તરવરાટ લાવવાનો મોકો આવે તે વરદાનથી કમ નથી. નવરાત્રી તો ડાન્સ કરતાં કરતાં ધ્યાનમાં પ્રવેશી જવાનો મહોત્સવ છે.

નવરાત્રીમાં પહેલા બે અક્ષર નવ છે. નવ એટલે નવીન પણ ખરું. દરેક નવરાત્રી કંઇક નવીન લઈને આવે. આ નવરાત્રી આપણી સંસ્કૃતિમાં જે નાના નાના બદલાવ લાવશે તે કાયમ રહેશે. આવતા વર્ષે બીજો ફેરફાર આવશે. સંસ્કૃતિ જે તે દેશના યુવાનો નક્કી કરતાં હોય છે, ઘરડાદિમાગ નહિ. સંસ્કૃતિનું વહેણ રોકવું અપ્રાકૃતિક છે માટે સંસ્કૃતિના પગાર વિનાના ચોકીદારો તો બોલ્યા કરશે રાસગરબાના આયોજકો ઇનામ આપવામાં ભારોભાર લુચ્ચાઈ અને ભ્રષ્ટાચાર કર્યા કરશે અમુક કુતત્ત્વો પણ ફર્યા કરશે, પણ નવરાત્રી બીજા માટે નથી, આપણા ખુદ માટે છે. શરીરની મોટા ભાગની ઇન્દ્રિયને કામે લગાડવી પડે એવો એકમાત્ર તહેવાર આ જ છે. ■

વલો કચ્છ


ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# સતત નવું કરવાની તલસ્પૃહા જ કલાકારને સતત જીવંત રાખે છે









કચ્છની ધરતી એ હંમેશાં તેની વિશિષ્ટ હસ્તકલાકૃતિઓ માટે જાણીતી રહી છે. અહીંની ગરમ ધરતીના ધૂળિયા તણખલાઓમાંથી ઉગી આવેલી મડ મિરર કળા આજે માત્ર હસ્તકલા નથી, તે કચ્છની ઓળખ છે અને આ કળાના પાયોનિયર ગણાતા અને અમૂલ્ય યોગદાન આપનારા આર્ટિસ્ટ ડૉ. રસીદ ખાનની આજે વાત કરીએ. શરૂઆતમાં સાઇન બોર્ડ, હોર્ડીંગ અને જાહેર ખબરોની ડિઝાઇનમાંથી બહાર આવીને લીંપણના પરંપરાગત કામમાં આધુનિક મુલાયમતા અને ફાઇન આર્ટ ચિત્રોનો સ્પર્શ આપીને મડ મિરર આર્ટ પર ધ્યાન લંબાવ્યું, જેને લોકો 'ખાનદાદા' ના હુલામણા નામે સંબોધે છે. મડકલામાં ફાઇન આર્ટ પેઈન્ટીંગનું નાવીન્ય જ એમને અદના કલાકાર બનાવે છે.

૨૬ મી જાન્યુઆરીએ જન્મેલા ઉસ્તાદ રશીદખાન જીવનના અમૃત કાળની કેડીએ ચિત્રકળા પ્રત્યેના પોતાના બાળપણના શોખ સાથે આનંદપૂર્વક જીવન વિતાવી રહ્યા છે. જ્યારે અન્ય બાળકો રમતમાં મશગુલ હતા, ત્યારે રસીદખાન કાગળ પર કલ્પનાની સાથે ચિત્ર આકતાં રહેતા. પિતા પોસ્ટ વિભાગમાં અધિકારી, પરંતુ તેમણે રસીદને તેની કળાત્મક ઝંખનાને ઝાંખી પાડવા ન દીધી તેથી જ ખાનદાદા વ્યવસાયીકરણ સાથે કલાને સમર્પિત રહી શક્યા.

હાઇસ્કૂલના અભ્યાસ બાદ ધોળકાની કોલેજમાં ડ્રોઈંગ ટીચર તરીકે અને પછીથી અમદાવાદની પ્રસિદ્ધ સી. એન. વિદ્યાલયમાંથી કલા મહર્ષિ રસિકભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ ફાઇન આર્ટમાં ડિપ્લોમા મેળવ્યો. એકવાર કલાગુરુ રવિશંકર મહારાજે જ્યારે યુવાન રસીદના ચિત્રો જોયા, ત્યારે કહ્યું કે તેમની ચિત્રશૈલીમાં ઈજિપ્તશિયનમાં મળતી આવતી વિશિષ્ટતા છે.

આજની તારીખમાં, મડ મિરર આર્ટ ફક્ત કચ્છના ભૂંગામાં નથી, પરંતુ વોલપીસ અને વોલ હેંગિંગ્સના રૂપમાં વિદેશોમાં પણ પ્રસિદ્ધ છે. તેમણે હજારો વિદ્યાર્થીઓને મડ મિરર આર્ટની તાલીમ આપી છે, જે આજે તેમના નામની જેમ જ સમાજમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. રસીદખાનના વિચારોમાં સ્પર્ધાનો કોઈ અવરોધ નથી, પરંતુ કળાનું વિસ્તરણ છે. તેઓ માને છે કે કલાને વહેંચવાની છે, ન કે સંકોરવાની. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, યુવાઓ તમારા કરતાં વધારે કમાણી કરે છે, તો તમને ખરાબ લાગે છે? તો તેમણે જવાબ આપ્યો કે, ''સ્પર્ધા એ વૃદ્ધિનું કારણ છે, મારા શિષ્યો આગળ વધે તે મારા માટે ગૌરવની વાત છે. મારે મારા શિષ્યો આગળ વધે, મારી પ્રસિદ્ધિ પણ વધે.''

૭૮ વર્ષના રસીદ ખાન કહે છે, ''જ્યાં સુધી તમે ગાંડા ન બનો, ત્યાં સુધી લક્ષ્ય વેધવા સફળ ન બની શકો,'' તેમની યુવાનોને પણ શરમાવે તેવી અભિવ્યક્તિ જોઈને દંગ રહી જવાયું. તેમનો જીવનદ્રષ્ટિકોણ ફક્ત કલા સુધી મર્યાદિત નથી, પણ જીવનના દરેક ક્ષેત્રમાં તેઓએ કલા અને નમ્રતાનું યોગ્ય સ્થાન બતાવ્યું છે. તેમનો શ્રમ એ સાબિત કરે છે કે નવું નવું કરવાની તલસ્પૃહા જ મનુષ્યને સતત જીવંત રાખે છે.

ભાવાનુવાદઃ કચ્છજી ધરાતે હમેશા તેંજી નિડારી નિડારી આઉગી હસ્તકલાએંલા પ્રિખ્યાત રિઇ આય. હિત જી ઉની ધરતિતેં ધૂરીયે તણખેં મિંજાનું ઉગીંધલ મડ -મિરર કલા અજ ખાલી હસ્તકલા નાય, ઇ કચ્છજી આઉગી ઓરખ પ સાભિત થિઇ આય નેં હિન કલાજા પાયોનિયર ગણાઇંધલ નેં અમૂલ યોગડાન ડીંધલ ઉસ્તાદ રસીદ ખાનજી અજ ગ઼ાલ કરીયું. સરૂમેં સાઇન બોર્ડ, હોર્ડીંગ ને જાહેર ખબરેંજી ડિઝાઇનેંમિંજાનું અગ઼િયા અચીને લીંપણજે પરંપરાગત કમમેં આધુનિક મુલાયમતા ને ફાઇન આર્ટ ચિતરેંજો ટચ ડિઇને મડ મિરર આર્ટતે જોર કયોં જેકે માડૂ 'ખાનદાદા' જે લાડકે નાલે સે ઓરખેતા. મડકલામેં ફાઇન આર્ટ પેઈન્ટીંગજો નાવીન્ય જ ઇનીકે અદના કલાકાર ભનાઇંયેતા.

૨૬મી જાન્યુઆરીજો જન્મેલ ઉસ્તાદ રશીદખાન જીયણજે અમૃત કાલમેં ચિતરકલાલા પિંઢજે નિંઢપણજે સોખ ભેરો રાજીપે જિવેંતા. જેર બ્યા બાર રમતું રમેમેં મસગુલ હોઆ તેર ખાનદાદા કાગરતે કલ્પનાજા ચિતર ભનાયમેં રોકાયેલ વા. પે પોસ્ટ વિભાગમેં અધિકારી વા તય પ રશીદ્કે પિંઢજી કલાત્મક જંખનાકે જાંખી થેલા ન ડીની ઇતરે જ ખાનદાદા વ્યવસાયીકરણ ભેરો કલાકે સમર્પિત રિઇ સગ્યા.

હાઇસ્કૂલજે અભ્યાસ પોઆ ધોડકાજી કોલેજમેં ડ્રોઈંગ ટીચર તરીકેં ને પોય અમદાવાદજી પ્રિસિદ્ધ સી. એન. વિદ્યાલયમિંજાનું કલા મહર્ષિ રસિકભાઈ પરીખજે માર્ગદર્શનમેં ફાઇન આર્ટમેં ડિપ્લોમા ક્યો. હિકડીવાર કલાગુરુ રવિશંકર મહારાજ જુવાન રસીદજા ચિતર ન્યારે તેર બોલ્યા વા ક ઇનીજી ચિત્રશૈલીમેં ઈજિપ્તશિયન શૈલીજી છાંટ ન્યારેલા જુડેતિ.

અજજી તારીખમેં, મડ મિરર આર્ટ ખાલી કચ્છજે ભૂંગેમેં નાય, પ વોલપીસ ને વોલ હેંગિંગ્સજે રૂપમેં વિડેસમેં પ પ્રિખ્યાત આય. હિની હજારો વિદ્યાર્થીએંકે મડ મિરર આર્ટજી તાલીમ ડિની આય, જુકો અજ સમાજમેં નોંધપાત્ર યોગડાન ડિઇ રયા ઐં. રસીદખાનજે વિચારેમેં સ્પર્ધાજો કો પ અવરોધ નાય, પ કલાજો વિસ્તરણ આય. હિની મનેંતા ક કલામેં વિસ્તાર કેંણુ ખપે ન કે સમેટણૂં. જેર ઇનીકે પૂછેમેં આયો ક, યુવા આં કનાં વધારે કમાણી કરીયેંતા, ત આંકે ખરાબ લગેતો? ત હિની જભાભ વાર્યો ક, ''સ્પર્ધા ઇ વૃદ્ધિજો કારણ આય, મુંજા શિષ્યો અગ઼િયા વધે એ મૂંલા ગૌરવજી ગ઼ાલ આય. મુંજા શિષ્ય અગ઼િયા વધે ત મુંજી જ પ્રસિદ્ધિ વધે.''

૭૮ વરેંજા ખાનદાદા ચેંતા, ''જે સુધી અઇં ગાંડા ન ભનો, તેં સુધી લક્ષ્ય મેડ઼વેલા સફલ ન ભની સગો,'' ઇનીજી જુવાનેંકે પ શરમાઇંયે એંડી અભિવ્યક્તિ ન્યારીને પાં અંજાઇ વઞોં. ઇનીજો જીવનદ્રષ્ટિકોણ ખાલી કલા તઇં મર્યાધિત નાય, પ જીયણજે મિડે છેતરમેં નમ્રતાજો યોગ્ય થાન ભનાયોં અયોં. ઇનીજો શ્રમ ઇ સાભિત કરેતો ક નઉં નઉં કરેજી ઇચ્છા માનુકે જીવંત રખેતિ. ■

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@
bombaysamachar.com

# આ તે કેવી કમનસીબી... ગધેડી પણ ગઇ ને ફાળિયું પણ ગયું!



કેટલાક લોકો જાતજાતની ટિપ્સ આપે છે. કોઈ નિષ્ફળ વ્યકિત 'હાઉ ટુ બી સકસેસફુલ પર્સન - જિંદગીમાં સફળ કેમ થવું ?' એ વિશે ટિપ્સ આપે છે. લગ્ન કર્યા હોય અથવા પત્નીનો ત્યાગ કર્યો હોય એ 'સુખી લગ્નસંસાર'ની ટિપ્સ આપે છે. જીંદગીભર મૂંછમાં હસ્યા ન હોય એ હસવાના ફાયદા બતાવે છે.

આમ ટિપ્સને કરણી અને કથની વચ્ચે સ્નાનસૂતકનો સંબંધ નથી. ટિપ્સ એ પોથીમાના રીંગણા છે. ટિપ્સ એ ગુરૂ ગોળ ખાય અને ચેલાને શિખામણ આપે એ પ્રકારની એક વ્યર્થ ટાઇમપાસ એકિટવીટી છે.

આપણે ત્યાં રોકડ ટિપ અને ભીખને એક સિક્કાની બે બાજુ ગણવામાં આવે છે. આ બંને પર ગબ્બર ટેકસ ( ન સમજ્યા, ૠજીઝ ?! )લાગતો નથી એ કબૂલ, પણ બંને એક નથી. ભીખ માંગવી એ ગુનો છે. ભીખ મેળવનાર તમને કોઇ સેવા પૂરી પાડતો નથી. અલબત, પાંચ કે દસ રૂપિયાના દાનના બદલામાં એ 'દૂધો નાવો પુતો ફલો 'એવા આશીર્વાદ આપે છે. નિસંતાન દંપતીને સંતાન પ્રાપ્તિ માટે આઇવીએફ કલિનિકની સારવારના ખર્ચમાંથી ઉગારે છે. યમના આશીર્વાદથી તમે અદાણીને ધોબીપછાડ માત આપીને વિશ્વના એક નંબરનામ ધનાઢય બની શકો છો . આમ ભીખ એક રીતે વચનોનું વાયદાબજાર છે. કોઇ તમને સેવા આપે, સેવાથી તમને સંપૂર્ણ સંતોષ થાય એટલે તમારી અંદર બેઠેલો કદરદાન 'ચરણ ચાંપી મૂંછ મરડી નાગણે નાગ જગાડયો' ની જેમ જાગૃત થાય છે. તમે સમરકંદ અને બુખારા આપી દેવા તૈયાર થઇ જાવ છો. આવી વાતમાં માલિકીફાલિકી જોવાની ન હોય. સામેવાળાની સેવાથી રાજી થઇને જે રકમ આપો છો એ ટીપ છે. આમ તો ટિપની લેવડદેવડ હોટલ, રેસ્ટોરેન્ટમાં થાય છે. ટિપની પ્રવૃત્તિનો વ્યાપ વધારવાની જરૂર છે. રાજકીય રીતે તમે રેવડીનો વિરોધ કરો તે સમજ્યા મારા ભાઇ , પણ ટિપનો ટિપટોપ વ્યાપ વધારવા 'મુખ્ય મંત્રી ટિપ અભિવૃદ્ધિ ચીપ યોજના' લોંચ કરવી જોઇએ. આના લીધે વેઇટર સંવર્ગના લાખો લોકો આપણને વોટ આપશે એ દીવા જેવું સ્પષ્ટ છે.

ઘણા કંજૂસ અને મખ્ખીચૂસ લોકો ટિપ સંસ્કૃતિનો વિરોધ કરી રહ્યા છે. માનો કે કેટલીક મોરલ પોલીસ સેના વેલેનટાઇન- ડે નો વિરોધ ન કરી રહી હોય ત્યારે તેમાં મુનિમનો કે ઓડિટરનો આત્મા પ્રવેશ કરતો હોય છે. તમે હોટલનું બિલ પણ ચુકવો અને ટિપ પણ આપો તે નાઇન્સાફી છે. વેઇટરનું કામ વાનગી લાવવા, પ્લેટ લાવવા, ઓર્ડર લેવાનું , સુપ - ડેઝર્ટ લાવવાનું અને જુઠી પ્લેટ લઇ જવાનું છે.એના માટે હોટલનો માલિક વેઇટર પૈસા ચુકવે પછી રેવડી કલ્ચરને પ્રોત્સાહન આપવાનું? આ તો છાશમાં માખણ જાય અને વહુ ફૂવડ કહેવાય .

જો પુરુષ વેઇટરની જગ્યાએ મહિલા વેઇટર હોય તો તમારા ઔદાર્યમાં અચાનક ઉછાળો આવે છે. જો તમે પુરુષ વેઇટરને વીસ રૂપિયાની ટિપ આપો, પરંતુ મહિલા વેઇટર હશે તો સો-બસો રૂપિયા ટિપ આપી દેશો.

આપણું ટિપ આપવાનું ધોરણ સ્થળ અને કાળ મુજબ બદલાય છે. હાઇ -વે પરના રેસ્ટોરેન્ટ, લારી, ગલ્લા પર નાસ્તો કે ભોજન કરીએ છીએ તો કારીગરને ટિપ આપતા નથી. બિલની રકમના આધારે પણ ટિપ આપતા નથી. સારી અને મોંઘી હોટલ કે રેસ્ટોર્ન્ટમાં લંચ કે ડિનર કર્યા બાદ બિલની રકમ ઉપરાંત ટિપ એટલે આપીએ છીએ કે હોટલનો સ્ટાફ આપણને ચિંગુસ ન ગણે એટલે ના છૂટકે ટીપ આપીએ છીએ. નવ -દસ હજારનું જમ્યા પછી વેઇટરને વીસ રૂપિયા ટીપ આપો એટલે એ વેઇટર તેના ખિસ્સાના એંશી ઉમેરીને આપણા વીસ ને બદલે સો રૂપિયા પરત કરે તો આપણો કેવો કચરો થઇ જાય.ઘણી હોટલો વેઇટરને મળેલી ટિપમાંથી ભાગ પડાવે છે. સમજો કે ભિખારી પાસેથી પોલીસ હપતો ઉઘરાવે તેવું !

દુનિયામાં કેટલાય સ્ટુડન્ટ્સ પોતાના પોકેટ ખર્ચ અથવા તો પોતાની એજ્યુકેશન લોનને ચૂકવવા માટે પાર્ટ ટાઇમ નાની-મોટી જોબ કરે છે. કોઈ વેઇટર બને છે . રયાન બ્રાન્ડટ નામની સ્ટુડ્ન્ટ એક રેસ્ટોરન્ટમાં વેઇટ્રેસ તરીકે કામ કરતી હતી. એક પૈસાદાર માણસ રેસ્ટોરન્ટમાં આવ્યો. રયાનની સર્વિસ અને એની સ્ટોરી જાણ્યા બાદ પેલીને એણે સાડા ત્રણ લાખ રૂપિયાની ટિપ આપી, પરંતુ તે ટિપનો આનંદ વધારે સમય સુધી ન ટકી શક્યો. રેસ્ટોરન્ટના મેનેજરે એ ટિપ બાકીની વેઇટ્રેસ સાથે શેર કરવાનું કહ્યું. રયાન બ્રાન્ડટ એનો વિરોધ કર્યો તો નોકરીમાંથી તગેડી મુકવામાં આવી. આમ, એણે ગોળી અને ગોફણ બન્ને ગુમાવ્યા.

દરેક દેશમાં વેઇટરને ટિપ આપવાના માનાંક અલગ છે. રૂમની સફાઇ કરનાર, મુસાફરોનો લગેજ હેરફેર કરવા, ટેકસી ડ્રાઇવર,વાઇન જેવા પીણા સર્વ કરવા વગેરેના રેટ અલગ અલગ છે. આ પ્રકારની નાની-ક્ષુલલ્ક રકમ આપવાથી આપનાર ગરીબ થઇ જતો નથી પણ જેમને આપવામાં આવે છે તેના માટે ટિપે ટિપે સરોવર ભરાય તેટલી રાહત અનુભવાય છે.


અમેરિકાના પેન્સિલવેનિયાના સ્ક્રેન્ટોન શહેરની એક રેસ્ટોરાંમાં મારિયાના લેમ્બર્ટ નામની મહિલા વેઇટ્રેસ તરીકે કામ કરે છે. અહીં એરિક સ્મિત નામનો ગ્રાહક આવ્યો. એણે એક બે આઇટમનો ઓર્ડર કર્યો, જેનું બિલ માત્ર તેર ડૉલર હતું. એરિક ચક્રમ હશે કે પીધેલો એ તો ભગવાન જાણે, પણ એણે મારિયાનાને ત્રણસો ડૉલરની ટિપ આપી...! બિલની રકમ સામે ૩૯ ગણી ટિપ આપી. થોડા દિવસ પછી એરિકે પત્ર લખીને ટિપની રકમ પરત કરવા રેસ્ટોરન્ટને કહ્યું. રેસ્ટોરન્ટે કહ્યું કે 'રાઈના ભાવ રાતે ગયા.... અબ તુમ ભૂલ જાવ, હમ ભી ભૂલ જાયેંગે!'

એરિક ભૂલવા તૈયાર નથી.એણે રેસ્ટોરન્ટ સામે કાર્ટકેસ કર્યો .કેટલીક ચુકવણીઓ નોનરિફંડેબલ હોય છે. મંદિરમાં ચડાવો ચડાવીએ તે પરત માગી શકાય? ના, કેમ કે નોન રિફંડેબલ છે. પત્ની અગર ગર્લફ્રેન્ડને આપેલ ગિફટસ નોન રિફંડેબલ કેટેગરીમાં આવે છે. આ વાત એરિક સમજવા તૈયાર નથી. ..હા, પણ પેલી વીઇટ્રેસ મારિયાનાનું થયું?મોરિયાના ટિપની રકમ ઉડાડી ચુકી હશે. બિચારા એરિકભાઇ આપણી ગુજરાતી કહેવતો સમજી શકતા નહીં હોય.એમના માટે ગધેડી પણ ગઇ અને ફાળિયું પણ ગયું! ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# દિવ્યતા અને પશુતા એકસાથે...



ના... ના... શરૂઆત આને લગતી નથી. શરૂઆત being non-believer (Being Humanથી અલગ)થી કરવી છે. પવિત્ર શ્રાદ્ધના દિવસોમાં એક સવાલ પૂછું? સ્વર્ગે સીધાવ્યા બાદ પણ પૂર્વજ જો ભૂખ્યા-તરસ્યા રહેતા હો-એમને આ થોડા દિવસ અહીંથી જળ-ભોજન આપવાના હોય તો એવું સ્વર્ગ કોઇ કામનું ખરું? સ્વર્ગ છે ખરું? ચાલો, એક સમાધાન સાધીએ... જેટલા પૂર્વજોનું શ્રાદ્ધ કરીએ એટલા જીવતાં ભૂખ્યા શોધી જમાડીએ આ દિવસોમાં અને અહીં એના પેટમાં અને આંખોમાં સ્વર્ગ ઊભું થતું જોઇએ.

****

હમણાં અમદાવાદના 'ગઝલની ગુંજતી સરગમ'ના ઉપક્રમમાં જેમની ગઝલોએ ધૂમ મચાવી હતી એ અમૃત 'ઘાયલ' સાહેબથી વાત માંડુ....

*ટપકે છે લોહી આંખથી પાણીના સ્વાંગમાં*
*કાવ્યો મળી રહ્યાં છે કહાણીના સ્વાંગમાં*

*પોથી બગલમાં જોઇને ભરમાઇ ના જશો*
*પાખંડીઓ ફરે છે પુરાણીના સ્વાંગમાં*

*'ઘાયલ' અમોને શુદ્ધ કવિતાઓ જોઇએ*
*દાસીના સ્વાંગમાં હો કે રાણીના સ્વાંગમાં*

★★★

મા અંબાએ શણગાર સજવાના શરૂ કરી દીધા છે આ વર્ષના ભવ્ય આગમનની પૂર્વતૈયારી રૂપે અને એમને સત્કારવા માટે ઉત્સુક છે હર એક... ચણિયા ચોળી સજાવેલી તોતલીઓથી લઇને સમૃદ્ધ વસ્ત્રાલંકારથી વિભૂષિત આખો એક વર્ગ, તો બીજી તરફ પોતાની પાસે જે કાંઇ છે એમાં પૂરેપૂરું મન અને હૃદય ભેળવી ગરબે ઘૂમતાં દરેક દ્વારા શુદ્ધ ગવાતા ગરબાથી માતાજીની આરાધના સાધતો એક શ્રમજીવી CLASS, આવડા વૈપુલ્યમાં ફેલાયેલા રૂપના કુંડાળાને આંખથી અડકી લેતાં અલબેલાઓ (પ્રિયકાન્ત મણિયાર) દરેક વયનાં અને... સડેલા દિલ સાથે વિકૃત દિમાગ અને વાસનાભરી આંખ લઇ ભમતા, પહેરવેશ પરથી ન જ પકડી શકાય એવા પુરાણીના સ્વાંગમાં ફરતા પાખંડી વ્યભિચારીઓ....

સંભાળવાનું છે... સ્વરક્ષાનો અમોથ પાઠ ગોખવાનો છે માતાજીની પ્રસાદીમાંથી અને પછી એને અમલમાં મૂકવાનો છે. માત્ર ગરબે ઘૂમવાથી પૂરું નથી થઇ જતું. જે મા-બાપ પરિવારની સ્ત્રીઓને ગરબે રમવા જતી જોઇને આનંદ અનુભવે છે એમણે એ તમામ સ્ત્રીઓને જુડો-કરાટે કે ભારતીય ભાલાવિજ્ઞાન કે બીજું કંઇ પણ શિખવાડવા જ રહ્યાં. આ મહાડરપોક વિકૃતોને પડકારવાના સાહસનાં સંસ્કાર સમગ્ર સ્ત્રી જાતિએ પાંગરવા જ રહ્યા... નથી, કોઇને તમારા માટે જરા સરખો ય સમય નથી એમ માનીને જ તમારું સ્ત્રીત્વ અકબંધ રહે એ તમારે સેવવું જ રહ્યું, તમને એ આવડવું જ રહ્યું. દરેક હકની સાથે તો છે જ પણ દરેક આનંદ કે મોજમજાની સાથે એક ફરજ જોડાયેલી છે જ... જોડાયેલી છે જ.... જોડાયેલી છે જ.... આ વાત જરાય ભૂલ્યા તો અંજામ છે જ અગણિત આપણી સામે. સરકાર અને સરકારો સ્ત્રીરક્ષાની મૂળભૂત તાલીમ દરેક સ્ત્રીને કેમ મફત ઉપલબ્ધ નથી કરાવતી? અને ના કરાવતી હોય તો એ સરકારો જાય... હમણાં... એમને જ્યાં જવું હોય ત્યાં... આપણાથી વધુ સારી આપણી રક્ષા કોણ કરવાનું બીજું? કયારેય કરી છે આપણી દરકાર કોઇએ પણ?

**કોઇ જાગે કે કોઇ ના જાગે, કોઇ શું જાગે !?**
**તું જ જાગ્યો તો તું જ થા આગે, આપણામાંથી કોઇ તો જાગે!**
**(વેણીભાઇ પુરોહિત)**

નવ દિવસનો એક અદ્ભુત ઉત્સવ છે નવરાત્રિ... જગતભરમાં જોમ લાવી દે એવો ઉત્સવ. કેવું વ્યાપારીકરણ (કરોડો-અબજો દુનિયાભરમાં) થયું છે, એને વધાવી લઇએ... પણ આ અધાધોમ કમાતા નવરાત્રિ મંડળો કે નાણાકીય સાતમા આસમાનમાં ઉડતા મહાસમર્થ કે પા કે અડધી આવડત સાથે ધધધ રળતા કલાકારો કે ઇનામ વિતરણમાં વ્યસ્ત નજરિયાબાજ કે નિર્દોષ નેતાઓ કે ચિત્રપટના કલાકારો આ આખીય વૈશ્વિક પ્રવૃત્તિને સ્ત્રી સલામતીની ઝુંબેશમાં પણ પરિવર્તિત કરે એવો આગ્રહ નહીં પણ હઠાગ્રહ છે, જિદ્ છે, ચેતવણી છે.

સ્ત્રી એકતરફી ભોગવવાની કોઇ ચીજ વસ્તુ નથી જ નથી. સ્ત્રી, પરમાત્માએ સમગ્ર, પુરુષ જાતિને ધરેલો આનંદ છે, મનનો વિલાસ છે, આંખનું આશ્ચર્ય છે. સંભોગની સંધી છૂટી પડશે, સમ્ભોગ-એ ક્ષણે જ અને તો જ શરીરસુખ સિદ્ધ થશે...હા...

*ટપકે છે લોહી આંખથી જળનાં લિબાસમાં*
*કાદવ મળે ન જોજો ! કમળનાં લિબાસમાં*

જી હા, બદલ્યો છે ઘાયલ સાહેબનો શેર. એક એવી સુંદર કલીપ જોઇને... કુંડાળું છે ચોમેર અતિ તેજસ્વી સ્ત્રીપુરુષ ડૉક્ટરોનું... અને વચ્ચે ઘૂમી રહી છે એક ઉચ્ચતમ કક્ષાની નર્તકી, અત્યંત સ્વરૂપવાન ડૉક્ટર પણ છે એ... એની આંખના હાવભાવ, તમારામાં કવચિત ભય પરાવર્તિત કરતી મા કાળી તો કવચિત નર્મશર્મ-સ્વરૂપવાન, આશીર્વાદ વરસાવતાં મા અંબામા મૂકે. શોધજો આ કલીપ જરૂરથી સોશિયલ મીડિયા પરથી અને આખાય વોટ્સેપના તમારા ફોનના રસાલાને SENT કરજો. PROTEST નો આટલો અસરકારક મિજાજ મેં તો બીજો નથી જ જોયો. તમને શોધવામાં આસાની રહે માટે ચિત્ર સાથે મૂક્યું છે.

આજે આટલું જ... ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# ઓનલાઈન-ઓફલાઈનનો સમન્વય



આજની તારીખે નાના કે મોટા વેપારીને એક પ્રશ્ન સતત સતાવે છે કે વેપાર કેવી રીતે કરવો : ઓનલાઇન કે ઓફલાઈન....?

થોડા સમય પહેલા બે એવા રિપોર્ટ આવ્યા- એક રિપોર્ટ એ હતો કે કેવી રીતે ઓનલાઇન બ્રાન્ડ્સ ઓફલાઈનમાં આવી અર્થાત દુકાન (રિટેલ સ્ટોર) ખોલ્યા. બીજો રિપોર્ટ કહે છે કે કઇ રીતે કિવક કોમર્સ દુકાનોને નુકસાન પહોંચાડી રહ્યું છે.

આમ જોવા જઇએ તો આ બંને રિપોર્ટ વિરોધાભાસી છે લાગે, પણ બંને પોતપોતાના સ્થાને બરાબર છે.

પહેલા રિપોર્ટ પ્રમાણે આજે પણ મોટા ભાગના લોકો ઓફલાઈન અર્થાત દુકાનોમાં જઈ ખરીદી કરવામાં માને છે. ફક્ત ૧૦% જેટલા લોકો ઓનલાઇન ખરીદીમાં માને છે. જો આપણા ધ્યાનમાં હોય તો કેટલીક જ્વેલરી બ્રાન્ડ ચશ્માંની બ્રાન્ડ કે પર્સનલ કેર બ્રાન્ડની કંપનીઓએ શરૂઆત ફક્ત ઓનલાઇનથી કરી પણ આગળ જતા એમણે પોતાના સ્ટોર ખોલ્યા.

આ બ્રાન્ડ્સના મતે અમુક સમય પછી તેમણે અનુભવ્યું કે એક નિશ્ચિત સેગ્મેન્ટના લોકો તેમના પ્લેટફોર્મ પરથી ખરીદી કરે છે અને આના કારણે સેલ થશે, પણ એક જગ્યાએ આવી એ સેલ અટકી જશે. જો વધુ વેપાર કરવો હશે તો ઓનલાઇનની પરે વિચારવું પડશે. આના કારણે ટાયર ૨ અને ૩ શહેરોમાં દુકાનો ખોલવાની શરૂઆત કરી. આજે મોટાં શહેરોમાં પણ એમના સ્ટોરો જોવા મળે છે. આથી એમને નવા સેગ્મેન્ટ અને ઘરાકો મળ્યા. આ બ્રાન્ડસે બીજી એક વાત અનુભવી અને અમલમાં મૂકી અને તે એટલે સમાન પ્રોડક્ટ તમને જોવા નહિ મળે.

જે પ્રોડક્ટ ઓનલાઇન હશે તે ઓફલાઇનમાં નહિ મળે અને ઓફલાઈન હશે તે ઓનલાઇનમાં નહિ મળે. અમુક પ્રોડક્ટ જોવા મળશે, પણ બંનેની ઈન્વેન્ટરી બંને ત્યાં સુધી અલગ રાખવામાં આવે છે. આનો ફાયદો તે કે ઘરાકોએ ઓનલાઇન અને ઓફલાઈન બંને જગ્યાએ લટાર મારવી પડે. બીજું, ઓનલાઇનમાં ડિસ્કાઉન્ટ આપવું સહજ છે, જે કદાચ ઓફલાઇનમાં અર્થાત દુકાનોમાં હંમેશાં ના હોય તો જો પ્રોડક્ટ અલગ હશે તો તે પણ આસાન થઇ જશે.

બંને જગ્યાએ તમે કિંમતમાં પણ રમી શકો, એક જગ્યાએ થોડા મોંઘી કિંમતના તો બીજી જગ્યાએ ઓછી કિંમતના પ્રોડક્ટ રાખી શકો. નાનાં શહેરો જ્યાં ખરીદશક્તિ વધુ છે એટલે એ શહેરોમાંથી આપણે વધુ સોશિયલ મીડિયા રીલ્સ બનતી જોઈએ છીએ અને જો તેમાં કોઈ પ્રોડક્ટ કોઈને ગમી જાય તો તેની ડિમાન્ડ વધી જાય છે. આમ આપણા દેશમાં વિવિધ સેગ્મેન્ટના લોકો હોવાથી બ્રાન્ડને મોટું મેદાન મળે છે રમવા માટે માત્ર જરૂર છે વ્યવસ્થિત વ્યૂહ રચનાની.

આની સામે બીજો રિપોર્ટ જે કહે છે કે કઇ રીતે કિવક કોમર્સ દુકાનોને નુકસાન પહોંચાડી રહ્યું છે. કિવક કોમર્સની વિશિષ્ટતા તે છે કે તે તમને જોઈતી રોજબરોજની ચીજો કે ખાદ્યની ડિશ ઘરે બેઠા અમુક કલાકો અથવા મિનિટોમાં પહોંચાડી દે છે. આવી 'વર્ચ્યુલ શોપ' કે 'કલાઉડ કિચન'ના વેપાર આજે મોટા પાયે ખીલી રહ્યો છે. આની મોટી અસર કરિયાણાની અને જનરલ સ્ટોર જેવી દુકાનોને થઇ છે.

કોવિડ પછી આમેય આ લોકોના વેપારને અસર થઇ હતી જે કિવક કોમર્સના આવ્યા બાદ વધી છે. ઘરે ડિલિવરી તો આપણી આજુ બાજુના કરિયાણાની દુકાનવાળા પણ કરે છે, પણ સૌથી મોટો માર જે ભાવે કિવક કોમર્સ માલ વેચે છે તે છે. સમયની બચત, પૈસાની બચત, કસ્ટમરનો સારો અનુભવ , ડિસ્કાઉન્ટ, વિવિધ સ્કીમો સામે સ્થાનિક કરિયાણાવાળા પહોંચી નથી વળતા.

એક અંદાજ પ્રમાણે જ્યાં ૩૦ મિલિયન આવી દુકાનો છે ત્યાં આવનારા વર્ષોમાં ૨૦-૨૫ % દુકાનો બંધ થઇ જશે. આનો એક ઉપાય તે છે કે, MSP (maximum selling price) સરકાર નક્કી કરે, જેથી બધા એક લેવલ પર કામ કરી શકે. આ વાત આજે મોટાં શહેરોમાં વધુ જોવામાં આવે છે અને કિવક કોમર્સ નાનાં શહેરોમાં પણ પોતાની કિસ્મત અજમાવી રહ્યું છે. જો એ તેમાં સફળ રહ્યા તો એમનો ગ્રોથ ઘણો ઊંચો હશે.

જવાદો, વાતની શરૂઆત હતી કે, એક જગ્યાએ લોકો ઓફલાઇનથી ઓનલાઇન તરફ વળી રહ્યા છે તો બીજી બાજુ લોકો ઓફલાઈનને પ્રાધાન્ય આપે છે. આપણને પ્રશ્ન થશે કે આનો ઉપાય શું?

સૌ પ્રથમ, વેપાર હવે આ રીતેજ ચાલશે આથી બદલાવની તૈયારી રાખો. જરૂર છે તમે જાણો કે તમારા માર્કેટની માગ શું છે અર્થાત તમારા ગ્રાહકો કોણ હશે અને એ શું પસંદ કરે છે ઓનલાઇન શોપિંગ કે ઓફલાઈન શોપિંગ. ..?

તમારા પ્રતિસ્પર્ધીઓએ કયો માર્ગ લીધો છે તે જાણો. રોજબરોજની વસ્તુઓ માટે કિવક કોમર્સનો ઉપયોગ વધુ થશે, કારણ કે લોકો પાસે સમય ઓછો છે. આવા સમયે જરૂર પડતા કિવક કોમર્સ સાથે કરિયાણાની દુકાને ડિલિવરી પાર્ટનર બની તેની સાથે હાથ મેળવવો પડશે. જયારે મોટી ખરીદીઓ માટે દુકાનો જોઈશે. અમુક કેટેગરી અથવા પ્રોડક્ટની ખરીદી પ્લાનિંગ સાથે થાય છે, જેને માર્કેટિંગની ભાષામાં 'અપોઇન્ટમેન્ટ બાઇંગ' કહે છે. આમ, આગળ જતા બંનેનો સમન્વય સાધી-સંકલન કરી હાઇબ્રિડ અથવા ઓમ્નીચેનલ વ્યૂહરચના તૈયાર કરી વેપાર કરવો પડે એ સમય આવી ગયો છે. ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# વન્યજીવ સપ્તાહ - વન્યજીવ, પ્રકૃતિ ને જંગલો પ્રત્યે સંવેદનાની ઉજવણીનું અનોખું પ્રતીક



दशकूपसमा वापी, दशवापीसमो ह्रदः।
दशह्रदसमो पुत्रो, दशपुत्रसमो द्रुमः ।। મત્સ્ય પુરાણ

એક તળાવ દસ કૂવા સમાન છે, એક જળાશય દસ તળાવ સમાન છે, એક પુત્ર દસ જળાશય સમાન છે અને એક વૃક્ષ દસ પુત્રો સમાન છે.

વેદોની ઋચાઓ, પુરાણનાં શ્લોકો પ્રકૃતિનું મધુર ગાન સદીઓથી ગાઈ રહ્યા છે. આ પ્રકૃતિ અને એમાં વસવાટ કરતા તમામ વન્યજીવો થકી જ આ ધરા સમૃદ્ધ બની છે. ભારતની સંસ્કૃતિમાં જ કુટુંબ ભાવનાને મહત્ત્વ અપાયું છે અને એ કુટુંબ ભાવ માત્ર માનવો માટે જ નહિ પણ સૃષ્ટિનાં કણ - કણ માટે છે અને એના થકી જ આપણે સહુ મળીને એક સંસ્કૃત સમાજનું નિર્માણ કરીએ છીએ. દેશભરમાં વિવિધ પ્રકારનાં જંગલો છે જે કુદરતનું ભવ્ય રૂપ રજૂ કરે છે. ખાલી આપણા ગુજરાત રાજ્યની જ વાત લઈએ તો ગુજરાતમાં અવનવાં જંગલો, રણપ્રદેશ, ઘાસનાં મેદાનો, જળાશયો વગેરે વિવિધ વન્યજીવો અને પ્રજાતિઓને ઘર પૂરું પાડે છે અને ગુજરાતને કુદરતી માહોલ. ૧૯૫૨થી દર વર્ષે બીજી ઓક્ટોબરથી સતત એક અઠવાડિયા સુધી વન્યજીવ સપ્તાહની ઉજવણી થાય છે જેમાં વન્યજીવોનાં સંરક્ષણ તેમજ વન્યજીવોને કુદરતી વાતાવરણ પૂરું પાડતાં જંગલોનાં સંરક્ષણ અને સંવર્ધનને લગતી પ્રવૃત્તિઓને વેગ મળે અને નિસર્ગ જેમનું તેમ જળવાઈ રહે ઉપરાંત જંગલોની જાળવણી માટે જાગૃતિ કેળવાય એવા આશયથી વિવિધ અભિયાન ચલાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યની ધરા તેના સમૃદ્ધ વૈવિધ્યનાં કારણે દેશ- વિદેશનાં અસંખ્ય પંખીઓનું માનીતું ઘર છે. કચ્છ અને બનાસકાંઠામાં વિસ્તરેલો અફાટ રણપ્રદેશ છેક રશિયાથી આવતા પંખીઓનું શિયાળુ આવાસ બને છે. માધવપુરનો ઘૂઘવતો સાગર દરિયાઈ કાચબાઓનું સંવર્ધનનું કેન્દ્ર બન્યો છે. અહીં કુદરતી રીતે જ દરિયાઈ કાચબાઓ ઈંડાં મૂકવા માટે આવે છે. કચ્છના અખાતમાં ચેરનાં વૃક્ષોના વિશાળ સમૂહે અસંખ્ય દરિયાઈ પ્રજાતિઓને મુક્ત જીવન આપ્યું છે અને ગુજરાત ભારત દેશમાં ચેરનાં વૃક્ષોનાં વાવેતરમાં બીજા ક્રમાંકે છે . ગીરનાં જંગલોમાં સિંહોની ત્રાડ હવે આખાયે સોરઠમાં ગુંજી રહી છે અને છેલ્લાં પાંચ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૨૯%નો અભૂતપૂર્વ વધારો થયો છે. અરવલ્લીનાં જંગલો સમેત સમગ્ર ગુજરાતમાં મુક્તપણે મહાલતા રીંછની સંખ્યામાં પણ ૫% જેટલો વધારા સાથે ૩૫૮ જેટલી રીંછની વસ્તી અંદાજવામાં આવી છે. ગુજરાતનાં ઘાસિયા મેદાનો અને બનાસકાંઠાનાં રણ વિસ્તાર આસપાસ આપણું અમૂલ્ય પ્રાણી એવા વરુનાં સંવર્ધનનાં પ્રયત્નો પાયાનાં ધોરણે આદરવામાં આવ્યા છે એ અંતર્ગત બનાસકાંઠા ખાતે વરુનું સોફ્ટ રિલીઝ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આકાશ અને જમીન પર વસવાટ કરતા જીવોની સાથે સાથે દરિયાઈ સૃષ્ટિ પણ પર્યાવરણનો અવિભાજ્ય અંગ છે અને તેના સંરક્ષણમાં પણ રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આપણા સૌપ્રથમ મરીન નેશનલ પાર્ક, જામનગર હેઠળ અંદાજિત ૬૨૦.૮૧ ચો.કિમી. વિસ્તારમાં અંદાજે ૨૮૧ ડોલ્ફિનની પ્રજાતિ નોંધાયેલ છે. ગોધરા ખાતે મગરનાં સંરક્ષણને ધ્યાનમાં લઈને મગર બચાવ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. કુદરતનાં સફાઈ કામદાર એવા ગીધનું સંરક્ષણ ખૂબ જ જરૂરી છે અને રાજ્ય સરકાર દ્વારા ગીધનાં સંરક્ષણનાં ઘણા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે એનાં ભાગ રૂપે આખાયે રાજ્યમાં વિવિધ પ્રજાતિનાં ગીધની કુલ વસ્તીનો આંકડો અંદાજે ૨૧૪૩ જેટલો થયો છે. વિશ્વનાં દરેક ખૂણેથી પક્ષીઓ ગુજરાતની સમૃદ્ધ ધરાને થોડા સમય માટે પોતાનું આવાસ બનાવે છે તો વળી અમુક પ્રજાતિઓ ધરતીનાં એક ગોળાર્ધમાંથી બીજા ગોળાર્ધમાં મુસાફરી આદરે છે ત્યારે મુસાફરી દરમ્યાન થોડા સમય માટે ગુજરાતનાં જળ પ્લાવિત ક્ષેત્રોને પોતાનું આવાસ બનાવે છે જેને પેસેજ સ્થળાંતર કહે છે. આ પેસેજ સ્થળાંતર - ૨૦૨૨ ની ગણતરી મુજબ ૮ પેસેજ સ્થળાંતર પક્ષીઓ સહિત ૧૯૪ જેટલી પ્રજાતિઓ નોંધવામાં આવી હતી. ચાલુ વર્ષે પણ આ પ્રકારની ગણતરી હાથ ધરવામાં આવી છે પણ એની આંકડાકીય માહિતી હજુ સુધી સાંપડી નથી.

ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ વાઇલ્ડ લાઇફ ટુરિઝમ થાય છે પણ આપણે હજુ આ પ્રકારનાં ટુરિઝમ થી ખાસ પરિચિત નથી હોતા પરિણામે આપણે કુદરતી વૈભવથી વંચિત રહી જઈએ છીએ. ગુજરાતમાં વિવિધ પ્રકારની ઇકો સિસ્ટમ છે જે વિવિધ રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્ય વિસ્તાર, રણ વિસ્તાર અને સમુદ્રી વિસ્તારમાં વહેંચાયેલી છે જે વિવિધ પ્રજાતિઓને એક સુરક્ષિત આવાસ અને ખોરાક પૂરો પાડે છે. દેશભરનાં વિવિધ યાયાવર પક્ષીઓ માટે ગુજરાતમાં વિવિધ જળ પ્લાવિત વિસ્તાર એટલે કે વેટલેન્ડ જે ચાર રામસર સાઈટ તરીકે સુરક્ષિત કરવામાં આવ્યા છે. આ રામસર સાઇટ્સમાં ડભોઇ નજીક પક્ષીઓનું વિશાળ વિશ્વ-વઢવાણા પક્ષી અભ્યારણ્ય, અમદાવાદ નજીક આવેલ થોળ પક્ષી અભ્યારણ્ય, જામનગરમાં આવેલા ખીજડીયા પક્ષી અભ્યારણ્ય અને અમદાવાદ નજીક આવેલ નળ સરોવર પક્ષી અભ્યારણ્ય વગેરે આ પક્ષી વિશ્વ માટે સ્વર્ગ સમાન છે. આ બધી જ સાઇટ્સ પર મધ્ય ઓક્ટોબરથી વિવિધ જાતના વિદેશી પક્ષીઓનો મેળાવડો જામશે એ જોવાનું ક્યારેય ન ચૂકી શકાય. આ સિવાય કચ્છનું નાનું રણ જે ઘૂડખર - બહુમૂલ્ય પ્રજાતિ અને અનેક શિકારી પક્ષીઓનું સુરક્ષિત આવાસ છે. કચ્છનાં નખત્રાણા નજીક આવેલ છારીઢંઢ અનેક પક્ષીઓ, શિયાળ, રણ બિલ્લી, હેણોતરો જેવી દુર્લભ પ્રજાતિઓનું સુરક્ષિત વિશ્વ છે. શિકારી પક્ષીઓને નિહાળવા માટે ઘાસનાં મેદાનોમાં અને રણવિસ્તાર, યાયાવર સમુદ્રી પક્ષીઓને નિહાળવા માટે સમુદ્ર કાંઠાના વિસ્તારો, પ્રાણીઓને નિહાળવા માટે જંગલ અને ઘાસનાં મેદાનો જેવી સઘળી કુદરતી સંપદા આપણે ધરાવીએ છીએ અને એને યોગ્ય રીતે માણીએ અને જાળવીએ તો આપણી આવનારી પેઢીનો નાતો કુદરત સાથે સરળ રીતે જોડી શકીશું. ■

ફોકસ પ્લસ

એન. કે. અરોડા
feedback@bombaysamachar.com

## એક ડૉક્ટરનું પુસ્તક
# જેણે ભારતનો વિનાશ કર્યો..!!

ઈ.સ. ૧૮૨૭માં જોન ફોર્બ્સ વોટસનનો જન્મ સ્કોટલેન્ડમાં એબરડીનશાયરના ખેડૂત જ્યોર્જ વોટસન અને તેની પત્ની જીન મેકહાર્ડીની ઘરે થયો હતો. તેમણે એબરડીન યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવ્યું અને ૫ ઓગસ્ટ ૧૮૪૭ના રોજ એમડીની ડિગ્રી મેળવીને લંડનમાં ગાઇસ હોસ્પિટલમાં અને પછી પેરિસમાં તેમનો મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ૧૮૫૦માં, વોટસનને બોમ્બે આર્મી મેડિકલ સર્વિસમાં આસિસ્ટન્ટ સર્જન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ૧૮૫૩માં તેઓ બીમાર પડ્યા અને રજાઓ ગાળવા ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા.

પરંતુ ૧૮૫૭માં ભારતમાં કંપની રાજ સામે બળવો થતાં કંપનીનું શાસન સીધું બ્રિટિશ સરકારના હાથમાં ગયું અને ૧૮૫૮માં એ જ ડોક્ટર વોટસન ભારતમાં ફરી એક નવી ભૂમિકા સાથે સક્રિય થયા. આ વખતે, તેમણે સૌપ્રથમ ભારતનાં વિવિધ ઉત્પાદનોનો અહેવાલ બનાવ્યો અને તે પછી તેણે બ્રિટિશ સરકાર સમક્ષ એક ષડયંત્રકારી યોજનાનો પ્રસ્તાવ મૂક્યો, આ યોજના કોઈ પણ પ્રકારનું શોષણ, ભારતીયો પર વધારાનો કર લાદવા કે એવી કોઈ વસ્તુ વિશે ન હતી, જે પહેલી નજરે ડરામણી લાગે. આ યોજના એક પુસ્તક લખવાની હતી અથવા કહો કે સંગ્રહ તૈયાર કરવાની હતી. તમે વિચારતા હશો કે એક પુસ્તક દેશને કેવી રીતે બરબાદ કરી શકે છે. તો સાંભળો ડો. વોટસનની દેખરેખ હેઠળ તૈયાર થયેલા ૧૮ વોલ્યુમનું પુસ્તકનું નામ હતું - 'ધ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરર્સ ઓફ ઈન્ડિયા'.



ડોક્ટરથી લેખક બનેલા અથવા તો એમ કહો કે કલેક્ટર બનેલા આ દૂરંદેશી કાવતરાખોરે બ્રિટિશ સરકારને પુસ્તક બનાવતા પહેલા આપેલી બ્રિફ એ અંગે હતી કે, ભારત તેની ઉત્તમ ટેક્સટાઈલ ડિઝાઇનને કારણે હંમેશાં બ્રિટન કરતાં શ્રેષ્ઠ રહ્યું છે. ભારતમાં બનતા કપડાંની ગુણવત્તા એટલી સારી છે અને બ્રિટનમાં તેમની માગ એટલી વધારે છે કે ભારતીય કપડા પર આયાત કર લાદવા છતાં, બ્રિટિશ સરકાર ભારતમાંથી આયાત થતા કપડાની માત્રાને મર્યાદિત કરી શકી નથી, જેના કારણે બ્રિટિશ સરકાર સતત નુકસાનીમાં હતી. જ્હોન ફોર્બ્સ વોટસને બ્રિટિશ સરકારને ભારતમાં કાપડના પ્રકારો વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવા, તેમની ડિઝાઇનની વિગતો મેળવવા અને કાપડના નમૂનાઓ પણ એકત્રિત કરવાની તેમની યોજના સમજાવી. આ રીતે સમગ્ર કાપડ ઉદ્યોગની માહિતી એક જગ્યાએ એકઠી કરી તેની મિકેનિકલ ડિઝાઈન બ્રિટનમાં વિકસાવવી જોઈએ અને પછી ભારતમાં બનેલા કપડાં બ્રિટનમાં બનવા માંડશે એટલું જ નહીં પણ તે કપડાં બ્રિટનના પોતાના બની જશે. તેથી બ્રિટનમાં તેને ખરીદવાની જરૂર નહીં પડે, એટલું જ નહીં, ઊલટું, તે કપડાં ભારતમાં મોકલીને, જ્યાં ભારતમાંથી આયાત કરાયેલા કપડાંને કારણે બ્રિટનની અર્થવ્યવસ્થા ખરાબ થઈ છે, ત્યારે ભારતમાં બ્રિટનના કપડાં નિકાસ કરીને ભારતની અર્થવ્યવસ્થાને બરબાદ કરી દેવી જોઈએ.

કહેવાની જરૂર નથી કે આ જુગાડ કામ કરી ગયો. આ મહેનતુ અને ઝીણવટભર્યા ડોક્ટરે ભારતના ખૂણે-ખૂણેથી મહત્ત્વની ટેક્સટાઇલ ડિઝાઇનની તમામ વિગતો, તેમની ડિઝાઇન અને કાપડના ટુકડા આ પુસ્તક માટે નમૂના તરીકે લીધા અને આ રીતે ૭૦૦ વિવિધ પ્રકારની ડિઝાઇન અને દોરા અને કારીગરી વિગતવાર રીતે એકત્રિત કરવામાં આવી. તે સમયે પણ આ નમૂનાઓ સહિત આ પુસ્તકનું વજન લગભગ ૮૮ કિલો થઈ ગયું હતું. તે તૈયાર થયા પછી, તેને બ્રિટન મોકલવામાં આવ્યું. બાદમાં આ પુસ્તકના ૨૦ સેટ તૈયાર કરવામાં આવ્યા અને ૧૩ સેટ બ્રિટનનાં વિવિધ કાપડ ઉત્પાદન કેન્દ્રોને આપવામાં આવ્યા.

જો કે, આ વિશાળ પરિશ્રમના કારણે, ભારતના સમગ્ર કાપડ ઉદ્યોગની એક હૂબહૂ કોપી બ્રિટનમાં તૈયાર કરવામાં આવી. ભારત, જે તેની ભવ્ય અને અદ્યતન ટેક્સટાઇલ ડિઝાઇનને કારણે બ્રિટનને હરાવતું હતું, તે ટૂંક સમયમાં બ્રિટનનું બની ગયું.

આ રીતે એક ડોક્ટરે માત્ર એક પુસ્તક લખીને સમગ્ર વિશાળ ભારતનો નાશ કર્યો. એક ખતરનાક પુસ્તક, જેના કારણે ૧૮૭૫ થી ૧૯૦૦ સુધી કાપડ ઉદ્યોગના લગભગ ૮૦,૦૦૦ કામદારોએ આત્મહત્યા કરી હતી અથવા તો રહસ્યમય રીતે ક્યાંક ગાયબ થઈ ગયા હતા.■

# એક નજર ઈધર ભી...

કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

## જીવનભર એક જ કારકિર્દી- આ વિચાર શું હવે જૂનો થઇ ગયો છે?



જીવનભર એક જ કારકિર્દી સાથે જોડાયેલા રહેવું એ શું હવે જૂના જમાનાની વાત બની ચૂકી છે? જો કે નિષ્ણાતો જણાવે છે કે એ તમારા પર નિર્ભર છે કે તમે કારકિર્દી શબ્દની વ્યાખ્યા કઇ રીતે કરો છો? પરંતુ એ પણ સત્ય છે કે આજકાલ જેમ જેમ મનુષ્યની સરેરાશ આયુ વધતી જાય છે તેમ તેમ કારકિર્દીની સેકન્ડ ઇનિંગ્ઝ જેવો ટર્મ ખાસ્સો લોકપ્રિય બની રહ્યો છે. ખાસ કરીને જાપાન અને યુરોપના દેશોમાં જ્યાં લોકોનું સરેરાશ આયુષ્ય વિશ્વમાં સૌથી સારું છે.

જાપાન, ઇટલી, સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે અને નેધરલેન્ડ જેવા દેશોમાં હવે કારકિર્દીની બીજી ઇનિંગ્ઝ એક હકીકત છે. જો કે કારકિર્દી એક વ્યાપક વ્યાખ્યાત્મક શબ્દ છે. આ શબ્દના દાયરામાં દુનિયાના તમામ પ્રકારના કામકાજ આવે છે, જે એકબીજાથી તદ્દન ભિન્ન અને કોઇક વાર તો એકબીજાની સમજ અને કલ્પનાની બહાર હોય છે. જેમ કે એક ઇલેક્ટ્રિકલ મિકેનિક અને એક હલવાઇ. બંનેના કામ એકબીજાથી તદ્દન અલગ છે. તેથી એક હલવાઇ જિંદગીના કોઇ પડાવ પર કદાચ ઇલેક્ટ્રિકલ મિકેનિક જેવી કારકિર્દી પ્રત્યે આકર્ષાય અને આ જ વાત ઇલેક્ટ્રિકલ મિકેનિક પર લાગુ પડે છે કે તે પણ કદાચ કયારેક જિંદગીના કોઇ પડાવ પર હલવાઇના કામ વિશે વિચાર કરે.

પરંતુ એકબીજાને મળી આવતા વ્યવસાયોની એક દુનિયા છે, ઉદાહરણ તરીકે એક પત્રકાર કારકિર્દીની બીજી ઇનિંગ્ઝના રૂપમાં સરળતાથી કોઇ પ્રકાશન કંપનીમાં એડિટર, કન્સલ્ટિંગ એડિટર, આઇડિયા ક્રિએટર કે પ્રકાશન જગતના બીજા કામો સાથે જોડાઇ શકે છે. કારણ કે આ બધા કામ તેના પહેલાના કામ સાથે ક્યાંકને ક્યાંક જોડાયેલા હોય છે. તેથી એ કહેવું વધુ સુરક્ષિત છે કે આપણે આપણી પહેલી કારકિર્દીના જ પરિવારના બીજા કોઇ કામ સાથે કારકિર્દીની બીજી ઇનિંગ્ઝ તરીકે સરળતાથી જોડાઇ શકીએ. તેથી કહી શકાય કે આપણા બધાની પાસે આપણી પહેલાની કારકિર્દી સાથે જોડાયેલા જે બીજા કામ હોય છે, સામાન્ય રીતે બીજી કારકિર્દીના રૂપમાં આપણે ઘણી વાર તેને જ પસંદ કરીએ છીએ. આને સમજવા માટે બીજી એક રીત એ છે કે કારકિર્દીને સમગ્ર રીતે આપણે કામના એક સમૂહ તરીકે લઇએ. પરંતુ જો આપણે કોઇપણ સેવા ક્ષેત્ર સાથે પહેલી કારકિર્દીના રૂપમાં આપણી ઇનિંગ્ઝ પૂર્ણ કરીને બીજી ઇનિંગ્ઝના રૂપમાં ચિકિત્સા, ઇન્ટરનેટ ટેક્નોલોજી જેવા બીજા ક્ષેત્ર સાથે જોડાઇ રહ્યા છીએ, તો એક ઉદ્દેશ્ય તરીકે આ કારકિર્દીની બીજી ઇનિંગ્ઝ સારી છે કે પછી ઉચ્ચ ડિગ્રીના સંદર્ભમાં વિચારીએ તો ઉદાહરણ તરીકે પીએચડી, પોસ્ટ ડોક્ટરેટ, લેબ વર્ક, પ્રકાશન વગેરે.

જો તમે તમારું આર્થિક ઉપાર્જન અને રૂચિમાં વધારો ચાલુ રાખવા ઇચ્છો છો તો જુદા-જુદા રસ્તાઓ અપનાવવા વધુ યોગ્ય છે. ઉદાહરણ તરીકે તમે તમારી કારકિર્દીમાં એક સ્પોટર્સ કોચ રહી ચૂક્યા છો અને બીજી ઇનિંગ્ઝમાં એક ડિવિઝનલ વરિષ્ઠ વહીવટી અધિકારી છો તો આ ઇનિંગ માત્ર નાણાં કમાવવા માટે નથી. તમારા માટે ઘણું બધું નવું શીખવા અને તમારા જુનિયરોને ઘણું બધું શીખવાડવાની તક છે. આ બીજી ઇનિંગ્ઝ માત્ર આર્થિક દ્રષ્ટિએ જ લાભદાયક નથી, તે તમારા આયુષ્યમાં વધારો કરે છે, માનસિક રીતે તમને સક્રિય રાખે છે અને આર્થિક સ્થિતિ પણ બહેતર બનાવે જ છે. ટૂંકમાં સૌથી સારું શું છે તે તમારે તમારી પ્રાથમિકતાઓના અરીસામાં સમજવું પડશે. આ માટે તમારે તમારા લક્ષ્યોને ઓળખવા અને સ્પષ્ટ કરવા જોઇશે. આ સંદર્ભે વિચારીએ તો આ કારકિર્દી વિશે વિચારવાનો એક નવો પ્રકાર છે, એક જ જીવનમાં બીજી ઇનિંગ્ઝની શરૂઆત કરવાની તક. આ દ્રષ્ટિએ પરંપરાગત કારકિર્દી વિશે વિચારવું જૂનું થઇ ગયું છે અને નિઃશંકપણે આ જૂની વિચારસરણીને ઇતિહાસ બનાવી દેવો જોઇએ. કારણ કે જિંદગીભર માટે કારકિર્દીની યોજના બનાવવી અને તેના પર કામ કરવું હવે કામ આવતું નથી. તેમ છતાં આ હજુ પણ એ લોકોને આપવામાં આવતી જૂની સલાહ છે જે એ જાણવા માંગે છે કે પોતાની કારકિર્દીને સૌથી સારી રીતે કઇ રીતે મેનેજ કરવી?

પરંતુ ભારત જેવા દેશમાં એ લોકોના દ્રષ્ટિકોણથી આ વિશે કઇ રીતે વિચારીએ જે આ ઝડપથી બદલતી કામકાજની દુનિયામાં કોઇપણ વિશેષ ક્ષેત્રના નિષ્ણાત નથી.


આખરે આવા લોકો તેની બીજી પાળીની યોજના કઇ રીતે બનાવી શકે છે? એ કહેવું ખોટું નથી કે ડિજિટલ ટેક્નોલોજી આપણા કામકાજી જિંદગી પર પ્રભાવ પાડી રહી છે અને દરરોજ નવી નોકરીઓ અને ભૂમિકાઓ ઊભી થઇ રહી છે. નવી પેઢી એક નવા અને જટિલ કાર્યસ્થળનો સામનો કરી રહી છે, જ્યાં પરંપરાગત કારકિર્દી પથ સૌથી સારાથી અસ્પષ્ટ અને સૌથી ખરાબથી અસ્તિત્વહીન છે. કરિયર મેપ હવે ઝડપથી વધુ પક્ષીય થઇ રહ્યા છે અને નિષ્ણાત કારકિર્દી માર્ગોનો ઉદય લોકોને એ સવાલ કરવા પર મજબૂર કરી રહ્યો છે કે શું તે હકીકતમાં સંચાલકીય ભૂમિકાઓ નિભાવવા માંગે છે, જે તેમને તેમના જુનૂન અને કુશળતાથી દૂર લઇ જાય છે. આ સાથે સ્વરોજગાર અપનાવનારા અને વધુ સાહસિક ભૂમિકાઓની ઇચ્છા રાખનારા લોકોની વધતી સંખ્યાનો મતલબ છે કે કાયમી રોજગારનો ખ્યાલ ખતરામાં છે. એવામાં બીજી કારકિર્દીની વાત આગળ કઇ રીતે વધે એ સવાલ છે. દેખીતી વાત છે કે આ બાબતે તમે જ તમારી મદદ કરી શકો છો. આ બદલતી દુનિયામાં ક્યો કારકિર્દી પથ કે માર્ગ મારા માટે સૌથી સારો છે? આ વિશે કંઇક આ રીતે વિચારી શકો છો.

સૌથી પહેલું અને જરૂરી સૂત્ર છે કે ખુદ પર નિયંત્રણ રાખો. વિશ્વાસ કરો કે અમારા એમ્પ્લોયર પણ અમારી કારકિર્દી યોજનાઓનું સમર્થન કરી શકે છે. પરંતુ એ આપણા હિતમાં ત્યારે હશે જ્યારે આપણે આપણા કારકિર્દીના ઘડવૈયા બનીશું અને તેની જરૂરી કાર્યવાહી કરીશું. બીજી મહત્ત્વપૂર્ણ શીખ એ છે કે આ માટે આપણે લચીલા બનવું પડશે. કેટલાક સંભવિત કારકિર્દી માર્ગોની યોજના બનાવો અને તમારા કૌશલ્ય, જ્ઞાન અને અનુભવમાં અંતર વિશે વિચાર કરો જેથી એ સમજી શકાય કે કઇ માર્ગોમાં સંભાવના હોઇ શકે છે.

આ સંબંધમાં બનાવેલી મર્યાદાઓ પર વિચાર ન કરો કંઇક અલગ રીતે વિચારો. બ્રેકઆઉટ વિકાસની તકો અને દિશાઓ માટેના વિચારો વિશે વિચારો જે તમને દુનિયાની ભીડથી અલગ તારવશે. આ માટે તમારે બુદ્ધિમાન બનવાનું જોખમ ખેડવું જ પડશે. આજે આપણે જો કાર્યસ્થળમાં કોઇ યોગ્ય કામની તલાશ કરી રહ્યા છીએ તો આપણી ક્ષમતાને સાકાર કરવા માટે જરૂરી કોઇપણ વિકલ્પ અને સંભવિત સમજૂતીઓ વિશે વિચારો અને એમ માનીને ચાલો કે સંબંધો મહત્ત્વ ધરાવે છે. તમે બંધ દરવાજાને સતત ધક્કા મારવાને બદલે તમારા નેટવર્ક દ્વારા તકોને કઇ રીતે ખેંચી શકાય છે? તે અંગે ભાળ મેળવો. જેમ કે લિંકડઇનના સંસ્થાપક રીડ હોફમેન કહે છે કે જૂની કારકિર્દીનું એસ્કેલેટર જામ થઇ ગયું છે. કામ વિશેની સદીઓ જૂની ધારણાઓ સમાપ્ત થઇ ચૂકી છે. ખરેખર હવે નવી વિચારસરણી અને નવા દ્રષ્ટિકોણની સાથે પાળી નંબર બેનો સમય આવી ગયો છે. ■

સંધ્યા સિંહ
feedback@bombaysamachar.com

## પૃથ્વી માટે શું કામ જરૂરી છે ઑઝોનનું લૅયર?




ધરતી પર આવતાં સૂર્યનાં કિરણોની તીવ્રતાને ઘટાડવાનું કામ ઑઝોનનું સ્તર કરે છે. આ જ કારણ છે કે ધગધગતાં કિરણો આપણી ત્વચાને બળતા ઑઝોનનું લૅયર બચાવે છે. જો ઑઝોનનું સ્તર ન હોત તો ન માત્ર માનવજાતિ પરંતુ તમામ પ્રકારના જીવ-પ્રજાતિઓનું અસ્તિત્વ જ ન રહ્યું હોત. એનાથી અંદાજો લગાવી શકાય છે કે ઑઝોનનું સ્તર કેટલુ મહત્ત્વનું છે. જોકે વધતાં પ્રદૂષણને કારણે ઑઝોનમાં ગાબડાં પડ્યાં છે. ૧૯૮૦ના દાયકામાં એ ધ્યાનમાં આવ્યા હતાં. ૧૯૮૫માં બ્રિટિશ એન્ટાર્કટીકા સર્વેક્ષણમાં વૈજ્ઞાનિકોને દેખાયું કે ઑઝોનનું સ્તર સતત ઘટી રહ્યું છે.

જીવ સૃષ્ટિ માટે ઑઝોનનું સ્તર ખૂબ જરૂરી છે. જો ધરતી અને વાયુમંડળની વચ્ચે ઑઝોનનું આ સ્તર ન હોય તો સૂર્યમાંથી આવનારા અલ્ટ્રા વાયોલેટ કિરણો સીધા માનવજાતિ અને વિવિધ જીવ-પ્રજાતિઓ પર પડવા માંડે. આપણે સૌ જાણીએ છીએ કે યુવી-બીના ઉચ્ચસ્તરના સંપર્કમાં વધુ સમય સુધી રહેવાથી સ્વાસ્થ્યને ખૂબ નુકસાન થઈ શકે છે. આ જોખમ મુખ્યત્વે પશુઓ, વૃક્ષો અને વિવિધ જીવો પર તોળાય છે. એથી ઑઝોન એક છત્રી જેવું કામ કરે છે અને આપણી સુરક્ષા કરે છે. છેલ્લાં ૫૦થી ૬૦ વર્ષોમાં માનવજાતિ દ્વારા પર્યાવરણ સાથે છેડાં કરવાથી ઑઝોનમાં મોટાં કાણાં પડી ગયાં છે. આ જ કારણ છે કે ઑઝોનને લઈને લોકોમાં ચિંતા વધી ગઈ છે.


૧૯૯૪ની ૧૬ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ઑઝોન સ્તરના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ઑઝોન દિવસની જાહેરાત કરી હતી. ઑઝોનની મજબૂત છત્રી સૂર્યના અલ્ટ્રા વાયોલેટ કિરણોને શોષી લે છે.

ઑઝોનના સ્તરની જાડાઈ ૩ મિલિમિટર જેટલી હોય છે. જોકે ઋતુ અને અન્ય ભૌગોલિક કારણોને કારણે એની જાડાઈમાં ફેરફાર થાય છે. ઑઝોનના સ્તરની સાંદ્રતા ૨૦થી ૪૦ કિલોમીટરની ઊંચાઈએ સૌથી વધુ હોય છે. જો આ કુદરતી સુરક્ષા કવચ અલ્ટ્રા વાયોલેટ કિરણોને અટકાવી ન શકે તો અચાનક વ્યક્તિ અનેક પ્રકારના કૅન્સર અને મોતિયા જેવી બીમારીનો શિકાર બની જાય છે. એથી આપણે સૌએ ઑઝોનના સ્તરનું મહત્ત્વ સમજવું ખૂબ જરૂરી છે. એની અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘે ૧૯૮૭માં મોન્ટ્રિયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા હતાં. એનો ઉદ્દેશ ધરતી પરના ઑઝોન લૅયરની રક્ષા કરવાનો છે.

એ દિવસે સ્કૂલો, કૉલેજો અને અન્ય શિક્ષણ સંસ્થાનોમાં ઑઝોનના મહત્ત્વ વિશે સમજાવવામાં આવે છે. ઑઝોનને થતાં નુકસાનને ટાળવા માટે હાઇડ્રોફ્લોરો કાર્બનના ઉત્પાદનને ઘટાડવાની જોગવાઈ કરવામાં આવી છે. મોન્ટ્રિયલ પ્રોટોકોલના વૈજ્ઞાનિકોનું મૂલ્યાંકન છે કે જો એ બાબત પર ધ્યાન આપવામાં આવે તો વર્ષ ૨૦૬૬ સુધી ઑઝોનનું એ જ લૅયર આપણને જોવા મળશે જે ૧૯૮૦માં હતું. એથી વિશ્વના દરેક ખૂણામાં, દરેક ભાષામાં એક જ સૂત્ર ગુંજે છે 'જીવન કે લિયે ઑઝોન.'

સ્વાભાવિક છે કે એનો સ્પષ્ટ સંદેશ એ છે કે જો ધરતી પર જીવન કાયમ રહે તો એનાં માટે ઑઝોનનું સ્તર જાળવી રાખવું જરૂરી છે. એ દિવસને દર વર્ષે એક વિશેષ થીમ સાથે મનાવવામાં આવે છે. ગયા વર્ષે એની થીમ હતી 'મોન્ટ્રિયલ પ્રોટોકોલ કા મકસદ, ઑઝોન પરત કો ઠીક કરના ઔર જલવાયુ પરિવર્તન કો રોકના હૈ.' આ વર્ષની થીમ છે 'જીવન કે લિયે ઑઝોન.'

વિશ્વ ઑઝોન દિવસના ક્રમમાં ૨૦૨૪ એટલા માટે અગત્યનું છે કેમ કે વિશ્વ ઑઝોન સંરક્ષણ માટે એક ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો. ૨૦૧૮થી ૨૦૨૪ સુધી એના પર લક્ષ્ય રાખવામાં આવ્યું છે. એથી આ વર્ષ એટલા માટે પણ અગત્યનું છે કેમ કે આ વખતે એ બાબત પર ચર્ચા કરવામાં આવશે કે ઑઝોનની જાળવણી માટે આપણે શું ખાસ તકેદારી રાખી છે. એક સંકલ્પ લેવામાં આવ્યો હતો કે ૨૦૨૪ સુધી ઑઝોનના લૅયરને બચાવવા માટે કામગીરી કરવામાં આવશે. હવે એ જોવાનું રહ્યું કે આ લક્ષ્ય મુજબ એ જોવાનું રહેશે કે આપણે એમાં કેટલા સફળ થયા છીએ? ■




નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

## પ્રાદેશિક ભાષાઓ માટે ચૅટજીપીટી અભિશાપ નહીં વરદાન છે




એકવીસમી સદી ટેક્નોલોજીની છે એમ કહીએ તો કાંઈ ખોટું નથી. આજે ટેક્નોલોજીમાં નવા નવા ઇન્વેન્શન થઈ રહ્યાં છે. આ મોડર્ન યુગમાં આપણને પણ સમય સાથે કદમ મિલાવીને ચાલવું પડે છે. જેમ સિક્કાની બે બાજુ હોય છે, એમ આ મોડર્ન ટેક્નોલોજીના પણ લાભ અને ગેરલાભ છે. આજે આપણે વાત કરીશું. ચૅટજીપીટીની જો તમને લખવાનો-વાંચવાનો શોખ હોય અને ચર્ચા-વિચારણા તથા ટેકનિકલ પ્રવૃતિઓ પર નજર રાખતા હોવ તો, છેલ્લાં એકાદ-બે વર્ષથી તમે ચૅટજીપીટી અંગે સાંભળી-સાંભળીને કંટાળી ગયા હશો અને સાથે જ મનમાં એ ડર પણ સતાવતો હશે કે હાય હવે અમારી ભાષાનું શું થશે? કેમ કે સ્વાભિાવક છે કે કોઈપણ નવી ટેક્નિક આવે તો એનાથી ખુશ થનારા લોકો ખૂબ ઓછા અને દુઃખી થનારા લોકો વધુ હોય છે. તો ચાલો આ સવાલનો આજે આપણે જવાબ શોધીએ કે પ્રાદેશીક ભાષાઓ માટે ચૅટજીપીટી અભિશાપ છે કે વરદાન? ચૅટજીપીટી એક પ્રકારે એક આર્ટફિશ્યલ ઇન્ટેલિજન્સની સંવાદ વ્યવસ્થા છે. આ વ્યવસ્થામાં આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે એઆઇ આપણાં દરેક સવાલોના જવાબ આપે છે. જોકે અહીં યાદ રાખવા જેવી બાબત એ છે કે ચૅટજીપીટી આપણાં એ જ સવાલોના જવાબ આપવામાં સક્ષમ છે જેના જવાબોનો એમાં ઉમેરો કર્યો હોય. એથી એમ જરાય ન માનતા કે એઆઇ ચૅટજીપીટી આપણાં દરેક સવાલોના જવાબ આપી દેશે. કેટલાક લોકોના મનમાં આવા સવાલ આવશે. લગભગ બધા જ સવાલોના જવાબ આ કૃત્રિમ બુદ્ધિવાળી વ્યવસ્થા પાસે છે, પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે આ વ્યવસ્થા માનવ સર્જિત છે. એથી એ માનવને તો નહીં વટાવી શકે. જોકે એ લાખો-કરોડોમાંથી આપણાં જેવા સામાન્ય લોકોને તો એ પાર કરી શકે છે. આપણાં સવાલોના જવાબ આપવા માટે આ કૃત્રિમ સંવાદ વ્યવસ્થા પાસે ૧૭.૫ કરોડથી પણ વધુ જવાબ છે અને જવાબ આપવા માટેની એની રીત પણ છે એની પાસે અસંખ્ય વિષયોના અગણિત સવાલોના જવાબ આપવા માટે ભંડાર ભરેલો છે. આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હેઠળ આ પ્લેટફોર્મની એ રીતે ગોઠવણી કરવામાં આવી છે કે પોતાના ભંડારમાં રહેલા સવાલોનો પોતાની બુદ્ધિમતાથી જવાબ આપે છે. સાથે જ જો કોઈ સવાલ અપ્રત્યક્ષ રૂપે આ જ્ઞાનના ભંડાર સાથે સંબંધિત છે તો એનો પણ જવાબ આપે છે. બીજી વાત એ પણ ધ્યાનમાં લેવા જેવી છે કે વર્તમાનમાં આ ટેક્નિક દર વર્ષે નહીં, પરંતુ દરરોજ અપગ્રેડ થાય છે. એને ન માત્ર ભાષાની સમજ છે, પરંતુ એમાં વિશેષણો અને ભાષાની વ્યંગ્યોક્તિઓને પણ સમજવાની ક્ષમતા છે. એના માટે શરત માત્ર એટલી કે તમારા સવાલ પૂછવા માટે યોગ્ય એલ્ગોરિધમનો ઉપયોગ કરી શકે. અન્ય શબ્દોમાં કહીએ તો તમે ખૂબ સરળતાથી પોતાના જવાબ મેળવી શકો છો. જો આપણે સવાલ પૂછવાની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી તો જે ટેક્નિકને લોકો અભિશાપનું રૂપ આપવાનો પ્રયાસ કરે છે, એ વરદાન સાબિત થઈ શકે છે. એથી એઆઇ ચૈટજીપીટીના રોદણાં રોવાની જરૂર નથી, પરંતુ આપણે એ સમજવાની જરૂર છે કે જો આપણે એનો યોગ્ય ઉપયોગ કરતા શીખી જઈશું, (એના માટે ચોક્કસ સખત મહેનત કરવાની રહેશે) તો આપણી ભાષાનું ભવિષ્ય ઉજ્જ વળ છે. ■

# આઈપીએલના ક્રિકેટરો પર બીસીસીઆઈની ધોધમાર ધનવર્ષા

## દરેક ખેલાડીને લાખો-કરોડોના કૉન્ટ્રૅક્ટ મની ઉપરાંત પ્રત્યેક મૅચ રમવાના ૭.૫૦ લાખ રૂપિયા પણ મળશે

નવી દિલ્હી: બીસીસીઆઇના સેક્રેટરીપદ પરથી વિદાય લઈ રહેલા અને આઇસીસીના નવા ચૅરમૅન તરીકે બિનહરીફ ચૂંટાયેલા જય શાહે શનિવારે જાહેરાત કરી હતી કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં રમનાર દરેક ખેલાડીને હવે સંબંધિત ફ્રૅન્ચાઇઝી તરફથી મળતા કૉન્ટ્રૅક્ટ મની ઉપરાંત પ્રત્યેક મૅચ રમવાની ૭.૫૦ લાખ રૂપિયાની મૅચ ફી પણ મળશે. આ મૅચ ફી તેમને તમામ ૧૪ લીગ મૅચો માટે અપાશે.





બીસીસીઆઈ સેક્રેટરી જય શાહે (જમણે) કરેલી જાહેરાત મુજબ ૧૪ લીગ મૅચ રમનાર ખેલાડીને કૉન્ટ્રૅક્ટ મની ઉપરાંત ૧.૦૫ કરોડ રૂપિયાની મૅચ ફીનો લાભ પણ મળશે.

બીસીસીઆઇ ખેલાડીઓને કન્સિસ્ટન્સી તેમ જ ચૅમ્પિયન આઉટસ્ટૅન્ડિંગ પર્ફોર્મન્સની ઉજવણીના ભાગરૂપે અને ઐતિહાસિક નિર્ણયના રૂપમાં મૅચ ફીની આ વધારાની આર્થિક સવલત આપશે.

જય શાહે એવું પણ જણાવ્યું હતું કે 'પ્રત્યેક ફ્રૅન્ચાઇઝી આગામી સીઝન (૨૦૨૫ની આઇપીએલ) માટે કુલ મૅચ ફી તરીકે ૧૨.૬૦ કરોડ રૂપિયા ફાળવશે.

જે ખેલાડી તમામ ૧૪ લીગ મૅચ રમશે તેને (દરેક મૅચના ૭.૫૦ લાખ રૂપિયા પ્રમાણે) કુલ મળીને ૧.૦૫ કરોડ રૂપિયા માત્ર મૅચ ફીના રૂપમાં મળશે. એ ઉપરાંત તેને પોતાના ફ્રૅન્ચાઇઝી તરફથી નક્કી થયેલા કૉન્ટ્રૅક્ટ મની તો મળવાના જ છે.

ઉદાહરણ તરીકે જો કોઈ નાના ખેલાડીને તેના ફ્રૅન્ચાઇઝી તરફથી એક આઇપીએલ સીઝન રમવાના માત્ર ૨૦ રૂપિયા મળવાના હશે, પરંતુ તેની કાબેલિયત જોતાં તેને જો તમામ ૧૪ લીગ મૅચમાં રમાડવામાં આવશે તો એ ખેલાડીને ૨૦ લાખના કૉન્ટ્રૅક્ટ મની ઉપરાંત મૅચ ફી તરીકે કુલ ૧.૦૫ કરોડ રૂપિયા પણ મળશે.

ખાસ કરીને જે ખેલાડીને ૨૦ લાખ રૂપિયા કે ૫૦ લાખ રૂપિયા જેટલી તેની બેઝ પ્રાઇસે (મૂળ કિંમતે) ખરીદવામાં આવતા હોય છે તેમને (દરેક મૅચ મુજબની ૭.૫૦ લાખ રૂપિયાની) મૅચ ફીની સિસ્ટમથી ઘણો ફાયદો થશે.

બીસીસીઆઇની રવિવારે ૯૩મી વાર્ષિક સામાન્ય સભા છે જેમાં આઇસીસીની મીટિંગ માટેના બે પ્રતિનિધિની પસંદગી કરવામાં આવશે. જય શાહના અનુગામી કોણ એના પર પણ ચર્ચા થશે. ■

# કાનપુર ટેસ્ટનો બીજો દિવસ ધોવાઈ ગયો, આજે પણ મેઘરાજા નડી શકે

કાનપુર: અહીં ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી ટેસ્ટમાં શનિવારના બીજા દિવસે વરસાદને કારણે જરા પણ રમત નહોતી થઈ શકી. ખેલાડીઓએ સવારે સ્ટેડિયમમાં આવ્યા બાદ હોટેલ પર પાછા જવું પડ્યું હતું. રવિવારના ત્રીજા દિવસે પણ વરસાદ પડવાની આગાહી છે.



શુક્રવારના પ્રથમ દિવસે બાંગ્લાદેશે બૅટિંગ મળ્યા બાદ ૩૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૦૭ રન બનાવ્યા હતા અને એ તબક્કે રમત અટકી ગઈ હતી અને પછી થઈ જ નહોતી શકી. મોમિનુલ હક ૪૦ રને અને મુશ્ફીકુર રહીમ છ રને રમી રહ્યો હતો. ત્રણમાંથી બે વિકેટ પેસ બોલર આકાશ દીપે અને એક વિકેટ રવિચન્દ્રન અશ્વિને લીધી હતી.

શુક્રવાર રાતે જે વરસાદ પડ્યો હતો એને કારણે મેદાન ભીનું હતું. સૂર્યપ્રકાશના અભાવને કારણે આઉટફીલ્ડ અને પિચ સૂકાયા નહોતા અને વધુ વરસાદ પડતાં સ્થિતિ વધુ કથળી ગઈ હતી.

બપોરે ૨.૦૦ વાગ્યા બાદ અમ્પાયર્સે મેદાનનું અવલોકન કર્યા બાદ જાહેર કર્યું હતું કે બીજા દિવસે જરા પણ રમત શક્ય નથી.

બન્ને ટીમના ખેલાડીઓ સવારે નિયત સમયે સ્ટેડિયમ પર પહોંચી ગયા હતા, પરંતુ એક તરફ ગ્રાઉન્ડ પર કવર્સ ઢંકાયેલા હતા અને બીજી બાજુ ખેલાડીઓ ડ્રેસિંગ રૂમમાં રમત શરૂ થવાની રાહ જોઈ રહ્યા હતા. જોકે તેમને કહેવામાં આવ્યું હતું કે બીજા દિવસની રમત લગભગ ત્રણ કલાક મોડી શરૂ થશે. તેઓ હોટેલમાં પાછા ગયા હતા અને છેવટે રમત સમેટી લેવામાં આવી હતી.

વેધશાળાએ સવારે જ આગાહી કરી હતી કે દિવસના બાકીના ભાગમાં વરસાદ પડવાની ૮૦ ટકા અને ઠંડા પવનની ૫૦ ટકા સંભાવના છે. ■

# ગિલની ટીમ સામે ૧૮૧ રન બનાવનાર મુંબઈના બૅટર મુશીર ખાનને અકસ્માતમાં ઈજા

## ગરદનમાં ફ્રૅક્ચર થવાને કારણે ઈરાની કપમાં નહીં રમે

લખનઊ: મુંબઈના ઑલરાઉન્ડર અને ભારતીય ક્રિકેટર સરફરાઝ ખાનના નાના ભાઈ મુશીર ખાનને લખનઊમાં અકસ્માત નડતાં તેને ગરદનમાં ફ્રૅક્ચર થયું હતું. પરિણામે તે પહેલી ઑક્ટોબરે શરૂ થનારી ઇરાની કપની મૅચમાં નહીં રમે. એ ઉપરાંત, ત્યાર બાદ શરૂ થનારી રણજી ટ્રોફીની શરૂઆતની કેટલીક મૅચોમાં પણ તે નહીં રમે. ઉલ્લેખનીય છે કે મુશીરે આ મહિનાની શરૂઆતમાં દુલીપ ટ્રોફીમાં શુભમન ગિલની ટીમ સામેની મૅચમાં ૧૮૧ રન બનાવ્યા હતા. એ ઇનિંગ્સમાં તેણે ભારતીય પેસ બોલર્સ આકાશ દીપ તેમ જ આવેશ ખાન, ખલીલ અહમદ અને કુલદીપ યાદવનો સામનો કરીને ઇન્ડિયા-બીને ઇન્ડિયા-એ સામે વિજય અપાવ્યો હતો.



મુંબઈનો ઑલરાઉન્ડર મુશીર ખાન. (તસવીર: બીસીસીઆઈ)

૧૯ વર્ષીય મુશીર લગભગ ત્રણ મહિના આરામ કરશે. તે તેના પિતા નૌશાદ ખાન તેમ જ બીજા બે ભાઈઓ સાથે એસયુવી (ટોયોટા ફૉર્ચ્યુનર)માં ઉત્તર પ્રદેશમાં હોમટાઉન આઝમગઢથી લખનઊ આવી રહ્યો હતો ત્યારે તેમની કાર ડિવાઇડર સાથે ટકરાઈ હતી. આ અકસ્માત નજીવો હતો, પરંતુ મુશીરને ગરદનમાં ઈજા થઈ હતી. તેને તરત જ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

મુશીરને થોડા દિવસમાં મુંબઈ લાવવામાં આવશે જ્યાં તેને બીસીસીઆઇ સાથે સંકળાયેલી હૉસ્પિટલમાં ચેક-અપ તથા વધુ સારવાર માટે લઈ જવામાં આવશે.

મુંબઈ રણજી ચૅમ્પિયન છે અને મુશીર આ ટીમના મુખ્ય બૅટર્સમાંનો એક છે. મુંબઈની પ્રથમ રણજી મૅચ ૧૧મી ઑક્ટોબરે બરોડા સામે રમાવાની છે.

ટીનેજર મુશીરે નવ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ત્રણ સદીની મદદથી ૭૧૬ રન બનાવ્યા છે. ■

# અધધધ...ન્યૂ ઝીલૅન્ડે એક દિવસમાં ગુમાવી ૧૩ વિકેટ

## શ્રીલંકાએ ૮૮ રનના લોએસ્ટ સ્કોરમાં આઉટ કર્યા બાદ બીજા દાવમાં કિવીઓના ૧૯૯/૫

ગૉલ: શ્રીલંકાએ અહીં ન્યૂ ઝીલૅન્ડને સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ૬૩ રનના મોટા માર્જિનથી હરાવ્યા બાદ હવે બીજી અને અંતિમ ટેસ્ટમાં કિવીઓને એક દાવથી હરાવવાની તૈયારી કરી લીધી છે. શનિવારે ત્રીજા દિવસે ટિમ સાઉધીના નેતૃત્વમાં ન્યૂ ઝીલૅન્ડની ટીમ પહેલા દાવમાં ફક્ત ૮૮ રનમાં ઑલ આઉટ થઈ ગઈ. શુક્રવારે બાવીસ રનમાં બે વિકેટ પડી હતી અને શનિવારે બાકીની આઠ વિકેટ કિવીઓએ ગુમાવી હતી. ફૉલો-ઑન બાદ આ ટીમે બીજા દાવમાં ૨૦૦ રન પહેલાં જ પાંચ વિકેટ ગુમાવી દેતાં આખા એક દિવસમાં કિવીઓની (૮+૫ સહિત) કુલ ૧૩ વિકેટ પડી હતી. જો વરસાદને લીધે રમત વહેલી પૂરી ન થઈ હોત તો કિવીઓએ વધુ કેટલીક વિકેટો ગુમાવી દીધી હોત.



શ્રીલંકાનો કૅપ્ટન ધનંજય ડિસિલ્વા

### જુઓ, ન્યૂ ઝીલૅન્ડનો ૮૮ રનમાં કેવી રીતે સફાયો થયો!

| ટીમ સ્કોર | કેટલામી વિકેટ |
|---|---|
| ૨ | પહેલી વિકેટ |
| ૧૯ | બીજી વિકેટ |
| ૨૪ | ત્રીજી વિકેટ |
| ૪૧ | ચોથી વિકેટ |
| ૫૨ | પાંચમી વિકેટ |
| ૫૩ | છઠ્ઠી વિકેટ |
| ૫૩ | સાતમી વિકેટ |
| ૬૬ | આઠમી વિકેટ |
| ૬૮ | નવમી વિકેટ |
| ૮૮ | દસમી વિકેટ |

૮૮ રન શ્રીલંકા સામે ન્યૂ ઝીલૅન્ડનો સૌથી નીચો ટેસ્ટ-સ્કોર છે.

રમત બંધ રહી ત્યારે ન્યૂ ઝીલૅન્ડનો બીજા દિવસનો સ્કોર પાંચ વિકેટે ૧૯૯ રન હતો. વિકેટકીપર ટૉમ બ્લન્ડેલ ૪૭ રને અને ગ્લેન ફિલિપ્સ ૩૨ રને રમી રહ્યો હતો. એ પહેલાં, ડેવૉન કૉન્વે ૬૧ રન અને કેન વિલિયમસન ૪૬ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. પહેલા દાવમાં આ બે બૅટરે અનુક્રમે નવ તથા સાત રન બનાવ્યા હતા.

શ્રીલંકાએ પહેલો દાવ પાંચ વિકેટે ૬૦૨ રનના સ્કોર પર ડિક્લેર કર્યો હતો. ન્યૂ ઝીલૅન્ડ પ્રથમ દાવમાં ૮૮ રનમાં આઉટ થઈ જતાં શ્રીલંકાએ ૫૧૪ રનની વિક્રમજનક સરસાઈ મેળવી હતી. ત્યાર બાદ કિવીઓએ પાંચ વિકેટે ૧૯૯ રન બનાવ્યા હતા. એમ છતાં, સાઉધીની ટીમ શ્રીલંકાની ટીમ કરતાં ૩૧૫ રન પાછળ હતી.

૧૬મી ટેસ્ટ રમી રહેલા શ્રીલંકાના લેફ્ટ-આર્મ સ્પિનર પ્રભાત જયસૂર્યાએ ન્યૂ ઝીલૅન્ડના પ્રથમ દાવમાં ૪૨ રનમાં છ વિકેટ લીધી હતી. ત્રણ વિકેટ નવા ઑફ-સ્પિનર નિશાન પેઇરિસે તથા એક વિકેટ પેસ બોલર અસિથા ફર્નાન્ડોએ લીધી હતી. કિવીઓની ટીમમાં ઑલરાઉન્ડર મિચલ સૅન્ટનરના ૨૯ રન હાઇએસ્ટ હતા. છેલ્લી છ વિકેટે માત્ર ૩૬ રનમાં પડી હતી.

ન્યૂ ઝીલૅન્ડને ફૉલો-ઑન આપવામાં આવી હતી અને બીજા દાવમાં ખરાબ શરૂઆત કરી હતી. ઓપનર ટૉમ લેથમ પેઇરિસની પહેલી જ ઓવરના છઠ્ઠા બૉલ પર કૅચઆઉટ થયો હતો. જોકે ત્યાર બાદ કૉન્વે-વિલિયમસન વચ્ચે ૯૭ રનની ભાગીદારી થઈ હતી, પરંતુ કૅપ્ટન ધનંજય ડિસિલ્વાના બૉલમાં કૉન્વેએ વિકેટકીપર દિનેશ ચંદીમલને કૅચ આપી દીધો એ સાથે ધબડકો શરૂ થયો હતો અને સમયાંતરે વિકેટ પડતી રહી હતી. ૧૨૧મા રને રાચિન રવીન્દ્રની પાંચમી વિકેટ પડ્યા બાદ બ્લન્ડેલ અને ફિલિપ્સ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૭૮ રનની પાર્ટનરશિપ થઈ હતી. જોકે રવિવારના ચોથા દિવસે શરૂઆતના એક-બે સેશનમાં જ શ્રીલંકનો આ મૅચ જીતી લેશે એવી ધારણા છે.

કિવીઓના બીજા દાવમાં પણ નિશાન પેઇરિસે ત્રણ વિકેટ લીધી છે. એક વિકેટ પ્રભાત જયસૂર્યાને અને એક વિકેટ ધનંજયને મળી છે.

શ્રીલંકાના પ્રથમ દાવના ૬૦૨/૫ના સ્કોરમાં કામિન્દુ મેન્ડિસના સૌથી વધુ ૧૮૨ રન હતા. તે પ્રથમ ડબલ સેન્ચુરી પૂરી કરે એ પહેલાં જ કૅપ્ટન ધનંજયે દાવ ડિક્લેર કરી દીધો હતો. વિકેટકીપર દિનેશ ચંદીમલે ૧૧૬ રન અને કુસલ મેન્ડિસે અણનમ ૧૦૬ રન બનાવ્યા હતા. ■

# એશિયન બ્રૉન્ઝ પછી હવે વિશ્વ સ્પર્ધામાં વિક્રમ સાથે જીત્યો ગોલ્ડ

## જાપાનમાં ૫,૦૦૦ મીટર દોડમાં ભારતના ગુલવીર સિંહની કમાલ

નિગાતા (જાપાન): ભારતનો ૨૬ વર્ષની ઉંમરનો ગુલવીર સિંહ શનિવારે અહીં વર્લ્ડ ઍથ્લેટિક્સ કૉન્ટિનેન્ટલ ટૂરના ચૅલેન્જ કપમાં ૫,૦૦૦ મીટર દોડમાં ચૅમ્પિયન બન્યો હતો. તેણે નવા રાષ્ટ્રીય વિક્રમ સાથે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ગુલવીર ગયા વર્ષે ચીનની એશિયન ગેમ્સમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો.



શનિવારે વિશ્વ સ્પર્ધામાં ગુલવીરે ૫,૦૦૦ મીટરનું અંતર ૧૩ મિનિટ અને ૧૧.૧૨ સેકન્ડમાં પૂરું કર્યું હતું. એ સાથે તેણે પોતાનો જ ૧૩ મિનિટ, ૧૮.૯૨ સેકન્ડનો નૅશનલ રેકૉર્ડ તોડી નાખ્યો હતો. એ રેકૉર્ડ તેણે આ વર્ષની શરૂઆતમાં પોર્ટલૅન્ડ ટ્રૅક ફેસ્ટિવલમાં સ્થાપ્યો હતો. જોકે ગણતરીના મહિનાઓમાં તેણે એ રેકૉર્ડ બ્રેક કર્યો છે.

પોર્ટલૅન્ડમાં ગુલવીરે દેશના ટોચના રનર અવિનાશ સાબળેનો ૧૩ મિનિટ, ૧૯.૩૦ સેકન્ડનો રેકૉર્ડ પાર કર્યો હતો.

આ વર્ષના માર્ચમાં ગુલવીરે કૅલિફોર્નિયામાં ૧૦,૦૦૦ મીટર દોડમાં નૅશનલ રેકૉર્ડ તોડ્યો હતો. એ રેસ તેણે ૨૭ મિનિટ, ૪૧.૧૮ સેકન્ડમાં પૂરી કરી હતી. તેણે ત્યારે ભારતીય મેન્સ ઍથ્લેટિક્સ (ટ્રૅક ઍન્ડ ફીલ્ડ)નો બીજા નંબરનો સૌથી જૂનો રેકૉર્ડ તોડ્યો હતો. એમાં તેણે ૨૦૦૮ની સાલમાં સુરેન્દર સિંહે રચેલો ૨૮ મિનિટ, ૦૨.૮૯ સેકન્ડનો રેકૉર્ડ પાર કર્યો હતો.

ગુલવીર સિંહ ઉત્તર પ્રદેશના સિરસા ગામના જાટ પરિવારનો સભ્ય છે. ■

# વિરાટ કોહલી જેવા દેખાતા આ ફીલ્ડરે વર્લ્ડ રેકૉર્ડની બરાબરી કરી!

ગૉલ: અહીં ન્યૂ ઝીલૅન્ડની ટીમ યજમાન શ્રીલંકા સામે સતત બીજી ટેસ્ટ હારવાની તૈયારીમાં તો છે જ, આ મૅચમાં શ્રીલંકનોએ ટિમ સાઉધીની ટીમની એટલી બધી ખરાબ હાલત કરી છે કે વાત ન પૂછો.

શનિવારે પોતાની સામેના લોએસ્ટ સ્કોર ૮૮ રનમાં કિવીઓને ઑલઆઉટ કરવામાં આવ્યા એમાં સ્પિનર પ્રભાત જયસૂર્યા (૪૨ રનમાં છ વિકેટ) અને નિશાન પેઇરિસ (૩૩ રનમાં ત્રણ વિકેટ)ની સૌથી મોટી ભૂમિકા હતી જ, સ્લિપમાં ફીલ્ડિંગ કરનાર કૅપ્ટન ધનંજય ડિસિલ્વાનું યોગદાન પણ કંઈ નાનું નહોતું. તેણે ત્યાં ઊભા-ઊભા એક વિશ્વ વિક્રમની બરાબરી કરી લીધી હતી.

વાત એવી છે કે ધનંજયે સ્લિપમાં પાંચ કૅચ પકડ્યા હતા. ટેસ્ટ-ક્રિકેટના ૧૪૭ વર્ષના ઇતિહાસમાં ટેસ્ટના એક દાવમાં (વિકેટકીપર સિવાય) કોઈ ફીલ્ડરે સૌથી વધુ કૅચ પકડ્યા હોય એવા ફીલ્ડર્સના લિસ્ટમાં હવે ધનંજયનું નામ પણ જોડાઈ ગયું છે. ૧૯૩૬થી માંડીને ૨૦૨૩ સુધીમાં કુલ ૧૪ ફીલ્ડરના નામે ટેસ્ટની એક ઇનિંગ્સમાં પાંચ કૅચ પકડવાનો વર્લ્ડ રેકૉર્ડ હતો. હવે ધનંજય પણ તેમની સાથે જોડાયો છે. તેણે કૉન્વે, કેન વિલિયમસન, ટૉમ બ્લન્ડેલ, ગ્લેન ફિલિપ્સ અને ટિમ સાઉધીનો કૅચ પકડ્યો હતો.

અગાઉ ટેસ્ટના એક દાવમાં પાંચ કૅચ પકડનાર ખેલાડીઓમાં ભારતના યજુર્વિન્દ્ર સિંહ ઉપરાંત વી. વાય. રિચર્ડસન, અઝહરુદ્દીન, કે. શ્રીકાંત, ફ્લેમિંગ, ગ્રેમ સ્મિથ, ડૅરેન સૅમી, ડૅરેન બ્રાવો, અજિંક્ય રહાણે, જે બ્લૅકવૂડ, સ્ટીવ સ્મિથ (બે વખત), બેન સ્ટૉક્સ, થિરિમાનેનો સમાવેશ છે. ■



શ્રીલંકાનો સુપરસ્ટાર સ્પિનર પ્રભાત જયસૂર્યા

# બાંગ્લાદેશ સામેની ટી-૨૦ સિરીઝ માટે સૂર્યાની કૅપ્ટન્સીવાળી ટીમ જાહેર, જાણો ટીમમાં કોણ-કોણ છે

નવી દિલ્હી: ભારતની બાંગ્લાદેશ સામેની વર્તમાન બીજી અને છેલ્લી ટેસ્ટ મૅચ બાદ છઠ્ઠી ઑક્ટોબરે ટી-૨૦ સિરીઝ શરૂ થશે અને એ શ્રેણી માટે શનિવારે ટીમ ઇન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં રમનારી ભારતીય ટીમમાં આઇપીએલ-૨૦૨૪ના ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવને સામેલ કરવામાં આવ્યો છે.

'મિસ્ટરી સ્પિનર' તરીકે ઓળખાતા વરુણ ચક્રવર્તીને ત્રણ વર્ષે ફરી ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવાની તક અપાઈ છે.

સંજુ સૅમસન અને જિતેશ શર્મા આ ટીમમાં સામેલ બે વિકેટકીપર-બૅટર છે.

આ ટીમમાં ઘણા ઑલરાઉન્ડરર્સ છે તેમ જ આઇપીએલ-૨૦૨૪માં ચમકેલા અભિષેક શર્મા તથા નીતિશ કુમાર રેડ્ડી જેવા ઘણા પ્લેયર્સનો પણ સમાવેશ છે.

બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારત ૧-૦થી આગળ છે. બીજી ટેસ્ટ વરસાદને કારણે ખોરવાઈ રહી છે. ■

### ભારતીય ટીમ:

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), સંજુ સૅમસન (વિકેટકીપર), જિતેશ શર્મા (વિકેટકીપર), અભિષેક શર્મા, રિન્કુ સિંહ, હાર્દિક પંડ્યા, રિયાન પરાગ, નીતિશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, વૉશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને મયંક યાદવ. ■

# એશિયન તાએકવૉન્ડોમાં વસઈનો વિશાલ સીગલ ચૅમ્પિયન, વિશ્વ સ્પર્ધા માટે થયો ક્વૉલિફાય

## ભારતના ભૂતપૂર્વ હેડ-કોચે બે સિલ્વર પણ જીતી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તાજેતરમાં બેન્ગલૂરુમાં આયોજિત ૧૦મી એશિયન આઇટીએફ તાએકવૉન્ડો ચૅમ્પિયનશિપમાં વસઈ (પૂર્વ)ના વિશાલ સીગલે ગોલ્ડ મેડલ જીતીને મહારાષ્ટ્રનું તેમ જ ભારતનું નામ રોશન કર્યું છે. ૪૯ વર્ષના વિશાલે આ જ સ્પર્ધામાં બે સિલ્વર મેડલ પણ જીતી લીધા હતા તેમ જ આવતા વર્ષે ઇટલીમાં યોજાનારી વર્લ્ડ તાએકવૉન્ડો ચૅમ્પિયનશિપની વ્યક્તિગત સ્પર્ધામાં ભાગ લેવા માટેનું ક્વૉલિફિકેશન પણ મેળવી લીધું હતું.

મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (એમએમએ)ના ભૂતપૂર્વ ભારતીય નૅશનલ ટીમ હેડ-કોચ વિશાલે આ સિદ્ધિઓ વય આધારિત ૪૫-પ્લસ અને અન્ડર-૯૦ કિલો વર્ગમાં મેળવી હતી.

બેન્ગલૂરુમાં તાએકવૉન્ડો અસોસિયેશન ઑફ ઇન્ડિયા તથા તાએકવૉન્ડો અસોસિયેશન ઑફ કર્ણાટક દ્વારા સંયુક્ત રીતે યોજાયેલી આ સ્પર્ધામાં રશિયા, જાપાન સહિત કુલ બાવીસ દેશના ૭૦૦થી પણ વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

બેન્ગલૂરુમાં વિશાલે સ્પારિંગ ઇન્ડિવિજ્યૂઅલ કૅટેગરીમાં ગોલ્ડ મેડલ તથા ૩૫-પ્લસ વર્ગની મલ્ટિપલ ટીમ સ્પર્ધામાં તેમ જ પાવર બ્રેકિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. વિશાલે આ પહેલાં ૧૫ વખત રાષ્ટ્રીય તાએકવૉન્ડો એમએમએ સ્પર્ધા જીતવા સહિત ૨૦૨૩માં નૅશનલ્સમાં બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

એમએમએમાં વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલી એકમાત્ર ભારતીય સ્પર્ધક સુર્બલા નામની સિનિયર કૅટેગરીની છોકરીને વિશાલ સીગલે તાલીમ આપી છે. વિશાલ નેધરલૅન્ડ્સના ગ્લોબલ અસોસિયેશન ઑફ મિક્સ્ડ માર્શલ આર્ટ્સમાં સર્ટિફાઇડ જજ છે તેમ જ અસોસિયેશન ઑફ બૉક્સિંગ કમિશન્સ (યુએસએ)માં રેફરી અને જજ તરીકેના સર્ટિફિકેશન પણ ધરાવે છે. વર્લ્ડ માર્શલ આર્ટ્સ ગેમ્સમાં ક્લાસ 'એ' જજ તથા રેફરી બનનાર વિશાલે દેશના કેટલાક ટોચના ફાઇટર્સને પણ તાલીમ આપી છે. ■



## ૪. ધાર્મીક સંબંધી

**સર્વ પિતૃતર્પણ**

વિષ્ણુપૂજન તથા બ્રહ્મ ભોજન કાર્યક્રમનું આયોજન શ્રાદ્ધપક્ષમાં બુધવારી અમાસ 02/10/2024 કાંદિવલીમાં રાખેલ છે. શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠીયા - 9082825482, 9321693211. (૧૪૪૭૫/ડી)

**નવચંડી યજ્ઞ હવન**

કાર્યક્રમનું આયોજન, નવરાત્રિ દરમિયાન 06/10/2024 રવિવારે કાંદિવલીમાં રાખેલ છે. શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠીયા - 9082825482, 9321693211. (૧૪૪૭૫/બી)

## ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**

મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૭૨)

## ૯. લગ્ન સંબંધી

■ સુખી કુટુંબના વડીલને કંપની આપી શકે તેવી ઘરગથ્થુ વહુ (મેમણ, ખોજા, વોરા ચાલશે) 9377992110, 7046555148, 9867510027. (દહેજ નહીં). (બી-૧૪૮૯૯)

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૯૯૪-ડી)

## ૯. લગ્ન સંબંધી

**જૈન વૈષ્ણવ**

બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/ - "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

■ ગરીબ કુટુંબની મરાઠી કન્યા ઉંમર 27, શિક્ષણ-12મી, વાસણના દુકાનમાં કામ કરે છે, પગાર-10,000/- આંતર જાતીય ચાલશે, છોકરીના વડીલ નથી અપેક્ષા મહેનતી છોકરો જોઈએ. તરત લગ્નઃ- 7058846590. (દહેજ નહીં.). (બી-૧૪૯૩૦)

## ૧૦. મહિલાઓ માટે

■ **વાળ વધારવાના શોખીન માટે હેર ગ્રોથ + હેર લેન્થ માટે હર્બલ + ઓઈલ અને શેમ્પુ અને ફેરનેસ માટેનો સાબુ મળશેઃ 8169723767. (૧૫૦૦૮-એ)**

## ૧૧. પ્રદર્શન

**જૂના સિક્કા - નોટ્સનું પ્રદર્શન મુંબઈ ખાતે સમગ્ર ભારતમાંથી જુના રાજ, રજવાડા સમયના ઐતિહાસિક સિક્કા - નોટ્સનું ભવ્ય પ્રદર્શન, ખરીદી, વેંચાણ તા. 27, 28, 29 સપ્ટેમ્બર 2024ના. સ્થળ- સુંદરબાઈ હોલ, ચર્ચગેટ, મુંબઈ ખાતે ટાઈમ - ૧૦.૩૦ થી ૬.૩૦ નિઃશુલ્ક પ્રવેશ. (૧૫૦૧૪-એ)**

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
S. ARTS ADVERTISING
Tel: 23415111
Tel.Fax: 23415222

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

■ **નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. "નીલ - તેજ - ટ્રાવેલ્સ" - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**

**ચાલો અયોધ્યા નેપાલ**

સાથે ચિત્રકુટ, વારાણસી, પ્રયાગરાજ, મિનિમમ બે થી વધુ પ્રવાસીઓને અનુકૂળ તારીખે (ગ્રુપ પણ આવકાર્ય) સ્પેશ્યલ વાહન દ્વારા - 9967894750. (બી-૧૪૯૦૩)

**ટેમ્પો ટ્રાવેલર્સ**

20 Seater, AC બહારગામ માટે ભાડેથી મળશે. અમિત મહેતા-9820999896. (એસડીબી-૨૧૬૮)

**નેપાલ યાત્રા**

15 જાન્યુઆરી - પોખરા, કાઠમંડુ, જનકપુર, ચિતવન, અયોધ્યા, કાશી વિશ્વનાથ. 9870222106. (૧૪૯૬૩-એ)

**શ્રી યમુના**

દક્ષિણ ભારત, ઉજ્જૈન, વ્રજયાત્રા, કચ્છરણોત્સવ, બનારસ, નેપાળ, હૈદરાબાદ. 9892377559. (૧૪૪૮૨- બી)

## ૧૪. નોકરી ખાલી છે

**એક્સ્ટ્રા ઈન્કમ**

પાર્ટ - ફુલ ટાઈમ, રિટાયર્ડ, હાઉસ વાઈફ, ફિક્સ્ડ પેમેન્ટ. Mob.: 9987255344. (૧૫૦૦૧-એ)

■ હોટેલ માટે માણસો જોઈએ છે. કાંદિવલી, મુંબઈ વેઈટર, ડિલિવરી બોય, હેલ્પર સંપર્કઃ ૯૮૯૨૨૧૧૬૦૬ / ૮૪૫૧૦૮૧૬૭૫. (બી-૧૪૯૪૨)

WANTED CANDIDATE TO work at our BSE Office, with Computer knowledge, especially knowledge of Share Dealing & Back Office preferred. Post Your CV on 9821115814. (220)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર - (વેસ્ટમાં):**

કામાલેનમાં - સ્ટેશનની નજીક. પહેલે માળે 1 રૂમ કિચન (330 કાર્પેટ) ભાડેથી 18,000/-, ડિપોઝીટ 90,000/- (દલાલ માફ) - 9920079699. (૧૫૦૨૪-બી)

**પાર્લા (વેસ્ટમાં)**

ઓફીસો ભાડેથી. ૧૧૦૦'/૭૨૦' ફર્નીશ્ડ તથા ૪ બેડરૂમ વેચાણથી. અંધેરીમાં ઓફીસ ૧૬૦'. સંપર્કઃ જીતુભાઈ શાહઃ 9820613128. (૧૪૯૮૬-એ)

**3 BHK - માટુંગા - ભાડેથી**

ફાઈવ ગાર્ડન નજીક - ટાવરમાં - પાર્કીંગ - સેમી ફર્નીશ્ડ - તુરંત આપવાનો છે. "હસમુખભાઈ" - 9322215082. (૧૫૦૧૬-એ)

**બોરીવલી (વેસ્ટ)**

પ્રેમ નગરમાં 1લો માળ, રોડ ફેસિંગ, 1 રૂમ કિચન 275 સ્કવેર ફીટ + 140 sq.ft સ્વતંત્ર ટેરેસ વેલ મેન્ટેન સોસાયટીમાં વ્યાજબી ભાવે વેચાણથી લેવા, Direct Party Contact:- પરેશ પટેલ 9223577250/ 9323177251. (જેપી/૪૯૪૦-એફ)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૦)

**લોનાવાલા**

૩૨૦૦ પ્લોટ એરિયા ૬ બેડરૂમનો બંગલો વેચાણમાં અન્ય ઘણી પ્રપોઝલ. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૧)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

લિંકીંગ રોડ - આર્ય સમાજ પાસે - ૩ બેડરૂમ ફ્લેટ એરીયા ૧૨૦૦' યુઝેબલ કારપેટ, હાયર ફ્લોર, લીફ્ટ, પાર્કિંગ, સી-સીટી વ્યુ, ૫,૮૫,૦૦,૦૦૦/- લેવા/વેચવા લીઝથી "ચેતન નાગર" ૯૮૨૦૧૪૧૫૪૪ / ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૪૮૫૦)

**જુહુસ્કીમ**

રોડ નં. ૩, પાંચમે માળે, વેચાણથી, ૧૦૫૦' યુઝેબલ કારપેટ, ૨.૫ બેડરૂમ કન્વર્ટેડ. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૪૯૮૬-બી)

**જુહુસ્કીમમાં વેચાણથી**

૧૪૦૦' યુઝેબલ કારપેટ, પહેલે માળે, ફક્ત કોમર્શીઅલ/ ડૉક્ટર માટે. એક પાર્કીંગ, લીફ્ટ. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૪૯૮૬-સી)

**ચીરા બજાર**

**1 બેડરૂમ, બે બાથરૂમ, કારપાર્કિંગ, હાયરફ્લોર, સીવ્યુ, રેડી પજેશન, વેચાણમાં નટુભાઈ દવે - 9892971331. (૧૪૯૮૯-એ)**

## મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૭. જગ્યા આપવી છે

**વી.પી. રોડ - ચર્નીરોડ**

**તૈયાર-બંધાતા મકાનમાં ઓનરશીપથી વેચાણમાં-ભાડામાં લેવા-આપવા નટુભાઈ દવે - 9892971331. (૧૪૯૮૯-ડી)**

**પરેલ/શિવરી**

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૭૧૭)

**"ખાર"-"મધુ પાર્ક"**

**૩ બેડરૂમ- ૧૧૫૦', ૨ પાર્કિંગ, ૬ બેડરૂમ- ૨૩૦૦', ૪ પાર્કિંગ, નવું બિલ્ડીંગ, O.C. સાથે, જીમ, ફક્ત ગુજરાતીઓ માટે, કોનટેક. "KUNAL PAREKH" 9819100243. (બી-૧૪૭૪૧)**

**વિલેપારલા ઈસ્ટ**

સ્ટેશન અને માર્કેટથી નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફુલ્લી ફરનીસ્ટ 3 બેડરૂમ, હોલ, કિચન (૧૨૬૦' કારપેટ) પાર્કિંગ સાથે તુરત વેચવાનો છે. "ઓનર" - 9820550033/ 9819201737. (૧૪૯૯૬-એ)

**તારદેવ**

ફર્નિશ્ડ 1.5 BHK 500' 2.10 CR, 2 BHK ફર્નિશ્ડ 600' 2.40 CR, 'ભરત સેવક': 9821795643. (૧૫૦૩૧-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**લક્ષ્મીનગર-૧ બેડરૂમ, હોલ, કિચન, 500' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ ૧ રીઝર્વ્ડ કાર પાર્કિંગ. 90 LAKH. "જુગ્નું શાહ"-"HOMEALONE PROPERTY"-9833352224. (૧૪૮૬૨/ઈ)**

**ZEN GARDENS**

1 બેડરૂમ, Ready For Fitout, એમ.જી. રોડ, કાંદિવલી (વેસ્ટ) 20+ એમિનિટીઝ 1.23 કરોડ onwards Rera: P51800031317 સંપર્ક: 9324139241. (જેપી/૪૯૪૪-સી)

**અંધેરી (વેસ્ટ)**

લલ્લુભાઈ પાર્ક, 1 BHK લીવલાયસંસથી - 50,000/- ભાડુ તથા પંચવટી, ગુલ્શન, હિમાચલ, હીલ કોર્ટ, એસ.વી.રોડ 1 થી 4 BHK ઓનરશીપ /લીવલાયસંસથી લેવા-વેચવા મળો - "ગૌતમ જોષી" 93222 36433 - "મેહુલ" 98210 69632. (૧૫૦૨૧-એ)

**નાનાચોક**

4 બેડરૂમ- 2000'- કાર્પેટ - પાર્કીંગ - સી. ફેસીંગ - ફરનીસ્ટ 12,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૮૧-એ)

**ગામદેવી**

3 બેડરૂમ- 825'- પાર્કીંગ - 50000000/= સ્ટેમ્પ ડ્યુટીની સાથે. શાહ- 9820068382. (૧૪૪૮૧-બી)

**ચૌપાટી**

2 બેડરૂમ - 735' - કાર્પેટ - પાર્કીંગ - ફરનીસ્ટ - 3,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૮૧-સી)

**તારદેવ**

3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કીંગ - 6,75,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૪૪૮૧-ડી)

**તારદેવ**

3 બેડરૂમ - 1350' - કાર્પેટ - પાર્કિંગ - 7,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૪૪૮૧-ઈ)

**ગામદેવી**

3 બેડરૂમ - લીવ લાયસન્સથી 825' - ભાડુ 1,10,000/= શાહ - 9820068382. (૧૪૪૮૧-એફ)

■ વહેચવાનું છે - ફૂલ ફર્નિશ્ડ ૧ બેડ હોલ કિચન, હૉસ્પિટલ રોડ, ભુજ, કચ્છ. કિંમત ૨૦ લાખમાં. 9408246639. (બી-૧૪૯૪૦)

**FORJETT/TARDEO**

Residence/Commercial Properties Available For Rent Sale Atul: 9820070445, 9920070445. (B-14839)

**KHAR (WEST)**

For Sale Near Arya Samaj 3 BHK, 1046 sqft, 1 Car Parking, Higher Floor, Ready Possession. Pankaj Parmar: 9821026788. (14483/A)

## ૧૭. જગ્યા આપવી છે

**RAJASTHAN ESTATE AGENCIES**

**2,3,4,5 BHK Available Buying Selling Gopalbhai Jaipurvala 9322898994/ Mukesh Mehta 9967502537. (218)**

**BORIVALI - KANDIVALI**

Available Spacious, Luxurious 3/4/5 Bed and Bungalows for Purchase. Saraswati Estate - 7977266472 / 9820555494. (B-14863)

## ૧૮. જગ્યા જોઈએ છે

**ઓબેરોય -સ્કાયસિટિ**

**સોનીભાઈ - 7030503050**

**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી. (૧૪૯૭૧-એ)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૪૭)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**AVAILABLE ON RENT / Lease in Bhiwandi Owali village, Parasnath Complex 3 Galas 3125 each First floor Contact 09833694353. (JP-4942-F)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**પ્રિ-લિઝડ ઓફિસ**

**મલાડ વેસ્ટ ખાતે પ્રિ-લિઝડ ઓફિસ વેચાણથી ઉપલબ્ધ. ભાડાની સારી આવક. નિઓ કોર્પોરેટ પ્લાઝા. 1700 ફૂટ કાર્પેટ મેઝનાઈન સાથે. ફૂલ્લી ફર્નિશ, 32 વર્ક સ્ટેશન + 1 MD / 5 મેનેજરની કેબિન + પેન્ટ્રી + 2 અટેચ ટોઈલેટ + સીસીટીવી + 1 કાર પાર્ક. સંપર્કઃ 9819814477. (બી-૧૪૮૯૫)**

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2171)

## ૨૩. મનોરંજન

**"બજેટ મુજબ"**

"નવરાત્રી દાંડિયા", "સંગીતસંધ્યા", "લગ્નગીત", "બર્થડે", "ડીજે", "એનિવર્સરી", "પ્રાર્થના". "કમલેશ માંડલિયા"- 9820889938. (૧૫૦૦૬-એ)

## ૩૧. નાણાંકીય

■ "લોન- ડીફોલ્ટર્સ" બેંકથી સેટલમેન્ટ / ઈન્સ્ટોલમેન્ટ (કોઈપણ-મેટર) (વકીલ મારફત). 9137725086. (બી-૧૪૮૪૪)

## ૩૨. જમીન-મિલકત

**WANTED TO PURCHASE Tenanted / non Tenanted Building South Mumbai. 9969000999. (SDB-2160)**




(B-14926)

## ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૪૮૯૬)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**બાથરૂમ-કિચન**

બ્રાન્ડેડ કંપની દ્વારા બાથરૂમ રીનોવેશન, મોડ્યુલર અને મોડ્યુલરથી વધારે સારુ કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ અને રીનોવેશન Helpline: 8989282877. (૧૪૪૮૨/એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**માયા જ્યોતિષ**

શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ). (બી-૧૪૯૧૪)

***શ્રીચામુંડા જ્યોતિષ***

**લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૨૧)**

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૪૯૪૧)

# માલવણીમાં સગીર પુત્રીનો વિનયભંગઃ પિતા વિરુદ્ધ ગુનો

મુંબઈઃ માલવણી વિસ્તારમાં પિતા-પુત્રીના સંબંધને કલંકિત કરતી ઘટના બની હતી, જેમાં પિતાએ તેની પંદર વર્ષની પુત્રીનો વિનયભંગ કર્યો હતો. માલવણી પોલીસે આ પ્રકરણે પિતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આરોપીએ તેની પત્નીની પણ મારપીટ કરી હતી અને સંતાનોને મારી નાખવાની ધમકી આપી હોવાનું તપાસમાં જણાયું હતું.

માલવણી વિસ્તારમાં રહેતી પીડિતાનો પિતા દારૂનો વ્યસની છે. પીડિતા ૨૧ સપ્ટેમ્બરે બપોરના ક્લાસીસથી ઘરે આવી ત્યારે પિતા દારૂના નશામાં હતો અને તેણે પીડિતાનો વિનયભંગ કર્યો હતો. પીડિતાએ આની જાણ માતાને કરતાં તેણે પતિને આ બાબતે પૃચ્છા કરતાં પતિએ તેની મારપીટ કરીને સંતાનોને મારી નાખવાની ધમકી આપી હતી.

બદનામીના ડરથી માતાએ ઘટનાની જાણ કોઇને કરી નહોતી, પણ આવું ફરી થવાના ડરે તે પુત્રી સાથે પોલીસ સ્ટેશન પહોંચી ગઇ હતી અને તમામ હકીકત જણાવી હતી. પુત્રીની ફરિયાદને આધારે પોલીસે પિતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ■

# ડોંબિવલીમાં છ કરોડ રૂપિયાની અંબરગ્રીસ જપ્ત

થાણેઃ ડોંબિવલીમાં ક્રાઇમ બ્રાન્ચની ટીમે ૬.૨૦ કરોડ રૂપિયાની કિંમતની પાંચ કિલો અંબરગ્રીસ (વ્હેલની ઊલટી) જપ્ત કરીને ત્રણની ધરપકડ કરી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) શિવાજી પાટીલે જણાવ્યું હતું કે પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે શુક્રવારે માનપાડા વિસ્તારમાં કારને આંતરી હતી.

કારની તલાશી લેવાતાં ૫.૬૪ કિલો અંબરગ્રીસ મળી આવી હતી. પોલીસે કારમાં હાજર ત્રણ જણને તાબામાં લીધા હતા, જે નવી મુંબઈના રહેવાસી છે. તેમની પાસેથી મોબાઇલ તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# મેટ્રો-૩નાં ૨૬ સ્ટેશનમાં ઍન્ટ્રી-ઍક્ઝિટ તથા બસ-ટેક્સી-રિક્ષા સરળતાથી મળે એ માટે યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મેટ્રો રેલનું નેટવર્ક સતત વિસ્તરી રહ્યું ત્યારે મેટ્રો સ્ટેશનના પરિસરમાં રાહદારીઓ સહિત પ્રવાસીઓને અવર-જવર કરવું સરળ રહે તેમ જ સ્ટેશનની નજીકથી જ રિક્ષા, ટેકસી અને બસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે વધુ મોકળાશ ઊભી કરવાના પ્રયાસ મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધર્યા છે.

મેટ્રો રેલ પરિસરમાં આવેલા જંકશનોનું ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટ (ટીઓડી) અંતર્ગત મેપિંગ કરવાનું છે. મુંબઈ મેટ્રો-૩ અંતર્ગત આવતા ૨૬ રેલવે સ્ટેશન પરિસરના લગભગ ત્રણ કિલોમીટરના અંતરમાં આવતા રસ્તાને ટીઓડી અંતર્ગત આવરી લેવાનો છે. પાલિકાએ આના માટે કન્સ્લટન્ટની નિમણૂક કરી છે, જેમાં મેપિંગ અંતર્ગત રહેણાંક, કમર્શિયલ અને ઓફિસ બિલ્ડિંગ વિસ્તારમાં રસ્તાનું બાંધકામ કરવું શક્ય બનશે. આને લીધે સ્ટેશનના એન્ટ્રી અને એક્ઝિટનો રસ્તો તેમ જ રાહદારીઓ માટે બસ, રિક્ષા, ટેક્સી સહિત અન્ય વાહનો સુધી પહોંચવાનો રસ્તો વધુ ખૂલ્લો થશે.

મેટ્રો રેલવે સ્ટેશનના પરિસરમાં અસ્તિત્વમાં રહેલી જમીનનો કરવામાં આવતા ઉપયોગને લગતું સર્વેક્ષણ કરીને દરેક મેટ્રો સ્ટેશનનો ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટ (ટીઓડી) ઝોન અંતર્ગત સ્થાનિક સ્તરે વિકાસ કરવામાં આવશે. પાલિકાના પ્લાનિંગ ડિપાર્ટમેન્ટ તરફથી તે માટે કન્સ્લટન્ટની નિમણૂક કરવામાં આવી છે અને તેની પાછળ આઠ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. ■

# મુંબઈમાં ખોવાયેલા વૃદ્ધ અંતે મળી ગયા

થાણેઃ જુલાઈમાં મુંબઈના પ્રવાસ દરમિયાન સ્મૃતિભ્રંશ અને લકવાથી પીડાતા જાલનાની એક ૭૩ વર્ષીય વ્યક્તિ પરિવારથી વિખૂટા પડી ગયા બાદ તેમનું પરિવાર સાથે પુનર્મિલન થયું છે. ૨૧ જુલાઈએ જાલનાથી મુંબઈથી રવાના થયા બાદ વરિષ્ઠ નાગરિક રસ્તો ભૂલી જતા તેમને સિંધુદુર્ગની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા એમ શનિવારે જણાવી સંવિતા આશ્રમના સ્થાપક સંદીપ પરબે ઉમેર્યું હતું કે 'સિંધુદુર્ગમાં હોસ્પિટલના સત્તાવાળાઓએ અમારો સંપર્ક કરતા અમારી ટીમ ત્યાં પહોંચી હતી અને તેમની સાથે સતત વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે તેઓ જાલનાના આશ્તીમાં રહેતા ચાંદખાન પઠાણ છે. અમે જાલના પોલીસ તેમ જ કલેક્ટર ઓફિસનો સંપર્ક કર્યો હતો. આશ્તીના ભૂતપૂર્વ સરપંચ અખ્તર અબ્દુલ શેખે પઠાણને તેમના સગા સાથે મેળવી આપવામાં અમારી મદદ કરી હતી.' ■

# ૮૨ લાખની ઠગાઇઃ કોન્સ્ટેબલની પત્ની સામે ગુનો દાખલ

થાણેઃ નવી મુંબઈમાં સ્કીમોમાં રોકાણ પર સારા વળતરની લાલચે લોકો સાથે ૮૨.૨૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે પોલીસ કોન્સ્ટેબલની પત્ની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. રોકાણકારે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ૪૦ વર્ષની મહિલા વિરુદ્ધ ગુરુવારે ગુનો દાખલ કરાયો હોવાનું સીબીડી પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર મહેન્દ્ર આહેરે કહ્યું હતું. મહિલાએ નાની સ્કીમોમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપીને લોકો પાસેથી રૂપિયા લીધા હતા. તેણે ૨૦૧૯થી ૨૨ લોકો પાસેથી ૮૨.૨૮ લાખ રૂપિયા સ્વીકાર્યા હતા, પણ તેમને રૂપિયા પાછા કરવામાં તે નિષ્ફળ ગઇ હતી. (પીટીઆઇ)■

## બિઝનેસ બિટ્સ

### ઘરોના વેચાણમાં નોંધાયો ૧૧ ટકા ઘટાડો

મુંબઇઃ જુલાઇથી સપ્ટેમ્બરના સમયગાળામાં નવા પ્રોજેક્ટની સંખ્યાના ઘટાડા અને વાર્ષિક સરેરાશ ભાવમાં ૨૩ ટકાનો વધારો થવાને કારણે સાત મહત્ત્વના શહેરોમાં ઘરોનું વેચાણ ૧૧ ટકાના ઘટાડા સાથે ૧.૦૭ લાખ યુનિટ નોંધાયું હોવાનું એનારોકના રિપોર્ટમાં જણાવાયું છે. વર્ષ અગાઉ સમાનગાળામાં આ આંકડો ૧.૨૦ લાખ યુનિટનો હતો.

### યુકેમાં ભારતીય બ્રાન્ડને પ્રથમ ગોલ્ડ મેડલ

મુંબઇઃ વાઇલ્ડ હાર્વેસ્ટ બ્રુઇંગ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા અગ્રણી ઇન્ડિયન ક્રાફ્ટ સાઇડર બ્રાન્ડ એલ૭૪ ક્રાફ્ટ સાઇડરે, યુકેના લંડનમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ સાઇડર ચેલેન્જ ૨૦૨૪માં બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા છે.

### જીઓ બીપીનું ૫૦૦મું ઈવી ચાર્જિંગ સ્ટેશન

મુંબઇઃ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ગ્લોબલ એનર્જી જાયન્ટ બીપીના ફ્યુઅલ અને મોબિલિટી જોઇન્ટ વેન્ચર જીઓ-બીપીએ ૫૦૦મા જીઓબીપી પલ્સ ઇવી ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના જાહેર કરી છે. આ કંપનીનું ૫૦૦૦મું પલ્સ ચાર્જિંગ પોઇન્ટ પણ બન્યો છે.

### ક્રેસંડા રેલવેના બીડીપીએલ સાથે કરાર

મુંબઇઃ ભારતના ઉત્તર ક્ષેત્રોમાં રિલાયન્સ કન્ઝ્યુમરની કેમ્પા તથા અન્ય બીવરેજ પ્રોડક્ટ્સના વેચાણ અને વિતરણ માટે ક્રેસંડા રેલવે સોલ્યુશન્સની પેટાકંપની, ક્રેસંડા રિટેલ સોલ્યુશન્સે ભારતીયમ ડિસ્ટ્રીબ્યુશન પ્રાઇવેટ લિમિટેડ (બીડીપીએલ) સાથે ડિસ્ટ્રીબ્યુશન કરાર કર્યો છે.

### સુઝલોન એનર્જીનું રેટિંગ ડાઉનગ્રેડ

મોર્ગન સ્ટેન્લીએ સુઝલોન એનર્જીના શેર ડાઉનગ્રેડ કર્યા છે. સરકાર એમએસપી અને ઇથેનોલના ભાવમાં વધારો કરવાની વિચારણાં કરી રહી હોવાના અહેવાલો વચ્ચે શુગર શેરોમાં આઠ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. રિલાયન્સ પાવરના શેરમાં પાંચ ટકાની અપર સર્કિટ લાગી હતી.

### ઝી મીડિયાના ફંડ રેઈઝિંગને બોર્ડની મંજૂરી

મુંબઇઃ રેલટેલમાં રૂ. ૧૫૫ કરોડના ઓર્ડરની ચર્ચાએ ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કંપની બોર્ડે રૂ. ૨૦૦ કરોડ એકત્ર કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોવાથી ઝી મિડિયામાં ૧૦ ટકાનો ઉછાળો હતો. એસેન્ચરના મજબૂત પરિણામ પાછળ આઇટી શેરોમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ તે ટકી શક્યો નહોતો.

### ઓલા ઈલેક્ટ્રિકનું ઈન્ફ્રા એક્સપાન્શન

મુંબઇઃ ઓલા ઇલેક્ટ્રિક નાના શહેરો અને નગરો સુધી પહોંચવા માટે ૨૦૨૫ના અંત સુધીમાં ૧૦,૦૦૦ સેલ્સ અને સર્વિસ આઉટલેટ સ્થાપવાની યોજના ધરાવે છે.

# શૅરબજારની અવિરત તેજીને કારણે એસઆઇપીમાં ₹ ૨૩,૫૪૭ કરોડનું વિક્રમી રોકાણ

નવી દિલ્હીઃ એક તરફ મોટાભાગના રોકાણકારો બેંકોમાં ફિક્સ ડિપોઝીટ્સ રાખવાનું ટાળી રહ્યા છે તો બીજી તરફ વધુ રિટર્ન મેળવવા માટે લોકો ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા સેગમેન્ટમાં જંગી રોકાણ કરી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી યોગદાન ઓગસ્ટમાં સતત બીજા મહિને રૂ. ૨૩ હજાર કરોડને વટાવી ગયું છે.

ઓગસ્ટમાં રોકાણકારોએ તેમાં રૂ. ૨૩,૫૪૭ કરોડનું રોકાણ કર્યું હતું, જે જુલાઈમાં રૂ.૨૩,૩૩૨ કરોડની તુલનાએ વધ્યું છે. ઇક્વિટી માર્કેટમાં મિશ્ર ટ્રેન્ડ તેમજ વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા જીઓ પોલિટીકલ ઇશ્યુ વચ્ચે પણ રોકાણકારોને ઇક્વિટી સાથે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રત્યે આકર્ષણ વધ્યું છે.

કંપનીઓ દ્વારા આવી રહેલા નવા ફંડ ઓફરમાં પણ રોકાણ પ્રવાહ ઝડપી વધી રહ્યો છે. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ ૩ ટકા વધીને રૂ. ૩૮,૨૩૯ કરોડ થયું હતું જે જુલાઈમાં રૂ. ૩૭,૧૧૩ કરોડ હતું. તે જ સમયે, સેક્ટોરલ અથવા તો થિમેટિક ફંડ્સમાં રોકાણ એક ટકા ઘટીને રૂ.૧૮,૧૧૭ કરોડ થયું છે.

આ સિવાય ઓગસ્ટમાં ઊક્જ્જ અને ફોકસ્ડ ફંડ્સ સિવાય તમામ કેટેગરીમાં રોકાણ જળવાઇ રહ્યું હતું જ્યારે ઊક્જ્જફંડ્સ અને ફોકસ્ડ ફંડ્સમાંથી સતત પાંચમા મહિને આઉટફલો ચાલુ રહ્યો હતો. ઓવરનાઈટ ફંડ્સમાં સૌથી વધુ રોકાણ નોંધાયું હતું.

ઓગસ્ટમાં લિક્વિડ ફંડમાં રૂ.૧૫,૧૦૫ કરોડનું રોકાણ હતું, જ્યારે જુલાઈમાં રૂ. ૪,૪૫૧ કરોડનું રોકાણ હતું. તે જ સમયે, રોકાણકારો ડેટ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી દૂર રહ્યાં છે. ઓગસ્ટમાં રૂ.૪૫,૧૬૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે જુલાઈ કરતાં ૬૨ ટકા ઓછું છે.

જુલાઈમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું રોકાણ નોંધાયું હતું. હાઇબ્રિડ ફંડમાં કુલ રોકાણ ૪૩ ટકા ઘટ્યું છે. ઓગસ્ટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા હતું જે જુલાઈમાં ૧૭,૪૩૬ કરોડ રૂપિયાનું થયું. મ્યુચ્યુઅલ ફંડ સંચાલન હેઠળની અસક્યામતો વધીને ૬૭ લાખ કરોડ પહોંચી છે.

મ્યુચ્યુઅલ ફંડની કુલ અસ્કયામતો અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ત્રણ ટકા વધીને રૂ. ૬૬.૭૦ લાખ કરોડ પહોંચી છે જે જુલાઈમાં રૂ. ૬૪.૬૯ લાખ કરોડ હતી.

ફંડ મેનેજરે હતું કે રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડમાં એકસાથે રોકાણ કરવા માટે એનએફઓ પસંદગીનો માર્ગ છે કારણ કે તે નિશ્ચિત સમયગાળા માટે રોકાણ કરવાની સુવિધા પૂરી પાડે છે.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ વધીને રૂ.૧૬૧૧ કરોડ નોંધાયું છે જે જુલાઈના રૂ.૧૩૩૭ કરોડથી વધુ છે.

આ વધારો આંશિક રીતે ઓગસ્ટ દરમિયાન સોનાના ભાવમાં થયેલા સુધારાને કારણે થયો હતો, જેણે રોકાણકારોમાં ખરીદીની પ્રવૃત્તિમાં વધારો કર્યો હતો. ફોલિયોની સંખ્યા ઓગસ્ટમાં ૨૦ કરોડને ક્રોસ કરી ગઈ છે જે જુલાઈમાં ૧૯.૮૪ કરોડ હતી.

# શૅરબજારમાં સપ્તાહ દરમિયાન મેટલ શૅરોમાં સૌથી વધુ લેવાલી અને ઉછાળો, માર્કેટ કૅપમાં ₹ ૬.૭ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં એકધારી તેજીનો માહોલ જોવા મળ્યો હતો. અલબત્ત અંતિમ સત્રમાં પીછેહઠ નોંધાઇ હતી. સાપ્તાહિક ધોરણે માત્ર એફએમસીજી ઈન્ડેક્સ નીચી સપાટીએ ગબડ્યો હતો, જ્યારે મેટલ શેરો સૌથી અધિક વધ્યા હતા. બીએસઇ પર લિસ્ટેડ કુલ શેરોના માર્કેટ કેપિટલમાં રૂ.૬.૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૪,૫૪૪.૩૧ પોઇન્ટના બંધ સામે ૧,૦૨૭.૫૪ પોઈન્ટ્સ (૧.૨૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૨૩ સપ્ટેમ્બર અને સોમવારે ૮૪,૬૫૧.૧૫ પોઇન્ટના સ્તરે ખૂલી એ જ દિવસે નીચામાં ૮૪,૬૦૭.૩૮ પોઇન્ટ સુધી અને ૨૭ સપ્ટેમ્બર અને શુક્રવારે ઉપરમાં ૮૫,૯૭૮.૨૫ પોઇન્ટ સુધી જઈ સપ્તાહને અંતે ૮૫,૫૭૧.૮૫ પોઇન્ટ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૭૮.૪૧ લાખ કરોડ રહ્યું હતું, જે ૨૦ સપ્ટેમ્બરના શુક્રવારના અંતે રૂ. ૪૭૧.૭૧ લાખ કરોડ હતું. આમ બીએસઇ પર લિસ્ટેડ કુલ શેરોના માર્કેટ કેપિટલમાં રૂ.૬.૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૪૯ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૩૮ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૧.૨ ટકા, બીએસઈ મિડકેપ ૦.૬૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૨ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૨૨ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૩.૨૪ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર એફએમસીજી ઈન્ડેક્સ ૦.૨૨ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મેટલ ૭.૧૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૫.૮૬ ટકા, ઓટો ૪.૩૪ ટકા, પાવર ૨.૪૪ ટકા, ઈન્ફ્રા ૧.૬૧ ટકા, રિયલ્ટી ૧.૫૫ ટકા, હેલ્થકેર ૦.૬૮ ટકા, ટેક ૦.૬૧ ટકા કેપિટલ ગુડ્સ ૦.૪૫ ટકા, બેન્કેક્સ ૦.૩૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૫ ટકા અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૧૩ ટકા વધ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા પાંચ શેરો હતાઃ તાતા સ્ટીલ ૮.૬૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૭.૨૨, મારુતિ ૬.૫૨ ટકા, બજાજ ફિનસર્વ ૪.૬૬ અને સન ફાર્મા ૪.૨૮ ટકા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરો હતાઃ આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૫૮ ટકા, લાર્સન ૨.૪૨ ટકા, કોટક બેન્ક ૧.૭૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૫ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૭૭ ટકા.

એ ગ્રુપની ૭૨૮ કંપનીઓમાં ૩૭૮ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૩૪૯ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧,૦૭૯ કંપનીઓમાંથી ૫૨૦ વધી હતી, ૫૫૫ ઘટી અને ચાર સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૨૪ સ્ક્રિપ્સ વધી હતી અને છ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૭૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૪ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૩૮ સ્ક્રિપ્સ વધી અને ૬૨ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૮૫ વધી, ૪૭ ઘટી હતી.

સ્મોલ કેપમાંની ૯૫૦ સ્ક્રિપ્સમાંથી ૩૯૫ વધી હતી, ૫૫૪ ઘટી હતી અને એક સ્થિર રહી હતી. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૧૧,૫૩૪.૬૩ કરોડની અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૧૦,૧૩૧.૨૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

# ભારત પર ચાઈનીઝ ડમ્પિંગનું વધતું જોખમ, આયાત ૧૦ અબજ ડૉલર વટાવી ગઇ

નવીદિલ્હીઃ ચીનની ડમ્પિંગ નીતિથી વિશ્વભરના દેશ ચિંતિત, જોખમ ભારત માટે પણ વધી રહ્યું છે. ઓગસ્ટમાં ચીનમાં ભારતની નિકાસ ૨૨.૪૪ ટકા ઘટીને એક અબજ ડોલર અને આયાત ૧૫.૫ ટકા વધીને ૧૦.૮ અબજ ડોલરના સ્તરે પહોંચી છે. ચાઈનીઝ પ્રોડક્ટો પર અમેરિકાના નવા ટેરિફ અમલી બનતા હવે ભારતમાં વધુ ડમ્પિંગ થવાની શક્યતા છે. સ્થાનિકો એકમોના હિતના રક્ષણ અને ઘરેલું બજારતંત્રને મજબૂત બનાવી રાખવા માટે અન્ય દેશોમાંથી થતી આયાત પર નજર રાખવી દરેક દેશે અત્યંત જરૂરી બની રહી છે. ખાસ કરીને જો આપણો સપ્લાયર દેશ ચીન હોય તો દિવસ-રાત જાગતા રહેવું પડે એમ છે. ચીનની ડમ્પિંગ નીતિથી ભારત સહિત એશિયા જ નહિ યુરોપ અને અમેરિકા પણ ચિંતિત છે. ચીનનું અર્થતંત્ર નિકાસ આધરિત જ છે. આ એકતરફી બિનજરૂરી સપ્લાયને ટાળવા માટે અમેરિકા હવે ચીની પ્રોડક્ટો પર ઈમ્પોર્ટ ડયૂટી લાદી છે. સોલાર પેનલ્સ, ઈલેક્ટ્રિક વાહનો, લિથિયમ-આયન બેટરી, સિરીંજ અને સ્ટીલ જેવી ઘણી ચાઈનીઝ પ્રોડક્ટો પર યુએસ ડયૂટીમાં ૨૭ સપ્ટેમ્બરથી વધારો અમલમાં આવી રહ્યો છે. અમેરિકામાં આ પ્રોડક્ટોની ડયૂટી વધતા ભારતમાં ચીન દ્વારા ડમ્પિંગનો ભય વધી શકે છે. ઊંચા ટેરિફને કારણે અમેરિકન માર્કેટમાં ચાઈનીઝ પ્રોડક્ટ્સની પહોંચ ઘટી રહી છે, તેથી ચિંતા વધી ગઈ છે કે ચીન નિકાસ માટે ભારત અને અન્ય બજારોને ટાર્ગેટ કરી શકે છે. ચીનમાંથી જો આ પ્રોડક્ટોનો ઘસારો વધશે તો ભારતીય ઉદ્યોગોને પડકારોનો સામનો કરવો પડી શકે છે.આ સ્થિતિમાં હવે સ્થાનિક કંપનીઓ ખાસ કરીને સ્ટીલ સેક્ટર અને બજાર નિષ્ણાંતો તથા પોલિસી મેકર્સ પણ હવે સરકાર સમક્ષ કડક પગલાં અને ઉંચા ટેરિફની અપેક્ષા રાખી રહ્યાં છે.

# વૈશ્વિક શૅરબજારોમાં કડાકાનું જોખમ, મંદીની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળશે

મુંબઇઃ નાણા મંત્રાલયે વૈશ્વિક શેરબજારોમાં સંભવિત કરેક્શન અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિભાગે ચેતવણી આપી છે કે શેરબજારમાં આવેલા એકતરફી બુલ રન અને સૌથી મહત્ત્વનું કે ઓવરવેલ્યુએશનને કારણે આગામી સમયમાં બજારોમાં કડાકો આવી શકે છે અને આ કરેક્શનની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી શકે છે. નાણા મંત્રાલયે ઓગસ્ટની માસિક આર્થિક સમીક્ષામાં જણાવ્યું છે કે કેટલાક દેશોમાં તાજેતરની મોનિટરી પોલિસી સંબંધિત જાહેરાતોને કારણે શેરબજારમાં તેજી છે અને હવે કરેક્શનની શક્યતા વધી ગઈ છે. જો જોખમ વધશે તો તેની અસર વૈશ્વિક સ્તરે જોવા મળશે. હકીકતમાં, વિકસિત દેશોમાં પણ મંદીની આશંકા તોળાઈ રહી છે. ભૌગોલિક રાજકીય સંઘર્ષો, વ્યાજદરમાં કાપના વૈશ્વિક ચક્રની શરૂઆત વગેરેને કારણે મુશ્કેલીઓ વધુ વધી શકે છે.

મંત્રાલયે સ્થાનિક અર્થતંત્રમાં પડકારો તરફ પણ ધ્યાન દોર્યું અને કેટલાક વિસ્તારોમાં વરસાદના અભાવ અને કૃષિ ઉત્પાદન પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત ઔકરી છે. જોકે, નાણા મંત્રાલયનું કહેવું છે કે જો હવામાનની ગંભીર અસર નહીં થાય તો ગ્રામીણ વિસ્તારોમાં આવક અને માંગમાં મજબૂતી આવી શકે છે. કેટલાક ક્ષેત્રોમાં દબાણના પ્રારંભિક સંકેતો પણ જોવા મળી રહ્યાં છે, જેમ કે પેસેન્જર વાહનોના વેચાણમાં ઘટાડો અને તેની ઇન્વેન્ટરીમાં વધારો થવો આમાંનું જ એક લક્ષણ છે. વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં શહેરોમાં એફએમસીજી વેચાણમાં પણ મંદી જોવા મળી હતી.

## સિટી ન્યૂઝ

# આ તો હજી શરૂઆત...

### આદિત્ય ઠાકરેએ મુંબઈ યુનિવર્સિટીની ચૂંટણીમાં સપાટો બોલાવ્યા પછી કહ્યું અને ઉમેર્યું કે ખરો વિજય વિધાનસભા ચૂંટણીમાં મેળવીશુંઃ માતોશ્રીમાં જલ્લોષ

મુંબઈઃ મુંબઈ યુનિવર્સિટીમાં શુક્રવારે સિનેટ ચૂંટણી યોજવામાં આવી હતી જેમાં ઉદ્ધવ ઠાકરે જૂથે એકહથ્થુ વિજય મેળવ્યો હતો. ચૂંટણીમાં ઠાકરે જૂથના ઉમેદવારોએ દસમાંથી દસ બેઠકો પોતાને નામ કરી હતી. ભવ્ય વિજય મેળવ્યા બાદ ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે મોટી સંખ્યામાં શિવસૈનિકો જમા થયા હતા અને વિજયની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. આદિત્ય ઠાકરે તેમ જ વરુણ સરદેસાઇને તેમણે ખભા પર ઉઠાવી લીધા હતા અને જીતનો જશ્ન મનાવ્યો હતો. આ દરમિયાન આદિત્યા ઠાકરેએ કહ્યું હતું કે જીત શું હોય છે એ અમે દેખાડી દીધું. આ તો ફક્ત શરૂઆત છે. આવી જ જીત આપણે વિધાનસભાની ચૂંટણીમાં મેળવવાની છે. આજે જે ગુલાલ ઉડ્યો છે તેવો જ ગુલાલ આપણે વિધાનસભાની ચૂંટણીમાં ઉડાવવાનો છે. એ માટે કામે લાગી જાઓ. આપણા ઉપર જનતાએ જે વિશ્વાસ દાખવ્યો છે તે વિશ્વાસ જનતા ઉદ્ધવ ઠાકરે પર પણ દેખાડશે.

આદિત્ય ઠાકરેએ ચૂંટણી માટે મહેનત કરનારા સભ્યોની પીઠ થાબડતા જણાવ્યું હતું કે આપણી બધી જ ટીમે ખૂબ મહેનત કરી અને આપણે બે વર્ષથી કામ કરી રહ્યા હતા. આપણે વિભાગપ્રમુખથી માંડીને બધાને જ ફોન કરીને ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની નોંધણી કરવાનું કહ્યું હતું.આપણને આ વખતે ૯૦ ટકા કરતાં વધુ મત મળ્યા. આ તમામ ગ્રેજ્યુએટનો વિશ્વાસ એક જ નામ પર છે અને તે નામ છે ઉદ્ધવ ઠાકરે.

# પાણીની પાઈપલાઈન ભૂલી જાવ, હવે વૉટર ટનલો બનવાની છે

### ભાતસા ડેમમાંથી મુંબઈ સુધી પાણી લાવવા ટનલ બનશે

મુંબઈઃ ભાતસા ડેમમાંથી મુંબઈને પાણી પુરવઠો કરનારી બે પાઇપલાઇન હવે ઇતિહાસ બની જવાની છે અને તેની જ્યાએ વૉટર ટનલ બાંધવામાં આવનાર છે. થાણેનો વિકાસ ઝડપથી થઇ રહ્યો છે અને અનેક વિકાસકાર્ય અહીં ચાલી રહ્યા છે. આ બન્ને પાઇપલાઇન વિકાસકામોમાં અડચણ બની રહી હોવાથી તેને વધુ ઊંડાણમાં લઇ જવાની માગણી થાણે પાલિકાએ કરી હતી. તેથી આ પાઇપલાઇન દૂર કરીને તેની જ્યાએ ટનલ બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાતસાની બન્ને પાઇપલાઇનના પાણીનો ટનલ દ્વારા પુરવઠો કરવામાં આવે એવી દરખાસ્ત કરવામાં આવી છે.

# નવરાત્રિ હશે ભીની-ભીનીઃ નોમે ચોમાસું વિદાય લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લું આખું અઠવાડિયું મુંબઈગરાને હેરાન કરી નાખનારો વરસાદ નવરાત્રિમાં પણ પીછો છોડવાનો નથી. આવતા અઠવાડિયાથી શરૂ થનારી નવરાત્રિના રંગમાં વરસાદ ભંગ પાડવાનો છે. હવામાન ખાતાના કહેવા મુજબ આવતા અઠવાડિયામાં ફરી વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડવાનો છે. જોકે આ વરસાદની સાથે જ ચોમાસું વિદાય લઈ જશે. આ દરમિયાન હવામાન ખાતાના આંકડા મુજબ આ વર્ષે ચોમાસાના છેલ્લા ચાર મહિનામાં પડેલો કુલ ૩,૦૬૮ મિ.મી. વરસાદ છેલ્લા ત્રણ વર્ષનો સૌથી વધુ વરસાદ છે. મુંબઈમાં સપ્ટેમ્બર મહિનો લગભગ સૂકો રહ્યા બાદ છેલ્લા અઠવાડિયામાં વરસાદ સક્રિય થયો હતો, જેમાં સોમવાર ૨૩ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ રહ્યો હતો. તેમાં પણ ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થયા બાદ માત્ર પાંચ દિવસમાં ૨૭ સપ્ટેમ્બરની વચ્ચે ૩૯૩ મિ.મી. વરસાદ પડ્યો છે, જે મહિનાના સરેરાશ ૩૫૯.૬ મિ.મી. વરસાદને વટાવી ગયો હતો. આખું અઠવાડિયું વરસાદ પડ્યા બાદ વરસાદે પોરો ખાધો છે. પરંતુ આવતા અઠવાડિયામાં નવરાત્રી ચાલુ થવાની સાથે જ વરસાદ પણ ફરી એન્ટ્રી કરે એવી શક્યતા છે. હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ દેશમાં ચોમાસું પાછું ખેંચવાની શરૂઆત થઈ ગઈ છે, જેમાં મુંબઈમાં સામાન્ય રીતે સત્તાવાર રીતે આઠથી ૧૦ ઑક્ટોબર વચ્ચે ચોમાસું વિદાય લેતું હોય છે. ચોમાસું વિદાય લેવાનું હોય ત્યારે વાતાવરણમાંથી ભેજ ખેંચાતો હોય છે અને પવનોની દિશા પણ નૈર્ઋત્યથી બદલાઈની ઈશાન થઈ જતી હોય છે. હાલ વાતાવરણમાં હજી પણ ભેજનું પ્રમાણ જણાઈ રહ્યું છે. આવતા અઠવાડિયામાં ફરી એક વખત વીજળીની ગડગડાટ સાથે વરસાદ પડવાની શક્યતા છે. ત્યારબાદ ૧૦ ઑક્ટોબરની આસપાસ એટલે કે નોમે ચોમાસું મુંબઈમાંથી વિદાય લેશે. જોકે ત્યારબાદ એકાદ બે દિવસ છૂટોછવાયો વરસાદ પડવાની શક્યતા છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-અમદાવાદ**
**(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)**
**ઇ-ટેન્ડર સૂચના**

**ઇ-ટેન્ડર નં. Dy CE-C-V-DSL-NLY-11 તારીખ: 25.09.2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે.ચીફ એન્જિનીયર (C) V, અમદાવાદ નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે:- **(1) ઇ-ટેન્ડર નં. Dy CE-C-V-DSL-NLY-11. (2) કામનું નામ:** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર ભુજ-નલિયા ગેજ રૂપાંતરણના સંબંધમાં ભુજ-નલિયા સેક્શન વચ્ચે લેન્ડ બાઉન્ડરી પોસ્ટ/ પિલ્લર ની જોગવાઇ અને ટો/અર્થ રિટેઈનીંગ વોલનું બાંધકામ, ભુજ સ્ટેશન ખાતે અપ્રોચ રોડ સહિત સંરક્ષણ લોડિંગ પ્લેટફોર્મ પેસેન્જર સુવિધાઓ સહિત પેસેન્જર પ્લેટફોર્મની જોગવાઈ. **(3) કામનો અંદાજીત ખર્ચ:** ₹ 39,07,59,604.82 **(4) બિડ સુરક્ષા:** ₹ 21,03,800 **(5) ટેન્ડરનો પ્રકાર:** બે પેકેટ સિસ્ટમ **(6) પૂર્ણ કરવાનો સમયગાળો:** 4 મહિના **(7) બંધ થવાનો સમય અને તારીખ:** 17/10/2024 15:00. **(8) વેબસાઇટની વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું:** www.ireps.gov.in ડે. ચીફ એન્જિનીયર (C)V, પશ્ચિમ રેલવે, અમદાવાદ. 51

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**
**એન્જિનિયરિંગ વિભાગ**

ઈ-ટેન્ડર નોટિસ નંબર **DYCE-BR-BRC-17-2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004; નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે.: **અ.નં. (1) ટેન્ડર નંબર: DYCE-BR-BRC-17-2024, કામનું નામ:** "વડોદરા ડિવિઝન:- પશ્ચિમ રેલવેના SSE BR BRC ના અધિકારક્ષેત્ર હેઠળ બ્રિજ નં. ROB 8A, 452, 49 ADN ના એક સ્પાન ઉપકરણોનો ઉપયોગ કરીને હાલના બ્રિજોનું સ્થિતિનું નિરીક્ષણ અને મૂલ્યાંકન." **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 1,73,46,450.00/- **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 2,36,700.00/- **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **25.10.2024** ના રોજ 15:00 ક્લાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15:30 ક્લાકે ખોલાશે. **વેબસાઇટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઇ શકાશે:** વેબસાઇટ @ **www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004

W.65/1/24/DE-NIT/PB/BRC/2023-24 187

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# રહેવાસીઓના વિરોધને પગલે બાંદ્રામાં નહીં બને 'મુંબઇ આઈ'

મુંબઈઃ મુંબઇ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ બાંદ્રા રેક્લેમેશનના રહેવાસીઓના વિરોધ અને અન્ય યોગ્ય સ્થળ નક્કી નહીં કરી શકવાને પગલે 'મુંબઇ આઈ' નામનું વિશાળ ફેરીસ વ્હીલ (ચકડોળ) ઊભું કરવાની દરખાસ્ત રદ કરી દીધી છે. જગવિખ્યાત 'લંડન આઈ'થી પ્રેરિત થઈને 'મુંબઈ આઈ'ની કલ્પના સહેલાણીઓના આકર્ષણ તરીકે કરવામાં આવી હતી. આ જાયન્ટ વ્હીલમાં બેસી સહેલાણીઓ ઊંચાઈથી શહેરને પક્ષીની નજરે જોવાની તક મળવાની હતી. આ વિચાર સૌપ્રથમ ૨૦૦૮માં શિવસેનાના નેતા રવિન્દ્ર વાયકરે રજૂ કર્યો હતો. બે વર્ષ પહેલાં એમએમઆરડીએ દ્વારા બાંદ્રા રિક્લેમેશનમાં જાયન્ટ વ્હીલ બાંધવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મે ૨૦૨૩માં વિવિધ પ્રક્રિયા માટે ટેન્ડર મંગાવ્યાં હતાં. જોકે, બાંદ્રા રિક્લેમેશનના રહેવાસીઓએ ટ્રાફિકની સમસ્યા અને પર્યાવરણ તેમજ બાંદ્રા પશ્ચિમમાં રિક્લેઇમ્ડ વિસ્તારમાં કોઈ પણ રહેણાંક અથવા વ્યવસાયિક પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવાના વન મંત્રાલયના આદેશનો હવાલો આપીને આ પગલાનો વિરોધ કર્યો હતો. બાંદ્રા રિક્લેમેશન એરિયા વોલન્ટિયર્સ એસોસિયેશનનાં અધ્યક્ષ વિદ્યા વૈદ્યે આ પ્રોજેક્ટ રદ કરવા બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

# બેંગકોકથી મગરનાં બચ્ચાં લાવનારા બે પ્રવાસી મુંબઈ ઍરપોર્ટ પર પકડાયા

મુંબઈઃ બેંગકોકથી દાણચોરી વાટે મગરનાં બચ્ચાં લાવનારા બે પ્રવાસીને કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પકડી પાડ્યા હતા. બંને પ્રવાસીની ઓળખ મહંમદ રેહાન મદની અજમેરી (૪૧) અને હમઝા યુસુફ મન્સૂરી (૩૦) તરીકે થઇ હતી, જેમની પાસેથી પાંચ મગર જપ્ત કરાયાં હતાં.

બેંગકોકથી શુક્રવારે વિસ્તારાની ફ્લાઇટમાં મુંબઇ એરપોર્ટ પર આવેલા રેહાન અજમેરીને એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો. રેહાનની તલાશી લેવાતાં તેની પાસેથી કશું જ મળ્યું નહોતું, પણ તેની ટ્રોલી બેગની તલાશી લેવાતાં સર્જિકલ માસ્ક બોક્સમાંથી કેઇમેન ક્રોકોડાઇલ નામે મગરનાં બે બચ્ચાં મળી આવ્યાં હતાં.

રેહાનની પૂછપરછમાં તેણે આપેલી માહિતીને આધારે અધિકારીઓએ ત્યાર બાદ એરપોર્ટની બહાર ઊભેલા હમઝા મન્સૂરી નામના પ્રવાસીને તાબામાં લીધો હતો. હમઝાની બેગમાંના સર્જિકલ માસ્ક બોક્સમાંથી પણ મગરનાં ત્રણ બચ્ચાં મળી આવ્યાં હતાં. આથી બંને સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી. વાઇલ્ડલાઇફ ક્રાઇમ કન્ટ્રોલ બ્યૂરો દ્વારા આ પ્રાણી કાયદા હેઠળ સંરક્ષિત હોવાનું જણાવાયું હતું.

# 'આનંદ દિઘેની હત્યા થઇ હતી એ વાત આખું થાણે જાણે છે'

### શિંદે-સેનાના વિધાનસભ્ય સંજય શિરસાટનું ચોંકાવનારું વિધાન

મુંબઈઃ શિવસેનાના સ્વર્ગીય નેતા આનંદ દિઘે એ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ગુરુ છે એ બધા જ જાણે છે. જોકે, શિંદે જૂથની શિવસેનાના એક વિધાનસભ્યએ આનંદ દિઘેના મૃત્યુ વિશે એક ચોંકાવનારો દાવો કર્યો હતો, જેના કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો દોર શરૂ થયો છે. આનંદ દિઘેના જીવન પર આધારિત ફિલ્મ 'ધર્મવીર-૨' શુક્રવારે થિયેટરોમાં રિલીઝ થઇ હતી અને તેમાં દર્શાવાયેલાં અમુક દૃશ્યોના કારણે વિવાદ ઊભો થયો છે.

શું ખરેખર આનંદ દિઘેને ખભા ઉપર ઊંચકીને એકનાથ શિંદે ગયા હતા એવો પ્રશ્ન પૂછવામાં આવતા શિરસાટે જણાવ્યું હતું કે એ વખતે પરિસ્થિતિ જ એ હતી. બપોરે આનંદ દિઘેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને અચાનક તેમનું મૃત્યુ થઇ ગયું.

શિરસાટે એક ઇન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે અકસ્માતના દિવસોથી મેં દિઘેસાહેબને જોયા છે. હું ત્યાં ગયો પણ છું. અકસ્માત પછીની પરિસ્થિતિ મેં જોઇ છે. તેમના માથાને માર લાગ્યો નહોતો. તેમને જ્યાં માર લાગ્યો તેના કારણે તેમનું મૃત્યુ થયું નહોતું. તો પછી ડિસ્ચાર્જ બાદ હાર્ટ અટેક કેવી રીતે આવ્યો? કોઇએ શું તેમને ઇન્જેક્શન આપ્યું હતું? એ વખતે આ બાબતની તપાસ થવી જોઇતી હતી.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.

# મુંબઈમાં સુપર સ્પેશિયાલિટી કેટરેક્ટ સેંટરઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક



## અનમોલ દૃષ્ટિ

દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઈને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

**વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપ, ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ તથા નિકોન ઓપ્ટોસ જેવા અત્યાધુનિક મશીન દ્વારા ઝડપથી, પીડારહિત, સચોટ, સલામત અને બ્લેડ-ફ્રી પ્રક્રિયા દ્વારા કેટરેક્ટ દૂર કરવામાં આવે છે. નેનો SLT દ્વારા પાંપણના પલકારામાં ગ્લુકોમાને નાથી શકાય છે. એન્જિયોવ્યૂ દ્વારા રેટિના સંબંધિત ક્ષતિનું પણ સલામત અને સરળ પ્રક્રિયા દ્વારા સમાધાન સાધવામાં આવે છે. ચશ્માંનાં નંબર દૂર કરવા માટે સ્માઇલ જેવી અત્યાધુનિક મશીનરી ઉપલબ્ધ છે**

પુણેનિવાસી વસંતભાઇને ફિલ્મો જોવાનો, નવલકથા વાંચવાનો અને ડ્રાઇવિંગનો ખૂબ શોખ હતો. આ કારણસર ટૂંક સમયમાં રિટાયર્ડ થનારા વસંતભાઇને નિવૃત્તાવસ્થામાં કંટાળી જવાનો લેશમાત્ર પણ ભય નહોતો. બે વાર હાર્ટ એટેક આવી ચૂક્યા હોવા સાથે હાઇ-બ્લડપ્રેશર પણ હતું. એ છતાં લહેરીલાલાની જેમ જીવીને ખાણીપીણીમાં પણ ચુસ્તપણે પરેજી પાળતા નહોતા. નસીબમાં સોમવાર લખાયો હશે તો મંગળવાર નહીં થાય અને ચારને પાંચ મિનિટની ચારને છ મિનિટ નહીં થાય એ બાબતની દલીલ કરતા. નિવૃત્તાવસ્થામાં લખલૂટ આનંદ મેળવવા વસંતભાઇએ અગાઉથી અનેક ચેનલ પ્રદાન કરતું કેબલ ટીવી ઇન્સ્ટોલ કરાવ્યું હતું. વાચનના શોખની પૂર્તિ માટે લાઇબ્રેરીના સભ્ય પણ બની ગયા હતા. નિયમિતપણે ક્રમાનુસાર ફિલ્મો જોવાનું તથા મનપસંદ લેખકની નવલકથા વાંચવાનું મસમોટું લિસ્ટ તૈયાર કર્યું હતું. નિવૃત્તાવસ્થાનો લખલૂટ આનંદ માણવાના દિવાસ્વપ્નમાં રાચનારા વસંતભાઇને થોડા સમયથી વર્તમાનપત્ર વાંચવામાં કે ડ્રાઇવિંગ કરવામાં ધૂંધળાશની પ્રતીતિ થતી હતી. સ્થાનિક ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો ત્યારે પરીક્ષણ બાદ હાર્ટ કેટરેક્ટનો ભોગ બન્યા હોવાનું નિદાન થયું. વધુમાં તબીબે હાર્ડ કેટરેક્ટ દૂર કરતી વખતે કોર્નિયા બળવાની સંભાવના ઉચ્ચારી ત્યારે વસંતભાઇનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો. અલબત્ત, તબીબે જવલ્લે જ કોર્નિયા બળતી હોવાનું જણાવ્યું, પરંતુ વસંતભાઇ માટે ચેતવણી ભયસૂચક ઘંટડી સમાન હતી. કેટરેક્ટ સર્જરી ન કરાવે તો દૃષ્ટિહીન થવાની સંભાવના અને કરાવવાનું જોખમ લે તો કદાચિત કોર્નિયા બળવાની શક્યતા હતી. ટૂંકમાં વસંતભાઇની હાલત એક બાજુ ઊંડી ખીણ અને બીજી બાજુ કૂવા સમાન હતી. નિવૃત્તાવસ્થામાં આનંદ માણવાની જગ્યાએ દૃષ્ટિહીન બનીને આજીવન લાચાર કે પરવશ બનવાનો વિચારમાત્ર ખુમારી ધરાવનાર વસંતભાઇને જંપવા દેતો નહોતો. પત્ની તથા વિદેશમાં સ્થાયી થયેલા સંતાનને હકીકતની જાણ કરીને ચિંતાતુર કરવા માગતા નહોતો, પરંતુ ગાઢ મિત્રને વ્યથાથી માહિતગાર કર્યા. મિત્ર હકીકતમાં તેમનો તારણહાર સાબિત થયો. મુંબઇમાં પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટને ત્યાં આરૂઢ અત્યાધુનિક મશીનથી મિત્ર માહિતગાર હતો, જે કારણસર વસંતભાઇને સૂચિત તબીબનો કોન્ટેક્ટ કરવાનું જણાવ્યું. કટોકટીભરી સ્થિતિને ધ્યાનમાં રાખીને વસંતભાઇએ પળનો પણ વિલંબ કર્યા વગર મુંબઇની વાટ પકડી. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ સેંટર અર્થાત વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાનો સંપર્ક સાધ્યો. ક્લિનિકની મુલાકાત વસંતભાઇ માટે લાભદાયક સાબિત થઇ.....આજે વસંતભાઇ નિયમિતપણે મનપસંદ ફિલ્મો જોવા સાથે નવલકથાનું વાંચન અને ડ્રાઇવિંગ કરીને નિવૃત્તાવસ્થાનો લખલૂટ આનંદ માણે છે, જે બદલ તાજેતરમાં મુંબઇની મુલાકાત લઇને પ્રત્યક્ષપણે ડો. સાયરસ મહેતાનો ખૂબ આભાર માન્યો હતો.

મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ્ હસ્તે ભારતના અગ્રણી આઇ-સર્જનનો એવોર્ડ પ્રાપ્ત કરનાર ડો. સાયરસ મહેતા જણાવે છે કે વસંતભાઇની સમસ્યાનું સમાધાન તેમણે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી તથા તાજેતરમાં નવીન વસાવવામાં આવેલા મશીન ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપ દ્વારા આણ્યું હતું. ત્યાર બાદ ઇડોફ લેન્સ પ્રત્યાર્પણ કર્યા હતા. ભારત ઉપરાંત સાઉથ એશિયામાં સૌપ્રથમ વાર ફૂલી ડિજિટલ થ્રી-ડી માઇક્રોસ્કોપ મશીન વસાવવાનું શ્રેય ડો. સાયરસ મહેતાને ફાળે જાય છે. નવીન મશીનને પરિણામે ઇમેજિસ ખૂબ સ્પષ્ટ અને ઉત્કૃષ્ટ સ્તરે દૃષ્ટિભૂત થાય છે. વાપરવામાં ખૂબ સરળ અને ફ્લેક્સિબલ છે. વિડિયો ખૂબ ઉચ્ચતમ ક્વોલિટીનો શૂટ થવા સાથે રેકોર્ડિંગ પણ ઉત્તમ સ્તરે થાય છે. અગાઉ આઇ સર્જન્સ માઇક્રોસ્કોપના આઇ-પિસિસમાં જોઇને સર્જરી કરતા હતા. એની સરખામણીમાં આ મશીનને અંતર્ગત તબીબ થ્રી-ડી ગ્લાસનો ઉપયોગ કરીને સામેના સ્ક્રીન પર તોતિંગ સાઇઝમાં દૃષ્ટિભૂત થતી ઇમેજિસને જોઇને ઓપરેટ કરે છે, જેને પરિણામે સર્જરી સચોટ, ત્રુટિરહિત અને સફળ સાબિત થાય છે.

તાજેતરમાં બાર્સલાના ખાતે યુરોપિયન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રિફ્રેક્ટિવ સર્જન્સની ૪૨મી કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ડો. સાયરસ મહેતાએ 'કોમ્પલિકેટેડ કેટરેક્ટ સર્જરી' અંગે વ્યાખ્યાન આપ્યું હતું. તમામ ઉપસ્થિતો મંત્રમુગ્ધ થઇ ગયા હતા. અંતે તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધા હતા. ઇટલીના ડો. પિયોવેલા, ઇઝરાયલના ડો. એસિયા તથા ટોરેન્ટોના ડો. આર્શિનોફ પણ સહભાગી થયા હતા. આ ઉપરાંત 'ઇમ્પ્લાન્ટેબલ કોલામર લેન્સ ICL' અંગે પણ પ્રવચન આપ્યું હતું, જેમાં ICLના સંશોધક રોજર અને રોબર્ટ ઝલદીવાર પણ સહભાગી થયા હતા. ઓફથેલ્મોલોજીના ક્ષેત્રમાં ડો. સાયરસ મહેતા નિતનવા આવિષ્કાર કરવા તથા અન્યને એ અંગે માહિતગાર કરવા માટે પ્રખ્યાત છે.



*તાજેતરમાં બાર્સલાના ખાતે યુરોપિયન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રિફ્રેક્ટિવ સર્જન્સની ૪૨મી કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ડો. સાયરસ મહેતાએ 'કોમ્પલિકેટેડ કેટરેક્ટ સર્જરી' તથા 'ઇમ્પ્લાન્ટેબલ કોલામર લેન્સ ICL' અંગે વ્યાખ્યાન આપ્યું હતું.*

ઓફથેલ્મિક કેરના ક્ષેત્રમાં ડો. સાયરસ મહેતાનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. તેમની અત્યાધુનિક ટેક્નોલોજી અને લેટેસ્ટ ટેક્નિક તથા કાબેલિયત અને નિપુણતાથી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ઓફથેલ્મોલોજિસ્ટ પણ અભિભૂત થયા છે. હકીકતમાં ડો. સાયરસ મહેતા આઇ-કેરના ભવિષ્યને ઉત્કૃષ્ટ આકાર આપી રહ્યા છે એ કહેવું વધારે ઉચિત લેખાશે.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડૉ. સાયરસ મહેતા જણાવે છે કે કેટરેક્ટ દૂર કરવાની અન્ય સર્જરીની સરખામણીમાં તેમને ત્યાં આરૂઢ કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપ, ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ તથા નિકોન ઓપ્ટોસ પરિણામે લેન્સના ઇમ્પ્લાન્ટેશન પછી કેટરેક્ટગ્રસ્ત ટૂંક સમયમાં સ્પષ્ટ દૃષ્ટિ કેળવે છે. સવારે સર્જરી કરવામાં આવે તો સાંજના સમયે ટીવી જોઇને મનોરંજન પ્રાપ્ત કરવા ઉપરાંત લેપટોપનો ઉપયોગ કરીને વ્યવસાયિક કામકાજ પણ કરી શકે છે. કેટાલિસ મશીન બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત હોવા ઉપરાંત સલામત છે. ગણતરીની સેકંડમાં કેટરેક્ટ છૂમંતર કરી શકાય છે. હાર્ટ-પેશન્ટ, હાઇ-બ્લડપ્રેશરયુક્ત કે ડાયાબિટીસગ્રસ્ત અને હાર્ડ-બ્રાઉન કેટરેક્ટ દૂર કરવા માટે કેટાલિસ લાભદાયક છે. અગાઉની ટેક્નિક મારફતે કોર્નિયા બળવાની સંભાવના હતી. એની સરખામણીમાં કેટાલિસ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તબીબે તેમના ક્લિનિકમાં ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ મશીન વસાવ્યું છે, જેના દ્વારા કોર્નિયાની પાછળ રહેલા કોષની જાણકારી પ્રદાન થાય છે. સમગ્ર મહારાષ્ટ્રમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ડિજિટલ થ્રી-ડી માઇક્રોસ્કોપ, ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ, નિકોન ઓપ્ટોસ મશીન વસાવનાર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ ટીકે મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડો. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડો. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર વસંતભાઇની આંખમાં લેટેસ્ટ ઇડોફ લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું, જેને પરિણામે વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી. ભારતમાં સૌપ્રથમ વાર આ પ્રકારના લેન્સનું ઇમ્પ્લાન્ટેશન કરવાનું શ્રેય ડો. સાયરસ મહેતાને ફાળે જાય છે, જેને પરિણામે કેટરેક્ટનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન સાધવા માટે સહસા ડો. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

ભારતીયજનને દૃષ્ટિહીન કરનારી કેટરેક્ટ જેવી મુખ્ય ક્ષતિ ઉપરાંત દૃષ્ટિ સંબંધિત અનેક પ્રકારની જટિલ ક્ષતિનું એક છત નીચે અત્યાધુનિક મશીનરી તથા કાબેલ, નિપુણ અને અનુભવી તબીબ દ્વારા સમાધાન સાધવા માટેનું આદર્શ સરનામું એટલે

**વિઝન વિસ્ટા આઇ ક્લિનિક.**

### કેટાલિસ + એક્ટિવ સેન્ટ્રી + EDOF લેન્સના પ્લસ પોઇન્ટઃ

- હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે લાભદાયક
- કોર્નિયા માટે સલામત
- સરળ, ઝડપી, પીડારહિત તથા ટૂંક સમયમાં રાહત પ્રદાન કરે છે
- હાર્ડ બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે છે
- જ્યાં લેન્સ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે તે સ્થાનનું પણ લેસર દ્વારા નિર્માણ
- નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજવસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ
- EDOF લેન્સને પરિણામે રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી
- EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી
- આર્કિટેક્ટ, મેનેજમેન્ટના કાર્યકરો, ડ્રાઇવર, પેપર વર્ક કરનારા, એડ-પોટેન્શિયલ, લાઇબ્રેરિયન, કમ્પ્યુટર પર કામ કરનારા, સર્જન, દુકાનમાં કે જ્વેલર્સને ત્યાંના સેલ્સમેન-સેલ્સગર્લ વગેરે માટે EDOF લેન્સ આશીર્વાદરૂપ
- ડ્રાઇવિંગ દરમિયાન સ્પીડોમીટર જોવા, વિડિયોગેમ રમવા સાથે મોબાઇલ કે ટેબ દ્વારા SMS કે વોટ્સઅપ કરવા, રસોઇ કે ભરતગૂંથણ કરવા, ટીવી પર મનપસંદ સિરિયલ કે ફિલ્મ જોવા, પુસ્તક વાચન વગેરે માટે EDOF લેન્સ ખૂબ ઉપયોગી સાબિત થાય છે



Know yr Dr.
નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક - ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 81049 59459 - 81049 76013 - 99674 39039
Email: cyresmehta@yahoo.com

# ૧૫ નવેમ્બર પછી ચૂંટણી?

## દિવાળી, છઠપૂજા અને દેવદિવાળીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ નવેમ્બરના ત્રીજા સપ્તાહ પછી ઈલેક્શન જાહેર કરે એવી સંભાવના

મુંબઈઃ લોકશાહીમાં જનતા પોતાની મતદાનની ફરજ બજાવે એ અત્યંત જરૂરી છે, પરંતુ શહેરી વિસ્તારમાં મતદાન બાબતે લોકો ઉદાસીન હોવાનું જાણવા મળ્યું છે. ચીફ ઇલેક્શન કમિશનર રાજીવ કુમારે શનિવારે મુંબઈમાં પત્રકાર પરિષદ યોજી એ દરમિયાન આ મુદ્દા પર ભાર મૂક્યો હતો. જોકે ચૂંટણી પંચ રાજકીય પક્ષોની દિવાળી, છઠપૂજા અને દેવ દિવાળી પછી ચૂંટણી યોજવાની એટલે કે ૧૫ નવેમ્બર પછી ઇલેક્શન જાહેર કરે એવી શક્યતા લાગે છે.

તેમણે કહ્યું હતું કે શહેરી મતદારોમાં મતદાન બાબતે જોવા મળતી ઉદાસીનતા એ ચિંતાનો વિષય છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં વધુને વધુ લોકો મતદાન કરે એની ખાતરી કરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે શહેરના કોલાબા, કલ્યાણ જેવા વિસ્તારોમાં લોકસભાની ચૂંટણી દરમિયાન સૌથી ઓછું મતદાન જોવા મળ્યું હતું. દરરોજની મજૂરી મેળવતા કામદારોને પણ જણાવવું જરૂરી છે કે મતદાનના દિવસે તેમને ભર પગારે રજા આપવામાં આવે છે. અમે મહારાષ્ટ્ર સરકારને ત્રણ વર્ષ કરતાં વધુ પોતાના હોમ ડિસ્ટ્રીક્ટમાં કે એક જ વિસ્તારમાં સેવા આપતા અધિકારીઓની બદલી આપવાનું પણ જણાવ્યું છે.

ઉમેદવાર ગુનાહિત ભૂતકાળ ધરાવે છે કે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ચૂંટણી પહેલા મુંબઈમાં મોટી નવાજૂની થશે?

## આતંકવાદી હુમલા કે અસામાજિક તત્ત્વો દ્વારા તોફાન કરવાની શંકાઃ તમામ ધાર્મિક સ્થળોએ સલામતી વધારી દેવાઈઃ ઘરમાલિકોએ તેમના ભાડૂઆતોની વિગતો અચૂક પોલીસને આપવાની તાકીદ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચૂંટણી અને તહેવારો માથે છે ત્યારે મુંબઈમાં કંઇ નવાજૂની થવાની સંભાવના ગુપ્તચર વિભાગ જોઇ રહ્યો છે અને તેને પગલે શહેરમાં અને ખાસ કરીને તેનાં ધાર્મિક સ્થળો ફરતે સમાલતી મજબૂત કરવામાં આવી છે. શુક્રવારે દક્ષિણ મુંબઈના માર્કેટ વિસ્તારોમાં મુંબઈ પોલીસે કરેલી મોક ડ્રિલ પણ સલામતી તંત્રની તૈયારી ચકાસવા માટે જ હતી. મુંબઈમાં આતંકવાદી હુમલા કે અસમાજિક તત્ત્વો દ્વારા તોફાન કરવાની સંભાવનાને ધ્યાનમાં લઇ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારવા તથા કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું.

અજાણી વ્યક્તિઓ દ્વારા પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ કરીને બોમ્બની ધમકી, આતંકવાદીઓ ઘૂસ્યા હોવાની ધમકી આપવાનો સિલસિલો શરૂ છે ત્યારે ગુરુવારે પોલીસ પાસે એલર્ટ આવ્યું હતું, જેમાં ધાર્મિક સ્થળો અને ગિરદીના સ્થળોએ ભાંગફોડનો ખતરો હોવાનું જણાવાયું હતું. આથી મુંબઈનાં તમામ પોલીસ સ્ટેશનોને એલર્ટ કરી દેવાયા હતા અને તેમની હદમાં આવતા સંવેદનશીલ વિસ્તારો, ધાર્મિક સ્થળો અને ગિરદીના સ્થળોએ બંદોબસ્ત ગોઠવી દેવાનું કહેવાયું હતું. ઉપરાંત સ્પેશિયલ બ્રાન્ચ અને ક્રાઇમ બ્રાન્ચની પણ સર્તક કરી દેવામાં આવી હતી. આથી રાતભરના બંદોબસ્ત બાદ શુક્રવારે પણ પોલીસને ચાંપતો પહેરો હતો.

મહાનગરના તમામ મંદિરોના સંચાલકોને સાવચેત રહેવાનું

(જુઓ પાનું ૪) ▶▶

